# અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૬ (ઈ. ૨૦૧૦)

## શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર - સંયોજક– બાબુલાલ સરેમલ શાહ

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫. (મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

---

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને સેટ નં.-૨ ની ડી.વી.ડી.(DVD) બનાવી તેની યાદી

*આ પુસ્તકો www.jainelibrary.org વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| 055 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहद्न्यास अध्याय-६ | सं | पू. लावण्यसूरिजीम.सा. | 296 |
| 056 | विविध तीर्थ कल्प | सं | पू. जिनविजयजी म.सा. | 160 |
| 057 | ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા | ગુજ. | पू. पूण्यविजयजी म.सा. | 164 |
| 058 | सिद्धान्तलक्षणगूढार्थ तत्त्वलोकः | सं | श्री धर्मदत्तसूरि | 202 |
| 059 | व्याप्ति पञ्चक विवृत्ति टीका | सं | श्री धर्मदत्तसूरि | 48 |
| 060 | જૈન સંગીત રાગમાળા | ગુ. | श्री मांगरोळ जैन संगीत मंडळी | 306 |
| 061 | चतुर्विंशतीप्रबन्ध (प्रबंध कोश) | सं | श्री रसिकलाल हीरालाल कापडीआ | 322 |
| 062 | व्युत्पत्तिवाद आदर्श व्याख्यया संपूर्ण ६ अध्याय | सं | श्री सुदर्शनाचार्य | 668 |
| 063 | चन्द्रप्रभा हेमकौमुदी | सं | पू. मेघविजयजी गणि | 516 |
| 064 | विवेक विलास | सं/ગુજ. | श्री दामोदर गोविंदाचार्य | 268 |
| 065 | पञ्चशती प्रबोध प्रबंध | सं | पू. मृगेन्द्रविजयजी म.सा. | 456 |
| 066 | सन्मतितत्त्वसोपानम् | सं | पू. लब्धिसूरिजी म.सा. | 420 |
| 067 | ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા ગુર્જરાનુવાદ | ગુજ. | पू. हेमसागरसूरिजी म.सा. | 638 |
| 068 | मोहराजापराजयम् | सं | पू. चतुरविजयजी म.सा. | 192 |
| 069 | क्रियाकोश | सं/हिं | श्री मोहनलाल बांठिया | 428 |
| 070 | कालिकाचार्यकथासंग्रह | सं/ગુજ. | श्री अंबालाल प्रेमचंद | 406 |
| 071 | सामान्यनिरुक्ति चंद्रकला कलाविलास टीका | सं. | श्री वामाचरण भट्टाचार्य | 308 |
| 072 | जन्मसमुद्रजातक | सं/हिं | श्री भगवानदास जैन | 128 |
| 073 | मेघमहोदय वर्षप्रबोध | सं/हिं | श्री भगवानदास जैन | 532 |
| 074 | જૈન સામુદ્રિકનાં પાંચ ગ્રંથો | ગુજ. | श्री हिम्मतराम महाशंकर जानी | 376 |
| 075 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૧ | ગુજ. | श्री साराभाई नवाब | 374 |
| 076 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૨ | ગુજ. | श्री साराभाई नवाब | 538 |
| 077 | સંગીત નાટ્ય રૂપાવલી | ગુજ. | श्री विद्या साराभाई नवाब | 194 |
| 078 | ભારતનાં જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય | ગુજ. | श्री साराभाई नवाब | 192 |
| 079 | શિલ્પ ચિન્તામણિ ભાગ-૧ | ગુજ. | श्री मनसुखलाल भुदरमल | 254 |
| 080 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૧ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 260 |
| 081 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૨ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 238 |
| 082 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-3 | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 260 |
| 083 | આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧ | ગુજ. | पू. कान्तिसागरजी | 114 |
| 084 | કલ્યાણ કારક | ગુજ. | श्री वर्धमान पार्श्वनाथ शास्त्री | 910 |
| 085 | विश्वलोचन कोश | सं./हिं | श्री नंदलाल शर्मा | 436 |
| 086 | કથા રત્ન કોશ ભાગ-1 | ગુજ. | श्री बेचरदास जीवराज दोशी | 336 |
| 087 | કથા રત્ન કોશ ભાગ-2 | ગુજ. | श्री बेचरदास जीवराज दोशी | 230 |
| 088 | હસ્તસઞ્જીવનમ્ | સં. | पू. मेघविजयजीगणि | 322 |
| 089 | એન્દ્રચતુર્વિંશતિકા | સં. | पूज. यशोविजयजी, पू. पुण्यविजयजी | 114 |
| 090 | સમ્મતિ તર્ક મહાર્ણવાવતારિકા | સં. | आचार्य श्री विजयदर्शनसूरिजी | 560 |

# બૃહદ્ શિલ્પશાસ્ત્ર ભાગ-૧

: દ્રવ્યસહાયક :

સંઘસ્થવિર પ.પૂ. બાપજી મ.સા.નાં સમુદાયનાં

પ્રવચનપ્રભાવક પ.પૂ. આચાર્ય શ્રી નરરત્નસૂરિજી મ.સા.ના

આજ્ઞાવર્તિની પૂજ્ય સાધ્વીજી શ્રી રવિપ્રભાશ્રીજી મ.સા.ના

તપસ્વી શિષ્યા પૂજ્ય સાધ્વીજી શ્રી હર્ષચન્દ્રાશ્રીજી મ.સા.ની

પ્રેરણાથી શ્રી ગાંધીનગર જૈન સંઘની શ્રાવિકાઓના

જ્ઞાનખાતાની ઉપજમાંથી

: સંયોજક :

શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા
શ્રી આશાપૂરણપાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫
(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ.) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

સંવત ૨૦૬૬ ઈ.સ. ૨૦૧૦

# બૃહદ્

# શિલ્પશાસ્ત્ર.

## ભાગ ૧.

પ્રકાશક,

જગન્નાથ અંબારામ.

કિંમત ૨-૮-૦.

"Aho Shrutgyanam"

સંયોજક અને પ્રકાશક,
જગન્નાથ અંબારામ
સારંગપુર દોલતખાના,
અમદાવાદ.

આવૃત્તિ ૧લી | પ્રત ૫૦૦
સને ૧૯૩૧ | વિ. સં. ૧૯૮૭

[ પુસ્તકના કર્ત્તાએ સર્વ હક્ક સ્વાધિન રાખ્યા છે. ]

અમદાવાદ—સલાપોસ રોડ,
"ધી ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

"Aho Shrutgyanam"

# " અર્પણ. "

સ્વર્ગસ્થ ભાઈ પરશુરામને,

એમને જન્મથીજ સદ્‌ગુણનાં બી રોપ્યા, અહોનિશ હિતચિન્તન
કરી વિદ્યાપ્રાપ્તિનો માર્ગ સરલ કર્યો અને જાતે શાન્ત ઉપકાર
જીવન જીવી ધીરજ અને શક્તિનો સદ્‌પયોગ કર્યો—તે હતાં
ન હતાં થઈ ગયાં કંઈ કંઈ આકાંક્ષાઓ અને અભિલાષો
પ્રગટાવી તેની સિદ્ધિ જોવા ન રહ્યા—એવા ભ્રાતૃભાવનું
તર્પણ શી રીતે થશે ? હાલતો એક તાજા સ્મરણ
સાથે અનાયાસે પ્રસંગ સાંપડતાં, " ફુલ નહિ
ને ફુલની પાંખડી " ન્યાયે તમને પ્રિય
હતી તે મારી સાહિત્ય પ્રવૃત્તિનો અલ્પ
પ્રયત્ન અર્પું છું—તે સ્વીકારજો ભાઈ!
જ્યાં હો ત્યાંથી આશિષ દેજો—કે
એતે જીવન જીવ્યું
લેખાય.

જગન્નાથ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

# પ્રસ્તાવના.

**બૃહદ્ શિલ્પ શાસ્ત્રનો** આ પહેલો ભાગ જન સમાજ આગળ મુકું છું, એને આદર કેવો મલશે એ આજના કલા પ્રિય પ્રેમીઓ બતાવી આપશે. અને આ પુસ્તકને ઉત્તેજન મળશે, તો મારી પાસે તૈયાર પડેલા બીજા ભાગો અનુક્રમે જનસમાજ સમક્ષ મૂકી કૃતાર્થ થઇશ.

શિલ્પ શાસ્ત્રના હસ્ત લિખીત અનેક પુસ્તકો આજે એ કલાના અજ્ઞાન જાણનારાઓ પાસે પડયા પડયા ઉધી ખાય છે. કેવળ અક્ષર જ્ઞાનના અભાવે એ આપણું અણમોલું ભારતિય શિલ્પ શાસ્ત્ર, છેક છેલ્લે પાટલે બેસી પરવારી ચુકવાની અણી ઉપર બેઠું છે.

માત્ર જૈન સમુદાય આજે (એને રૂઢીમાનો કે ગમે તે માનો) કંઇક પ્રમાણમાં એ કલાને જીવતી રાખી રહ્યો છે. પાશ્ચાત્ય પવનના સપાટામાં એ વર્ગ પણ ઘસડાતો જાય છે. એટલે "શિલ્પ શાસ્ત્રની" અનેક ખુબીઓ પુસ્તકોના થોથામાંજ રહેવા સર્જાઇ હોઇ એવી બીક સ્હેજે રહી જાય છે.

પ્રાસાદ મંડનનો એક ભાગ મારા પિતાશ્રી અંબારામ વિશ્વનાથે છપાવી બહાર પાડેલ છે. તેનો બીજો ભાગ છપાયા વિના રહી ગયો હોવાથી, આ પુસ્તકમાં તેનો પણ સમાવેશ કરી નાખેલ છે. આ પુસ્તકમાં પ્રાસાદમંડન, આયતત્વ, ક્ષિરાણ. અપરાજીત, વાસ્તુસાર, રાજવલ્લભ, બાળબોધ, કુંડસિદ્ધી, નિર્દોષ, અને આધુનીક વિગેરે ઘણા પુસ્તકોના મત મેળવી આ પુસ્તક તૈયાર કરેલ છે.

ગુજરાતનો વિદ્વાન વર્ગ આ વસ્તુ સ્થિતિ તરફ પોતાનું ધ્યાન ખેંચશે અને આપણી આ ભારતીય કલાને પ્રકાશમાં લાવવા પ્રયત્ન કરશે અને મને યોગ્ય સહાય આપશે તો હું એમનો ઉપકાર માનીશ.

આવા સમયમાં, શંસ્કૃત, ગુજરાતી, કે બીજી ભાષાનું સંપૂર્ણ જ્ઞાન ન હોવા છતાં, ભાષાના અધ કચરા જ્ઞાન સાથે માત્ર એ કલાના અનુભવો આધારે આ પુસ્તક બહાર પાડવા હું લલચાયો છું.

આ પુસ્તકમાં મરહુમ ભગવાનજી તુલશીદાશ અને બીજા જે સ્નેહીભાઇઓએ મદદ કરી છે. તેમનો આભાર માનવાની તક લઉ છું.

સં. ૧૯૮૭ શ્રાવણ દ. ૧૯૩૧ }
વ્યાસજીની શેરી. વઢવાણ સીટી. } **જગન્નાથ અંબારામ શિલ્પી.**

"Aho Shrutgyanam"

# અનુક્રમણિકા.

## પ્રકરણ ૧ લું.


| | પૃષ્ઠ. |
|---|---|
| સ્તુતિ ... ... ... ... ... ... | ૧ |
| વિશ્વકર્મા સ્વરૂપ ... ... ... ... ... | ,, |
| દેવાલ ક્યાં કરવા... ... ... ... ... | ૨ |
| દેવાલકનું ફળ ... ... ... ... ... | ,, |
| શિલ્પશાસ્ત્રની ઉત્પત્તિ ... ... ... ... | ૩ |
| દેવલયની ઉત્પતિ... ... ... ... ... | ૪ |
| સૂત્રો (સાધન) ... ... ... ... ... | ૫ |
| અષ્ટ પ્રકારના સૂત્રો ... ... ... ... | ૬ |
| ગજ ઉત્પન્ન કરવા વિષે ... ... ... ... | ૭ |
| ત્રણ પ્રકારના ગજ અને તેનો ઉપયોગ ... ... | ૮ |
| ગજના ફૂલ અને રેખામાં રહેલા દેવતાઓ ... ... | ૯ |
| યજ્ઞના કુંડ કરવાનાં ગજ કેવાં બનાવવાં ... ... | ,, |
| બારીક માપ ... ... ... ... ... | ૧૦ |


## પ્રકરણ ૨ જું.


| | |
|---|---|
| જે દિશાના મુખના દેવ હોય તેને તેજ દિશાના દેવાલય કરવાં | ૧૨ |
| આયાદિકની સમજ ... ... ... ... | ૧૩ |
| મકાન તથા દેવાલય ... ... ... ... | ૧૪ |
| આઠ આયોના રૂપ ... ... ... ... | ૧૫ |
| કયા સ્થાને કયો આય દેવો ... ... ... | ૧૬ |
| આઠ દિશાના આઠ આય સમજવાનું કોષ્ટક ... ... | ૧૮ |
| આઠ આયો ગણવાનું કોષ્ટક ... ... ... | ,, |


"Aho Shrutgyanam"

## પ્રકરણ ૩ જું.


| | |
|---|---|
| પ્રાસાદ ઘર વગેરેની રાશી અને નક્ષત્ર કાઢવાની રીત ... | ૨૦ |
| વ્યય સમજવાની રીત ... ... ... ... | ,, |
| આઠ વ્યયના નામ અને ગુણ ... ... ... | ૨૧ |
| વ્યય સાથે આય કયો દેવો ... ... ... | ,, |
| આય તથા નક્ષત્ર ઉપરથી વ્યય સમજવાનું કોષ્ટક ... | ૨૩ |
| દેવ, મનુષ્ય અને રાક્ષસ ગણવા નક્ષત્ર ... ... | ૨૪ |
| દેવ ગણ, મનુષ્ય ગણ અને રાક્ષસ ગણના નક્ષત્ર જોવાનું કોષ્ટક | ૨૫ |
| ઘર તથા પ્રાસાદના ચંદ્રના ફળની સમજ ... ... | ૨૬ |
| નક્ષત્ર ઉપરથી ચંદ્ર કાઢવાનું કોષ્ટક ... ... ... | ૨૭ |
| નક્ષત્ર પરસ્પર વેરની સમજણ ... ... ... | ,, |
| રાશી ઉપરથી વર્ણ જાણવાની સમજ ... ... | ૨૮ |
| મૂળ રાશી ઉપરથી નક્ષત્ર સમજવાનું... ... ... | ૨૯ |
| નક્ષત્ર ઉપરથી રાશી જાણવાની સમજણ. (રાશિ મૈત્રિ)... | ,, |
| ઘરના નક્ષત્રની રાશિ તથા ઘરધણીની રાશી ઉપરથી ઇષ્ટિ અનિષ્ટ સમજવાનું કોષ્ટક ... ... ... | ૩૧ |
| ઘર ધણીની રાશી ઉપરથી જાતિ કાઢવાની સમજનું કોષ્ટક. | ૩૨ |
| નક્ષત્રો ઉપરથી તારાની સમજ. (તારા.) ... ... | ૩૩ |
| તારા ગણવાનું કોષ્ટક ... ... ... ... | ૩૪ |
| અંશક જોવાની સમજ ... ... ... ... | ૩૫ |
| અંશક ગણવાનું કોષ્ટક ... ... ... ... | ૩૬ |


## પ્રકરણ ૪ થું.


| | |
|---|---|
| નક્ષત્ર યોની ... ... ... ... ... | ૩૮ |
| ગૃહ મૈત્રિની સમજ ... ... ... ... | ૩૯ |
| ઘરધણી તથા ઘરની રાશીના મિત્ર અને શત્રુ તથા સંમભાવ જોવાનું ગ્રહમૈત્રી કોષ્ટક... ... ... ... | ૪૦ |


"Aho Shrutgyanam"

યોની વૈર ... ... ... ... ... ૪૧
તિથિ, વાર અને લગ્ન સમજવાની રીત ... ... ,,
તિથીનું ફળ ... ... ... ... ... ૪૨
વાર ફળ ... ... ... ... ... ,,
લગ્ન ફળ ... ... ... ... ... ,,
ઘરનો અધિપતિ વર્ગ ... ... ... ... ૪૩
અધિપતિના નામ ... ... ... ... ,,
અધિ પતિ વર્ગ... ... ... ... ... ૪૪
ઘર તથા ઘરધણી નામાક્ષરનો અધિપતિ વર્ગ... ... ,,
ઘર તથા પ્રાસાદના અધિપતિ ગણવાનું કોષ્ટક ... ... ૪૫
વર્ગ વેર ... ... ... ... ... ૪૬
નાડી ચક્ર ... ... ... ... ... ,,
આદ્ય મધ્ય અને અંત્ય નાડી ... ... ... ૪૭
નક્ષત્રો ઉપરથી આદ્ય, મધ્ય અને અંત્ય નાડી જોવાનું કોષ્ટક ૪૮
ઘરના નક્ષત્રની ઉત્પત્તિનું ફળ ... ... ... ૪૯
ઉત્પત્તિનું ફળ જાણવાનું કોષ્ટક ... ... ... ,,
અધોમુખા નક્ષત્રો ... ... ... ... ૫૦
તીર્યગ મુખા નક્ષત્રો ... ... ... ... ,,
ઉર્ધ્વ, વક્ર નક્ષત્રો... ... ... ... ... ,,
હોડા ચક્ર ... ... ... ... ... ૫૧
વહાણ ઘડવાના તથા પાણીમાં ચલાવવાના નક્ષત્ર ... ૫૨
ગૃહારંભે ભૂમિ શયનની સમજણ ... ... ... ,,
ઘણા ગુણને થોડા દોષ હોય તે કામ કરવું ... ... ,,

## પ્રકરણ ૫ મું.

તિથિની સમજ ... ... ... ... ... ૫૪
સિદ્ધિયોગની સમજ ... ... ... ... ,,

"Aho Shrutgyanam"

શુક્લ પક્ષ તથા કૃષ્ણ પક્ષમાં તિથિની સમજ... ... ૫૫
યમઘંટ યોની સમજ ... ... ... ... ૫૬
યમઘંટનું ફળ ... ... ... ... ... ,,
યોગની સમજણ ... ... ... ... ... ,,
તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ, લગ્નો, વાસ્તુ કામ માટે. ૫૭
જલાશયનું આરંભ મુહુર્ત ... ... ... ... ૫૯
કુપ ચક્ર ... ... ... ... ... ,,
સ્થંભ ચક્ર ... ... ... ... ... ૬૦
કલસ ચક્ર ... ... ... ... ... ,,
ઘર આરંભના-લગ્ન તથા ગૃહ ... ... ... ૬૧
દિશાઓના કાળની સમજ ... ... ... ... ,,
કમાડ ચક્ર ... ... ... ... ... ૬૨
ઘરનો આરંભ તથા પ્રવેશ... ... ... ... ૬૩
માસનું સારૂં અગર ખોટું ફળ ... ... ... ,,
દેવાલયાદિ પ્રતિષ્ટા મુહુર્ત ... ... ... ... ૬૪
દ્વાર શાખા ચક્ર ... ... ... ... ,,
શુભ-તિથિ ... ... ... ... ... ૬૫
વત્સચક્ર. (ગૃહારંભ વખતે કઈ રાશી લેવી તેની સમજ.) ,,
વત્સચક્રની સમજ ... ... ... ... ૬૬
વત્સ કોષ્ટક (ગૃહારંભ કઈ રાશીના સૂર્યમાં કરવાથી સારૂં
અગર ખોટું ફળ સમજવાનું કોષ્ટક) ... ... ૬૭
વત્સ ચક્ર જુવો ... ... ... ... ૬૮
વાર પરત્વે રાહુ જોવાની રીત ... ... ... ,,
ત્રણ માસ પરત્વે રાહુ જોવાની રીત. ... ... ૬૯
ગૃહારંભ મુહુર્ત ... ... ... ... ,,
મોભ ચક્ર ... ... ... ... ... ,,
દિશા સાધન ... ... ... ... ... ૭૦

"Aho Shrutgyanam"

બીજા પ્રકારનું દિશા સાધન તથા ફળ ... ... ,,
ધ્રુવ મર્કટી ... ... ... ... ... ૭૧
દેવાલયમાં ચૌદ વખત વાસ્તુ કરવું જોઈએ ... ... ૭૪
ઘરને માટે પાંચ વખત વાસ્તુ કરવું ... ... ,,
વાસ્તુ પૂજન મુહુર્ત ... ... ... ... ૭૫
દેવ, આચાર્ય અને બ્રાહ્મણ શિલ્પીને પૂજવાનું ફળ ... ૭૬

## પ્રકરણ ૬ ઠું.

વાસ્તુ પૂજનનું ફળ ... ... ... ... ૭૭
વાસ્તુની સમજણ ... ... ... ... ,,
ક્યાં કેટલા પદનો વાસ્તુ ... ... ... ... ૭૮
વાસ્તુની દિશાના દેવો ... ... ... ... ,,
વાસ્તુ કઇ ચીજનો કરવો ... ... ... ... ૭૯
વાસ્તુ દેવ ઉપર રહેલા દેવોની સંખ્યા ... ... ,,
પ્રાસાદ માટે સો પદનો વાસ્તુ કેવી રીતે બનાવવો ... ૮૦
ઘર તથા પ્રાસાદ માટે ચોસઠ પદનો તથા એકાશી પદનો વાસ્તુ ૮૧
કેવી રીતે પૂજવા ... ... ... ... ,,
સો પદનો વાસ્તુ ... ... ... ... ૮૨
ઘરને માટે ૮૧ પદનો વાસ્તુ ... ... ... ૮૩
દેવાલય માટે ૬૪ પદનો વાસ્તુ ... ... ... ૮૪
જીર્ણોધ્ધાર માટે ૪૯ પદનો વાસ્તુ ... ... ... ૮૫
કુવા, તળાવ, વાવડી અને વન માટે ૧૯૬ પદનો વાસ્તુ ૮૬
પૃથ્વી પરિક્ષા રીત પહેલી. જળ પ્રવાહ ફળ ... ... ,,
પૃથ્વી પરિક્ષા રીત બીજી ... ... ... ૮૭
શલ્ય કાઢવાની વિધિ ... ... ... ... ૮૮
શલ્ય રહી જાય તો શું દોષ ... ... ... ૮૯
શલ્ય કાઢવાનું કોષ્ટક (ભૂમી શોધન) ... ... ,,

"Aho Shrutgyanam"

ખાત કરવાના શુભ નક્ષત્રો. ... ... ... ૯૦
ખાત કેવી રીતે કરવું ... ... ... ... „
નાગ ચક્રની સમજણ ... ... ... ... ૯૧
ખાતમુહુર્ત કોષ્ટક ... ... ... ... ૯૩
શિલા સ્થાપન કરવાના નક્ષત્રો ... ... ... „
કુર્મશિલાનું માપ ... ... ... ... ૯૪
જ્યેષ્ટ મધ્ય અને કનિષ્ઠ શિલાનું માન ... ... „
શિલા કેવી રીતે સ્થાપન કરવી ... ... ... ૯૫
ઘર માટે શિલાનું પૂજન ક્યાંથી કરવું ... ... „
મધ્યની કુર્મ શિલામાં કેવા રૂપ બનાવવા ... ... „
કુર્મ શિલામાં રૂપ કઈ દિશાથી બનાવવા ... ... ૯૬
આઠ દિશાની શિલાના આઠ નામ ... ... ... „
બાજુની શીલાઓનું માપ. ... ... ... ૯૭
બાજુની શિલાને વસ્ત્ર કેવા રંગના ઓઢાડવા ... ... „
મધ્યની શિલાનું માપ ... ... ... ... „
મધ્યની શીલાના વસ્ત્ર ... ... ... ... ૯૮
શિલાઓના રૂપનો નકશો ... ... ... ... „
દેવાલયનું પ્રમાણ ક્યાથી જાણવું ... ... ... ૯૯
કુંભાથી સમસુત્ર તથા કુંભાથી બહાર શું કરવું ... „
ફલણા તથા પાણીતારની સમજ ... ... ... „

## પ્રકરણ ૭ મું.

નિર્દોષ વાસ્તુ, શ્રીવિક્ષ ઉવાચ ... ... ... ૧૦૦
અપરાજીત ઉવાચ ... ... ... ... ૧૦૧
નાભી વેધ ... ... ... ... ... „
દૃષ્ટિ વેધ ... ... ... ... ... „
શિવની પરનાળ ઓળંગવા બાબત ... ... ... ૧૦૨

"Aho Shrutgyanam"

પ્રદક્ષિણા ... ... ... ... ... ૧૦૩
દેવાલયને પરનાળ ક્યાં મુકવી ... ... ... ,,
વૃક્ષ દોષ ... ... ... ... ... ૧૦૪
એડોળ ઘરના દોષ ... ... ... ... ૧૦૫
જાળી ટાંકા વગેરે કેમ મુકવા ... ... ... ૧૦૬
સમવેધ... ... ... ... ... ... ,,
માળનું પ્રમાણ ... ... ... ... ... ,,
વેધ વિધી ... ... ... ... ... ૧૦૭
દ્વાર મુકવાની વિધી ... ... ... ... ,,


## પ્રકરણ ૮ મું.


શ્રેણીભંગ વેધવિધી ... ... ... ... ૧૦૮
ઘર નિષેધ વિધી... ... ... ... ... ૧૦૯
ઘરમાં કેવા ચિત્રો ચિતરવા ... ... ... ,,
વાસ્તુ ભંગ ન કરવા બાબત. ... ... ... ,,
દિશા લોપ ... ... ... ... ... ૧૧૦
ઘર ઉંચું કરવા વિષે ... ... ... ... ,,
માન હીન કરે તો ... ... ... ... ,,
ઘરના ખુણાનો વેધ ... ... ... ... ,,
સલાકાઓ ... ... ... ... ... ૧૧૧
દ્વાર મુકવાના અંગ ... ... ... ... ૧૧૨
બે બારણાનો વેધ ... ... ... ... ૧૧૩
પદભંગ વિષે ... ... ... ... ... ,,
માન ભંગ વિષે ... ... ... ... ... ૧૧૪
નળ હીન ઘર વિષે ... ... ... ... ,,
અદ્રીષ્ટાય દોષ ... ... ... ... ... ૧૧૫
દ્રષ્ટિદ્વાર આગળ અલીંદ ... ... ... ... ,,
એક સ્થભ તથા પદ ... ... ... ... ,,


"Aho Shrutgyanam"

## પ્રકરણ ૯ મું.


| | |
|---|---|
| ઘર આગળ ઝાડ વાવવા ... ... ... ... | ૧૧૬ |
| મધ્યે દ્વાર ... ... ... ... ... | ૧૧૭ |
| ચારે દિશામાં દ્વાર ... ... ... ... | ,, |
| શ્રેણીભંગ ... ... ... ... ... | ૧૧૮ |
| સ્થંભ ... ... ... ... ... ... | ,, |
| પ્રમાણુ રહિત ... ... ... ... ... | ૧૧૯ |
| શાળા ... ... ... ... ... ... | ,, |
| થર ભંગ ... ... ... ... ... | ૧૨૦ |
| દ્વાર ઉપર જાળી ... ... ... ... ... | ,, |
| અલીંદ... ... ... ... ... ... | ,, |
| બારણા સામે થાંભલો ... ... ... ... | ૧૨૧ |
| બારણું જમણી બાજુ ... ... ... ... | ,, |
| ગર્ભે બારણું ... ... ... ... ... | ૧૨૨ |
| દ્વાર તથા સ્થંભના ઉદયનાં પ્રમાણુના ભાગ મધ્ય માનનાં | ,, |
| શાસ્ત્ર વિરૂદ્ધ થાય તો ... ... ... ... | ૧૨૩ |
| દ્વારની સમજાણુ ... ... ... ... ... | ,, |
| દેવ, રાજા, બ્રાહ્મણુના ઘરના દ્વાર ... ... ... | ૧૨૪ |


## પ્રકરણ ૧૦ મું.


| | |
|---|---|
| શ્રમ વિશ્રમ ... ... ... ... ... | ,, |
| પ્રવેશવું અને નીકળવું ... ... ... ... | ૧૨૫ |
| નાગદંતો ... ... ... ... ... | ,, |
| દીવાનું સ્થાન ક્યાં રાખવું ... ... ... ... | ,, |
| ઘરની ઉભણીના ભાગ ... ... ... ... | ૧૨૬ |
| ચાર દિશાના દ્વાર કોને કરવા ... ... ... | ,, |
| દ્વારના જ્યેષ્ટ, મધ્ય, અને કનિષ્ટ માનનું પ્રમાણુ ... | ૧૨૭ |


"Aho Shrutgyanam"

| | |
|---|---|
| માળ તથા દાદરનું પ્રમાણ ... ... ... ... | ૧૨૮ |
| પર્વતની ભીંત ... ... ... ... ... | ,, |
| પત્થરની છાટ વિષે ... ... ... ... | ૧૨૯ |
| ગૃહ પ્રવેશ ... ... ... ... ... | ,, |
| ઘરના પદ કરવાની સમજ ... ... ... ... | ૧૩૦ |
| ઘર કરવાની જમીન પહોળી અથવા સાંકડી હોયતો ... | ૧૩૦ |
| પાંચ ભાગે પદ, સાત ભાગે પદ, નવ ભાગે પદ, અગીઆર ભાગે પદ ... ... ... ... ... | ૧૩૧ |
| ઘરની જમીન ઉંચી નીચી હોયતો ... ... ... | ૧૩૨ |
| ઘરોના નેવા ... ... ... ... ... | ,, |
| છાપરાની કર્ણ ... ... ... ... ... | ,, |
| છાપરાનો ઢાળ તથા કર્ણ ... ... ... ... | ૧૩૩ |
| આકાશ ... ... ... ... ... | ૧૩૪ |
| ઘોડા ગર્ભ ... ... ... ... ... | ૧૩૫ |
| માણસની યોગ્યતા પ્રમાણે ઘર કરવા ... ... | ,, |
| ઘોડાગર્ભ ભાગ ૧૪ તથા ૨૪ તથા ૩૨ ... ... | ૧૩૬ |
| પ્રસાદને કળશ ... ... ... ... ... | ૧૩૭ |
| ઘરની આગળથી ઉંચાઇ તથા નિચાઇ વિષે ... ... | ૧૩૮ |
| નક્ષત્ર તથા આય ગણવાનું કોષ્ટક ... ... ... | ,, |
| નક્ષત્ર આદિ લઈ ને (૧૪) ચૌદ અંગ જોવાનું કોષ્ટક ... | ૧૩૯ |
| ઘરનું આયુષ્ય ... ... ... ... ... | ૧૪૦ |
| ઘરના આયુષ્યનું ( કોષ્ટક )... ... ... ... | ૧૪૨ |
| ઘરના વિભાગ વિષે ... ... ... ... | ૧૪૩ |
| સમૂળ ઘર વિષે ... ... ... ... ... | ૧૪૪ |
| પ્રતિકાર ઘર વિષે... ... ... ... ... | ,, |
| એક ઘરના બે ઘર કરવા વિષે ... ... ... | ,, |
| પ્રછીત વિધી ... ... ... ... ... | ૧૪૫ |


"Aho Shrutgyanam"

## પ્રકરણ ૧૧ મું.


શ્રી વિશ્વકર્મણે નમઃ ... ... ... ... ૧૪૬
જગતિ ... ... ... ... ... ... ,,
જગતિના પ્રકાર ... ... ... ... ... ,,
પ્રાસાદ કરતાં જગતિ કેટલી મોટી કરવી ... ... ૧૪૭
મંડપને સારૂ જગતિ ... ... ... ... ,,
જગતિમાં ભ્રમણી ... ... ... ... ૧૪૮
જગતિના ખુણાનું માન ... ... ... ... ,,
જગતિની ઉંચાઇનું માન ... ... ... ... ,,
જગતિની ઉંચાઈમાં ઘાટ કેવો કરવો ... ... ૧૪૯
જગતની ઉભણીમાં ઘાટનો નકશો ... ... ... ૧૫૦
જગતિમાં ભ્રમણી તથા પંચથરાનો નકશો ... ... ,,
જગતિની ઉભણીમાં મંડપ... ... ... ... ૧૫૧
તોરણના ( કમાનોના નકશા ) ... ... ... ૧૫૨
વાહનનું સ્થાન ... ... ... ... ... ૧૫૩
જૈનના દેરાસર સામુ શું કરવું ... ... ... ૧૫૪
શ્રૃંગાર ચોકીનો નકશો ... ... ... ... ૧૫૫
સૂર્યના દેરાસરમાં કયા દેવ બેસે ... ... ... ૧૫૬
ગણપતિના દેરાસરમાં કયા દેવ બેસે... ... ... ,,
વિશ્નુના દેરાશરમાં કયા દેવ બેસે ... ... ... ૧૫૭
ચંડીના દેરાશરમાં કયા દેવની મુર્તિયો બેસે ... ... ,,
શિવના દેરાશરમાં કયા દેવ બેસારવા... ... ... ,,


## પ્રકરણ ૧૨ મું.


શિલા ( ખડસલ ) ... ... ... ... ૧૫૯
પાયાની કોન્ક્રીટ ... ... ... ... ... ,,
પત્થર ચુનાની તથા ઈંટચુનાની કોન્ક્રીટ ... ... ,,


"Aho Shrutgyanam"

ચુનાની કોન્ક્રીટના થર તથા સીમેન્ટ કોન્ક્રીટ... ... ૧૬૦
સીમેન્ટ કોન્ક્રીટની મજબુતી તથા ઈંટ ... ... ,,
સીમેન્ટ પારખવાની સહેલી રીત ... ... ... ૧૬૧
ખોદ કામ—ઘનફુટ—રનીંગફુટ ... ... ... ૧૬૨
ચોરસ ફુટ ... ... ... ... ... ૧૬૩
ભીટ—ભીટનું બીજું માન ભીટના થર તથા નિકાળો ... ,,
પીઠનું માન ... ... ... ... ... ૧૬૪
પીઠનો નિકાળો તથા ધાટ... ... ... ... ૧૬૫
ભીટનો નકશો. ... ... ... ... ... ૧૬૬
કણપીઠ તથા પંચ થરાનો નકશો. ... ... ... ,,
અશ્વથર, નરથર, ગજથર, દેવીના થરનો કરશો ... ,,
ગજથર, અશ્વથર નરથરના નિકળા ... ... ... ૧૬૭
કામદંમ પીઠ ... ... ... ... ... ,,
જગતિભીટ, પંચથરું ગજથર, અશ્વથર નરથર વિગેરેનો નકશો ૧૬૮
અશ્વથરની જગ્યાએ દેવીનો થર ... ... ... ,,
પીઠ વીના કરશો તો ... ... ... ... ૧૬૯
મંડોવર... ... ... ... ... ... ,,
નાગરાદી પીઠ ... ... ... ... ... ૧૭૦
નાગરાદી મંડોવર... ... ... ... ... ,,
મેરૂ મંડોવર ... ... ... ... ... ૧૭૧
મેરૂ મંડોવર તથા નાગરાદી મંડોવરના ભાગનો નકશો ... ૧૭૨
સામાન્ય મંડોવર... ... ... ... ... ૧૭૩
પ્રાકરાંત મંડોવર ... ... ... ... ... ૧૭૪
સામાન્ય મંડોરો તથા પ્રાકરાંત મંડોરાના ભાગનો નકશો... ૧૭૫
લાબો ગભારો તથા ભિતી... ... ... ... ૧૭૬

## પ્રકરણ ૧૩ મું.

થરનો મેળ ... ... ... ... ... ૧૭૭

"Aho Shrutgyanam"

દ્રાવિડાદી સ્તંભ, મંડોવર, દ્વારમાનના થરનો નકશો ... ૧૭૮
મંડોવર તોરણાદિ સ્તંભ, દ્વારશાખ, જારીના થરનો નકશો ,,
ઉંબરાનું માન ... ... ... ... ... ૧૭૯
સંખાવટ ... ... ... ... ... ૧૮૦
નાગરાદી દ્વાર માન ... ... ... ... ૧૮૧
ભુનીજાદી દ્વાર માન ... ... ... ... ૧૮૨
દ્રાવિડાદી દ્વાર માન ... ... ... ... ,,
કયા પ્રાસાદને કયું દ્વાર કરવું ... ... ... ૧૮૩

## પ્રકરણ ૧૪ મું.

શાખા ... ... ... ... ... ... ૧૮૪
ત્રિશાખા ... ... ... ... ... ,,
પંચ શાખા ... ... ... ... ... ૧૮૬
સપ્ત શાખા ... ... ... ... ... ૧૮૭
નવ શાખા ... ... ... ... ... ,,
શાખાઓ ઉંબરો તથા શંખાવટના તળના નકશા ... ૧૮૮
ઓતરંગ ... ... ... ... ... ૧૮૯
પબાસણ તથા પ્રતિમા ... ... ... ... ,,
ગભારો તથા પ્રતિમા ... ... ... ... ૧૯૦
પબાસણ તથા પ્રતિમાનુ માન ... ... ... ૧૯૧
જૈન પ્રતિમાની દ્રષ્ટિનું માન ... ... ... ૧૯૨
દેવોની દ્રષ્ટિના માન તથા પબાસણના નકશા ... ... ,,
લક્ષ્મી નારાયણ, શેષશાઇ તથા મહાદેવની દ્રષ્ટિનું માન... ૧૯૩
દેવોની દ્રષ્ટી તથા પબાસણના માન ... ... ... ,,
પબાસણના નિકાળાના ભાગ ... ... ... ,,
મહાદેવનું બાણુ તથા પાર્વતી માતાની દ્રષ્ટિ ... ... ૧૯૪
લીંગ તથા જળાધારી બનાવવાના પ્રાંચ પ્રકારના સૂત્ર ... ૧૯૫

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૧૫ મું.


| | |
|---|---|
| મકાનોનાં બાંધકામ=આધુનિક પદ્ધતિ ... ... | ૧૯૬ |
| સ્થાન નિર્ણય ... ... ... ... ... | ,, |
| બાંધકામ માટે કેટલી જગા રોકવી ... ... ... | ,, |
| દીશા પ્રશ્ન ... ... ... ... ... | ૧૯૭ |
| હવા ઉજાસ ... ... ... ... ... | ,, |
| મકાનોના પાયા ... ... ... ... ... | ૧૯૮ |
| ચણતરકામ ... ... ... ... ... | ૨૦૦ |
| પોઇન્ટીંગ ... ... ... ... ... | ૨૦૨ |
| પ્લાસ્ટર ... ... ... ... ... | ,, |
| ભોંયતળીયું પત્થરની લાદીનું ફ્લોરીંગ ... ... | ૨૦૩ |
| સીમેન્ટ છોનું ફ્લોરીંગ ... ... ... ... | ,, |
| સીમેન્ટ પ્લાસ્ટરનું ફ્લોરીંગ ... ... ... | ૨૦૪ |
| જેક આર્ચનું ફ્લોરીંગ ... ... ... ... | ,, |
| રીનફોર્સ્ડ કોન્ક્રીટ ફ્લોરીંગ... ... ... ... | ,, |
| પતરાનું છાપરૂં ... ... ... ... ... | ૨૦૬ |
| નળીઆના છાપરાં ... ... ... ... | ૨૦૭ |
| લાકડ કામ ... ... ... ... ... | ,, |
| રંગકામ, ડીસ્ટેમ્પર, ધોળવું, છત ... ... ... | ૨૦૮ |


આ શીવાય મંદિરોના ૧૩ ફોટાઓ જુદી જુદી જગ્યાએ,

"Aho Shrutgyanam"

# શુદ્ધિ પત્રમ્.

| પૃષ્ટ | શ્લોક | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧ | समुदभुत | समुदभूत |
| ૨ | ૧૭ | रत्नेज | रत्नजम् |
| ૮ | ૨૧ | विर्भेज्यं | विंभज्यं |
| ૧૦ | ૨૫ | संरख्यां | संख्यां |
| ૧૨ | ૨૫ | ૨૮ | ૨૫–૨ |
| ૧૨ | ૨૬ | धनदोक्ष्मी | धनदालक्ष्मी |
| ૧૫ | ૩૫ | पुरुपाद्धिरुपंच | पुरुषादिरुपंच |
| ૧૫ | ૩૯ | निविन्घचा | निविन्घश्चा |
| ૧૬ | ૪૧ | हर्म्यहे | हर्म्यदे |
| ૩૩ | ૬૨ | ग्रहरूपच | ग्रहरूपश्च |
| ૩૩ | ૬૫ | श्रुभा | शुभा |
| ૩૮ | ૬૮ | पूफा | पूर्वफा |
| ૩૮ | ૬૯ | पूषाढा | पूर्वषाढा |
| ૪૭ | ૮૦ | होहिणी | रोहिणी |
| ૫૬ | ૯૨ | आरुदा | आरद्रा |
| ૫૯ | ૧૦૦ | मारयं | मारंम |
| ૫૯ | ૧૦૧ | सोये | सोमे |
| ૬૦ | ૧૦૪ | भवेद | भवद् |
| ૬૫ | ૧૧૯ | श्रूभा | शुभा |
| ૬૬ | ૧૨૩ | भवे | भवेत् |
| ૬૬ | ૧૨૩ | श्रुभा श्रुभ | शुभा शुभ |
| ૭૯ | ૧૪૨ | णतेषां | एतेषां |
| ૮૭ | ૧૪૩ | पूरयेतन्भृदा | पूरयेतूतन्मृदा |

"Aho Shrutgyanam"

| | | | |
|---|---|---|---|
| ९१ | १६० | कणिनः | फणिनः |
| ९५ | १६७ | मलंकृतं | अलंकृतं |
| ९६ | १६९ | कर्यं | कार्यं |
| ९९ | १७१ | कुमके | कुंभुके |
| १०४ | १८९ | अस्वथाय | अश्वस्थाय |
| १०८ | २०१ | तश्रव | तत्रैव |
| ११५ | २२५ | गेहंमेकस्थंभं | गेहमेकस्थंभ |
| १२४ | २५२ | मध्य | मध्ये |
| १२५ | २५४ | मेकेकं | एवेकं |
| १३० | २६६ | यतः | यत् |
| १३२ | २६८ | तथोच्चैः | तथोक्तैः |
| १३५ | २७१ | नस्यति | नश्यति |
| १३८ | २७७ | निम्रं | निम्नं |
| १४० | २८२ | प्राक्तं | प्रोक्तं |
| १४५ | २८९ | शषाणांमपि | शषाणामपि |
| १४७ | २९७ | सपादांसेन | सपादांशेन |
| १४९ | ३०२ | तडुछाया | तरुछाया |
| १५३ | ३१७ | ग्रणेशो | गणेशो |
| १६३ | ३२६ | सतार्धं | शतार्धकं |
| १७६ | ३५४ | श्रुभद्रं | शुभद्रं |
| १७७ | ३५७ | शसपादस्प | शसपादस्य |
| १७७ | ३५८ | मेक | एक |
| १७७ | ३५९ | सार्धक | सार्धकम |
| १८२ | ३७१ | रिष्यंति | इष्यंति |
| १८२ | ३७२ | दसांतं | दशांतं |
| १८६ | ३८३ | द्रव्याबु | द्रव्यांबु |

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



પ્રજ્ઞાપારમિતા (પ્રાચીન મૂર્તિ)

"Aho Shrutgyanam"

ॐ

श्री गणेशाय नमः

# બૃહદ શિલ્પ શાસ્ત્ર.

## પ્રકરણ ૧ લું.

### સ્તુતિ.

**गणेशाय नमस्तस्मै निर्विघ्न सिद्धि हेतवे ।**
**आदि गौरि समुद्भुत तेजसा संभवायते ॥ १ ॥**

અર્થ—તેજના ઉત્પન્ન કરનાર પાર્વતી પુત્ર ગણપતીને કાર્ય નિર્વિઘ્ને પાર ઉતારવા માટે પ્રણામ કરીએ (૧)

**महामाया तियागीता चिन्मया मुनि सत्तमैः ।**
**करोति वाग्विलासंमे जिह्वायं सा सरस्वति ॥ २ ॥**

અર્થ—ચૈતન્ય સ્વરૂપ જેવા મહામાયા કે જે દેવી સરસ્વતિ રૂષિમુનીઓ જેના ગુણગાન ગાય છે, તે આપણી જીભ ઉપર વસી વાણીનો વીસ્તાર કરો. (૨)

### વિશ્વ કર્મા સ્વરૂપ.

**विश्वकर्मा चतुर्बाहु अक्षमालां च पुस्तकम् ।**
**कंबां कमंडलुं धत्ते त्रीनेत्रो हंस वाहनः ॥ ३ ॥**

---

૧. સ્થાપવા. ૨, ઉથાપન કરવા.

"Aho Shrutgyanam"

અર્થ—વિશ્વ કર્માને ચાર હાથ છે. એકમાં સ્ફાટિકની માળા, બીજામાં પુસ્તક. ત્રીજામાં ગજ, અને ચોથામાં કમંડળ ધારણ કર્યું છે, નેત્ર ત્રણ છે, અને વાહન હંસનું છે.

गृहेषुयां विधिप्रोक्त विनिर्वेश प्रवेशने ।
सएव विदुषां कार्यो देवतायत नेष्वति ॥ ४ ॥

અર્થ—ઘર બાંધવાની જે વિધિ રહેવા માટે અને નીકળવા માટે કહી છે, તેજ વિધિ દેવાલય માટે પણ સમજવી.

भंजिता लोपितायंत ब्रह्मदोषं महाभवेत् ।
शिल्पि नांतु कुलयांतु स्वामी सर्व धनक्षयं ।५।

અર્થ—ઘર તથા દેવાલયના પદનો ભંગ કરનાર, દિશા લોપ કરનાર, શ્રેણી ભંગ કરનાર, કે બીજા દોષો મુકનાર મીસ્રીના કુળનો નાશ થાય છે, અને ઘરધણીની લક્ષ્મીનો નાશ થાય છે, માટે ઘરધણીએ એવા મીસ્રી પાસે કામ કરાવવું નહિ અને મીસ્રીએ એવી ભૂલ કરવી નહિ. (૫)

### દેવાલય ક્યાં કરવા.

नद्यां सिधाश्रमे तिर्थे पुरे ग्रामेच गव्हरे ।
वापी वाटी तडागादि स्थाने कार्येसुरालयः ॥६॥

અર્થ—નદી કાંઠે, સત્પુરૂષના આશ્રમે, તિર્થનાસ્થાને, શહેરમાં, પર્વતની ગુફાએ, બગીચામાં કે વાવ અથવા તળાવને કાંઠે કરવા. (૬)

### દેવાલયનું ફળ.

स्वशक्तया काष्ट मृत श्रेष्टं शैलेयं धातु रत्नेज ।
देवताय तनं कुर्यात् धर्मार्थं काम मोक्षदः ॥ ७ ॥

"Aho Shrutgyanam"

અર્થ—કાષ્ટ, માટી, ઈંટ, પત્થર, ધાતુ, અને રત્ન એમ પોત પોતાની શક્તિ પ્રમાણે દેવસ્થાન કરવાથી. ધર્મ. અર્થ, કામ, અને મોક્ષ આપે છે. (૭)

**देवता स्थापनं पूजा पापन्धं दर्शनादिकं ।**
**धर्मं वृद्धे भवेदर्थः काम मोक्ष स्ततो नृणां ॥ ८ ॥**

અર્થ—દેવતાનું સ્થાપન કરી પૂજા અને દર્શન વગેરે કરવાથી પાપનો નાશ થઈ ધર્મની વૃદ્ધિ અને દ્રવ્યની ઇચ્છા પૂર્ણ થાય છે, તેમજ આખરે મોક્ષ પણ થાય છે.

**तृणैः कोटी गुण पूण्ये मृन्मये दश धाततः ।**
**ईष्टिकाभिः शतं तस्मात् शैले नानं तकं स्मृतं ॥९॥**

અર્થ—લાકડાથી દેવાલય કરે તો કરોડ ગણું પૂન્ય થાય છે, માટી અને લાકડાથી કરે તો તેનાથી દશ ગણું પૂન્ય થાય છે, વળી ઇંટ માટી અને લાકડાથી કરે તો સો ગણું પૂન્ય થાય છે, તેમજ જો પત્થરથી કરે તો જેનો પાર ન આવે એટલું પૂન્ય થાય છે; (૯)

## શિલ્પ શાસ્ત્રની ઉત્પત્તિ.

**आयुर्वेदं धनुर्वेदं गांधर्वं शिल्प मेव च ।**
**स्थापत्यचा सृजद्वेदं क्रमात् पूर्वादिभिर्मुखैः ॥१०॥**

અર્થ—આયુર્વેદ, ધનુર્વેદ. ગાંધર્વવેદ. શિલ્પશાસ્ત્ર. એ બધા વિસ્તાર ઇશ્વરના પૂર્વ બાજુના મુખથી, ઉત્પન્ન થયા છે. (વળી શિલ્પશાસ્ત્રની ઉત્પત્તિ વેદમાં પણ ઉપરના નિયમ પ્રમાણેજ છે)

"Aho Shrutgyanam"

हेमाद्रे रुत्तरे पार्श्वे गत्वा दारु वनं परं ।
पावनं शंकरं स्थानं तत्र सर्वैः शिवोऽर्चित ॥११॥
प्रासादाकार पूजाभिर्देव दैत्यादिभिः त्तुमान् ।
चतुर्दश समुत्तपन्नाः प्रासादानां च जातयः ॥१२॥
नागरा द्राविडा चैव भूमिजालतिना तथा ।
सावंधारा विमानादि नागरा पुष्पकाङ्क्षिता ॥१३॥

અર્થ—હીમાલયની ઉત્તરે એક સુંદર વૃક્ષોનું વન છે, ત્યાં શંકર ભગવાનનું પવિત્ર સ્થાન છે, એ સ્થાને દેવ અને દૈત્યો એ જુદ્દી જુદ્દી જાતના ચૌદ પ્રકારના દેવાલય કરી તેમની પૂજા કરી એ ઉપરથી ચૌદ જાતના દેવાલય મુખ્ય ગણાય છે. અને તેમાં નીચે પ્રમાણેના આઠ શ્રેષ્ઠ છે. (૧) નાગરાદિ પ્રાસાદજાતિ (૨) દ્રાવિડાદિ (૩) ભૂમિ જાદિ (૪) લતિનાદિ (૫) સાવંધરાદિ (૬) વિમાનાદિ (વિમાનના આકાર જેવું) (૭) નાગરાદિ (પૂષ્પના આકાર જેવું) (૮) મિશ્રકાદિ આ આઠ જાતિના પ્રાસાદમાંથી ગમે તે દેવને ગમે તે પ્રાસાદ કરવા. ૧૧–૧૨–૧૩-૧૪.

प्रासादानां च सर्वेषां जायते दश भेदता ।
चतुर्दश प्रवर्तंते ज्ञेयालोकानु सारतः ॥ १५ ॥
लक्ष लक्षण अभ्यासो गुरु मार्गानु सारतः ।
प्रासाद भवनादिनां सर्वं ज्ञानम वाप्यते ॥ १६ ॥
अपराजितं लक्षं च दिपारण्य मेवच ।
क्षिराग्न लक्ष मेकं च वास्तु शास्त्रं विषेशत ॥ १७ ॥

અર્થ—ઉપરના ચૌદ પ્રકારના દેવાલયની જાતિમાંથી

"Aho Shrutgyanam"

હરેક જાતિના દેવાલયના દશ દશ ભેદ છે તે બધા ભેદ વિષે ક્ષીરાણુ, અપરાજીત, વાસ્તુસાર, દીપારણુ, વાસ્તુમંજરી વગેરેમાં જણાવવામાં આવ્યું છે. વળી પ્રાસાદની જાતિઓના અનેક લક્ષણો અભ્યાસથી ગુરૂદ્વારા જાણી શકાય છે. (પ્રાસાદની જાતિઓની સંખ્યા આપણા શિલ્પશાસ્ત્રમાંના "વાસ્તુમંજરી નામના પુસ્તકમાં [1] ૩૩૧૦૯૦૮ ની બતાવી છે.) અપરાજીતના લાખ શ્લોક છે, દીપારણુના લાખ શ્લોક છે, ક્ષીરાણુના લાખ શ્લોક છે, વાસક જ્યોતિષના ત્રણ લાખ શ્લોક છે. ૧૫–૧૬–૧૭.

## સૂત્રો (સાધન)


सूत्राष्टकं दृष्टि नृहस्त मौंजं कार्पासकं स्यादवलंब संज्ञप ।
काष्टं च सृष्ट्याख्यमतो विरव्य मित्यष्ट सुत्राणि वदंति तज्ज्ञाः ॥

અર્થ—સુત્રો (સાધન) આઠ પ્રકારનાં કહ્યાં છે. (૧) દષ્ટિ, (૨) ગજ, (૩) મુજની દોરી, (૪) સુતરનો દોરો, (૫) અવલંબ એટલે ઓળબો, (૬) કાટખુણો, (૭) સાધણી એટલે રેવળ (૮) વિલેખ્ય એટલે કંપાસ વગેરે. ૧૮

---

૧ ૩૩૧૦૯૦૮ ની સંખ્યામાં નીચેની જાતિઓ સમાએલી છે અને તે જાતિઓની પણ ઘણી જાતિઓ છે. (૧) વૈરાજ્યાદી, (૨) રૂચકાદિ, (૩) કેસરાદિ, (૪) પુષ્પકાદિ, (૪) કુંભાદિ, (૬) પિષ્યુદિ, (૭) શ્રીધરાદિ. (૮) સુરતુરૂ, (૯) સર્વાદિ, (૧૦) મિશ્રકાદિ, (૧૧) તિલકાદિ, (૧૨) સાજરાદિ, (૧૩) વિમાનાદિ, (૧૪) મેરૂ (૧૫) ભૂમિના (૧૬) નેરૂ વિધિ, (૧૭) વિમાના, (૧૮) દ્રાવિડા, (૧૯ પૂર્ણભદ્રાદિ, (૨૦) ભદ્રાદિ, (૨૧) વલ્લભિ, (૨૨) સિંહાખ્ય, (૨૩) મેરૂ, (૨૪) ભુવનગિર, (૨૫) મહામેરૂ.

"Aho Shrutgyanam"



નોંધ—મકાન, દેવાલય, મૂર્તિ, ચિત્રો એ સિવાય
દરેક કારીગરીની ચીજો બનાવવા માટે ઉપર જણાવ્યા

"Aho Shrutgyanam"

પ્રમાણે આઠ પ્રકારના સાધનની જરૂર પડે છે. તેમાં દૃષ્ટિ સુત્રને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે, કારણ કે આપણા કે બીજા દેશના શિલ્પીઓની આંખ સારા પ્રમાણમાં કેળવાએલી હોય છે. માપ, તોલ, વાંકુચુંકુ, અગાડુ, પછાડુ જે કાંઇ હોય તે આંખથી જોઈને તે કહી શકે છે. ગજ, કાટખુણો, ઓળંબો, રેવળ વગેરનો ઉપયોગ પછી કરવામાં આવે છે. વળી આજના મસ્તક વિદ્યાના પ્રોફેસરો પણ મસ્તક, આંખની ભમર ઉપરના ટેકરા જોઈને તુરતજ કહે છે કે આ મગજ શિલ્પીનું છે. મગજનું ખેચાણ આંખ ઉપર આવવાથી ભમર ઉપર ટેકરો થઇ જાય છે, એટલે કારીગરની દ્રષ્ટિવાળા ભાગના મગજના તંતુઓ સારી રીતે ખીલેલા હોય છે.

## ગજ ઉત્પન કરવા વિષે

**हस्तः पर्वाष्ट युक्तो मुनिवर रचितः पर्वचैकंत्रि मात्रं ॥**
**मात्रा षण्णांय वाना मुदर विमलना ब्निस्त्वचा मुत्तमानाम् ॥**
**पुष्पैश्चत्वारि पूर्वं तदनुच विभजे दंगुलैः पर्व पुष्पै ॥**
**निर्ग्रंथीरक्त काष्टो मधुमय उदितः खादिरो वंश धात्वोः॥१९॥**

અર્થ—આઠ પર્વનો એક હાથ અથવા ગજ, ત્રણ માત્રાનો એક પર્વ, ઉત્તમ પ્રકારે ફોતરા કાઢીને તૈયાર કરેલા આડા જવ હોય તેવા છ આડા જવની એક માત્રા કહેવાય. એવી ત્રણ ત્રણ માત્રાને છેટે ગજના આદ્ય છેડાથી ચાર પર્વ અથવા ફુલ અથવા ચોકડીઓ કરવી એવા ચાર પર્વ થાય ત્યારે અડધો ગજ થાય, બાકી

"Aho Shrutgyanam"

રહેલા અડધા ગજના એક એક આંગળ કે તસુના જુદા જુદા ભાગ કરવા, અને પર્વની નિશાની કરવી. તે ગજ સાંધા વગરનો ચંદનનો, મહુડાનો, ખેરનો, વાંસનો, સુવર્ણનો, રૂપાનો કે ત્રાંબાનો કરવો જોઇએ. ૧૯

## ત્રણ પ્રકારનાં ગજ અને તેનો ઉપયોગ.

**ज्यष्टोष्टाभिरथो दरैस्तु मुनिभिर्मध्यस्तुषडभिर्लघुः ।**
**माप्यंचोत्तम केन खेटक पुरं क्रोशादिदिकं योजनम् ॥**
**प्रासाद प्रतिमे नृपस्य भवनं मध्ये न हर्म्यादिकं ।**
**यायंषटयत्र संभवेनशयनं छत्रासनास्त्रादिकम् ॥२०॥**

અર્થ—આઠ આડાજવનો એક તસુ, એવા ચોવીસ તસુનો એક હાથ અથવા ગજ થાય, એ ગજને શ્રેષ્ટ ગજ કહેવાય. સાત આડા જવનો એક તસુ થાય, અને એવા ચોવીસ તસુનો એક ગજ થાય, તે મધ્યમગજ કહેવાય. છ આડા જવનો એક તસુ થાય, અને એવા ચોવીસ તસુનો ગજ થાય, તે કનિષ્ટ ગજ કહેવાય.

જ્યારે ગામ, નગર, ગાઉ, યોજન વગેરે માપવા હોય ત્યારે જ્યેષ્ટ ગજથી માપવા. પ્રાસાદ પ્રતિમા તથા રાજાના ઘરો બીજા સાધારણ લોકોના ઘરો માપવા હોય તો મધ્યમ ગજથી માપવા. પાલખી, ગાડા, ગાડી, ખાટલો અથવા પલંગ, સિંહાસન, છત્ર અને શસ્ત્રો ઈત્યાદિ માપવા હોય ત્યારે કનિષ્ટ ગજથી માપવા.

**रुद्रो वायु विश्वकर्मा हुताशो ब्रह्मा कालस्तो यपः सोम विष्णु ।**
**पुष्पे देवा मूलतो स्मिश्च मध्यात् पंचाष्टं त्वद्वयग्निवेदैस्त्रिभंज्यं ॥२१॥**

"Aho Shrutgyanam"

ईशो मारुत विश्व वन्हि त्रिधयः सूर्यश्च रुद्रो यमः ।
वैरु पोवस वोष्टईति वरुणौ षड्ढ़ इच्छा क्रिया ॥
ज्ञानं वित्तपतिर्निशा पतिजयोश्री वासुदेवो हली ।
कामो विष्णु रिति क्रमेण मरुतो हस्तेत्रयो विंशतिः ॥२२॥

## ગજના કુલ અને રેખામાં રહેલા દેવતાઓ.

અર્થ—ગજના પેલા છેડાનો દેવતા રૂદ્ર, પેલા કુલનો અથવા ચોકડીનો દેવતા વાયુ. બીજા કુલનો વિશ્વકર્મા, ત્રીજા કુલનો અગ્નિ, ચોથા કુલનો બ્રહ્મા, પાંચમા કુલનો કાલ, છઠ્ઠા કુલનો વરૂણ, સાતમા કુલનો સોમ, અને છેડાનો વિષ્ણુ છે, વળી ગજના તસુ ચોવીસ છે, તેની રેખા ત્રેવીસ છે, તે દરેક રેખા એટલે આંકા ઉપર એક એક દેવતા છે, માટે એ ત્રેવીસ આંકા ઉપર ત્રેવીસ દેવતાની સ્થાપના અનુક્રમે નીચે પ્રમાણે કરવી. (૧) મહાદેવ, (૨) વાયુ, (૩) વિશ્વદેવ, (૪) અગ્નિ, (૫) બ્રહ્મા, (૬) સૂર્ય, (૭) રૂદ્ર, (૮) યમ, (૯) વિશ્વકર્મા, (૧૦) આઠે વસુઓ, (૧૧) ગણપતિ, (૧૨) વરૂણ, (૧૩) કાર્તિકસ્વામી, (૧૪) ઈચ્છાદેવી, (૧૫) ક્રિયાદેવી. (૧૬) જ્ઞાન, (૧૭) કુબેર, (૧૮) ચંદ્રમાં, (૧૯) જય, (૨૦) વાસુદેવ, (૨૧) બળભદ્ર, (૨૨) કામદેવ, (૨૩) વિષ્ણુ, આ સર્વનું પૂજન કરવું.

## યજ્ઞના કુંડ કરવાના ગજ કેવા બનાવવા.

कतोर्ध्व बाहु समभुमि तस्य क्रतुपरांस मपदो श्री तस्य ।
योवा सहस्त स्यजीनांश कोपी सादंगुली तत्रदिमाशकाये॥ २३॥

"Aho Shrutgyanam"

जवो जुकाच लिक्षाचत्रालाग्र चैव मादयः ।
क्रत्य मुष्टि करो रत्निर रत्निच कनिष्टिकः ॥२४॥

અર્થ—યજમાનને પગના અંગુઠાભેર ઉભા રાખી હાથ સીધા રખાવી ઉંચા કરાવવો. અને પછી તેનું માપ લેવું જે માપ આવે તેના પાંચ ભાગ કરવા. પાંચમા ભાગ આવે તે તેનો ગજ જાણવો તે ગજના ચોવીસ આંગળ કરવા એક આંગળમાં આઠ જવ કરવા એક જવમાં આઠ જુકા કરવા એક જુકામાં આઠ લીક્ષા કરવા એક લીક્ષામાં આઠ કેશાગ્ર કરવા, યજમાનને ઉભા રાખી મુઠી વળાવી ઉંચો હાથ કરાવવો. અને તેના પાંચ ભાગ કરીએ તો જે ગજ આવે તે કનિષ્ટ ગજ. હાથ ઉંચો રખાવી ટચલી આંગળી ઉંચી રખાવી હોય અને તેના પાંચ ભાગ કરીએ અને જે ગજ આવે તે મધ્યમ ગજ. અને હાથ ઉંચો રખાવી અંગુઠા પાસેની તર્જની ઉંચી રખાવી હોય અને તેના પાંચ ભાગ કરીએ અને જે ગજ આવે તે શ્રેષ્ટ ગજ. ૨૩–૨૪.

નોંધ—ઉપર બતાવ્યા પ્રમાણેના ગજ યજ્ઞના કુંડ બનાવવાના ઊપયોગમાં લેવા. જ્યાં જે ગજનો ઉપયોગ કરવાનું કહ્યું હોય ત્યાં તે ગજનો ઉપયોગ કરી આય વ્યય, નક્ષત્રો મેળવવા.

## બારીક માપ.

छायाचा वाणु रेणु केशाग्र लिक्षा युकाः प्रोक्ताः स्याद्यवस्त्वं गुलश्च ।
छायादि स्योष्टघ्नमानस्य वृद्धिः प्रोक्ता हस्ता जैनसरण्यांगुलैश्च२५

અર્થ—છાયાદિકના અનુક્રમે આઠ આઠ ગણા કર-

"Aho Shrutgyanam"

વાથી માપ થાય છે. એક હાથના (ગજ) ચોવીસ આંગળ, એક આંગળના ચોવીસ આડા જવ, એક જવની આઠ જુકા, એક જુકાની આઠ લીક્ષા, એક લીક્ષાના આઠ કેશાગ્ર, (વાળ) એક કેશાગ્રના આઠ રેણું, એક રેણુંના આઠ અણું, એક અણુંની આઠ છાયા. ૨૫.

નોંધ—છાયા એટલે ઘરના છાપરાના છીદ્રમાંથી સૂર્યના તડકાના કીરણોની ધૂમાડીયાના રંગ જેવી ગોળ પ્રભા જમીન સુધીપથરાએલી દેખાય છે તે, અને તેમાં જે રજકણ ઉડતા દેખાય છે તે અણું, છાયા દ્રષ્ટિએ પડતી નથી. પણ યંત્રથી જોઇએ તો દેખાય છે આ માપથી પણ બીજા બારીક માપ શિલ્પશાસ્ત્રના પુસ્તકોમાં લખેલા છે.

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૨ જું.

### જે દિશાના મુખના દેવ હોય તેને તેજ દિશાના દેવાલય કરવા.

पूर्वो परास्य देवानां कुर्यात्नो दक्षिणोतरं ॥
ब्रह्मा विश्णु शिवा ईंद्र गृह पूर्वा परा मुखा ॥२५॥

અર્થ—બ્રહ્મા, વિષ્ણુ, શિવ, કાર્તિક સ્વામી, ઈંદ્ર એ દેવો પૂર્વ તથા પશ્ચિમ મુખના છે, એ ઉપરાંત જે જે દેવો પૂર્વ કે પશ્ચિમ મુખના હોય તેમના મુખ પૂર્વ તથા પશ્ચિમ દિશામાં કરવા. દક્ષિણ તથા ઉત્તર દિશા સન્મુખ બેસાડવા નહિ. ॥ ૨૫ ॥

नगरा मुखा श्रेष्टा मध्ये बाह्ये च देवता ।
गणेशो धन दोक्ष्मी पुर द्वारे सूखा वहः ॥२६॥

અર્થ—ગામ બ્હાર દેવાલય કરવાનું હોય તો તેનું મુખ ગામ તરફ રાખવું, જો ગામમાં વસ્તી ઘણી હોય તો દેવાલયનું મુખ વસ્તી જે તરફ વધારે હોય તે તરફ રાખવું. ગણેશ, કુબેર અને લક્ષ્મીની મૂર્તિ ગામના દરવાજે કરવાથી સુખ આપે. ॥૨૬॥

विघ्ने सौभैरव चंडी नकुलो सो गृहा स्ताथा ।
मातरो धनदाश्चैव शुभा दक्षिण दिग मूखा ॥२७॥

અર્થ—ગણેશ, ભૈરવ, ભવાની, નવગૃહ, નીકુલદેવ, માતરાદેવી, ધનદા, વગેરે દેવને દક્ષિણમુખે બેસાડવા તેમનું

"Aho Shrutgyanam"

દેવાલય પણ-દક્ષિણ મુખનું કરવું. ૨૭

**नैरुत्यांभिः मुखः कार्यो हनुमंत वानरेश्वर ।**
**अन्ये विदिग्मूखा देवा न कर्तव्या कदाचन ॥२८॥**

અર્થ—હનુમાનજીનું દેવાલય દક્ષિણ દિશાના મુખવાળું કરવું, પણ તેનું પોતાનું મુખ નૈરૂત્યકોણ તરફ જોતું કરવું, બીજા ઉપર બતાવેલા કોઈ દેવતાને નેરૂત્યકોણ તરફ જોતા કરવા નહિ જે દિશાના મુખ બતાવેલ હોય તેજ દિશાના દેવાલય કરવા. ૨૮.

**शुभ लग्ने सुनक्षेत्रे पंचग्रह बलान्विते ।**
**मास सक्रांन्ति वत्सादि निषिद्ध काल वर्जिते ॥२९॥**

અર્થ—પ્રાસાદનો આરંભ સારૂ લગ્ન, સારૂ નક્ષત્ર, સારો માસ સારી સંક્રાન્તિમાં વત્સાદિના નિષધકાળનો ત્યાગ કરી, પાંચગ્રહનું બળ જોઇને કરવો. ૨૯.

**देवतानां गृहं चिंते दाया दंग चतुष्टयं ।**
**नवांगनाडी वेधादि स्थाप्य आय व्ययौ मिथः ॥३०॥**

અર્થ—દેવાલયનાં ક્ષેત્રફળનો વિચાર કરીને આય, વ્યય, અંશ, નક્ષેત્ર એ ચાર અંગ પરસ્પર મેળવવાં તેમજ નાડી વેધ વગેરે નવ અંગ પણ મેળવવા. ૩૦.

## આયાદિકની સમજ.

**आयर्क्ष व्यय तार कांशक विधून राशि गृहाद्ये तथा ।**
**धान्यं सौख्य यशोभि वृद्धि रधिका यस्मा दतः कथ्यते ॥**

"Aho Shrutgyanam"

आयास्तु ध्वज धूमसिंह शुनका मोरा समेभाः क्रमात् ।
ध्वांक्ष स्त्वष्टम आयकेषु विषमाः श्रेष्ठाः सुराणां गृहे ॥३१॥

અર્થ—ગૃહાદિકમાં આય, વ્યય, તારા, અંશ, ચંદ્ર અને રાશી વગેરે શ્રેષ્ટ આવે તો ધાન્ય સુખ અને યશ વધારે મળે છે આય વિષે નીચે પ્રમાણે જાણવું.

(૧) ધ્વજાય, (૨) ધુમાય, (૩) સિંહાય, (૪) શ્વાનાય, (૫) વૃષભાય, (૬) ખરાય, (૭) ગજાય, (૮) ધ્વાક્ષાય છે. આ આઠ આયોમાં (૧) ધ્વજાય, (૩) સિંહાય, (૫) વૃષાય, (૭) ગજાય વગેરે આયો શ્રેષ્ટ છે. ૩૧.

## મકાન તથા દેવાલય.

आयः कल्प्यो हस्तमेयः करैश्च क्षेत्रे मात्राभिर्मिते मातुकाभिः ।
मध्ये पर्यंकासने मंदिरेच देवागारे मंडपे भित्ति बाहो ॥३२॥

અર્થ—મકાનની ચારે ભીતનો ભાગ છોડી દઈ ચારે ભીતના અંદરના ગાળાનું લંબાઈ પહોળાઇનું માપ લઈ બંન્નેનો ગુણાકાર કરવો અને તેને આઠે ભાગવા, અને જે શેષ રહે તે આય જાણવો. દેવાલય અને મંડપને બહારની ફરકેથી ગણીને લંબાઈ પહોળાઇનું માપ લેવું બંન્નેનો ગુણાકાર કરવો અને આઠે ભાગવા, ભાગતાં જે શેષ આવે તે આય જાણવો. ૩૨.

ध्वजा दीनां शेष मायां लभ्यते नात्र संशयः ।
ध्वजो धुम्रो तथा सिहो श्वानो वृष खरो गज ॥३३॥
ध्वांक्ष चैव समुद्रष्वा प्राच्या दिक्षु प्रदक्षिणा ।
अन्योन्याभि मुखास्तेव क्रम छंदानुं सारतः ॥३४॥

"Aho Shrutgyanam"

અર્થ—ભાંગતા એક શેષ વધે તો ધ્વજાય, બે વધે તો ધુમાય, ત્રણ વધે તો સિંહાય, ચાર વધે તો શ્વાનાય, પાંચ વધે તો વૃષાય, છ વધે તો ખરાય, સાત વધે તો ગજાય, આઠ વધે તો ધ્વાંક્ષાય. ધ્વજાય પૂર્વ દિશામાં બેઠા છે પછી અનુક્રમે દરેક આય દરેક કોણ અને દિશામાં બેઠેલા છે.

## આઠ આયોના રૂપ.

ध्वज पुरुपादि रुपंच घोम मंजार रुपकं ॥
सिंह सिंहादि रुपंच श्वान श्वानादि रुपकं ॥३५॥
वृष वृषभ रुपेण खर गर्दभ रुपिकं,
गजंच गज रुपेणं ध्वांक्ष काक स्वरुपिकं ॥३६॥
सर्वे कुकुंट रुपाद्या पुरुषाकारेषु पिंगला ।
हस्ताभ्यं तत् रुपाद्या पादाभ्यां विहंगाकृति ॥३७॥
सर्वेषु सिंह ग्रीवायां प्रबला श्वा महेत्कटा ।
महा गुणेश्वरा प्रोक्ता दिशाष्टौच क्षेत्राधिपा ॥३८॥
वास्तु कर्मेषु सर्वेषु अष्टो आयां दिशा पते ।
पूजिता प्रति पूज्यंते निर्विघ्नचा पट्टे स्थिता ॥३९॥

અર્થ—ધ્વજનું રૂપ પુરૂષ જેવું, ધોમનું રૂપ બિલાડા જેવું, સિંહનું રૂપ સિંહના જેવું, શ્વાનનું રૂપ કુતરા જેવું, વૃષનું રૂપ બળદ જેવું, ખરનું રૂપ ગધેડા જેવું, ગજનું રૂપ હાથી જેવું, ધ્વાંક્ષનું રૂપ કાગડા જેવું, તેના પગ પક્ષી જેવા, શરીર કુકડાના આકારવાળું, હાથ માણસ જેવા ડોક સિંહના જેવી, પેટ ગણપતિ જેવું. આ આઠે દિશાના

"Aho Shrutgyanam"

આઠ અધિપતિ મહા સમર્થ અને બળવાન છે, તેથી વાસ્તુકર્મમાં આય દેવા અને પૂજવા તેમ કરવાથી કોઈ પણ વિઘ્ન વચ્ચે આવે નહિ.

## કયા સ્થાને કયો આય દેવો.

छत्रे देव गृहे द्विजस्य भवने स्याद्व दिकायां जले।
विस्तारो छय वस्त्र भुषणम स्वागारे षुशस्तो ध्वजः॥
धूमो वन्हयुप जीविनामपि गृहे कुंडेच होमोद्भवे।
सिंह द्वार नृपालये स्त्रनिचये सिंहश्चसिंहासने ॥४०॥

અર્થ—છત્ર, દેવમંદિર, બ્રાહ્મણનું ઘર, વેદિકા, જલાશય, (વાવ, કુવો, કુંડ) ક્ષેત્રોનો વિસ્તાર, (ધ્વજા, વાવટા, નિશાન એવા વસ્ત્રોનું જે કાંઈ કરવું હોય, તે વસ્ત્રને ક્ષેત્ર કહેવાય) ક્ષેત્રોની ઉંચાઈ, વસ્ત્ર, આભૂષણ, અને યજ્ઞ શાળા એટલે ઠેકાણે ધ્વજાય શ્રેષ્ટ છે. અગ્નિથી જેની આજીવિકા ચાલતી હોય તેને અને હોમના કુંડે ધુમાય શ્રેષ્ટ છે, સિંહ દ્વારમાં (કિલ્લાના દરવાજામાં, રાજાના દરબારના દરવાજે, એ વગેરે સિંહ દ્વારો) રાજ ઘરમાં, શાસ્ત્રોમાં, અને સિંહાસનમાં વગેરે ઠેકાણે સિંહાય શ્રેષ્ટ છે. ૪૦.

चांडाले सुनकोविशांच वृषभो हर्म्य हैवानां हितो।
वाणिज्ये धनभोजनस्य भवने थोवाद्य गेहे खरः॥
वादित्रे खर जीविनामपिगृहे शूद्रे गजो योज्यते।
याने स्त्री गृह वाहनेच शयने शस्तो गृहे हस्तिनां ॥४१॥

અર્થ—ચંડાળના ઘરે શ્વાન આય શ્રેષ્ટ છે. વણિકના

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



સિદ્ધપુરના રુદ્રમહાલયનો એક અવશેષ

કુમાર પ્રિન્ટરી : અમદાવાદ

"Aho Shrutgyanam"

ઘરે, અશ્વશાળાએ, વેપારીની દુકાને, લાકડા ભરવાની જ-
ગ્યાએ અને ભોજનશાળામાં વૃષાય શ્રેષ્ટ છે. વાજીત્રોને
અને ગધેડાથી જેની આજીવિકા ચાલતી હોય તેના ઘરે
ખરાય શ્રેષ્ટ છે, શુદ્રના ઘરે, પાલખીને, સ્ત્રીઓના ઘરને,
વાહનને, (રથ ગાડાં, ગાડી વગેરે) શૈયાને, (ખાટલો,
પલંગ, કોચ, વગેરે) અને ગજશાળાએ ગજાય શ્રેષ્ટ છે. ૪૧

मठेषु यंत्रशालेषु जैनशालादि संभवे ।
ध्वाक्षै चैव मदातव्यं शिल्पि कर्मोपजिवीनं ॥४२॥
स्वके स्वके वैस्थानेषु सर्वं कल्याण कारयेत् ।
स्नेहानु गाश्च मैत्राद्या तत्रार्थं हित कामदा ॥४३॥

અર્થ—શિલ્પીના ઘરે, તપસ્વીના ઘરે, સન્યાસીના
મઠમાં, ગોરજીના ઉપાશ્રયમાં, કલિકા એટલે દારૂખાનું
હવાઈ ગોળા વગેરે રાખવાના સ્થળે પોપટ, મેના વગેરેના
પાંજરામાં ધ્વાંક્ષાય દેવો.

ઉપર જણાવેલા આઠ પ્રકારનાં આયો પોત પોતાના
સ્થાને કલ્યાણ કર્તા છે એથી ઉલટી જગ્યાએ દેવાથી અ-
કલ્યાણકારી નીવડે. ૪૨–૪૩.

देयाःसिंह गजध्वजादि वृषभाः सिंहध्वजौ कुंजरे ।
सिंहो वै ध्वज इष्यतेन वृषभोन्यत्रा पिदेयो बुधैः ॥
सिंहश्चेभ वृषेगृहे मुतिकर स्त्वाय श्चवक्रं गृहं ।
तस्मिन्ने वच वामदक्षिण दिशा द्वारस्य आयः शुभः ॥४४॥



"Aho Shrutgyanam"

અર્થ—પહેલી ભૂમિમાં વૃષાય હેવો, બીજી ભૂમિમાં (બીજે માળે) સિંહાય, ગજાય, અથવા ધ્વજાય હેવો, આય આપનાર મનુષ્યે ધ્યાનમાં રાખવું કે ગજાય ઉપર સિંહાય અથવા ધ્વજાય હેવો, વળી સિંહાય ઉપર ધ્વજાય હેવો પણ

## આઠ દિશાના આઠ આય સમજવાનું કોષ્ટક.

| આઠ દિશાઓ | પૂર્વ | અગ્નિ | દક્ષિણ | નૈરુત્ય | પશ્ચિમ | વાયવ્ય | ઉત્તર | ઈશાન |
|---|---|---|---|---|---|---|---|---|
| આઠ આય | ધ્વજ | ધુમ્ર | સિંહ | શ્વાન | વૃષ | ખર | ગજ | ધ્વાંક્ષ |
| અનુક્રમ નંબર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

## આઠ આયો ગણવાનું કોષ્ટક.

| આંગળ | | | ૫ | ૬ | ૭ | ૮ | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| | | | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૫ | ૧૩ | ૨૧ | ૧ | ૬ | ૩ | ૮ | ૫ | ૨ | ૭ | ૪ |
| ૬ | ૧૪ | ૨૨ | ૬ | ૪ | ૨ | ૮ | ૬ | ૪ | ૨ | ૮ |
| ૭ | ૧૫ | ૨૩ | ૩ | ૨ | ૧ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ |
| ૮ | ૧૬ | ૨૪ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ |
| ૧ | ૯ | ૧૭ | ૫ | ૬ | ૭ | ૮ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૧૦ | ૧૮ | ૨ | ૪ | ૬ | ૮ | ૨ | ૪ | ૬ | ૮ |
| ૩ | ૧૧ | ૧૯ | ૭ | ૨ | ૫ | ૮ | ૩ | ૬ | ૧ | ૪ |
| ૪ | ૧૨ | ૨૦ | ૪ | ૮ | ૪ | ૮ | ૪ | ૮ | ૪ | ૮ |

ક આ ગ

"Aho Shrutgyanam"

કોઈ પણ આય ઉપર વૃષાય હેવો નહિ. કદાચ ઘર વિષે સિંહાય ઉપર ગજાય અથવા વૃષાય આવે તો મૃત્યુ પ્રાપ્ત થાય. ઘરનું દ્વાર આયની સામે હોય તો શુભ છે. તેમજ ઘરની ડાબી અગર જમણી તરફ આય આવે તો તે પણ શ્રેષ્ઠ છે. ૪૪

આ કોષ્ટકમાં આય ગણવાની રીત એવી છે, કે, પહોળાઇ તથા લંબાઇમાં એક ગજ ઉપરાંત અસંખ્ય ગજ હોય તો પણ બધા ગજ નહીં ગણતાં, ફક્ત એક ગજના ચોવીસ આંગળનો અંક કોષ્ટકમાં બન્ને તરફથી શોધી કાઢીને બન્ને તરફની સીધી લીટીઓ ભેગી કરતાં જે અંક આવે તેટલામો આય જાણવો.

ઉદાહરણ—કોઈક્ષેત્ર (ઘરની જમીન)ની લંબાઈ આઠ ગજને સાત આંગળ છે. અને પહોળાઈ નવ ગજને વિશ આંગળ છે. હવે ઉપર ગજને બીલકુલ ગણવાની ના કહી છે. માટે આંગળ ૭ છે. તે,એ કોષ્ટકમાંથી નિશાની "ક" વાળા કોઠામાંથી શોધી કાઢવા, પછી પહોળાઇના ગજ ઉપર ૨૦ આંગળ છે તે નિશાની "ખ"વાળા કોઠામાંથી શોધી કાઢવા, "ક"વાળા કોઠાની જમણી તરફ સીધી લીટીના "ગ"વાળા કોઠા તરફ જવું, તથા "ખ"વાળા કોઠાની નીચે "ગ"વાળા કોઠાની સીધી લીટીમાં જવું, તો "ગ"વાળા કોઠામાં, "૪" નો અંક આવશે, તો ચોથો શ્વાન આય જાણવો.

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૩ જું.

### પ્રાસાદ ઘર વગેરેની રાશી અને નક્ષત્ર કાઢવાની રીત.

आयामं यदि क्षेत्रंच विस्तारं च गुणेशुच ।
सत्याविशंति हरेद्भागं शेषस्या त्फलनिश्चय ॥ ४५ ॥
फलंचाष्ट गुणे तस्मिन् सप्त विशंति भाजिते ।
यत शेषं लभ्यते तत्र नक्षत्रं तद्ग्रहस्यच ॥ ४६ ॥

અર્થ—જે ભૂમિમાં ઘર, પ્રાસાદ અથવા રાજમહેલ વગેરે કામ કરવાના હોય તે જમીનની લંબાઇ પહોળાઈ ગજે ભરી, પછી તે લંબાઇ પહોળાઇનો ગુણાકાર કરવો. જે જવાબ આવે તેને સત્યાવિશે ભાગવા, ભાગતા જે શેષ રહે તે ક્ષેત્રની મૂળ રાશી જાણવી.

તે મૂળરાશીના અંકને આઠે ગુણવું, ગુણતા જે અંક આવે તેને સત્યાવિશે ભાગવો, ભાગતા જે શેષ રહે, તે ક્ષેત્રનું નક્ષત્ર જાણવું. ૪૫–૪૬

### વ્યય સમજવાની રીત.

नक्षत्रं वसुभिर्भक्तं यत्शेषं तत् व्ययंभवेत् ।
एकौ कायस्य स्थानेषु व्यय मेव विधियते ॥ ४७ ॥

અર્થ—નક્ષત્રનો જે અંક આવ્યો હોય તેને આઠે ભાગતા શેષ રહે તે વ્યય સમજવો, આયની સાથે વ્યય પણ જોવો. ૪૭

નોંધ—ધારો કે અઢારમું નક્ષત્ર જયેષ્ઠા આવ્યું, તેને

"Aho Shrutgyanam"

આઠે ભાગતાં શેષ બે વધી, તો, બીજો વ્યય પ્રૌરા આવ્યો એમ સમજવું.

## આઠ વ્યયના નામ અને ગુણ.

**शांता प्रौरं प्रदो तथ्या श्रीयानंद मनोहरा ।**
**श्रीवत्सा विभव श्चैव वितात्मक वयस्मृता ॥ ४८ ॥**

અર્થ—(૧) શાન્તા, (૨) પ્રૌરા, (૩) પ્રદ્યોત, (૪) શ્રીયાનંદ, (૫) મનોહર, (૬) શ્રીવત્સા, (૭) વિભવ, (૮) ચિતાત્મક, આ આઠ વ્યયના આઠ નામો અનુક્રમે છે. ૪૮

**सम व्यय पिशाचा श्च राक्षस श्च व्ययाधिकं ।**
**नेष्टं शुन्ये शुभं ज्ञेयं समेच समता भवेत् ॥ ४९ ॥**

અર્થ—વ્યય એટલે ખર્ચ, એટલેજ ઘરના આયથી વ્યયનો અંક ઓછો જોઇએ. આય અને વ્યયનો અંક બરાબર હોય તો તેને પિશાચ જાણવો. આયના અંકથી વ્યયનો અંક ઓછો હોય તો તે લક્ષ્મીની પ્રાપ્તિ કરાવે. આયના અંકથી વ્યયનો અંક વધારે આવે તો તેને રાક્ષસ જાણવો. એટલે સમ અંક કે વધારે અંક કોઇએ મુકવો નહિ. ભૂલથી કોઇ મૂકે તો ઘરમાં રહેનાર માણસ લક્ષ્મી અને પરિવારથી દુઃખી થાય ને વિનાશ પામે. કેવળ ધ્વજાય ને વ્યયનો અંક વધારે હોય તો હરકત નથી. ૪૯

## વ્યય સાથે આય કયો દેવો.

**ध्वजे शांता शुभा प्रोक्ता नित्यं कल्याण कारका ।**
**भोगा पुजा बलं नित्यं गत वादित्र सुरालये ॥ ५० ॥**

"Aho Shrutgyanam"

અર્થ—ધ્વજાય સાથે શાંન્તા વ્યય સારો, ગીત ગાવાને ઠેકાણે, વાજીંત્ર વગાડવાને ઠેકાણે, અને દેવ સ્થાને કલ્યાણ આપનાર છે. ૫૦

**धूम्र स्थाने यदा शांता धातु द्रव्य फल प्रदा ।**
**पौरंच सिंह स्थानेषु नित्यं भोगा श्री यादिशं ॥ ५१ ॥**

અર્થ—ધુમ્રાયની સાથે શાંન્તા વ્યય આપવાથી ધાતુનો અને દ્રવ્યનો લાભ કરે છે. સિંહાયની સાથે પ્રૌર વ્યય આપવાથી લક્ષ્મી તથા સારા ભોગ પ્રાપ્ત થાય છે. ૫૧

**प्रद्योत श्वान संस्थाने नित्यं सुतस्य सौख्यदा ।**
**श्रीयानंद वृषभ स्थाने सर्वकाम फलप्रदः ॥ ५२ ॥**

અર્થ—શ્વાનાય સાથે પ્રદ્યોત વ્યય આપવાથી પુત્ર પુત્રાદિકની વૃદ્ધિ થાય. વૃષભાયની સાથે શ્રીયાનંદ વ્યય આપવાથી સર્વ પ્રકારનું સુખ મળે. ૫૨

**मनोहरं खरं योग्यं सर्वं संपत्ति दायकं ।**
**श्री वत्सगजं योग्यं च गजसिंह बला धिकं ॥ ५३ ॥**

અર્થ—ખરાય સાથે મનોહરા વ્યય આપવાથી સારૂં ફળ આપે, ગજાય સાથે શ્રી વત્સા વ્યય આપવાથી ઉત્તમ ફળ આપે. ૫૩

**विभवं ध्वांक्ष मेवोक्तं सर्वकाम फलप्र दिशेत् ।**
**चिंत्यात्मकं वयमित्याह आया ष्टेषु विवर्जयेत् ॥ ५४ ॥**

અર્થ—ધ્વાંક્ષાય સાથે વિભવ વ્યય આપવો સારો, ચિંદાત્મક વ્યયનો ત્યાગ કરવો, તે આઠે આયથી વર્જિત

"Aho Shrutgyanam"

છે. આ પ્રમાણે આઠે આયની જોડે વ્યય આવે તો સર્વ સંપત્તિનું સુખ મળે. ૫૪

### આય તથા નક્ષત્ર ઉપરથી વ્યય સમજવાનું કોષ્ટક.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| આય | ધ્વજ—૧ ધુમ્ર—૨ | સિંહ ૩ | શ્વાન ૪ | વૃષભ ૫ | ખર ૬ | ગજ ૭ | ધ્વાંક્ષ ૮ | ૦ |
| નક્ષત્રો | અશ્વની ૧ | ભરણી ૨ | કૃત્તિકા ૩ | રોહણી ૪ | મૃગશર ૫ | આર્દ્રા ૬ | પુન-ર્વસુ ૭ | પૂષ્ય ૮ |
| | અશ્લેષા ૯ | મઘા ૧૦ | પૂર્વાફાલ્ગુની ૧૧ | ઉત્તરા. ફા. ૧૨ | હસ્ત ૧૩ | ચિત્રા ૧૪ | સ્વાતી ૧૫ | વિશા-ખા ૧૬ |
| | અનુરાધા ૧૭ | જ્યેષ્ટા ૧૮ | મૂળ ૧૯ | પૂર્વા-ષાઢા ૨૦ | ઉત્તરા. ષાઢા ૨૧ | શ્રવણ ૨૨ | ધનિષ્ટા ૨૩ | શત-ભિષા ૨૪ |
| | પુર્વાભાદ્ર-પદ ૨૫ | ઉત્તરા-ભા.પદ ૨૬ | રેવતી ૨૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વ્યય | શાન્તા ૧ | પ્રૌઢ ૨ | પ્રદ્યોત ૩ | શ્રીયા-નંદ ૪ | મનો-હર ૫ | શ્રી વત્સ ૬ | વિભવ ૭ | ચિદા-ત્મક ૮ |

પ્રાસાદ, ઘર. ઇત્યાદિને જે આય આવ્યો હોય તે કોષ્ટકમાંથી શોધી કાઢવો અને તે શોધેલા આયની નીચેના કોઠામાં નક્ષત્ર આવ્યું હોય, તે નક્ષત્રની નિચેના કોઠામાં જે વ્યય આવ્યો હોય તે તેનો વ્યય સમજવો, અને નક્ષત્રની ઉપર જે આય આપેલો છે તે આયને તેની નીચે આવેલો વ્યય ઇષ્ટ સમજવો.

"Aho Shrutgyanam"

ઉદાહરણ—ધારો કે ઘરનું નક્ષત્ર શ્રવણ છે ને આય સાતમો ગજ છે, તો તેનો શ્રીવત્સ વ્યય આપેલો છે, તે તેને ઇષ્ટ સમજવો.

આ પ્રમાણે કોષ્ટમાં આય તથા વ્યય આપ્યા છે તે તે જગ્યાએ સારા છે એમ જાણવું.

## દેવ, મનુષ્ય અને રાક્ષસ ગણના નક્ષત્ર.

**देवर्क्षं श्रुति पुष्यतोऽश्वि भ मृगं मैत्रानिलं पौष्णभ ।**
**हस्तादित्य मथो नुरंतक विधेः पूर्वोत्तरा रूद्रभम् ॥**
**रक्षोमूल विशाखिकाग्नि पितृभंचित्राध निष्टाध्वायं ।**
**ज्येष्टा श्लेषमपीह दैत्य मनुजे मृत्यु स्तु देवैः कलिः ॥५८॥**

અર્થ—શ્રવણ, પુષ્પ, અશ્વની, મૃગશીર, અનુરાધા, સ્વાતિ, રેવતિ, હસ્ત અને પુનર્વસુ એ નવ નક્ષત્રો દેવ ગણના છે. ભરણી, રોહણી, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, અને આર્દ્રા એ નવ નક્ષત્રો મનુષ્ય ગણના છે, મૂળ, વિશાખા, કૃતિકા, મઘા, ચિત્રા, ધનિષ્ટા, શતભિષા, જયેષ્ટા અને અશ્લેખા એ નવ નક્ષત્રો રાક્ષસ ગણના છે. ઘરનું નક્ષત્ર દૈત્ય અથવા રાક્ષસ ગણનું હોય તો ઘર ધણીનું મૃત્યુ થાય, (મનુષ્ય અને રાક્ષસ એ બેમાં પરસ્પર વિરોધ ભાવ છે માટે,) ઘરનું નક્ષત્ર દેવગણનું હોય અને ઘરધણીનું નક્ષત્ર રાક્ષસ ગણનું હોય અથવા ઘરનું નક્ષત્ર રાક્ષસ ગણનું હોય અને ઘરધણીનું નક્ષત્ર દેવગણનું હોય તો તે

"Aho Shrutgyanam"

ક્લેશ કરે. એટલે એવા પરસ્પર વિરોધી નક્ષત્રોનો ત્યાગ કરવો.

ઘરનું નક્ષત્ર દેવગણનું હોય અને ઘરધણીનું નક્ષત્ર મનુષ્ય ગણનું હોય અથવા ઘરનું નક્ષત્ર મનુષ્ય ગણનું હોય અને ઘર ધણીનું નક્ષત્ર દેવગણનું હોય તો તે મધ્યમ છે, તેમજ ઘર અને ઘરધણી એ બંન્નેનાં નક્ષત્રો દેવગણના અથવા મનુષ્ય ગણના હોય તો તે શ્રેષ્ટ છે. ૫૫

**દેવગણ, મનુષ્યગણ અને રાક્ષસગણના નક્ષત્ર જોવાનું કોષ્ટક.**

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | દેવગણના નક્ષત્ર | અશ્વ-ની | મૃગ-શર | પુન-ર્વસુ, | પુષ્ય | હસ્ત | સ્વાતિ | અનુ-રાધા | શ્રવણ | રેવતી |
| ખ | મનુષ્ય ગણના નક્ષત્ર | ભરણી | રોહણી | આર્દ્રા | પૂર્વાફા-લ્ગુની | ઉત્તરા-ફાલ્ગુ-ની | પૂર્વા-ષાઢા | ઉત્તરા-ષાઢા | પૂર્વા-ભાદ્રા-પદા | ઉત્તરા-ભાદ્ર-પદ |
| ગ | રાક્ષસ ગણના નક્ષત્ર | કૃતિકા | અશ્લે-ષા | મઘા | ચિત્રા | વિશા-ખા | જ્યેષ્ઠા | મૂળ | ધનિષ્ટા | શત-ભીષા |

આ કોષ્ટકમાં નિશાની "ક"વાળાં કોઠામાં નક્ષત્રદેવ ગણના અશ્વનીથી રેવતી સુધીના નવ નક્ષત્રો માંડેલા છે. અને "ખ"વાળા કોઠામાં મનુષ્ય ગણના નક્ષત્રો ભરણીથી ઉત્તરાભાદ્રપદ સુધીના નવ નક્ષત્રો માંડેલા છે. અને નિશાની "ગ"વાળા કોઠામાં રાક્ષસ ગણના નક્ષત્રો કૃતિકાથી શતભીષા સુધીના નવ નક્ષત્રો માંડેલા છે. તેજ પ્રમાણે દેવ ગણના, મનુષ્ય ગણના તથા રાક્ષસ ગણના નક્ષત્રો સમજવા.

"Aho Shrutgyanam"

## ઘર તથા પ્રાસાદના ચંદ્રના ફળની સમજ.

कृतिकादि सप्त सप्त पूर्वाद्याच प्रदिक्षणा ।
अष्ट वंशतिमुक्ताना तत्र चंद्र मुनि हरेत् ॥ ५६ ॥
अग्रेतो हरते आयु पृष्टतो हरते धनं ।
वाम दक्षिणा दिशश्चंद्र धन धान्य प्रद स्मृतः ॥ ५७ ॥

અર્થ—કૃતિકાથી સાત નક્ષત્ર લઈ પૂર્વમાં દેવા, મઘાથી સાત નક્ષત્ર લઈ દક્ષિણમાં દેવા, અનુરાધાથી સાત નક્ષત્ર લઈ પશ્ચિમમાં દેવા, ધનિષ્ટાથી સાત નક્ષત્ર લઈ ઉત્તરમાં દેવા, એમ ચારે દિશામાં અઠ્ઠાવીસ નક્ષત્ર મુકી ચંદ્રમાનું ઘર પ્રાસાદ તથા ઘર માટે જોવું.

ઘરનું ઉત્પન્ન થયેલું નક્ષત્ર જે દિશામાં આવે, તે દિશામાં ચંદ્રનું ઘર છે. પણ ચંદ્ર ઘરની પાછળ આવે, તો ઘરની હાની થાય. ઘરની સામે આવે તો ઘરની આયુષ્ય કમી કરે, ઘરની જમણી તરફ અથવા ડાબી તરફ આવે તો શ્રેષ્ટ છે, અને ધન ધાન્ય આપવાવાળો છે એમ માનવું. ૫૬–૫૭

प्रासादे राज वेश्मेषु चंद्रो दद्यातहि अग्रतः ।
अन्येषा न दातव्यं श्रीमतादि गृहेषुच ॥ ५८ ॥

અર્થ—દેવ મંદિર અને રાજાના ઘરની સામે ચંદ્ર આવે તો તે શ્રેષ્ટ છે. એ સિવાય કોઈ શ્રીમંત માણસને ઘેર સામો ચંદ્ર દેવો નહિ. ૫૮

નિશાની "ક"વાળા કોઠામાં સાત નક્ષત્રો કૃત્તિકાથી અશ્લેષા સુધી પૂર્વ દિશામાં આપેલાં છે. નિશાની "ખ"

"Aho Shrutgyanam"

## નક્ષત્ર ઉપરથી ચંદ્ર કાઢવાનું કોષ્ટક.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક | પૂર્વ દિશા | કૃતિકા | રોહિ-ણી | મૃગ-શર | આર્દ્રા | પુન-ર્વસુ | પૂષ્ય | અશ્લેષા |
| ખ | દક્ષિણ | મઘા | પૂર્વાફા લ્ગુની | ઉત્તરા-ફાલ્ગુ | હસ્ત | ચિત્રા | સ્વાતિ | વિશાખા |
| ગ | પશ્ચિમ | અનુ-રાધા | જ્યેષ્ટા | મૂળ | પૂર્વા-ષાઢા | ઉત્તર-ષાઢા | આભ-જીત | શ્રવણ |
| ઘ | ઉત્તર | ધનિષ્ટા | શત-ભીષા | પૂર્વા-ભાદ્ર, | ઉત્તરા-ભાદ્ર, | રેવતી | અશ્વ-ની | ભરણી |

વાળા કોઠામાં સાત નક્ષત્રો મઘાથી વિશાખા સુધી દક્ષિણ દિશામાં છે, નિશાની, "ગ"વાળા કોઠામાં સાત નક્ષત્રો અનુરાધાથી શ્રવણ સુધી પશ્ચિમ દિશામાં છે. તેમજ નિશાની "ઘ"વાળા કોઠામાં સાત નક્ષત્રો ધનિષ્ટાથી ભરણી સુધી ઉત્તર દિશામાં છે. આ પ્રમાણે ચારે દિશાએ સાત સાત નક્ષત્રો છે. ઘરનું તથા પ્રાસાદનું ઉત્પન્ન થયાનું નક્ષત્ર જે દિશામાં આવે, તે દિશામાં ચંદ્ર છે એમ સમજવું.

## નક્ષત્ર પરસ્પર વેરની સમજણ.

वैरंचोत्तर फाल्गुनी श्वि युगले स्वाती भरण्यो र्द्वयोः ।
रोहिण्युत्तर षाढ्योः श्रुति पुनर्वस्वोर्विरोधस्तथा ॥
चित्राहस्तभयोश्च पूष्य फणिनो ज्येष्ठा विशाखाद्वये ।
प्रासादे भवनासनेचशयने नक्षत्र वैरंत्यज्येत् ॥ ५९ ॥

અર્થ—ઉત્તરાફાલ્ગુની અને અશ્વિની એ બંન્ને નક્ષત્રોને પરસ્પર વેર છે. સ્વાતિ અને ભરણીને પરસ્પર વેર છે.

"Aho Shrutgyanam"

રોહિણી અને ઉત્તરાષાઢાને પરસ્પર વેર છે. શ્રવણ અને પુનર્વસુને પરસ્પર વેર છે. ચિત્રા અને પુનર્વસુને પરસ્પર વેર છે. ચિત્રા અને હસ્તને પરસ્પર વેર છે. પુષ્ય અને અશ્લેષાને પરસ્પર વેર છે. જયેષ્ટા અને વિશાખાને પરસ્પર વેર છે. એટલે પ્રાસાદ, ઘર, આસન, શૈયા વગેરેમાં ઉપર બતાવેલા નક્ષત્ર વેર તજવા. ૫૯

## રાશી ઉપરથી વર્ણ જાણવાની સમજ.

**विप्रा कर्कट मीनतोलिरुदिनासिंहाजचापानृपाः ।**
**विट् कन्या मकरोवृषोथवृषलायुग्मंच कुंभस्तुला ॥**
**वर्णेनोत्तम कामिनीच भवनं प्रोज्झेहु धीयत्नतः ।**
**श्रेष्टा द्वादश नंदराग गुणतो विप्र क्रमाद्राशयः ॥६०॥**

અર્થ——કર્ક, મીન અને વૃશ્ચિક એ ત્રણ રાશીને બ્રાહ્મણ વર્ણ જાણવો. સિંહ, મેષ, અને ધન એ ત્રણ રાશીને વર્ણ ક્ષત્રિય જાણવો. કન્યા, મકર, અને વૃષ એ ત્રણ રાશીને વર્ણ વૈશ્ય જાણવો. મિથુન, કુંભ, અને તુલા એ ત્રણ રાશીને વર્ણ શુદ્ર જાણવો.

સ્વામીની રાશીના વર્ણથી સ્ત્રીની રાશીને વર્ણ ઉત્તમ હોય તો તેવી સ્ત્રીને સ્વામીએ પરણવી નહિ, તેમજ ઘરધણીની રાશીના વર્ણથી ઘરની રાશીના ઉત્તમ વર્ણવાળુ ઘર કરવું નહિ, પણ રાશીના બ્રાહ્મણ વર્ગવાળાએ મીન રાશીનું ઘર કરવું. રાશીના ક્ષત્રિય વર્ણવાળાએ ધન રાશીનું ઘર કરવું. રાશીના વૈશ્ય વર્ણવાળા એ કન્યારાશીનું ઘર કરવું. અને રાશીના શુદ્ર વર્ણવાળાએ મિથુન રાશીનું ઘર કરવું.

"Aho Shrutgyanam"

## મૂળરાશી ઉપરથી નક્ષત્ર સમજવાનું કોષ્ટક.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મુળ-રાશિ | ૧૭ | ૭ | ૨૪ | ૧૪ | ૪ | ૨૧ | ૧૧ | ૧ | ૧૮ |
| નક્ષત્ર અંક | અશ્વ-નિ ૧ | ભરણી ૨ | કૃતિકા ૩ | રોહિ-ણી ૪ | મૃગ-શર ૫ | આર્દ્રા ૬ | પુન-ર્વસુ ૭ | પૂષ્ય ૮ | અશ્લે-ષા ૯ |
| મુળ-રાશિ | ૮ | ૨૫ | ૧૫ | ૫ | ૨૨ | ૧૨ | ૨ | ૧૯ | ૯ |
| નક્ષત્ર અંક | મઘા ૧૦ | પૂર્વાફા લ્ગુની ૧૧ | ઉતરફા લ્ગુની ૧૨ | હસ્ત ૧૩ | ચિત્રા ૧૪ | સ્વાતિ ૧૫ | વિશા-ખા ૧૬ | અનુ-રાધા ૧૭ | જ્યેષ્ટા ૧૮ |
| મુળ-રાશિ | ૨૬ | ૧૬ | ૬ | ૨૩ | ૧૩ | ૩ | ૨૦ | ૧૦ | ૨૭ |
| નક્ષત્ર અંક | મુળ ૧૯ | પુર્વા-ષાઢા ૨૦ | ઉતર-ષાઢા ૨૧ | શ્રવણ ૨૨ | ધનિ-ષ્ટા ૨૩ | શત-ભિસા ૨૪ | પૂર્વા-ભાદ્ર. ૨૫ | ઉત્તરા ભાદ્ર. ૨૬ | રેવતી ૨૭ |

## રાશી મૈત્રિ

### નક્ષત્ર ઉપરથી રાશી જાણવાની સમજણ.

**प्रीतिः स्यात्सम सप्तमीच दशमी चै का दशी शोभनाः ।**
**दारिद्यंयुगला करोति मरणं षष्टो फलि पंचमी ॥**
**मेषोश्वि त्रितये हरिस्तु पितृभा द्या पंत्रये मूलतः ।**
**शेषैस्युर्नं वराशयः परमते नंदाशकैस्ते पृथक् ॥ ६१ ॥**

અર્થ—ઘરધણીની રાશીથી ઘરની રાશી સાતમી આવે તો તે પ્રિતિ કર્તા ગણાય. દશમી અથવા ચોથી આવે તો સારી ગણાય. અગીયારમી અથવા ત્રીજી આવે તો સારી ગણાય પણ ઘરધણીની રાશીથી ઘરની રાશી બારમી કે બીજી આવે તો દરિદ્રી બનાવે. છઠ્ઠી અથવા

"Aho Shrutgyanam"

આઠમી આવે તો મરણ પ્રાપ્ત કરાવે. અને પાંચમી અથવા નવમી આવે તો તે કલેશ ઉત્પન્ન કરાવે.

ઉપર કહેલી રાશીઓની ગણુતરી એવી છે કે અશ્વની, ભરણી, કૃતિકા, એ ત્રણે નક્ષત્રો ઘરમાં આવે તો તેની મેષ રાશી થાય, મઘા, પૂર્વાફાલ્ગુની ઉત્તરાફાલ્ગુની એ ત્રણ નક્ષત્રો ઘરમાં આવે તો સિંહ રાશી થાય, મૂળ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા એ ત્રણ નક્ષત્રની ધનરાશી થાય, અને બાકી રહેલી નવ રાશીઓમાંની દરેક રાશી બબ્બે નક્ષત્રોની છે. એટલે રોહિણી, મૃગશર એ બે નક્ષત્રની વૃષભ રાશી છે આર્દ્રા અને પૂનર્વસુ એ બે નક્ષત્રની મિથુન રાશી થાય, પૂષ્ય અને અશ્લેષા એ બે નક્ષત્રની કર્ક રાશી થાય, હસ્ત અને ચિત્રા એ બે નક્ષત્રની કન્યા રાશી થાય, સ્વાતિ અને વિશાખા એ બે નક્ષત્રની રાશી તૂલા થાય, અનુરાધા અને જયેષ્ટા એ બે નક્ષત્રની રાશી વૃશ્ચિક થાય ઉત્તરાભાદ્રપદ અને રેવતી એ બે નક્ષત્રની મીન રાશી થાય છે. તે રાશીઓ ઘર વીષે લેવાતી નથી. પણ ઉપર બતાવ્યા પ્રમાણે જયોતિષ ના મત પ્રમાણે ઘરધણીની રાશી લેવાની કહી છે.

નોંધ—નવચરણ એટલે એક નક્ષત્રના ચાર ભાગો માની તેમાંથી એક અથવા પા ભાગ લઈ બે નક્ષત્રો સાથે મેળવો. એ બે આખા નક્ષત્રોના આઠ ભાગ અને એક નક્ષત્રનો એક ભાગ મળી નવ ભાગ થાય તે ભાગને ચરણ અથવા પદ કહેવામાં આવે છે, તે નવ ચરણના સવાબે નક્ષત્રો થાય એમ જયોતિષનો મત છે. પણ શિલ્પ શાસ્ત્રના મત પ્રમાણે તો એક રાશી બે નક્ષત્રની ગણાય છે. અને જયોતિષમાં સવા બે નક્ષત્રની એક રાશી ગણાય છે. ૬૧

"Aho Shrutgyanam"

ઘરના નક્ષત્રની રાશિ તથા ઘર ધણીની રાશી ઉપરથી ઇષ્ટ અનીષ્ટ સમજવાનું કોષ્ટક.

ક

| | | | નામ અક્ષર | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | અ | બ | ક | ડ | મ | પ | ર | ન | ભ | જ | ગ | દ |
| | | | | લ | વ | છ | હ | ટ | ઠ | ત | થ | ધ | ખ | સ | ચ |
| | | | | ઈ | ઉ | ઘ | ૦ | ૦ | ણ | ૦ | ૦ | ફ | ૦ | ૦ | ઝ |
| | | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ઢ | ૦ | ૦ | ધ |
| ઘરના નક્ષત્ર | | | રાશી | મેષ | વરખ | મિથુન | કર્ક | સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિક | ધન | મકર | કુંભ | મીન |
| ૩ | ૨ | ૧ | મેષ | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ટ | શ્રેષ્ટ | ક્લેશ | મરણ | પ્રિતિ | મરણ | ક્લેશ | શ્રેષ્ટ | શ્રેષ્ટ | દરીદ્ર |
| ૫ | ૪ | ૦ | વરખ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ટ | શ્રેષ્ટ | ક્લેશ | મરણ | પ્રિતિ | મરણ | ક્લેશ | શ્રેષ્ટ | શ્રેષ્ટ |
| ૭ | ૬ | ૦ | મિથુન | શ્રેષ્ટ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ટ | શ્રેષ્ટ | ક્લેશ | મરણ | પ્રિતિ | મરણ | ક્લેશ | શ્રેષ્ટ |
| ૯ | ૮ | ૦ | કર્ક | શ્રેષ્ટ | શ્રેષ્ટ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ટ | શ્રેષ્ટ | ક્લેશ | મરણ | પ્રિતિ | મરણ | ક્લેશ |
| ૧૨ | ૧૧ | ૧૦ | સિંહ | ક્લેશ | શ્રેષ્ટ | શ્રેષ્ટ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ટ | શ્રેષ્ટ | ક્લેશ | મરણ | પ્રિતિ | મરણ |
| ૧૪ | ૧૩ | ૦ | કન્યા | મરણ | ક્લેશ | શ્રેષ્ટ | શ્રેષ્ટ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ટ | શ્રેષ્ટ | ક્લેશ | મરણ | પ્રિતિ |
| ૧૬ | ૧૫ | ૦ | તુલા | પ્રિતિ | મરણ | ક્લેશ | શ્રેષ્ટ | શ્રેષ્ટ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ટ | શ્રેષ્ટ | ક્લેશ | મરણ |
| ૧૮ | ૧૭ | ૦ | વૃશ્ચિક | મરણ | પ્રિતિ | મરણ | ક્લેશ | શ્રેષ્ટ | શ્રેષ્ટ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ટ | શ્રેષ્ટ | ક્લેશ |
| ૨૧ | ૨૦ | ૧૯ | ધન | ક્લેશ | મરણ | પ્રિતિ | મરણ | ક્લેશ | શ્રેષ્ટ | શ્રેષ્ટ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ટ | શ્રેષ્ટ |
| ૨૩ | ૨૨ | ૦ | મકર | શ્રેષ્ટ | ક્લેશ | મરણ | પ્રિતિ | મરણ | ક્લેશ | શ્રેષ્ટ | શ્રેષ્ટ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ટ |
| ૨૫ | ૨૪ | ૦ | કુંભ | શ્રેષ્ટ | શ્રેષ્ટ | ક્લેશ | મરણ | પ્રિતિ | મરણ | ક્લેશ | શ્રેષ્ટ | શ્રેષ્ટ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર |
| ૨૭ | ૨૬ | ૦ | મીન | દરીદ્ર | શ્રેષ્ટ | શ્રેષ્ટ | ક્લેશ | મરણ | પ્રિતિ | મરણ | ક્લેશ | શ્રેષ્ટ | શ્રેષ્ટ | દરીદ્ર | ઇષ્ટ |

ખ ગ ઘ

"Aho Shrutgyanam"

ઉદાહરણ—ધારો કે ઘરધણીનું નામ દલપતરામ છે. તો તેનો પેલો અક્ષર "દ" છે તે નિશાની "ક"વાળા કોઠામાંથી શોધી કાઢવો, અને તેની નીચે નિશાની. "ખ"વાળા કોઠામાં મીનરાશી છે માટે દલપતરામની મીન રાશી જાણવી હવે ધારો કે ઘરનું નક્ષત્ર શ્રવણ "૨૨" બાવીસમું છે તો તે નિશાની "ગ"વાળા કોઠામાંથી શોધી કાઢો અને તેની પાસે સામેના કોઠામાં મકર રાશી છે માટે ઘરની એ રાશી આવી. હવે નીશાની "ઘ"વાળા કોઠામાં ભેગી થાય છે. અને એ કોઠામાં શ્રેષ્ટ ફળ આપેલું છે માટે તે ફળ ઘર તથા ઘર ધણીનું આવ્યું એમ જાણવું આ પ્રમાણે રાશીપરથી ઇષ્ટ અનિષ્ટ અને શ્રેષ્ટ જોવાય છે.

## ઘરધણીની રાશી ઉપરથી જાતિ કાઢવાની સમજનું કોષ્ટક.

| જાતિ. | બ્રાહ્મણ. | | | ક્ષત્રિય. | | | વૈશ્ય. | | | શુદ્ર. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બાર રાશીના નામ. | કર્ક ૪ | મીન ૮ | વૃશ્ચિક ૧૨ | મેષ ૧ | સિંહ ૫ | ધન ૯ | વૃષ ૨ | કન્યા ૬ | મકર ૧૦ | મિથુન ૩ | તુલા ૭ | કુંભ ૧૧ |

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



હઠીસિંહનું મંદિર - અમદાવાદ

"Aho Shrutgyanam"

## (તારા)

### નક્ષત્રો ઉપરથી તારાની સમજ.

गणये स्वामि नक्षत्र याव द्धर्क्षं ग्रहस्पच्च ।
नवभित्तु हरे द्भागं शेषं तारा प्रकीर्तिता ॥ ६२ ॥
शांता मनोहरा क्रूरा विजया कलिको द्भवा ।
पद्मनी राक्षसी वीरा आनंदा नवमि स्मृता ॥ ६३ ॥
ताराषट शुभदा प्रोक्ता त्रिपंच सप्त मवर्जिता ।
क्रुरा कलहा राक्षसी वर्जयेत् शुभ कर्मसु ॥ ६४ ॥
जन्म तारा द्वितियाच षष्टी चैव चतुर्थको ।
अष्टमी नवमी चैव षट् तारा शुभा वहा ॥ ६५ ॥
निर्धनं सप्तमे तारे पंचमी हानी दायका ।
वियर्यं तृतिये तारे ऐषु तारा विवर्जयेत् ॥ ६६ ॥

અર્થ—ઘરધણીના જન્મનું નક્ષત્ર હોય, તે નક્ષત્રથી ઘરના નક્ષત્ર સુધી ગણુતા જે અંક આવે, તેને નવે ભાગતાં જે શેષ રહે તેટલામી તારા જાણુવી. નવ તારાઓના નામ (૧) શાન્તા, (૨) મનોહરા, (૩) ક્રુરા, (૪) વિજયા (૫) કુલોદ્ભવા, (૬) પદ્મિની (૭) રાક્ષસી, (૮) વીરા, (૯) આનંદા, એ તારામાંથી ત્રીજી ક્રુરા, પાંચમી કુલોદ્ભવા, સાતમી રાક્ષસી, એ અનુક્રમે ક્લેશ હાનિ અને નીર્ધન કરનારી છે, તેથી તે તારા શુભ કાર્યમાં તજવી. શ્રેષ્ટતારાઓ (૧) શાન્તા, (૨) મનોહરા, (૪) વિજયા, (૬) પદ્મિની, (૮) વીરા, (૯) આનંદા એ તારાઓ શુભ છે.



"Aho Shrutgyanam"

નોંધ—ઘરનું નક્ષત્ર પાંચમું મૃગશર છે ને ઘર ધણીનું નક્ષત્ર બાવીસમું શ્રવણ છે, તો પાંચથી ગણુતા આવીસ સુધી અઢારનો અંક આવ્યો તેને નવે ભાગતા શેષ શુન્ય વધી માટે નવમી તારા આનંદા આવી, એ રીતે સર્વ તારાઓ ઘર ધણીના જન્મના નક્ષત્રથી ઘરના આવેલા નક્ષત્ર ઉપરથી ગણી લેવાય. ૬૨–૬૩–૬૪–૬૫–૬૬.

(તારા ગણવાનું કોષ્ટક.)

| ઘરનું નક્ષત્ર | | | ૨૭ | ૨૬ | ૨૫ | ૨૪ | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ | ૧૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘરધણીના | | | ૧૮ | ૧૭ | ૧૬ | ૧૫ | ૧૪ | ૧૩ | ૧૨ | ૧૧ | ૧૦ |
| નક્ષત્ર | | | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧ | ૧૦ | ૧૯ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ |
| ૨ | ૧૧ | ૨૦ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ |
| ૩ | ૧૨ | ૨૧ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ |
| ૪ | ૧૩ | ૨૨ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૧૪ | ૨૩ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૧૫ | ૨૪ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૧૬ | ૨૫ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૧૭ | ૨૬ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૮ | ૨૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

ખ

ક

તારા ગ

ધારો કે ઘર ધણીનું નક્ષત્ર "૫"મું છે તો તે નિશાની "ક"વાળા કોઠામાં જોવું. અને ઘરનું નક્ષત્ર "૧૦"મું છે તો તે નિશાની "ખ" વાળા કોઠામાં જોવું, બંન્ને અંકની લીટીઓ મેળવવી તો તે નિશાની "ગ"વાળા કોઠામાં "૫"

ના અંકમાં મળશે, એ પાંચમો અંક તે પાંચમી તારા જાણવી, અને એ તારાનું નામ કુલોદ્ભવા છે, આ પ્રમાણે કોઇ ઘરની તારા નિકળશે.

## અંશક જોવાની સમજ.

तन्म ले व्यय हर्म्यं नाम सहिते भक्तो त्रिभि स्त्वंशकः ।
स्यादिं द्रोयम भूपति क्रम वशा द्दैवे सुरेंद्रो हितः ॥
वेद्यामे षय म स्तुप ण्य भत्र ने नागे तथा भैरवे ।
राजांशो गजवा जियान नगरे राजालये मंदिरे ॥ ६७ ॥

અર્થ--મૂળરાશીનો જે અંક હોય તે અંકમાં આવેલા વ્યયનો અંક મેળવવો, તેમજ ધ્રુવાદિક ઘરોમાંનું જે ઘર હોય તે ઘરના નામના જેટલા અક્ષરો હોય, તેટલો અંક પણ તેમાંજ મેળવવો એ ત્રણે બાબતો એકત્ર કરતાં જે અંક અથવા જેટલો સરવાળો આવે તેટલાને ત્રણે ભાગતાં શેષ જો એક રહે તો તે ઇંદ્રાંક્ષ કહેવાય, તથા બે વધે તો તે યમાંક્ષ કહેવાય, અને ત્રણ અથવા શુન્ય વધે તો તે રાજાંશ કહેવાય, એ ત્રણ અંશો માંનો ઇંદ્રાંક્ષ દેવાલય અને વેદિકામાં શ્રેષ્ટ છે. તથા યમાંક્ષ દુકાન, નાગદેવતા, અને ભૈરવ વિષે શ્રેષ્ટ છે, ગજશાળામાં, અશ્વશાળામાં, નગરમાં, રાજાના ઘરમાં અને બીજા સાધારણ લોકોના ઘરો વિષે રાજાંક્ષ શ્રેષ્ટ છે.

નોંધ-ધારો કે મૂળ રાશી ૧૭ મી અશ્વની છે, અને વ્યય ચોથો શ્રીયાનંદ છે, અને ઘરનું નામ ચાર અક્ષરવાળું સુલક્ષણ છે, તો ત્રણે અંકનો સરવાળો કરતાં પચીસનો

"Aho Shrutgyanam"

અંક આવ્યો, પચીસને ત્રણે ભાગતાં શેષ એક વધી, તો પહેલો ઈદ્રાંક્ષ આવ્યો. ૬૭

## અંશક ગણવાનું કોષ્ટક.

| | | ઘરના નામાક્ષર | | | મૂળરાશિ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | | ૧ | ૨ | ૩ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ગ |
| | | ૪ | ૫ | ૬ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | |
| | | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | |
| | ↓ | ૧ | ૦ | ૦ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | |
| | | ૨ | ૧ | ૦ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | |
| | | ૩ | ૨ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | |
| | | ૪ | ૩ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | |
| | | ૫ | ૪ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | |
| | | ૬ | ૫ | ૪ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | |
| | | ૭ | ૬ | ૫ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | |
| ઘ | | ૮ | ૭ | ૬ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ડ અંશક |
| | | ૦ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | |
| | ↓ | ૦ | ૦ | ૮ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | |

ધારો કે ઘરનું નામ અલંકાર ચાર અક્ષરવાળું છે, માટે નિશાની "ક"વાળા કોઠામાંથી ચારનો અંક જોવો, હવે જો ઘરનું નક્ષત્ર "ગ"વાળા કોઠામાંથી "૨૭" રેવતી મૂળરાશિ છે, વળી ઘરનો આઠમો વ્યય છે, તેથી તેના નામાક્ષરના કોઠાની હેઠળ સીધી લીટીમાંજ નિશાની "ઘ" વાળા કોઠામાંથી આઠનો અંક જોવો, નિશાની "ઘ"વાળા

"Aho Shrutgyanam"

કોઠાથી જમણી તરફની અને નિશાની "અ"વાળા કોઠાની નીચેની લીટીઓ ભેગી કરતાં નિશાની "ડ"વાળા કોઠામાં મળે છે અને ત્યાં ત્રણનો અંક છે, માટે ત્રીજો રાજાંક્ષ જાણવો. આ પ્રમાણે કોઈ પણ ઘર કે પ્રાસાદના અંશક સ્હેલથી ગણી શકાય છે.

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૪ થું.

### નક્ષત્રયોની.

अश्वोऽश्विनी शतभयोर्यमपुषि हस्तींछागोग्नि पूष्य उरगोऽथ
विधातृसौम्ये ।
सुलार्द्रयोः शुनक ओतुर हावदि त्येपू फामघा सुमतउं दुरु
रेवयोनिः ॥ ६८ ॥

અર્થ—અશ્વની અને શતભિષા એ બંન્ને નક્ષત્રોની અશ્વયોની છે, ભરણી અને રેવતી એ બે નક્ષત્રોની હસ્તયોની છે, કૃતિકા અને પૂષ્ય એ બે નક્ષત્રોની છાંગયોની (બકરી) છે. રોહણી અને મૃગશર એ બે નક્ષત્રોની શ્વાનયોની છે, પૂર્વાફાલ્ગુની અને મઘા એ બે નક્ષત્રોની ઉંદર યોની છે. ૬૮

गोर्भ द्रोत्तर फाल्गुनी तउदिता स्वातौं करे माहिषी ।
व्याघ्र स्त्वाष्ट विशाखया श्व हरिणोज्येष्टानुं राधाभयोः ॥
पूषाढा श्रवणे कपिर्निगदितो विश्वाभिजिन्ना कुलं ।
पुभायां वसुभे मृगेंद्र उदितो वैरं त्यजेल्लोकतः ॥ ६९ ॥

અર્થ—ઉત્તરાભાદ્રપદા અને ઉત્તરાફાલ્ગુની એ બે નક્ષત્રોની યોની ગાયની છે, સ્વાતી અને હસ્ત એ બે નક્ષત્રોની યોની ભેંસની છે, ચિત્રા અને વિશાખા એ બે નક્ષત્રોની યોની વાઘની છે, જયેષ્ટા અને અનુરાધા એ બે નક્ષત્રોની યોની હરણની છે, પૂર્વાષાઢા અને શ્રવણ એ બે નક્ષત્રોની યોની

"Aho Shrutgyanam"

વાનરની છે, ઉત્તરાષાઢા અને અભિજીત એ બે નક્ષત્રની યોની નોળીયાની છે, અને પૂર્વાભાદ્રપદ અને ધનિષ્ટા એ બે નક્ષત્રોની યોની સિંહની છે. આ રીતે નક્ષત્રની યોનીથી ઉત્પન્ન થયેલું વેર જો ઘરની ઘરધણીને લોક વ્હેવારે લાગુ પડતું હોય તો તે તજવું. ૬૯

## ગૃહ મૈત્રિની સમજ.

शत्रु मन्दसितौ समश्च राशिनो मित्राणि शेषारवे ।
स्तीक्ष्णांशुर्हिमर श्मिज श्च सुहृदोशेषाः समाःशीतगोः ॥
जीवेन्दूष्ण कराः कुजस्यसुहृदोज्ञोरिः सिताकौं समोः ।
मित्रे सूर्य सितौवुधस्य हिमगुः शत्रुः समा श्चा परे ॥ ७० ॥
सूरे सौम्य सितावरीर विसुतो मध्यो परेत्व न्यथा ।
सौम्यार्कौ सुहृदौ समौ कुजगुरु शुक्रस्यशेषावरि ॥
शुक्र ज्ञौसुहृदौ समः सुरगुरुः सौरस्य चान्येरयो ।
ये प्रोक्ताः स्वत्रिकाण भादिषु पुनस्तेमी मयाकीर्तिताः ॥ ७१

અર્થ—સૂર્યને, શનિ અને શુક્ર શત્રુછે, બુધ સમ છે. મંગળ ગુરૂ તથા ચંદ્ર મિત્ર છે. ચંદ્રને, સૂર્ય અને બુધ મિત્ર છે. મંગળ, ગુરૂ, શુક્ર અને શનિ સમ છે તેનો શત્રુ કોઈ નથી.

મંગળને, સૂર્ય, ચંદ્ર અને ગુરૂ મિત્ર છે, બુધ શત્રુ છે, શુક્ર અને શનિ સમ છે બુધને સૂર્ય અને શુક્ર મિત્ર છે. ચંદ્ર શત્રુ છે, મંગળ, ગુરૂ અને શનિ સમ છે, ગુરૂને બુધ અને શુક્ર શત્રુ છે, શનિ સમ છે. સૂર્ય, ચંદ્ર અને મંગળ મિત્ર છે, શુક્રને બુધ અને શનિ મિત્ર છે મંગળ

"Aho Shrutgyanam"

અને ગુરૂ સમ છે, સુર્ય તથા ચંદ્ર શત્રુ છે. શનિને, બુધ અને શુક્ર મિત્ર છે ગુરૂ સમ છે, સૂર્ય, ચંદ્ર અને મંગળ શત્રુ છે. આ ગૃહમૈત્રિમાં વધારે સમજણ માટે સરલ કોષ્ટક મુક્યું છે.

ઘર કે પ્રાસાદ અથવા તેના ધણીની રાશિના સ્વામીનો પરસ્પર વેરભાવ રહેવો જોઈએ નહિ. ૭૦–૭૧

**ઘરધણી તથા ઘરની રાશિના સ્વામીના મિત્ર અને શત્રુ તથા સંમભાવ જોવાનું ગ્રહ મૈત્રી કોષ્ટક.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | રાશિ | સિંહ | કર્ક | મેષ, વૃશ્ચિક | મિથુન કન્યા | ધન– મીન | વૃષભ– તુલા | મકર– કુંભ |
| ઇ | ગ્રહ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
| ક | મિત્ર-ભાવ | ચંદ્ર– ગુરૂ | સૂર્ય– બુધ | સૂર્ય– ચંદ્ર ગુરૂ | સૂર્ય– શુક્ર | સૂર્ય– ચંદ્ર મંગળ | બુધ– શનિ | બુધ– શુક્ર |
| ખ | શત્રુ- ભાવ | શુક્ર– શનિ | ૦ | બુધ | ચંદ્ર | બુધ– શુક્ર | સૂર્ય– ચંદ્ર | સૂર્ય– ચંદ્ર મંગળ |
| ગ | સમ- ભાવ | બુધ | ગુરૂ– શુક્ર મંગળ– શનિ | શુક્ર– શનિ | મંગળ– ગુરૂ શનિ | શનિ | મંગળ– ગુરૂ | ગુરૂ |

"Aho Shrutgyanam"

"અ" વાળી નિશાનીમાં બાર રાશિઓ મુકેલી છે, તેમાંથી ઘરની તથા ઘરધણીની રાશિ શોધી કાઢવી. "ઇ" વાળા કોઠામાં એ રાશિઓના સ્વામી ગ્રહો મુકેલા છે. એ ગ્રહોના મિત્રભાવ શત્રુભાવ, તથા સમભાવ, ક, ખ, ગ, નિશાની વાળો કોઠાઓમાં આપેલા છે, તે પરથી તે જોઇ લેવા.

## ( યોની વૈર. )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઘેટાની | યોનિને | વાંદરાની | સાથે | વૈર | છે |
| ગાયની | ,, | વાઘની | ,, | ,, | ,, |
| હાથીની | ,, | સિંહની | ,, | ,, | ,, |
| કુતરાની | ,, | વાંદરાની | ,, | ,, | ,, |
| સર્પની | ,, | નોળીઆની | ,, | ,, | ,, |
| બિલાડીની | ,, | ઉંદરની | ,, | ,, | ,, |
| ભેંસની | ,, | ઘોડાની | ,, | ,, | ,, |

ઉપર પ્રમાણે નક્ષત્રોની યોનિને પરસ્પર વૈર છે. તેથી સ્ત્રી પુરૂષ તથા ઘર અને ઘર ધણીને પરસ્પર વૈર યોની ન લેવી કેમકે તે લેવાથી મૃત્યુ થાય છે.

## તિથિ, વાર, અને લગ્ન સમજવાની રીત.

आयर्क्षं तारा व्ययमं शकं च ह्येकत्रकृत्वा विभजेत्क्रमेण ।
तिथ्या च वारेण तथैव लग्नैः शेषै स्तुतान्येत्र भवेयुरंकैः ॥७२

અર્થ—આયના, નક્ષત્રના, તારાના, વ્યયના, અને અંશકના અંકોને એકઠા કરતાં જેટલો અંક થાય, તે અંકને પંદર ભાગે ભાગતાં શેષ જે રહે તે ઘરની તિથી જાણવી.

"Aho Shrutgyanam"

તેજ અંકને (સર્વ અંકોને એકઠા કરતાં એકંદરે જે અંક થયો હોય તેને) સાતે ભાંગતા જે શેષ રહે તે વાર જાણવો. વળી તેજ અંકને બારે ભાંગતા શેષ જે રહે તે લગ્ન જાણવું.

## તિથીનું ફળ.

૧–૬–૧૧ નંદાતિથી કહેવાય છે તે બ્રાહ્મણને ઘેર સારી છે.
૨–૭–૧૨ ભદ્રાતિથી કહેવાય છે તે ક્ષત્રિયને ઘેર સારી છે.
૩–૮–૧૩ જયાતિથી કહેવાય છે તે વૈશ્યને ઘેર સારી છે.
૪–૯–૧૪ રિક્તાતિથી કહેવાય છે તે શુદ્રને ઘેર સારી છે.
૫–૧૦–૧૫ પૂર્ણાતિથી કહેવાય છે તે દેવમંદિરમાં સારી છે.

ઉપર બતાવ્યા પ્રમાણે દેવમંદિર તથા જાતિને માટે સારી છે તેથી ઉલટી સારી નથી.

## વાર ફળ.

ધ્વજાય હોય તો રવિવાર સારો છે.
વૃષભાય હોય તો સોમવાર સારો છે.
ધુમ્રાય હોય તો મંગળવાર સારો છે.
શ્વાન અને ખરાય હોય તો બુધવાર સારો છે.
ગજાય હોય તો ગુરૂવાર સારો છે.
ધ્વાંક્ષાય હોય તો શુક્રવાર સારો છે.
સિંહાય હોય તો શનિવાર સારો છે.

ઉપર બતાવ્યા પ્રમાણે સારા છે. આથી ઉલટા સારા નથી ખોટા તજવા.

## લગ્ન ફળ.

૨) વૃષભ, ૫) સિંહ ૮) વૃશ્ચિક ૧૧) કુંભ, આ ચાર લગ્નનું ફળ ઉત્તમ છે.

"Aho Shrutgyanam"

૩) મિથુન ૬) કન્યા ૯) ધન ૧૨) મીન આ ચાર લગ્નનું ફળ મધ્યમ છે.

૧) મેષ ૪) કર્ક ૭) તુલા ૧૦) મકર આ ચાર લગ્નનું ફળ કનિષ્ટ છે.

ઉપર પ્રમાણે ઉત્તમ ફળના લગ્ન આવે તો ઘણું સારૂં ગણાય એથી ઉતરતાં મધ્યમ સાધારણ ગણાય કનિષ્ટ ફળના તજી દેવાં–૭૨

## ઘરનો અધિપતિ વર્ગ.

दैर्ध्यं पृथुत्वेनचताडनीयं तयो र्यं दैक्यं पुनर छुयेण ।
शेषोऽधिनाथो वसुभाजितेस्मिन् समः प्रशस्तोविषमस्तुनैव ॥७३॥

અર્થ—ઘરની લંબાઈ સાથે પહોળાઈને ગુણતા જે અંક આવે તે અંકની સાથે ઉંચાઈનો મેળવી દેવો મેળવી દેતા જે સરવાળો આવે તેને આઠે ભાગવા, ભાગતાં શેષ રહે તે ઘરનો અધિપતિ જાણવો. અધિપતિના આઠ વર્ગો છે, તે વર્ગોમાંથી બીજો, ચોથો, છઠ્ઠો, આઠમો, એ ચારમાં કોઈ પણ વર્ગ આવે તો શ્રેષ્ટ સમજવો. પહેલો, ત્રીજો, પાંચમો, સાતમો, એ ચારમાં કોઈપણ વર્ગ આવે તો સારો નથી એમ જાણવું–૭૩

## અધિપતિના નામ.

विकृतः कर्णकश्चैव धुम्रदो वितथ स्वरः ।
बिडालो दुन्दुभि श्चैव दान्तः कान्तोऽधिनायकः ॥७४॥

અર્થ—૧) વિકૃત, ૨) કર્ણક, ૩) ધુમ્રદ. ૪) વિતસ્વર, ૫) બિડાલ, ૬) દુન્દુભિ, ૬) દાન્ત, ૮) કન્ત.

"Aho Shrutgyanam"

નોંધ—ઘર કે પ્રાસાદની ઉંચાઈ તથા પહોળાઈના ગજને, અને આંગળ :આવ્યા હોય તો ગજને છોડીને આંગળે આંગળના ગુણાકાર કરવા, કારણ આઠે ભાગતાં ગજ ઉડી જાય છે–૭૪

## અધિપતિ વર્ગ.

**सुपर्ण ओतुः सिंहः श्वासु सर्पाखु मृग मीढकाः ।**
**वर्णाधिपाः क्रमा दृष्टौ भक्ष्योयः पंचमोमतः ॥७५॥**

અર્થ—ગરૂડ, બિલાડ, સિંહ, શ્વાન, સર્પ, ઉંદર, મૃગ અને મેષ એ આઠે અનુક્રમે તે વર્ણના અધિપતિ છે એ અધિપતિના વર્ગમાં હરેકનો પાંચમો વર્ણ ભક્ષક છે તે છોડી દેવો.

## ઘર તથા ઘરધણી નામાક્ષરનો અધિપતિ વર્ગ.

| | |
|---|---|
| અ–ઇ–ઉ–એ. | ૧) ગરૂડ. |
| ક–ખ–ગ–ઘ–ઙ. | ૨) બિલાડ. |
| ચ–છ–જ–ઝ–ઞ. | ૩) સિંહ. |
| ટ–ઠ–ડ–ઢ–ણ | ૪) શ્વાન. |
| ત–થ–દ–ધ–ન. | ૫) સર્પ. |
| પ–ફ–બ–ભ–મ. | ૬) ઉંદર. |
| ય–ર–લ–વ. | ૭) મૃગ. |
| શ–ષ–સ–હ. | ૮) મેષ (ઘેટું). |

ઉપર બતાવેલા નામાક્ષર ઉપરથી, ઘર અથવા ઘરના ધણીનો વર્ગ કાઢવો હોય તો, તે ઘર કે તેના ધણીનો

"Aho Shrutgyanam"

પહેલો અક્ષર તેમાંથી લેવો. અને તે અક્ષરની સામે જે વર્ગ આપ્યો હોય તે ઘર અથવા તેના ધણીનો વર્ગ જાણવો.

નોંધ—ધારો કે ઘરનું નામ વર્દ્ધમાન છે, તો તેનો પહેલો અક્ષર "વ" છે, તે નામાક્ષરમાંથી નીશાની વાળી હારમાંથી શોધી કાઢવો એ "વ" અક્ષરની સામે સાતમો મૃગ વર્ગ આપેલો છે માટે એ ઘરનો વર્ગ મૃગ સમજવો. આ પ્રમાણે ઘરના નામાક્ષર ઉપરથી પણ વર્ગ નીકળે.

### ઘર તથા પ્રાસાદના અધિપતિ ગણવાનું કોષ્ટક.

આંગળ ખ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| | | | | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| | ૧ | ૯ | ૧૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | ૨ | ૧૦ | ૧૮ | ૨ | ૪ | ૬ | ૮ | ૨ | ૪ | ૬ | ૮ |
| | ૩ | ૧૧ | ૧૯ | ૩ | ૬ | ૧ | ૪ | ૭ | ૨ | ૫ | ૮ |
| આંગળ | ૪ | ૧૨ | ૨૦ | ૪ | ૮ | ૪ | ૮ | ૪ | ૮ | ૪ | ૮ |
| | ૫ | ૧૩ | ૨૧ | ૫ | ૨ | ૭ | ૪ | ૧ | ૬ | ૩ | ૮ |
| | ૬ | ૧૪ | ૨૨ | ૬ | ૪ | ૨ | ૮ | ૩ | ૪ | ૨ | ૮ |
| ક | ૭ | ૧૫ | ૨૩ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૮ અધિપતિ |
| | ૮ | ૧૬ | ૨૪ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ |

ધારો કે એક ઘરની ઉંચાઇ ૧૮ ગજ ને ૭ આંગળ છે, તો નીશાની "ક" વાળા કોઠામાંથી સાત આંગળ શોધી કાઢો. અને ક્ષેત્રફળનો અંક "૨૩" છે, તો તે નિશાની

"Aho Shrutgyanam"

"ખ" વાળા કોઠામાંથી શોધી. કાઢો, "ક" તથા "ખ" વાળા બન્ને અંકોની લીટીઓ ભેગી કરતાં તે એકના અંકમાં મળે છે. માટે વિકૃત અધિપતિ એ ઘરનો જાણવો, એ પ્રમાણે પ્રાસાદ તથા ઘરના અધિપતિ ગણાય છે.

## (વર્ગ વેર.)

ઘરનો (૧) ગરૂડ અને ઘરધણીનો (૫) સર્પને વેર છે.
,, (૨) બિલાડી અને ,, (૬) મૂષક (ઉંદર)ને વેર છે.
,, (૩) સિંહ અને ,, (૭) મૃગને વેર છે.
,, (૪) શ્વાન અને ,, (૮) મેષ (ઘેટા)ને વેર છે.

ઉપર પ્રમાણે વર્ગ રાખવામાં આવે તો ઘર ધણીનું મૃત્યુ થાય છે, માટે એવા વર્ગ રાખવા નહિ.

ઉપર કરતાં ઉલટા વર્ગ હોય જેમ કે—

| | | |
|---|---|---|
| ઘરધણીનો | (૧) ગરૂડ અને | ઘરનો (૫) સર્પ. |
| ,, | (૨) બિલાડી ,, | ,, (૬) મૂષક. |
| ,, | (૩) સિંહ ,, | ,, (૭) મૃગ. |
| ,, | (૪) શ્વાન ,, | ,, (૮) મેષ. |

આ પ્રમાણે હોય તો ઘર ધણી દરિદ્ર થાય, દ્રવ્ય વગર પીડાય માટે તે પણ તજવા. ૭૬

## નાડી ચક્ર.

अश्विन्यादिकभत्रयंफणि निभं चक्रं त्रिनाऽयुत्र भ्दवं ।
हैकस्थं वर कन्ययो श्चयदि भंतन्मृत्यु दंचाशतः ॥

"Aho Shrutgyanam"

नाडी सेवक मित्रगेह पुरत श्चैका सुभासन्यथाः ।
आयादित्रिक पंच सप्त नव भिस्त्वंगैर्गृहंसौख्यदम् ॥७७॥

અર્થ—સર્પના આકારે ત્રણ નાડીનું ચક્ર કરી તેમાં અશ્વિન્યાદિ સત્યાવીશ નક્ષત્રો વેધ કરવાં. (સર્પના નવ ભાગ કરી તે હરેક ભાગમાં ત્રણ ત્રણ નક્ષત્રો વિંધવા) એ નક્ષત્રો એવી રીતે વિંધવા કે સર્પાકૃતિ ચક્રમાં એક નાડીમાં, વર અને કન્યાના નક્ષત્રો મુકવા નહિ. કારણકે તે મૃત્યુ કરે, માટે તેના ભાગ છોડી દેવા. સ્વામી અને સેવકને, મિત્ર મિત્રને, ઘર અને ઘરના સ્વામીને, નગર અને રાજાના નક્ષત્રોનો વેધ થાય તો સારો. વળી આગળ આયાદિ નવ પ્રકાર જોવાના કહ્યા છે, પણ તેમાં ખાસ કરીને ત્રણ, પાંચ, સાત, કે નવ, પ્રકાર જોઇને ઘર કરે તો ઘરધણી સુખી થાય. ૭૭

## આદ્ય મધ્ય અને અંત્ય નાડી.

ज्येष्ठा मूलाश्विनी शिवातृव्द पेशत भिष ग्द्वयम् ।
उत्तरा फाल्गुनी युग्म माद्य नाडी यमीरिता ॥७८॥

मृगश्वत्रानु राधाच भरणी वसु पुष्यकौ ।
जलभ योनि बुध्न्ये च मध्य नाडी प्रकीर्तिता ॥७९॥

होहिणी कृत्तिका श्लेषा मघा स्वाती द्वयं तथा ।
रेवती चोत्तरा षाढा श्रवण श्चान्त्य नाडीका ॥८०॥

"Aho Shrutgyanam"


### નક્ષત્રો ઉપરથી આદ્ય, મધ્ય, અને અંત્ય નાડી જોવાનું કોષ્ટક.

| | | |
|---|---|---|
| અશ્વની, આરદ્રા. | ભરણી, મૃગશર. | કૃતિકા, રોહણી. |
| પુનર્વસુ. ઉ–ફાલ્ગુની. | પૂષ્ય, પૂ–ફાલ્ગુની. | અશ્લેષા, મઘા. |
| હસ્ત, જ્યેષ્ટા. | ચિત્રા, અનુરાધા. | સ્વાતી, વિશાખા. |
| મૂળ, સતભિષા. | પૂર્વાષાઢા, ધનિષ્ટા. | ઉત્તરષાઢા, શ્રવણ. |
| પૂર્વાભાદ્રપદા. | ઉત્તરાભાદ્રપદા. | રેવતી. |
| આદ્યનાડી. | મધ્ય નાડી. | અંત્યનાડી. |

આ કોષ્ટકમાં આદ્ય, મધ્ય, અને અંત્ય એ ત્રણે નાડીયોના નવ નવ નક્ષત્ર આપેલા છે. ઘર તથા ઘર બંધાવનાર ધણી, સ્વામી અને સેવક, મિત્ર અને મિત્ર, નગર અને રાજા, એ બધાનાં નક્ષત્ર ત્રણ નાડીમાંથી ગમે તે નાડીમાં ભેગા હોય તો સારૂ ફળ આપે છે. પણ વર અને કન્યાના જુદી જુદી નાડીના નક્ષત્રો આવે તોજ તેઓ સુખી થાય, વર તથા કન્યાનો આદ્ય નાડીના નક્ષત્રોમાં જન્મ થયો હોય તો, વરનું અકાળ મૃત્યુ થાય. મધ્ય નાડીના નક્ષત્રમાં જન્મ થયો હોય તો, વર રોગી થઇ તે નિર્ધન થાય, તેમજ જો બંન્નેનો અંત્ય નાડીના નક્ષત્રમાં જન્મ થયો હોય તો સંતતિ બીલકુલ થાય નહિ, અને જો થાય તો જીવે નહિ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



મીનાક્ષીનું મંદિર – મદુરા

"Aho Shrutgyanam"

## ઘરના નક્ષત્રની ઉત્પત્તિનું ફળ.

**नवघ्नं गृह नक्षत्रं रुद्र संख्या समन्वितम् ।**
**पंचभिस्तु हरेद्भागं शेष मुत्पत्ति पंचधा ॥८१॥**

અર્થ—ઘરના નક્ષત્રને નવગણું કરવાથી જે અંક આવે, તેમાં અગીયાર ઉમેરતાં જે સંખ્યા આવે, તેને પાંચે ભાગતા જે શેષ રહે તે, પાંચ પ્રકારની નક્ષત્રની ઉત્પત્તિ જાણવી. ૮૧

### ઉત્પત્તિનું ફળ જાણવાનું કોષ્ટક.

| નક્ષત્રનો અંક (ક) | | | | | | ઘરની ઉત્પત્તિનો અંક (ખ) | ફળ (ગ) |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧૦ | ૧૫ | ૨૦ | ૨૫ | ૦ | ૧ | ઘણું દાન કરાવે. |
| ૪ | ૯ | ૧૪ | ૧૯ | ૨૪ | ૦ | ૨ | સુખ પ્રાપ્તિ. |
| ૩ | ૮ | ૧૩ | ૧૮ | ૨૩ | ૦ | ૩ | સ્ત્રી–પ્રાપ્તિ. |
| ૨ | ૭ | ૧૨ | ૧૭ | ૨૨ | ૨૭ | ૪ | ધન પ્રાપ્તિ. |
| ૧ | ૬ | ૧૧ | ૧૬ | ૨૧ | ૨૬ | ૫ | પુત્ર પ્રાપ્તિ. |

ઘરનું નક્ષત્ર (૨) ભરણી તેનો અંક નિશાની "ક" વાળા કોઠામાંથી શોધી કાઢવો—એ કોઠાની જમણી બાજુએ "ખ" વાળા કોઠામાં "૪" થો અંક આવ્યો, માટે એ એની ઉત્પપતિ :જાણવી. તેનું ફળ "ગ" વાળા કોઠામાં આપેલું ધન, પ્રાપ્તિ છે. આ પ્રમાણે જોવાથી સરવાળો વિગેરે કરવું પડતું નથી.

૪

"Aho Shrutgyanam"

## અધોમુખા નક્ષત્રો.

**पूर्वात्रयं सार्प्ययंमाग्नि धिष्ण्य मथो मुंस्वं मूळमघा विशाखा ।**
**खातेच भूम्या निधिरोयणेच तथोग्र कार्यें मुनयो वंदति ॥८२॥**

અર્થ—ત્રણ પૂર્વા (પૂ. ફાલ્ગુની–પૂર્વાષાઢા અને પૂર્વાભાદ્રાપદ) અશ્લેષા, ભરણી, કૃતિકા મૂળ, મઘા અને વિશાખા, એટલાં નક્ષત્રો અધોમુખા જાણવા. એ અધોમુખા નક્ષત્રો ખાત મુહૂર્ત વખતે, પૃથ્વીમાં ધન મુકવું હોય તે વખતે, અને બીજા ઉગ્ર કાર્યમાં લેવા એમ મુનીઓ કહે છે. ૮૨

## તીર્યગ મુખા નક્ષત્રો.

**चित्राश्वि मैत्रादिति वायुधिष्ण्यं जेष्टा मृगौ पौष्णकरौ तथैव ।**
**स्याद्वाहने यंत्रहल मवाहे चतुष्पदावेपि च पार्श्वक्रम ॥८३॥**

અર્થ—ચિત્રા, અશ્વની, અનુરાધા, પૂનર્વસુ, સ્વાતિ, જયેષ્ટા, મૃગશીર્ષ, રેવતી અને હસ્ત એ નવ નક્ષત્રો તીર્યમુખા જાણવા, એ તીર્યમુખા નક્ષત્રો વાહનના, યંત્રના કામમાં, હળ જોડવાના કામમાં અને ઢોરોના કામમાં લેવા. ૮૩

## ઉર્ધ્વ, વક્ર નક્ષત્રો.

**पूष्योत्तराद्रो भृतयो धनिष्ठा स्याद्रोहिणी वारुण मद्धवक्रम ।**
**प्राकार देवालय छत्रहर्म्य राज्याभिषेकादिच यातिसिद्धिम ॥८४॥**

અર્થ—પૂષ્ય નક્ષત્ર, ત્રણ ઉત્તરા (ઉ–ફાલ્ગુની, ઉ–ષાઢ–ઉ–ભાદ્રપદા) આર્દ્રા, શ્રવણ ધનિષ્ટા, રોહણી અને શતભિષા, એટલા નક્ષત્રો ઉર્ધ્વ મુખા જાણવા, એ ઉર્ધ્વ મુખા નક્ષત્રોમાં કિલ્લો, દેવમંદિર, તેમજ રાજાનું શિર-

"Aho Shrutgyanam"

છત્ર બનાવવું, હવેલી, રાજાને રાજ્યાભિષેક કરવો, વગેરે કામો કરવાથી કાર્યની સિદ્ધિ થાય છે.–૮૪

## ( હોડાચક્ર )

### ઘર ધણીના નામનું નક્ષત્ર કહાડવાનું કોષ્ટક.

| નામાક્ષર | નક્ષત્ર | નામાક્ષર | નક્ષત્ર | નામાક્ષર | નક્ષત્ર |
|---|---|---|---|---|---|
| ચુ-ચે-ચો-લા | અશ્વની-૧ | મ-મી-મુ-મે | મઘા–૧૦ | જે-જો-ભ-ભી | મૂળ–૧૯ |
| લી-લુ-લે-લો | ભરણી-૨ | મો-ટા-ટી-ટુ | પૂર્વાફાલ્ગુ-ની–૧૧ | ભા-ધ-ફ-ઢ | પૂર્વાષાઢા-૨૦ |
| અ-ઇ-ઉ-એ | ક્રતિકા-૩ | ટે-ટો-પ-પા | ઉત્તરાફા-લ્ગુની૧૨ | ભે-ભો-જ-જી | ઉત્તરાષાઢા-૨૧ |
| ઓ-વા-વી-વુ | રોહણી-૪ | પુ-ષ-ણુ-ઠ | હસ્ત–૧૩ | ખી-ખુ-ખે-ખો | શ્રવણુ–૨૨ |
| બે-બો-ક-કી | મૃગશર-૫ | પે-પો-ર-રી | ચિત્રા-૧૪ | ગ-ગી-ગુ-ગે | ધનિષ્ટા–૨૩ |
| કુ-ધ-ઙ-છ | આર્દ્રા-૬ | રૂ-રે-રો-તા | સ્વાંતિ ૧૫ | ગો-સા-સી-સુ | સતભીષા-૨૪ |
| કે-કે-હ-હી | પુનર્વસુ-૭ | તી-તુ-તે-તો | વિશાખા ૧૬ | સે-સો-દ-દા | પૂર્વાભાદ્રપદ-૨૫ |
| હૂ-હે-હો-ડા | પૂષ્ય-૮ | ન-ની-નુ-ને | અનુરાધા ૧૭ | દુ-૫-ઝ-થ | ઉત્તરાભાદ્રપદ ૨૬ |
| ડી-હ-ડે-ડો | અશ્લેષા ૯ | નો-ય-ચી-યુ | જેષ્ઠા–૧૮ | દે-દો-ચ-ચી | રેવતી–૨૭ |

આ કોષ્ટકની સમજ એવી છે કે, ઘરધણીના નામનો પેલો અક્ષર નક્ષત્રની સાથે મેળવવો, ધારો કે, ચુનીલાલનો પહેલો અક્ષર "ચુ" છે તો સીધી લીટી (૧) નક્ષત્ર આવ્યું, તેવી રીતે સહેલાઇથી નામાક્ષરથી નક્ષત્ર તરત જડી આવે છે.

"Aho Shrutgyanam"

## વહાણુ ઘડવાના તથા પાણીમાં ચલાવવાના નક્ષત્ર.

नाव्यं सुरवाय कर वारुण वासवषु
ज्येष्टो त्तरा त्रिय पूषणि मैत्रपूष्ये ।
तोयं मघोतर करे वसु मैत्र पूष्ये
स्यात्तोयमेच वरुणेच विधातृ मेच ॥८५॥

અર્થ—નાવ, અથવા વહાણુ ઘડવાના મુહુર્તમાં હસ્ત, શતભિષા, ધનિષ્ટા, જ્યેષ્ટા ત્રણુ ઉત્તરા, રેવતી, અનુરાધા, અને પુષ્ય એટલા નક્ષત્રો લેવા, પણુ પાણીમાં વહાણુ ચલાવવાના કામમાં મઘા ત્રણુ ઉત્તરા, હસ્ત, ધનિષ્ટા, અનુરાધા, પૂષ્ય પૂર્વાષાઢા, શતભિષા, અને રોહણી એટલા નક્ષત્રો લેવા કહ્યા છે. ૮૫

## ગૃહારંભે ભૂમિ શયનની સમજણ.

प्रद्योत नात्पंच नगाङ्क पूर्वनवे दुषड् विंशमितानीभानि ।
शेते महानैव गृहं विधेयं तडाग वापि खननं नशस्तम् ॥८६॥

અર્થ—સૂર્યના નક્ષત્રથી પાંચમુ, સાતમુ, નવમુ, બારમુ, ઓગણીસમું અને છવીસમુ નક્ષત્ર હોય તો ભૂમિ શયન જાણવું. પણ એ વખતે ગૃહારંભાદિ, વાવ, તળાવ, અને કુવાનું ખોદવું શ્રેષ્ટ નથી—૮૬.

## ઘણા ગુણુ ને થોડા દોષ હોય તે કામ કરવું.

बहु गुणं लघुदोष समन्वितं भवनदेव गृहादिक मिष्यते ।
जल लवे नशिखी बह तापवान् नशममेति गुणैरधिकोयतः ॥८७॥

"Aho Shrutgyanam"

અર્થ—જેમાં ઘણા ગુણો અને થોડા દોષો રહેલા હોય એવું ઘર અને દેવમંદિરાદિ કરવામાં કાંઇ હરકત નથી. જેમકે, ઘણા તાપવાળો અગ્નિ પાણીના બીન્દુથી બુઝાય નહિ તેવી રીતે જે કાર્યમાં ઘણા ગુણો હોય તો થોડા દોષોથી ખરાબ ગણાતું નથી. ૮૭.

"Aho Shrutgyanam"

# પ્રકરણ ૫ મું.

## તિથિની સમજ.

नंदातिथिः षट् प्रतिच्च रुद्रा द्विद्वादशी सप्तमिकाच भद्रा।
जया तृतीया ष्टमिकाच विश्वारिक्ता चतुर्थी नवमीचभूत ॥८८॥

અર્થ—છઠ, પડવો, અને અગીઆરશ એ ત્રણ તિથિઓને નંદા તિથિ ગણવી. બીજ, બારશ, સાતમ એ ત્રણની ભદ્રાતિથી જાણવી. ત્રીજ, આઠમ, અને તેરશ એ ત્રણને જયાતિથિ જાણવી. ચોથ, નોમ, અને ચૌદશ એ ત્રણ રિક્તાતિથિ છે એમ સમજવું-૮૮.

## સિદ્ધિયોગની સમજ.

प्रोक्ता पूर्णा पंचदिक् पौर्ण मासी शुक्रे नंदा राजपुत्रेचभद्रा।
पृथ्वी पुत्रे सिद्धिदा वैथास्या न्मंदेरिक्ता देव पूज्येचपूर्णा ॥८९॥

અર્થ—પાંચમ દશમ, અને પૂર્ણિમા (અમાસ) એ પૂર્ણા તિથિ જાણવી. અને ઉપર રહેલી તિથિ અને વારના યોગથી નીચે પ્રમાણે સિદ્ધિયોગ થાય છે.

શુક્રવાર અને નંદાતિથિ, બુધવાર અને ભદ્રાતિથિ, મંગળવાર અને જયાતિથિ શનિવાર અને રિક્તાતિથિ, ગુરૂવાર અને પૂર્ણાતિથિ એટલા સિદ્ધિયોગ જાણવા-૮૯.

एकादशी जीवदिने च षष्टि भोमे त्रयोदश्य शुक्रवारे।
सूर्ये नवै काष्ट मिकाश्च सिद्धा श्चंद्रेद्वितिया दशमी नवम्यः॥९०॥

"Aho Shrutgyanam"

અર્થ—એકાદશીના દિવસે ગુરૂવાર હોય, છઠને દિવસે મંગળવાર હોય. તેરશને દિવસે શુક્રવાર હોય. નવમી, એકમ અને આઠમ, એ ત્રણ તિથિઓથી ગમેતે તિથિના દિવસે રવિવાર હોય. બીજ, દશમ અને નવમી, એ ત્રણ તિથિઓમાંથી ગમે તે તિથિના દિવસે સોમવાર હોય તો તે સિદ્ધિયોગ જાણવો–૯૦.

## શુક્લ પક્ષ તથા કૃષ્ણ પક્ષમાં તિથિની સમજ.

**कृष्णे निशायां दशमी तृतीये भद्रादिने सप्त चतुर्दशेतु।**
**शुक्लेरजन्यां युगरुद्रसंख्ये दिनेष्टमी पूर्णिमयोश्चवर्ज्या॥९१॥**

અર્થ—કૃષ્ણ પક્ષમાં (અંધારીયામાં) દશમના દિવસે, અને ત્રીજના દિવસે રાત્રીના ભાગની એટલે તિથિ જેટલી ઘડી હોય, તેટલી ઘડીથી પહેલાં ત્રીસ ઘડી ભદ્રા હોય. કૃષ્ણ પક્ષની સાતમ અને ચૌદશ, એ બે દિવસના ભાગની એટલે પ્રથમના દિવસે (સાતમ અથવા ચૌદશે) જેટલી ઘડીએ તિથિ બેસતી હોય ત્યાંથી માંડી ત્રીસ ઘડી સુધી ભદ્રા જાણવી.

શુકલ પક્ષમાં (અજવાળીયામાં) ચોથ અને અગીઆરશના રાતના ભાગની એટલે જેટલી ઘડી તિથિ હોય તે પહેલા ત્રીસ ઘડી સુધી ભદ્રા જાણવી. શુકલ પક્ષની આઠમ અને પૂર્ણિમા, એ બે દિવસમાં, દિવસના ભાગની એટલે પ્રથમના દિવસે જેટલી ઘડીએ આઠમ અથવા પુનમ બેસતી હોય ત્યાંથી માંડી ત્રીસ ઘડી સુધી ભદ્રા જાણવી–૯૧.

"Aho Shrutgyanam"

## યમઘંટ યોગની સમજ.

**मघार्क वारे शशिने विशाख्या आरुद्रा कुजेईंदु सुनश्चमुल ।**
**गुरुज कृति भृगुहिणीच शनिज हस्ते यमघंट योग ॥९२॥**

અર્થ—રવિવારને મઘા નક્ષત્ર હોય તો યમઘંટ યોગ થાય, સોમવારને વિશાખા નક્ષત્ર, મંગળવારને આદ્રૉ નક્ષત્ર, બુધવારને મૂળ નક્ષત્ર, ગુરૂવારને કૃતિકા નક્ષત્ર, શુક્રવારને રોહણી નક્ષત્ર, અને શનિવારને હુસ્ત નક્ષત્ર, એ પ્રમાણે વાર અને નક્ષત્ર મળે તો યમઘંટ યોગ સમજવો—૯૨.

## યમઘંટનું ફળ.

**यमघंटे गते मृत्यु कुरुक्षेत्र करगृहे ।**
**कृत्व मृत्यु प्रतिष्ठाच शीशुर्जातिन जीवत्ती ॥९३॥**

અર્થ—જો યમઘંટ વખતે કોઇ ગામ જાય તો ગયેલો પાછો ન આવતાં મરણ પામે. ઘર કરે તો, પડી જાય. દેવપ્રતિષ્ટા કે ઘરમાં પ્રવેશ કરે તો તે કરનાર ધણીનું મૃત્યુ થાય, બાળકનો જન્મ યમઘંટમાં થાય તો તે જીવે નહિ. માટે યમઘંટ હોય ત્યારે કોઇ પણ શુભ કામ કે પ્રવાસ કરવો નહિ. ૯૩.

## યોગની સમજણ.

**विष्कंभ प्रितिरायुष्मान सौभाग्य शोभनस्तथा ।**
**अतिगण्डः सुकमाच धृतिः शुलस्त थैवच ॥९५॥**

"Aho Shrutgyanam"

गण्डो वृद्धि ध्रुव श्चैव व्याघातो हर्षण स्तथा
वज्र सिद्धि व्यतिपातो वरीयान परिघ शिवः ॥ ९५॥

सिद्धिः साध्यः शुभः शुक्लो ब्रह्मैन्द्रो वैधृतिःक्रमात् ।
सप्त विंशति योगास्तु कुर्युनाम समंफलम् ॥ ९६ ॥

અર્થ—૧) વિષ્કુભ, ૨) પ્રિતિ, ૩) આયુષ્માન, ૪) સૌભાગ્ય, ૬) શૌભન, ૬) અતિગંડ, ૭) સુકર્મા, ૮) ધૃતિ, ૯) શ્રુળ, ૧૦) ગંઠ ૧૧) વૃદ્ધિ ૧૨) ધ્રુવ ૧૩) વ્યાઘાત, ૧૪) હર્ષણુ ૧૫) વજી, ૧૬) સિધી, ૧૭) વ્યતિપાત ૧૮) વરિયાણ, ૧૯) પરીઘ ૨૦) શિવ. ૨૧) સિદ્ધિ, ૨૨, સાધ્ય, ૨૩) શુભ, ૨૪) શુકલ, ૩૫) બ્રહ્મા, ૨૬) ઐદ્ર ૨૭) વૈધૃત, આ સત્તાવીશ યોગ છે. તેમાં વ્યતિપાત અને વૈધૃત એ બે શુભ કાર્યમાં ત્યાગ કરવા, અને પરીઘનો આગલો અડધો ભાગ શુભ કામમાં ત્યાગ કરવો. શુળ યોગની આદની પાંચ ઘડી, ગંઠ અતિગંઠની છ ઘડી વ્યાઘાત યોગની પ્રથમની નવ ઘડી ત્યાગવી ૯૪–૯૫–૯૬

## તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણુ, લગ્નો, વાસ્તુ કામ માટે.

वास्तो कर्मणि धिष्ण्य, वार तिथि योश्विन्युत्तराणांत्रिकं।
हस्तादि त्रय मैत्रतोद्वय मिदं पूष्यो मृगो रोहणी ॥
निंद्यौ भूसुत भास्करौच शुभदा पूर्णाच नंदातिथि।
नेष्टा वैधृति शुल गंज परिघा व्याघात वज्रावपि ॥९७॥

અર્થ—વાસ્તુ શાસ્ત્રના કામમાં, નક્ષત્ર, વાર, અને તિથિઓ લેવાનું કહ્યું છે. તે એવી રીતે કે અશ્વનિ ત્રણ ઉત્તરા ( ઉ–ભાદ્રપદ ઉ–ષાઢા ઉ–ફાલ્ગુન ) અને હસ્તાદિ લઇને ત્રણ નક્ષત્રો, ( હસ્ત, ચિત્રા, અને સ્વાતિ ) અનુ-રાધાથી બે નક્ષત્રો ( અનુરાધા અને જયેષ્ટા ) પૂષ્ય મૃગ શીર્ષ અને રોહણી, એટલા નક્ષત્રો લેવા, પણ મંગળ અને રવિ એ બે વાર લેવા નહિ. પૂર્ણા અને નંદા એ તિથિઓ લેવી સારી છે, પણ વૈધૃત, શૂળ, ગંજ, પરિઘ, વ્યાઘાત, અને વજ, એટલા યોગ સારા નથી. ૯૭

विष्कुंभ व्यति पातकौच न शुभौ योगाः परे शोभनाः ।
शस्त नाग बवा व्हतै तलगिरं युग्मां तिथि वर्जयेतः ॥
मौहूर्तं त्वथ विश्व मष्ट नवमं पंचत्रि रागाद्रिकं ।
श्रेष्टंच द्विसियं तुला वृष घटौ युग्मं धनुः कन्यके ॥९८॥

અર્થ—વૈષ્કુંભ અને વ્યતિપાત એ બે યોગ સારા નથી. વળી પહેલાના શ્લોકમાં નિષેધ કરેલા યોગો સિવા-યના, બીજા સર્વ યોગો સારા છે. તેમજ, કરણમાં નાગ, બવ, તૈતળ, અને ગિર, એ ચાર કરણ સારા છે. પણ યુગ્મ ( ક્ષય તિથિ હોય અથવા વૃદ્ધિ તિથિ હોય એક તિથિમાં બીજી તિથિ મળી હોય તે વૃદ્ધિ તિથિ) હોય તેને તજવી.

દિવસના એ ઘડીનાં મુહુર્તોમાં તેરમું, આંઠમુ, નવમુ, પાંચમુ, ત્રીજું, છઠું, સાતમું, અને બીજું, એટલા મુહુર્તો સારાં છે. તેમજ તુલા, વૃષ, કુંભ, મિથુન, ધન, અને કન્યા, એટલા લગ્નો પણ સારા છે. ૯૮.

"Aho Shrutgyanam"

## જલાશયનું આરંભ મુહુર્ત.

अनुराधा मघा हस्ते रेवती षुतरात्रये ।
रोहणी युगले पुष्ये धनिष्टाद्धि तये तथा ॥ ९९ ॥
पूर्वापाढा श्रिदेमेच शुभे मासे शुभे दिने ।
वापीकुप तडागाना मारंय कथितो बुधैः ॥ १०० ॥
रविवारे जल नास्ति शोये पूर्ण जलं भवेत ।
वालुका भोमवारे तु बुधे जलं भवेत् ॥ १०१ ॥
गुरौच मधुरं तोयं शुक्रे क्षारं प्रजायते ।
शनैश्वरे जलं नास्ति कीर्तितं वारजं फलम ॥ १०२ ॥

અર્થ—અનુરાધા, મઘા, હસ્ત, રેવતી, ત્રણે ઉત્તરા, રોહણી, મૃગશીર્ષ, પૂષ્ય, ધનિષ્ટા, શતભિષા, અને પૂર્વાષાઢા આ નક્ષત્રોમાં શુભ માસમાં શુભ દિવસમાં વાવ, કુવા, તળાવ વગેરે જળાશયોનો આરંભ કરવો.

રવિવારે જળાશયનો આરંભ કરે તો જળ નીકળે, સોમવારે પૂર્ણ જળ નીકળે, મંગળવારે રેતી નીકળે બુધવારે બહુ જળ નીકળે, ગુરૂવારે મીઠુ જળ નીકળે શુક્રવારે ખારૂં જળ નીકળે, અને શનિવારે જળ નીકળે નહિ. ૯૯ ૧૦૦–૧૦૧–૧૦૨

## કુપચક્ર.

सजल खण्ड जले सजला जले शुभ जलं लवणंच शिला जलं ।
लवण मुष्ण करादिन भावधि नव फलानिविदु स्त्रि तयो
डुभिः ॥ १०३ ॥

"Aho Shrutgyanam"

સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને પ્રથમ ત્રણ નક્ષત્રમાં સજળ, બીજા ત્રણ નક્ષત્રમાં ખંડજળ, ત્રીજા ત્રણ નક્ષત્રમાં જળ, ચોથા ત્રણ નક્ષત્રમાં નિર્જળ, પાંચમાં ત્રણ નક્ષત્રમાં ઉત્તમ જળ, છઠ્ઠા ત્રણ નક્ષત્રમાં ખારૂં જળ, સાતમાં ત્રણ નક્ષત્રમાં કાંકરી વાળું જળ, આઠમાં ત્રણ નક્ષત્રમાં ઉત્તમજળ, અને નવમાં ત્રણ નક્ષત્રમાં ખારૂં જળ નીકળે. ૧૦૩

## સ્થંભ ચક્ર.

सूर्याधिष्टित भद्वय प्रथमतो मध्ये तथा विंशति ।
स्तंभाग्रेरस संख्या या मुनिवरै रुक्तो मुहूर्तं शुभः ॥
स्तंभाग्रेमरणं भवेद गृहपते मूले धनार्थं क्षयो ।
मध्ये चैवतु सर्वं सौख्य मतुलं प्राप्नोति कर्ता शुभम्
॥ १०४ ॥

અર્થ—સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને ક્રમથી પ્રથમ બે નક્ષત્ર સ્તંભના મૂળમાં, તેનું ફળ ધનક્ષય, બીજા વિસ નક્ષત્ર સ્થંભના મધ્યમાં, તેનું ફળ સર્વ સુખકારક અને ત્રીજા છ નક્ષત્ર સ્તંભના મધ્યમાં, તેનું ફળ મરણ જાણવું. જે નક્ષત્રોમાં શુભ ફળ આવે તેજ નક્ષત્રોમાં સ્તંભા રોપણ શુભ છે. ૧૦૪

## કલસ ચક્ર.

प्रवेशः कलशोऽर्कक्षात् पंच नागाष्ट छ् क्रमात् ।
अशुभंच शुभंज्ञेम शुभंच शुभं तथा ॥ १०५ ॥

"Aho Shrutgyanam"

અર્થ—સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને પ્રથમ પાંચ નક્ષત્ર અશુભ, બીજા આઠ નક્ષત્ર શુભ, ત્રીજા આઠ નક્ષત્ર અશુભ, ચોથા છ નક્ષત્ર શુભ જાણવા આ કળશ ચક્ર જોઇને ગૃહ પ્રવેશ કરવો. ૧૦૫

## ઘર આરંભના-લગ્ન તથા ગૃહ.

द्वयंगे वा स्थिर भेच सौम्य सहिते लग्ने शुभै वींक्षिते ।
सौम्ये विर्यं समन्वितै श्वदश मै निर्माण माहु बुंधाः ॥
नैर्वांघि नव केद्रगैः सुफलदं पापैस्त्रि षष्टायगैः ।
क्रूरोह्यष्ट मंसंस्थितोपि मरणं कर्तुर्विंध ते तरां ॥ १०६ ॥

અર્થ—દ્વિ સ્વભાવ લગ્ન અથવા સ્થિર લગ્ન વિષે સોમ્ય ગૃહ પડયા હોય, અથવા તેવા લગ્ન ઉપર શુભ ગૃહની દૃષ્ટિ હોય, વળી દશમાં સ્થાનમાં સૌમ્યગૃહ બળવાન હોય તો, એવા વખતે ઘરનો પ્રારંભ કરવો. તેમજ પાંચમા ભવનમાં તથા બીજા ભવનમાં અને કેન્દ્ર સ્થાનમાં એટલે ઠેકાણે શુભ ગૃહ બળવાન હોય તો સારૂં ફળ આપે. માટે તેવા વખતે ઘરનો પ્રારંભ કરવો ત્રીજા, છઠ્ઠા અને અગીયારમાં ભવનમાં પાપગૃહ હોય તો પણ શુભ ફળ આપે પરંતુ ઘરના પ્રારંભના ક્રુર ગૃહ આઠમાં ભાગમાં પડયો હોય તો તે ઘરના સ્વામીનું મૃત્યુ કરે. ૧૦૬

## દિશાઓના કાળની સમજ.

रवे उत्तरे वाव्य दिशाच शोमे भोमे प्रतिश्चाब्रुध नैऋतस्य ।
याम्यां गुरु वन्हि दिशाच शुक्रे शनिज पूर्णे प्रवदतिकाल ॥१०७॥

"Aho Shrutgyanam"

અર્થ—રવીવારના દિવસે ઉત્તર દિશામાં કાળ રહે છે. ને સોમવારે વાવ્ય કોણમાં કાળ રહે છે. મંગળવારે પશ્ચિમ દિશામાં કાળ રહે છે. બુધવારે નૈરૂત્ય કોણમાં કાળ રહે છે. ગુરૂવારે દક્ષિણ દિશામાં કાળ રહે છે. શુક્રવારે અગ્નીકોણમાં કાળ રહે છે. શનીવારે પૂર્વ દિશામાં કાળ રહે છે. એ રીતે સાતવારોમાં સાત દિશાએ ફરે છે.

ઈશાન કોણમાં કોઈ દહાડો કાળ નહિ, માટે જે દિશામાં કાળ હોય તે દિશાનું ઘરનું બારણું મુકવું નહિ. ઘર પ્રવેશ પણ ન કરવો તથા સામાકાળે ગામ પણ ન જવું. ને સામા કાળે કોઈ શુભ કામ કરવું નહિ–૧૦૭

## કમાડ ચક્ર.

कृता कराब्धि युग्म राम मंतकश्च वारिधिः ।
करौ समुद्र सुर्य भाद्दि नर्क्षके फलंम वदेत् ॥
धनागमं विनाश सौख्य बंधनं मृतिः क्षतिः ।
शुभंच रोग सौख्य दं शुभं कपाटचक्रयोः ॥ १०८

અર્થ—સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણી પ્રથમ ચાર નક્ષત્ર ધનાગમ કરે, બીજા બે નક્ષત્ર વિનાશ કરે, ત્રીજા ચાર નક્ષત્ર સુખકારક જાણવા. ચોથા બે નક્ષત્ર બંધનકારક જાણવા, પાંચમા ત્રણ નક્ષત્ર મૃત્યુકારક જાણવા, છઠા બે નક્ષત્ર ક્ષયકારક જાણવા. સાતમા ચાર નક્ષત્ર શુભકારક જાણવા. આઠમા બે નક્ષત્ર રોગકારક જાણવા, અને નવમાં ચાર નક્ષત્ર સુખકારી જાણવા આ ચક્ર કમાડ ચડાવવાનું છે તે શુભ જાણીને ચડાવવા–૧૦૮.

"Aho Shrutgyanam"

## ઘરનો આરંભ તથા પ્રવેશ.

सिध्यै गृहारंभ सुशंति वृद्धा यथोदिते मासि वलक्ष पक्षे ।
शशांक वीर्ये सुदिने निमिते शुभे रवोसौम्य गते मवेशं ॥१०९॥

અર્થ—શાસ્ત્ર વિષે કહેલા માસમાં શુકલ પક્ષમાં ચંદ્રમાંના બળમાં સારા દિવસે અને સારા શુકન ઉત્તરાયણના સૂર્યમાં ઘરનો આરંભ અને ઘર પ્રવેશ કરવાનું કહ્યું છે–૧૦૯

## માસનું સારૂં અગર ખોટું ફળ.

चैत्रे चोक करंविद्यात् वैशाखेच धनागमं ।
ज्येष्टे गृह पिडयंते आषाढे पशुनाशनमं ॥११०॥
श्रावणे धन वर्धंच शुन्यं भाद्रपदेभवेत् ।
कल हंचाश्विनि मासे भर्तुं नाशंच कार्तिके ॥१११॥
मार्गशीर्षे धनं माप्ति पौषेच काम संपदा ।
माघे अग्नि भयं कुर्यात् फाल्गुने श्री उत्तमा ॥११२॥

અર્થ—ચૈત્ર માસમાં ઘરનો આરંભ તથા પ્રવેશ કરવામાં આવે તો, શોક ઉત્પન્ન કરાવે. વૈશાખ માસમાં તેમ કરવામાં આવે તો ધનની પ્રાપ્તિ થાય. જેઠ માસમાં ગૃહ પીડા થાય, અશાઢ માસમાં પશુનો નાશ થાય, શ્રાવણમાસમાં ધનની વૃદ્ધિ થાય, ભાદ્રપદમાં ઘર શૂન્ય રહે, આસો માસમાં કલેશ થાય, કાર્તિક માસમાં ભાઈનો નાશ થાય, માગશરમાં કરવામાં આવે તો ધનની પ્રાપ્તી થાય, પોષ માસમાં કાર્ય સફળ થાય, માઘ માસમાં અગ્નિનો

"Aho Shrutgyanam"

ભય થાય. અને ફાગણ માસમાં કરવામાં આવે તો લક્ષ્મીની વૃદ્ધિ થાય-૧૧૦-૧૧૧-૧૧૨.

## દેવાલયાદિ પ્રતિષ્ટા મુહુર્ત.

प्रासामरयोः कार्या प्रतिष्टा चोत्तरायणे ।
तथाजलाशयारा प्रोत्सर्गः शस्तोविचैत्रके ॥११३॥
शुक्ल पक्षे नुरा पांत्ये पुनर्भे रोहिणी मृगे ।
श्रवत्रयो त्तरा हस्तत्रये पुष्ये विधौशुभे ॥११४॥
सोमो बृहस्पति श्चैव शुक्र श्चैव तथा बुधः ।
एतो वाराः शुभाः प्रोक्ता प्रतिष्टा यज्ञ कर्मणि ॥११५॥

અર્થ ઉતરાયણના સૂર્ય, ચૈત્ર માસ વગર બીજા મહિનાઓ, શુકલ પક્ષ, અનુરાધા, રેવતી, પુનર્વસુ, રોહણી, મૃગશીર્ષ, શ્રવણ ધનષ્ટિા, શતભિષા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરા ષાઢા, ઉત્તરા ભાદ્રપદ, હસ્ત ચિત્રા, સ્વાંતી, અને પુષ્ય આનક્ષત્રો, તથા શ્રેષ્ટ ચંદ્રમાંને દિવસે દેવસ્થાન જળાશય, અને બગીચાની પ્રતિષ્ટા શ્રેષ્ટ છે. સોમવાર ગુરૂવાર, શુક્રવાર અને બુધવાર આ વારો દેવસ્થાન, જળાશય અને બગીચાના પ્રતિષ્ટાના કામમાં શુભ ફળ આપનારા છે-૧૧૩-૧૧૪-૧૧૫.

## દ્વાર શાખા ચક્ર.

अर्काच्च त्यारि ऋक्षाणि ऊर्ध्वेचैव प्रदापयेत् ।
द्वौ द्वौ कोणेषु दद्याद्वै शाखा यांच चतुश्चत ॥११६॥

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



વિશ્રામ ઘાટ-મથુરા (ફોટો : પંચાણભાઈ વારા-જામનગર)

"Aho Shrutgyanam"

अधच त्रीणि देयानि मध्ये चत्वारिं दापयेत् ।
उर्ध्वं तुलभते राज्य मुद्रा संकोण केषुच ॥११७॥
शाखायां लभ्यते लक्ष्मी मध्ये राज्य मर्दतथा ।
अधस्थे मरण मोक्तं द्वारचक्रं प्रकीर्तिता ॥११८॥

અર્થ—નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને પ્રથમ ચાર નક્ષત્ર ઉર્ધ્વ ભાગમાં તેનું ફળ રાજ્ય પ્રાપ્તિ, દ્વારના ખુણા ચાર તો હરેક ખુણામાં બબ્બે નક્ષત્ર તેનું ફળ ઉદ્વાસ દ્વારની શાખા બે તો બંન્નેના નક્ષત્ર ચાર તેનું ફળ લક્ષ્મિ પ્રાપ્તિ દ્વારની મધ્યે ચાર નક્ષત્ર, તેનું ફળ રાજ્ય પ્રાપ્તિ, નીચે ત્રણ નક્ષત્ર તેનું ફળ મરણ આ પ્રકારે દ્વાર ચક્ર જાણવું. ૧૧૬. ૧૧૭. ૧૧૮.

## શુભ-તિથિ.

तृतीया पंचमी चैव सप्तमी नवमी तथा ।
एकादशो त्रयोदशो एते तिथि शुभा वहा ॥११९॥

અર્થ—પાંચમ, ત્રીજ, સાતમ, નોમ, એકાદશી અને તેરશ એટલી તિથિ શુભ છે. ૧૧૯.

## વત્સચક્ર.

## ગૃહારંભ વખતે કઈ રાશી લેવી તેની સમજ.

कन्य तुला वृश्चिकेषु सुनग्रहं पूर्व सन्मुखं ।
धने च मकरे कुंभे नकुर्या दक्षिणा मुखं ॥१२०॥
मीने मेषे वृषे चैव पश्चिमां दिशि दोषित् ।
मिथुने कर्कटे सिंहे न कुर्या दक्षिणा मुखं ॥१२१॥



"Aho Shrutgyanam"

मिथुने कर्कटे सिंहे न कुर्यात उत्तरा मुखं
सिंहे चैव तथा कुंभे वृश्चिके वृषभो तथा ॥१२२॥
नैव दोषो भवे तत्र कुर्यात् चतुर्दिशा मुखं ।
शुभा शुभ गृहाणांच प्रासादानां विशेषत: ॥१२३॥

અર્થ—કન્યા, તુલા અને વૃશ્ચિક એ ત્રણ રાશીના સૂર્યમાં પૂર્વ દિશાના દ્વારવાળું ઘર કરવું નહિ. ધન, મકર, અને કુંભ એ ત્રણ રાશીમાં દક્ષિણ દિશાના દ્વારવાળું ઘર કરવું નહિ મીન, મેષ અને વૃષ એ ત્રણ રાશીમાં પશ્ચિમ દીશાના દ્વારવાળું ઘર કરવું નહી. મીથુન, કર્ક અને સિંહ એ ત્રણ રાશીમાં ઉત્તર દીશાના દ્વારવાળું ઘર કરવું નહી.

સિંહ, કુંભ, વૃશ્ચિક અને વૃષ એ ચાર રાશીની સૂર્યની સંક્રાતિમાં પૂર્વ પશ્ચિમ ઉત્તર અને દક્ષિણ એ ચારે દિશાએ દ્વાર મુકે તો તેમાં કોઈ પ્રકારનો દોષ આવતો નથી એ પ્રમાણે ઘરના માટે શુભા શુભ જોવું અને પ્રાસાદને માટે ખાસ કરીને જોવું (પ્રાસાદ એટલે દેવ મંદિર અને રાજાના મહેલને પણ પ્રાસાદ કહ્યો છે) ૧૨૦ ૧૨૧ ૧૨૨-૧૨૩.

## વત્સ ચક્રની સમજ.

नन्नइतिन्नि पुव्वेयणा इति यदा हिणे भवे वच्छो ॥ प्रच्छिम भिणा इतियं उत्तर मिहुणा इंतियणेयं ॥२८॥ गिहभूमि सत्त-णायं पण ५ दह १० तिहि १५ तीस ३० तिहि १५ दश १० द्ध ५ कमेइयं दिण संचकिद्धि सिउसरी पुंछस मंसि वच्छा टिई ॥१९॥ १२४॥

અર્થ—મિથુન, કર્ક, અને સિંહ, એ ત્રણ રાશીના

"Aho Shrutgyanam"


સૂર્યમાં (જ્યેષ્ટ, અશાડ અને શ્રાવણમાં) વત્સ ઉત્તર દિશા ભોગવે છે તે ઉત્તરનો ભાગ ઇશાન અને વાયવ્ય કોણ વચ્ચેનો છે તે ભાગમાં સાત વિભાગો કર્યા છે તેમાં પહેલામાં વત્સ પાંચ દિવસ રહે છે બીજામાં દશ દિવસ, ત્રીજામાં પંદર દિવસ રહે અને ચોથા વિભાગમાં ત્રીસ દિવસ સુધી રહે છે. ચોથો વિભાગ દિશાનું મધ્યબિંદુ ગણાય છે અને તે પછી પંદર દિવસ પાંચમાં વિભાગમાં દશ દિવસ છઠ્ઠામાં અને પાંચ દિવસ સાતમા વિભાગમાં વત્સ રહે છે એ રીતે હરેક દિશામાં વત્સ રહે છે જે વખતે દિશાના મધ્યબિંદુમાં વત્સની પાછળ દ્વાર મુકવા નહિ અને ઉતાવળના પ્રસંગે દિશાના મધ્યબિંદુથી ડાબી અથવા જમણી તરફ વત્સ મુકવાનું મુહુર્ત કરવું એજ રીત ચારે દિશાની છે. ૧૨૪

## વત્સ કોષ્ટક.

### ગૃહારંભ કઇ રાશિના સૂર્યમાં કરવાથી સારૂં અગર ખોટું ફળ સમજવાનું કોષ્ટક.

| રાશિ | ફળ |
|---|---|
| સિંહ. કર્ક. મકર. કુંભ ૪ | પૂર્વ તથા પશ્ચિમ દિશામાં જે ગૃહનાં દ્વાર હોય તે ગૃહનો આરંભ આ, રાશિના સૂર્યમાં કરવો સારો છે. |
| તૂલા, મેષ, વૃશ્ચિક, વૃષ ૪ | ઉત્તર, તથા દક્ષિણ દિશામાં જે ગૃહનાં દ્વાર હોય તે ગૃહનો આરંભ આ રાશિઓના સૂર્યમાં કરવો સારો છે. |
| કન્યા. મીન ધન, મિથુન ૪ | આ રાશિના સૂર્યમાં, પૂર્વ, પશ્ચિમ ઉત્તર અને દક્ષિણ એ ચારે દિશાના દ્વારવાળાને ગૃહારંભ કરવામાં કોઈ પ્રકારનો દોષ નથી. |

"Aho Shrutgyanam"



## વાર પરત્વે રાહુ જોવાની રીત.

રવિવારના દિવસે નૈરૂત્ય કોણમાં, સોમવારે ઉત્તર દિશામાં મંગળવારે અગ્નિ કોણમાં બુધવારે પશ્ચિમ દિશામાં, ગુરૂવારે ઇશાન કોણમાં શુક્રવારે દક્ષિણ દિશામાં, અને શનિવારે વાયવ્ય કોણમાં રાહુ રહે. છે જે દિશામાં રાહુ હોય તે દિશામાં પરદેશ જવું નહિ ગૃહ પ્રવેશ કરવો નહિ દ્વાર મુકવું નહિ.

"Aho Shrutgyanam"

## ત્રણ માસ પરત્વે રાહુ જોવાની રીત

માગશર, પોષ અને માઘ એ ત્રણ માસમાં રાહુ પૂર્વ દિશામાં રહે છે. ફાગણ, ચૈત્ર અને વૈશાખ એ ત્રણ માસમાં રાહુ દક્ષિણ દિશામાં રહે છે જ્યેષ્ટ, અષાડ અને શ્રાવણ એ ત્રણ માસમાં રાહુ પશ્ચિમ દિશામાં રહે છે. ભાદરવો આસો અને કારતક, એ ત્રણ માસમાં રાહુ ઉત્તર દિશામાં રહે છે એટલે, જે દિશામાં રાહુ હોય તે દિશાનું શુભ કામ કરવું નહિ. ૧૨૪

## ગૃહારંભ મુહુર્ત.

मृगे धातृचित्राऽनु राधो त्तरा रात्न्ये धनिष्ठा कर स्वाति
पुष्याम्बु पेषु ।
नभो मागे वैशाख पौषे तपस्ये सन्मदे शुभाहेगृहारंभणंसत् ।
॥१२५॥

અર્થ—મૃગશીર્ષ, રોહણી, ચિત્રા, અનુરાધા, ઉ-ફાલ્ગુની, ઉ-ષાઢા, ઉ-ભાદ્રપદ, રેવતી, ધનિષ્ઠા, હુસ્ત, સ્વાંતી, પૂષ્ય, અને શતભિષા. આ નક્ષત્રો, અને શ્રાવણ, માગશર, વૈશાખ, પોષ, અને ફાગણ આ મહિનાઓ, તથા શનિવાર, સહિત શુભ ગૃહ (ચં-બુ-ગુ-શુ)ના વારે ગૃહારંભ શ્રેષ્ટછે. ૧૨૫.

## મોભ ચક્ર.

मूले मोभे त्रिऋक्षं गृह पति मरणं पंचगर्भे सुखस्यात् ।
द्ध्ये देयाष्ट ऋक्षं धनसुत सुखदं पुच्छ देशेऽष्टहानि ॥

"Aho Shrutgyanam"

**पश्चाद्देयं त्रिऋक्षं गृहपति सुखदं भाग्य पुत्रार्थं देयं ।**
**सूर्यक्षा चान्द्र ऋक्षं प्रतिदिन गणये न्मोभचक्रं विलाक्य ॥१२६॥**

અર્થ—સૂર્ય નક્ષત્રથી દિન સુધીને પ્રથમ ત્રણ નક્ષત્ર છેડા મૂળમાં તેનું ફળ મૃત્યુ, બીજા પાંચ નક્ષત્રમાં તેનું ફળ સુખ. ત્રીજા આઠ નક્ષત્ર મધ્યમાંતેનું ફળ ધન, સુખ અને પ્રજા, ચોથા આઠ નક્ષત્ર પછવાડે તેનું ફળ મિત્રનાશ, અને પાંચમાં ત્રણ નક્ષત્ર આગળના ભાગમાં તેનું ફળ ઘર બનાવનારને સુખભાગ્ય, પુત્ર, ધન વગેરે મળે. આવી રીતે મોભચક્ર જોઇને મોભા રોપણ કરવું ॥ ૧૨૬ ॥

## દિશા સાધન.

**रात्रोदिक साधनं कुर्यात् दीपसूत्र ध्रुवा त्तथा ।**
**समेभूमि प्रदेशे जु शंकुर्मि दिवसेऽथवा ॥१२७॥**

અર્થ—પાંચ શંકુ તથા ખીલીચો તૈયાર કરાવવી, રાત પડે ત્યારે દીવાની અગ્ર શીખા ધ્રુવ તરફ સિધી લીટીએ રાખીને (શુભ મૂહુર્તમાં) ઉત્તર દક્ષિણ તથા મધ્યમાં શંકુ રોપણ કરવું. એ પ્રમાણે ઉત્તર દક્ષિણ નિશ્ચય કરીને ઉપરથી પૂર્વ પશ્ચિમમાં શંકુ રોપણ કરવું, દેવાલયની જગ્યા સાફ સરખી હોવી જોઇએ, ઉંચી નીચે હોવી જોઈએ નહિ.૧૨૭.


## બીજા પ્રકારનું દિશા સાધન તથા ફળ.

**प्राची मेश तुला रवी उदय ते स्या द्वैष्णवे वन्हिमे ।**
**चित्रा स्वातिभ मध्यगानि गदिता प्राचो बुधैः पंचधा ॥**

"Aho Shrutgyanam"

प्रासादं भवनं करोति नगरं दिग्मूढ मर्थक्षयं ।
हर्म्यें देवं गृहे पुरेच नितरा मायुर्घनं दिग्मुखे ॥१२८॥

અર્થ—જે દિશામાં મેષ અને તુલા રાશીનો સૂર્ય ઉગે તથા શ્રવણ અને કૃતિકા નક્ષત્રો ઉગે તેજ પૂર્વ દિશા છે




ધ્રુવ મર્કટી.

"Aho Shrutgyanam"

એમ માનવું. તથા ચિત્રા અને સ્વાતી એ બે નક્ષત્રોનો જે મધ્ય ભાગ છે, તેજ પૂર્વ દિશા સમજવી. એ રીતે પાંચ પ્રકારે પૂર્વ દિશા પંડિતોએ બતાવી છે, તે દિશા સાંધી ઘર તથા પ્રાસાદ અને નગર બાંધવામાં આવે તો, આયુષ્ય અને ધનની વૃદ્ધિ થાય. પણ દિગમૂઢ અથવા દિશાના ભાગમાં ન રહેતાં વાંકુ ચુંકુ ઘર, પ્રાસાદ કે નગર રચાય તો આ-યુષ્ય અને ધનનો ક્ષય થાય. ૧૨૮

નોંધ—ઉપરની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ધ્રુવ મર્ક-ટીમાં ધ્રુવાદિ લઇને એકંદર "૮" તારાઓનો મત્સ્ય થયેલો છે તેમાં નિશાની "ધ" છે તે ધ્રુવનો તારો છે અને "અ" તથા "ઇ"એ બે તારાઓ ધ્રુવ રક્ષક છે, અને નિશાની "ઇ" વાળા તારાથી ધ્રુવ મત્સ્ય પુરો થાય છે. ધ્રુવ તથા મર્કટી ઓળખવાને સપ્તર્ષિની જરૂર પડે છે, તે આકૃતિમાં બતાવ્યા છે તેના નામ નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| નીશાની | "ક" | વાળા તારાનું નામ | કૃતુ |
| ,, | ખ | ,, | પૂલહ |
| ,, | ગ | ,, | પુલસ્ત્ય |
| ,, | ઘ | ,, | અત્રી |
| ,, | ઙ | ,, | અંગીરા |
| ,, | ચ | ,, | વસિષ્ટ |
| ,, | છ | ,, | મરિચી |

આ રીતે અનુક્રમે સાત તારાઓ તેમાં નિશાની "ક" તથા "ખ" વાળા કૃતુ અને પુલહ એ બે તારાની સીધી લીટીમાં ધ્રુવ રહેલો છે. એ પ્રમાણે આકૃતિમાં સમ-

"Aho Shrutgyanam"

જીને આકાશમાં જોવાથી ધ્રુવ તથા ધ્રુવ મર્કટી સરલતાથી ઓળખાશે.

ધ્રુવ મર્કટીમાંનો નિશાની "ઈ"વાળો તારો ધ્રુવની ઉપર તથા નીચે એક સુત્રમાં આવે, તે વખતે ધ્રુવ ઉત્તરમાં સ્થિર માનવો, એટલે તે વખતે તે સાધવો. અથવા સપ્ત-ર્ષિમાં નિશાની "ક" તથા "ઘ" કૃતુ અને અત્રી એ બે તારાઓ એક નીચેના ભાગમાં તથા બીજો ઉપરના ભાગમાં એવી રીતે ભુંગળી જોઈ ભુંગળીની આગલી મોવાળે ઓળંભો ઉતારી, ખુટી મારવી, અને ભુંગળીની આગલી મોવાળે દિવો ધરવો તેનું ચાંદરડું ભુંગળીની પાછળની મોવાળે જમીન ઉપર પડશે, તે ચાંદરડા ઉપર ખુંટી મારવી. એટલે ઉત્તર દક્ષિણની સીધી લીટી થશે એ સીધી લીટીની કંપાસથી ચાચરી પાડવી, એટલે કાટખુણો પૂર્વ તથા પશ્ચિમ દિશાની લાઈ-નનો બંધાશે.

બીજી રીત નીશાની "પ"વાળો તારો લાલ દેખાય તે સ્વાંતી છે, અને "ફ"વાળો તારો લીલો દેખાય તે ચિત્રા છે, એ બંન્ને તારાઓ પૂર્વમાં ઉગે છે. જે વખતે એ તારા-ઓ ઉગે તે વખતે એક સીધી નળી લઈને, પૃથ્વી ઉપર આશરે દોઢ ગજ ઉંચી ગોઠવવી. અને તે નળીમાં જોવું જ્યારે તેમાં સ્વાંતીનો તારો બરાબર દેખાય, ત્યારે તે બંન્ને છેડાઓના મોંની વચમાં ઓળંભેથી પૃથ્વી ઉપર ચિન્હ કરવા. અને તે પ્રમાણે ચિત્રાના તારાને પૃથ્વી ઉપર જોઈને ચિન્હ કરવા, દરેક ચિન્હ ઉપર પૂર્વ અને પશ્ચિમ દિશામાં લીટીઓ કરવી, તે બંન્ને લીટીઓ પશ્ચિમ દિશામાં નિશાની

"Aho Shrutgyanam"

'ટ' અને "ગ" બન્ને તારાની લીટીઓ કપાશે. તે "દ" અને 'જ' બિંદુથી બે ગોળ દોરવા તે બે ગોળ એક એકની નિશાની "મ" અને "ડ" આગળ છેદશે અને મત્સ જેવી આકૃત્તિ થશે. તે મત્સની અણીઓ 'મ'–'ટ' અને 'ઝ' બિંદુ ઉપર દોરશો તો ઉત્તર અને દક્ષિણ દિશા થશે. ૧૨૮

## દેવાલયમાં ચૌદ વખત વાસ્તુ કરવું જોઇએ.

**सुम्यारंभे तथा कुंर्भ शिलायां सुत्र पातने ।**
**स्तंभो छाये खुरो द्वारे पटे पद्मशिला शुच ॥१२९॥**
**शुकनासेच पुरुषे घंटायां कलशे तथा ।**
**ध्वजो छाये प्रतिष्ठायां शांति कानि चतुर्दश ॥१३०॥**

અર્થ—(૧) ખાત કરતાં (૨) કુર્મશિલા સ્થાપન કરતાં (૩) સુત્ર છોડતાં (૪) ખરો માંડતાં (૫) થાંભલો ઉભો કરતાં (૬) દ્વાર શાખા રોપતાં (૭) ભારવટ ચડાવતાં (૮) પદ્મશિલા ચોડતાં (૯) શુકનાશ ચોડતા. (૧૦) દેવજા પુરૂષ બેસાડતાં (૧૧) આંબળ સારો મુકતા (૧૨) ઈંડુ ચડાવતાં (૧૩) દેવજા ચડાવતાં (૧૪) પ્રતિષ્ટા કરતાં આ રીતે ચૌદ કામ કરતી વખતે વાસ્તુ શાંતિ જરૂર કરવી જોઈએ, જો તેમ ન કરે તો કામ કરાવનાર દુઃખી થાય છે. ૧૨૯–૧૩૦

## ઘર માટે પાંચ વખત વાસ્તુ જરૂર કરવુ.

**भवनपुर सुराणां सुत्रणे पूर्व मुक्तः**
**कथित इह पृथिव्याः शोधनेच द्वितीयः॥**

"Aho Shrutgyanam"

तदन मुखनि वेशे स्तंभ सरोपणे स्याद् ।
भवन वसनकाले पंचधा वास्तुयज्ञः ॥१३१॥

અર્થ—ઘર, નગર, અને પ્રાસાદની ભૂમિને પ્રથમ દોરીવડે ત્રેવડતા (ચારે દિશાએ ખુંટીઓ નાખી જમીન ચોરસાઈ મેળવવા) વાસ્તુ પુજન કરવું (૧) જે વખતે ભૂમિનું શોધન કરવામાં આવે, તે વખતે (૨) શિલા સ્થાપન કરતી વખતે (૩) દ્વાર મુકવામાં આવે ત્યારે (૪) થાંભલો ઉભો કરવામાં આવે ત્યારે (૫) ઘરમાં રહેવા જવાનું હોય ત્યારે વાસ્તુપુજન જરૂર કરવું. ૧૩૧

## વાસ્તુ પૂજન મુહુર્ત.

श्रावश्चाथ वैशाख पौष फाल्गुन स्तथा ।
मासेषु मार्गशीर्षश्च वास्तु कर्मणि शस्यते ॥१३२॥
चित्राशतभिषा स्वाती हस्तः पुष्यः पुनर्वसुः ।
रोहिणी रेवती मूलं श्रवणोत्तर फाल्गुनि ॥१३३॥
धनिष्टा चोतराषाढा तथाभाद्रो त्तरान्विता ।
अश्विनी मृगशीर्षच अनुराधा तथैवच ॥१३४॥
वास्तु पूजन मेतेषु नक्षत्रेषु करोतियः ।
सप्राप्नोतिनरो लक्ष्मी मिति प्राह पराशरः ॥१३५॥

અર્થ—શ્રાવણ, વૈશાખ, પોષ, ફાલ્ગુન, એને માગશર આ મહિનાઓ વાસ્તુ કર્મમાં શુભ છે, ચિત્રા, શતભિષા, સ્વાતી, હસ્ત, પૂષ્ય, પૂનર્વસુ, રોહણી, રેવતી, મૂળ, શ્રવણ, ઉ. ફાલ્ગુની, ધનિષ્ટા, ઉ. षाढा, ઉ. ભાદ્રપદ,

"Aho Shrutgyanam"

અશ્વિની, મૃગશીર્ષ તથા અનુરાધા આ નક્ષત્રોમાં જે પુરૂષ વાસ્તુ પૂજન કરે તે પુરૂષ લક્ષ્મી પામે એમ પારાસર મુની કહે છે. ૧૩૪–૧૩૫

**धन मिनस्थिते सूर्यें गुरो शुक्रेऽस्तगे विधौ ।**
**वैध तेच व्यतिपाते दग्धायांन कदाचन ॥१३६॥**

અર્થ—ધન અને મીન રાશીના સૂર્ય હોય ત્યારે અને ગુરૂ શુક્રને ચંદ્રનો અસ્ત હોય ત્યારે વૈધૃતિ અને વ્યતિપાત યોગમાં અને દગ્ધા તિથિમાં વાસ્તુ કરવો નહિ. ૧૩૬

**દેવ, આચાર્ય અને બ્રાહ્મણ શિલ્પીને પૂજવાનું ફળ.**

**पूज्या सौ कुल देवता गणपतिः क्षेत्राधिनाथा स्तथा ।**
**वास्तुर्दिक्पतयः प्रवेश समये प्रारंभणे धीमता ॥**
**आचार्यं द्वजशिल्पन श्च त्रिधिव त्संतोषये च्छिल्पिनं**
**वस्त्रालंकरणै गृहं प्रविशतः सौख्यं भवेत्सर्वदा ॥१३७॥**

અર્થ—ઘરમાં પ્રવેશ કરતી વખતે અને ઘરના પ્રારંભ વખતે, બુદ્ધિમાન પુરૂષે કુળ દેવતા, ગણપતિ, ક્ષેત્રના સ્વામીઓ, વાસ્તુ દેવતા અને દિગ્પાળો, એ વગેરે દેવતાઓને પૂજવા. આચાર્ય, બ્રાહ્મણ શિલ્પી વગેરેને વિધિ સહિત સંતોષવા, તેમજ બીજા કામ કરનાર શિલ્પી વગેરેને વસ્ત્ર વગેરે આપવા, એ રીતે કામ કરનાર બધાને સંતોષવાથી ઘર ધણી નિરંતર સુખી થાય.

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૬ ઠું.

### વાસ્તુ પૂજનનું ફળ.

प्रासादे भवने तडाग खनने कुपेच वाप्यांवने ।
जीर्णोद्धार पुरेषु याग भवने प्रारंभ निर्वत्तने ॥
वास्तोःपूजनकं सुखायक थितं पूजाविना हानये ।
पादौ रक्ष सिकं शिवे ग्निकरयोः संधि श्वकोणाद्वये ॥१३८॥

અર્થ—પ્રાસાદ, ઘર, તળાવ, કુવા, વાવ, બાગવૃક્ષો, જીર્ણોદ્ધાર, નગર અને યજ્ઞ વગેરે કાર્યના આરંભ વખતે અને સમાપ્તિ વખતે વાસ્તુ દેવનું પૂજન કરવાથી સુખ થાય છે, ન પૂજન કરે તો હાનિ થાય છે. વાસ્તુ પુરૂષ ઉંધો સુતો છે, તેના બે પગ નૈરૂત્ય કોણમાં છે એ બંન્ને પગના પગ તળ એક બીજા સાથે જોડેલા છે તેનુ મસ્તક ઈશાન કોણ છે અને હાથ તથા પગોના સાંધાઓ અગ્નિ અને વાયવ્ય કોણમાં છે. ૧૩૮

### વાસ્તુની સમજણ.

क्षेत्रा कृति र्वास्तुरिहार्च नीयणेकांशतो भाग सहस्त्रयुक्तः ।
साधारणो ष्टाष्ट पदोपितेषु चैकाधि काशीति पदस्तथैव ॥१३९॥

અર્થ—પહેલા ઉપર કહેલા ઠેકાણે વાસ્તુને ક્ષેત્રના આકારમાં પૂજવો (જેટલી જમીનમાં ઘર કરવું હોય તેટલી જમીનમાં તેટલા મોટા આકારનો વાસ્તુ કલ્પવો) એક

"Aho Shrutgyanam"

પદથી હજાર પદ સુધીનો વાસ્તુ પૂજવો. તેમાં સાધારણ રીત એવી છે કે, ચોસઠ પદનો અને એકાશી પદનો વાસ્તુ પૂજવો. ૧૩૯

## ક્યાં કેટલા પદનો વાસ્તુ.

**ग्रामे भूपति मंदिरेच नगरे पूज्यश्चतुः षष्टिकै ।**
**रेकाशीति पदैः समस्त भवने जीर्णे न व्ध्यं शकैः ॥**
**प्रासादे तुशतां शकैस्तु सकले पूज्य स्तथा मंडपे ।**
**कूपेषण्नवचंद्र भाग सहिते वाप्यां तडागे वने ॥१४०॥**

અર્થ—વાસ્તુ પૂજન કરવાની રીત એવી છે કે, નગર અને મંદિર વખતે ચોસઠ પદનો વાસ્તુ પુજવો, બીજા સર્વના ઘરમાં એકાશી પદનો વાસ્તુ પૂજવો, જીર્ણોદ્ધાર વખતે ઓગણ પચાસ પદનો વાસ્તુ પૂજવો, બધી પ્રકારના પ્રાસાદ અને મંડપો વખતે સો પદનો વાસ્તુ પૂજવો. કુવા, તળાવ, વાવ અને જંગલ વખતે એકસો છન્નુ પદનો વાસ્તુ પૂજવો. ૧૪૦

## વાસ્તુની દિશાના દેવો.

**इन्द्रोवह्निः पितृपतिः नैऋतो वरुणो मरुत् ।**
**कुबेर ईशः पतयो पूर्वादिनां दिशा क्रमात् ॥१४१॥**

અર્થ—ઇંદ્ર. અગ્નિ, યમ, નિરૃતિ, વરૂણ, વાયુ, કુબેર, શંકર એ આઠ દેવોનું પૂર્વાદિ દિશાથી અનુક્રમે સૃષ્ટિમાર્ગે સ્થાપન કરવું. (પૂર્વ–અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર, અને ઇશાન એ રીતે દિશા અનુક્રમે સમજવી.) ૧૪૧

"Aho Shrutgyanam"

दिक्पालः क्षेत्रपालश्च गणेश श्चंडिका तथा ।
णतेषां त्रिधिवत्पुजा क्रत्वाकर्म समारभेत् ॥१४२॥

અર્થ—દિક્પાળ, ક્ષેત્રપાળ, ગણપતિ, ચંડિકા વગેરે દેવોની વિધિ પ્રમાણે પૂજા કરીને વાસ્તુ કર્મનો આરંભ કરવો. ૧૪૨

### વાસ્તુ કઇ ચીજનો કરવો.

मणि सुवर्ण रौप्येणविद्रुमेण फलेनवा ।
चतु षष्टि पदोवास्तु लिखे द्वापि शतांसकै ॥१४३॥
पिष्टे नवाक्षतैः शुध्वैः ततो वास्तुं समर्चयेत् ।
पूर्वोक्ते न विधानेन बलिपूष्पादि पूजयेत् ॥१४४॥

અર્થ—મણી, સુવર્ણ, રૂપુ, પરવાલાં, ફળ, લોટ, ચોખા વગેરેમાંની કોઇ પણ વસ્તુથી ચોસઠ અથવા સો પદનો વાસ્તુ આગળ જણાવ્યા પ્રમાણે વિધિ કરી વાસ્તુનું પૂજન પૂષ્પ વગેરેથી કરવું. ૧૪૩–૧૪૪

### વાસ્તુ દેવ ઉપર રહેલા દેવોની સંખ્યા.

ईशस्तु पर्जन्य जयेंद्र सूर्याः सत्यो भृशाकाशकएव पूर्वे ।
वह्निश्च पूषावि तथा भिधानो गृहेक्षतः प्रेतपतिःक्रमेण ॥१४५॥
गंधर्व भृगौ मृग पितृसंज्ञौ द्वारस्थ सुग्रीव कपुष्पदंता ।
जलाधिनाथोप्यसुरश्चशेषः सपापय क्ष्मा पिचरोग नागौ ॥
मुख्यश्चभल्लाट कुबेर शैलास्तथैव बांह्येद्यदितिर्दितिश्च ।
द्वात्रिशं देवं क्रम तोर्चनी यास्त्रयो दशैव त्रिदशाश्चमध्ये ॥१४६॥

"Aho Shrutgyanam"

અર્થ—ઈશાન કોણે મહાદેવ, પૂર્વ દિશા વચ્ચેના સાત કોઠાઓમાં પર્જન્ય, જય ઇંદ્ર, સૂર્ય, સત્ય, ભૃશ, અને આકાશ, એ સાત દેવો, અગ્નિકોણમાં અગ્નિ, દક્ષિણ દિશાના મધ્યના સાત કોઠામાં પૂષા, વિતથ, ગૃહક્ષત યમ, ગંધર્વ; ભૃંગ, અને મૃગ એ સાત દેવો, નૈઋત્યકોણે પિતૃદેવ, પશ્ચિમ દિશાના મધ્યના સાત કોઠામાં નંદી, સુગ્રીવ, પુષ્પદંત, વરૂણ, અસુર, શેષ, અને પાપયક્ષ્મા એ સાત, બીજા સાત કોઠાઓમાં નાગ, મુખ્ય, ભલાટ, કુબેર, સૈલ, અદિતિ, અને દિતિ એ સાત દેવોની સ્થાપના કરવી, એ રીતે અનુક્રમે બત્રીસ દેવોની બહારના કોઠામાં પૂજા કરવી (બહારના એટલે સૌથી ઉપરના કોઠામાં) અને મધ્યના કોઠાઓમાં તેર દેવો પૂજવા. ૧૪૫–૧૪૬

## પ્રાસાદ માટે સો પદનો વાસ્તુ કેવી રીતે બનાવવો.

**ब्रह्मा कलांशो वसुतोऽर्यमाद्याः कोणेषु ब्राह्मे पिचसार्द्धभागाः**
**विधातृ कोणे द्वियपदास्त याष्टौ शेषाः सुराएक पदाः**
**शतांशे ॥१४७॥**

અર્થ—સો પદના વાસ્તુમાં, સોળ પદના બ્રહ્મા. તથા અર્યમાદિ ચાર દેવો, આઠ આઠ પદના બ્રહ્માના બહારના ખુણામાં આઠ દેવો બે બે પદના, ખુણાથી ઉપરના બહારના ખુણામાં આઠ દેવો દોઢ દોઢ પદના, અને બાકીના દેવતાઓ એક એક પદના છે. ૧૪૭

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



મોઢેરાનું ખંડિત સૂર્યમંદિર

"Aho Shrutgyanam"

## ઘર તથા પ્રાસાદ માટે ચોસઠ પદના તથા એકાશી પદના વાસ્તુ.

ब्रह्मावेद पदस्तुतेन समका देवार्यं माद्याअमी
कोणे ष्टौ द्विपदास्तथाष्ट मरुतः केणार्द्ध भागांद्वहिः ॥
शेषा एकपदाः सुराश्च कथिता वेदर्तु कोष्ट नव
ब्रह्मा षट् पद तौर्यं मादि विबुधाइशा दय श्चैकशः ॥१४८॥

અર્થ—ચોસઠ પદના વાસ્તુમાં ચાર પદના બ્રહ્મા, તથા અર્યમાદિ ચાર દેવતાઓ પણ ચાર ચાર પદના, ખુણામાંના આઠ દેવતાઓ બે બે પદના, બહારના આઠ દેવતાઓ અર્ધા અર્ધા પદના, અને બાકીના દેવતા એક એક પદના ગણવા. એકાશી પદના વાસ્તુમાં નવ પદનો બ્રહ્મા તથા અર્યમાદિના દેવતાઓ છ છ પદના, બહારના ખુણાના આઠ દેવતાઓ અર્ધા અર્ધા પદના, અને બાકી રહેલા દેવતાઓ એક એક પદના ગણવા. ૧૪૮

### કેવી રીતે પૂજવા.

प्रागर्यमादक्षिणतो विवस्वांन्मैत्रो परे सौम्य दिशो विभागे ।
पृथ्वी धरोर्च्यं स्त्वथ मध्य तोपि ब्रह्मार्चनीयः सक्लेषुनूनम्
॥१४९॥


आपापवत्सौ शिवकोण मध्ये सावित्र कोग्नौ सविता तथैव ।
कोणे महेंद्रथ जय स्तीये रुद्रो निलेर्च्यो प्यथ रुद्रदासः ॥१५०॥
ईशान बाह्ये चरकी द्वितिये विदारिका पूतनिका तृतीये ।
पापाभिधा मारुत कोण केतु पूज्याः सूरा उक्त विधान कैस्तु
॥ १५१ ॥



"Aho Shrutgyanam"

ઉપરના કોઠાઓથી નીચેના કોઠાઓની પૂર્વમાં, અર્યમાં, દક્ષિણ દિશામાં વિવસ્વાન (સૂર્ય) પશ્ચિમમાં મૈત્ર અને ઉત્તરમાં પૃથ્વીધર, અને બધા વચ્ચે બ્રહ્મા, ઇશાન કોણે આપ અને આપવત્સ, અગ્નિકોણે સાવિત્ર અને સવિતા નૈઋત્ય કોણેઈંદ્ર અને જય વાયુ કોણે રૂદ્ર અને રૂદ્રદાસ, મંડળની બહાર ઈશાનકોણે ચરકી, અગ્નિકોણે વિદારિકા નૈઋત્યકોણે પુતના અને વાયવ્ય કોણે પાપા, વગેરેને શાસ્ત્રની વિધિ પ્રમાણે પૂજવા. ૧૪૯–૧૫૦–૧૫૧


સોપદનો વાસ્તુ




"Aho Shrutgyanam"

સર્વ પ્રકારના પ્રાસાદો અને મંડપો વિષે સો પદનો વાસ્તુ પુજવો કહેલો છે. શોળ પદનો બ્રહ્મા તથા અર્યમાદિ ચાર દેવો આઠ આઠ પદ (ભાગ)ના, તથા બ્રહ્માના બહારના ખુણામાં આઠ દેવો બે બે પદના. તથા ખુણાથી ઉપરના (છેલ્લા) બહારના ખુણામાં આઠ દેવો ડોઢ ડોઢ પદના અને બાકીના દેવતાઓ એક એક પદના છે.

ઘરને માટે (૮૧) પદનો વાસ્તુ. ૧





એકાશી પદના વાસ્તુમાં નવ પદનો બ્રહ્મા. તથા અર્યમાદિ દેવતાઓ છ. છ. પદના તથા બહારના ખુણાના આઠ

"Aho Shrutgyanam"

દેવતાઓ અર્ધ અર્ધ પદના અને બાકી રહેલા દેવતાઓ એક એક પદના છે.


દેવાલયમાટે ૬૪ પદનો વાસ્તુ.




(૬૪) ભાગો કરી તેમાં વાસ્તુ પુરૂષની કલ્પના કરવી પણ તે વાસ્તુ પુરૂષની સંધી ભાગમાં (સાંધા ઉપર) બુદ્ધિમાન્ પુરૂષે ભિંત, તુળા, કે સ્તંભ મુકવો નહિ. જેટલી જનીનમાં દેલાલય તથા ઘર કરવું હોય, તેટલી જમીનમાં વાસ્તુ કલ્પવો કહેલ છે.

ચોસઠ. (૬૪) પદના વાસ્તુ વિષે ચાર પદનો બ્રહ્મા. તથા અર્યમાદિ ચાર દેવતાઓ પણ ચાર ચાર પદના તથા ખૂણાઓનાં આઠ દેવતાઓ બે બે પદના, તથા બહારના આઠ દેવતાઓ અર્ધ અર્ધ પદના અને બાકીના દેવો એક એક પદના કહ્યા છે.

"Aho Shrutgyanam"





૪૯ ઓગણપચાસ પદના વસ્તુમાં (૪) પદનો બ્રહ્મા તથા અર્યમાદિ ચાર દેવો ત્રણ પદના, તથા આઠ (૮) દેવો નવપદમાં, તથા ખુણામાં આઠ (૮) દેવો અર્ધ અર્ધ પદના અને બાકીના ચોવીસ (૨૪) દેવો વીસ (૨૦) પદમાં સ્થાપવા, એ દરેક દેવ માટે એક પદના છ ભાગ કરી તેમાંથી છઠ્ઠો ભાગ મૂકી પાંચ ભાગમાં એક દેવનું સ્થાપન કરવું, તથા (૨૪) દેવોને વીસ પદમાં સ્થાપવા તે એવી રીતે કે, દરેક પદના છ ભાગ કરતાં એકસોને વીસ (૧૨૦) ભાગો થાય તે ભાગોને ચોવીસે (૨૪) ભાગનાં દરેક દેવના ભાગે પાંચ પાંચ અંશ (૫) આવે એટલે એકસોને વીસ પુરા થાય છે.

એકસોને છનુ (૧૯૬) પદના વાસ્તુમાં બત્રીસ (૩૨)

"Aho Shrutgyanam"

કુવા, તળાવ, વાવડી. અને વન માટે

૮૧ પદનો વાસ્તુ.




પદનો બ્રહ્મા, તથા અર્યમાદી ચાર (૪) દેવતાઓ બાર બાર (૧૨) પદના, તથા ખુણાના આઠ (૮) દેવતાઓ બે બે (૨) પદના, તથા બહારના આઠ (૮) દેવતાઓ દોઢ દોડ (૧।।) પદના, તથા આઠ (૮) દેવતાઓ ત્રણ ત્રણ (૩) પદના, તથા આઠ (૮) દેવતાઓ બે બે (૨) પદના અને આઠ (૮) દેવતાઓ છ છ (૬) પદના કહ્યા છે.

## પૃથ્વી પરિક્ષા રીત પહેલી.

### જળપ્રવાહ ફળ.

सर्वदिक्षु प्रवाहोवा प्रागुदक शंकर पुवा ।
भूमौ परिक्ष्य संकुर्या त्पंचगव्येन कोविदः ॥ १५२ ॥

"Aho Shrutgyanam"

અર્થ—જ્યાં પ્રાસાદ કરવો હોય તે પૃથ્વી ચારે બાજુ નિશ્ચય કરીને, જે ખુણામાં ખાત મૂહુર્ત આવતુ હોય ત્યાં અથવા મધ્ય ભાગમાં ખાડો ખોદવો. પૃથ્વીની શલ્ય બાબતની પરિક્ષા કરીને પછી ખાડો ઉભરાતા સુધી જળ રેડવું, તે જળનો પ્રવાહ પૂર્વ ઉત્તર કે ઈશાન તરફ જાય તો શ્રેષ્ટ ફળ આપે. આ પ્રમાણે જોઈ ને પછી નીકળેલી માટી પૂરી દેવી અને તેના ઉપર પંચગવ્યથી શુદ્ધ કરાવવું. ૧૫૨

## પૃથ્વી પરિક્ષા રીત બીજી.

**स्वातं भूमि परिक्षेण करमितं तत्पूरये तन्मृदा ।**
**हीनेहीन फलसमे समफलं लाभोरजो वृद्धितः ॥**
**तत्कृत्वा जलपूर्णमा शत पदं गत्वा परीक्ष्यं ततः ।**
**पादार्द्धेन विहीन केथनि मृते मध्या धमेष्टं जले ॥१५३॥**

અર્થ—ઘર કરવાની જમીનમાં એક હાથ ઉંડો ખાડો ખોદવો અને તે ખાડો ખોદતા નીકળેલી માટીને તેજ ખાડામાં પાછી પૂરવી; જો તેમ કરતાં ખાડો જમીનની બરાબર પૂરાઇ રહે તો તેવું ફળ સાધારણ જાણવું, વધે તો લાભ થાય એમ માનવું. અથવા ખોદેલા ખાડામાં જમીન સપાટી બરાબર ખાડો ભરાય રહે તેટલું પાણી રેડવું, અને પછી તે ખાડાથી સો પગલા ગમે તે દિશા તરફ જઈ પાછું ખાડા તરફ આવવું. તેટલા વખતમાં ખાડામાં ભરેલું પાણી ચોથા ભાગનું ઘટયું હોય તો, મધ્યમ ફળ જાણવું. અર્ધા ભાગનું પાણી ઘટયું હોય તો અધમ ફળ જાણવું.

"Aho Shrutgyanam"

અને જેટલું ભર્યું હોય તેટલુંજ પાણી રહ્યું હોય તો ઉત્તમ ફળ જાણવું. ૧૫૩

## શલ્ય કાઢવાની વિધિ.

**प्रश्नत्रयंवापि गृहाधि पेन देवस्य वृक्षस्य फलस्य वापि ।**
**वाच्यंहि कोष्टा क्षर संस्थि तेन शल्यं विलोक्यं भवनेषु सृष्टया ॥१५४॥**

અર્થ—જે જમીન ઉપર ઘર કે પ્રાસાદ કરવાના હોય તે જમીનમાં રહેલું "શલ્ય" કાઢવા માટે પ્રથમ શિલ્પીએ ઘર કે પ્રાસાદ કરાવનારને પ્રશ્ન પૂછવો. અને તેના મોઢેથી કોઇ પણ દેવ, વૃક્ષ કે ફળનું નામ લેવરાવવું. ત્યાર પછી અથવા નામ લેવરાવ્યા પહેલાં ઘર કરવાની જમીનના નવ ભાગ અથવા નવ કોઠા કરવા, અથવા કલ્પવા, એ નવ કોઠામાંથી બતાવેલા કોઇ પણ જાતના નામનો મૂકેલો અક્ષર જે કોઠામાં આવે, તે ઠેકાણાની જમીનમાંથી ખોદી શલ્ય કાઢવું. ૧૫૪

**अ, का, चा, टा, ए, त, शा पा, य, वर्गाः प्राच्यादिस्थे कोष्टकेशल्य मुक्तम् ।**
**केशांगाराः काष्ट लोहास्थि काद्यं तस्मात्कार्यं शोधनं भूमिकायाः ॥ १५५॥**

અર્થ—વાળ, કોયલા, લાકડુ લોઢું અને હાડકા વગેરે શલ્ય કહાઢવા માટે ઘર કરવાની જમીન ઉપર પૂર્વ દિશાથી સૃષ્ટિ માર્ગે નવ કોઠા કરવા. તે દરેક કોઠામાં અ, ક, ચ, ટ, એ, ત, શ, પ, અને ય, એ નવ વર્ગના આદ્ય અક્ષરો મુકવા અને ભૂમિ શોધી શલ્ય કાઢી ઘર કરવું. ૧૫૫

"Aho Shrutgyanam"

## શલ્ય રહી જાય તો શું દોષ.

शल्यं गवां भूपभयं हयानां रुजः शुनो वैकलह प्रणाशौ ।
खरोष्ट्र योर्हानि मपत्यनाशं नृणा मजस्याग्नि भयं तनोति।१५६।

અર્થ—જે ભૂમિમાં ઘર કરવું હોય તે ભૂમિમાં ગાયનું શલ્ય (હાડકું) રહી જાય તો રાજાનો ભય થાય, ઘોડાનું શલ્ય રહી જાય તો રોગ કરે. શ્વાનનું શલ્ય રહી જાય તો ક્લેશ અને નાશ કરે. ગધેડાનું તથા ઉંટનું શલ્ય રહી જાય તો સંતતિનો નાશં કરે. અને મનુષ્ય તથા બકરાનું રહી જાય તો અગ્નિનો ભય કરે. ૧૫૬

### શલ્ય કાઢવાનુ કોષ્ટક (ભૂમીશોધન)

ઉત્તર

| વાયવ્ય | | | | ઇશાન |
|---|---|---|---|---|
| | त. વર્ગના પાંચ અક્ષર ૫ ત,થ,દ,ધ,ન. | श. વર્ગના– ચાર અક્ષર ૪ શ,ષ,સ,હ. | प. વર્ગના– પાંચ અક્ષર ૫ પ,ર,બ,ભ,મ. | |
| પશ્ચિમ | ए. વર્ગના– ચાર અક્ષર ૪ એ,ઐ,ઓ,ઔ | य. વર્ગના– ચાર અક્ષર ૪ ય,ર,લ,વ. | अ વર્ગના– પાંચ અક્ષર ૫ અ,ઈ,ઉ,ઋ,લૃ | પૂર્વ |
| નૈરૂત્ય | ट. વર્ગના– પાંચ અક્ષર ૫ ટ,ઠ,ડ,ઢ,ણ. | च. વર્ગના– પાંચ અક્ષર ૫ ચ,છ,જ,ઝ,ઞ. | क. વર્ગના– પાંચ અક્ષર ૫ ક,ખ,ગ,ઘ,ઙ. | અગ્નિ |

દક્ષિણ

"Aho Shrutgyanam"

જે જમીન ઉપર ઘર કરવુ હોય તે જમીનમાં રહેલું "શલ્ય" કહાડવા માટે પ્રથમ શિલ્પિને ઘરના માલિકે પ્રશ્ન પૂછવું. એટલે શિલ્પિએ ઘરધણીના મુખથી કોઈપણ દેવ, વૃક્ષ કે ફળનું નામ લેવરાવવું. ત્યાર પછી અથવા નામ લેવરાવ્યા પહેલાં ઘર કરવાની જમીનના નવ ભાગ અથવા નવ નવ કોઠા કરવા, અથવા કલ્પવા. એ નવ કોઠામાં દેવ અથવા વૃક્ષ અથવા ફળના નામનો આદ્યનો અક્ષર આવે તે ઠેકાણાની જમીનમાંથી ખોદી શલ્ય કહાડવું.

## ખાત કરવાના શુભ નક્ષત્રો.

सूत्रारंभे गृहादीनां उत्तरा युकरत्रये ।
वाह्ये पुष्ये मृगे चैत्रे पोष्णे वासव वारुणे ॥ १५७ ॥

અર્થ—દેવાલય અથવા ઘર બનાવતી વખતે, પ્રથમ સૂત્ર નાખીને ખાત કરવાના નક્ષત્રો ઉ. ફાલ્ગુની ઉ. ષાઢા હસ્ત, ચિત્રા, સ્વાતી, રોહીણી, પુષ્ય, મૃગશીર્ષ, અનુરાધા, રેવતી, ધનિષ્ટા, શતભિષા એટલા નક્ષત્રો શુભ જાણવા. ૧૫૭

## ખાત કેવી રીતે કરવું.

नाम वास्तुं समालोक्यं कुर्या द्वास्तु विधि सुधिः ।
पाषाणान्तं जलान्तंवा ततः कुमं निवेशयेत् ॥ १५८ ॥

અર્થ—વાસ્તુ શાસ્ત્રમાં ખાત કેવી રીતે કરવું એનું નાગ ચક્ર બતાવેલું છે, તે જોઈને જે સંક્રાંતીમાં જે ખુણે ખાત આવે ત્યાં ખાત કરી વાસ્તુ પૂજન કરવું. પછી પત્થર વાળી જમીનમાં પત્થર નીકળે ત્યાં સુધી નહીતર, પાણી નીકળે ત્યાં સુધી ખોદીને કર્મશિલાની સ્થાપના કરવી. ૧૫૮

"Aho Shrutgyanam"

## નાગ ચક્રની સમજણ.

कन्या दौर वितस्त्रये फणि मुखं पूर्वादि सृष्टिक्रमात ।
खातं वायु वपुर्दिसा त्रयगतं लांगुल पृष्टं शिरः ॥

द्वारं तस्य मुखे गृहादि भयदं कुक्षि द्वयं सौख्यदं ।
दुःखं प्राक्खनने शिरौं ध्रिवपुषः कुक्ष्या सुखं स्याद्द्वयोः ।१५९।

प्राच्यां नाग मुखं बुधै र्निगदितं भाद्राश्विने कार्तिके ।
मार्गा त्फाल्गुन शक्रयोः क्रमतया याम्ये जले चोत्तरे ॥

क्षेत्रेष्टाष्ट विभाजिते दिनकरा द्वारों ल्लिखे त्कोष्टगान् ।
शन्यंगार क्योश्चतत्र कणिनः शारिर कंनो खनेत् ॥ १६० ॥

અર્થ—કન્યા, તૂલા, અને વૃશ્ચિક, એ ત્રણ રાશીના સૂર્યમાં શેષના શરીરનો ભાગ ત્રણ દિશાઓમાં રહે છે. શેષનું મુખ અથવા મસ્તક પૂર્વમાં હોય છે પણ, ઇશાન કોણને લાગુ પડે છે. એટલે એ દિશામાં, તેમજ તેનું પૂછડુ નૈઋત્ય કોણે અને પીઠ અગ્નિ કોણે રહે છે, માટે એ ત્રણ દિશામાં ઘરનું ખાત કરવું નહિ. પણ એ સર્પની બે કુક્ષી વચ્ચે ખાલી રહેલા ભાગ વાયવ્ય કોણમાં ખાત કરવાથી સુખ થાય છે.

ધન, મકર, અને કુંભ એ ત્રણ રાશીના સૂર્યમાં નાગનું મુખ અગ્નિ કોણમાં રહે છે. તે વખતે સાથેની બે કુક્ષીના મધ્ય ભાગે ખાલી રહેલા ભાગ ઇશાન કોણમાં ખાત કરવું.

"Aho Shrutgyanam"

મિથુન, કર્ક અને સિંહ એ ત્રણ રાશીના સૂર્યમાં નાગનું મુખ વાયવ્ય કોણમાં હોય છે. તે વખતે સર્પની બે કુક્ષીના મધ્ય ભાગે ખાલી રહેલા ભાગ નૈઋત્ય કોણમાં ખાત કરવું.


જે દિશામાં નાગનું મુખ હોય તે દિશામાં ઘરનું દ્વાર મુકવું નહિ, તેમ કરવાથી ભય ઉત્પન્ન થાય છે.

ભાદ્રપદ, આશો અને કાર્તિક એ ત્રણ માસમાં નાગનું મુખ પૂર્વમાં હોય છે. માગશર, પોષ અને મહા એ ત્રણ માસમાં નાગનું મુખ દક્ષિણમાં હોય છે. ફાગણ, ચૈત્ર અને વૈશાખ એ ત્રણ માસમાં નાગનું મુખ પશ્ચિમમાં હોય છે અને જેઠ, અશાડ અને શ્રાવણ એ ત્રણ માસમાં નાગનું મુખ ઉત્તર દિશામાં હોય છે.

ઉપર બતાવ્યા પ્રમાણે નાગ ચક્ર કરવાની એવી રીત છે કે એ નાગ ચક્રના આઠ આઠ કોઠાઓ કરવા (લંબાઈ અને પહોળાઈમાં આઠ આઠ કોઠાઓ કરવાથી ચોસઠ કોઠાઓ થશે) તે દરેક કોઠામાં અનુક્રમે રવીવારથી વારો લખવા એટલે જે વાર પેલા કોઠામાં આવે તે વાર છેલ્લા કોઠામાં આવે તે મધ્ય નાગચક્ર કરવું. તે એવી રીતે કરવું કે મંગળ અને શનિ એ બે વારોના કોઠાઓની પંક્તિ સર્પના શરીરમાં વિંધાએલી હોવી જોઈએ એ વિંધાએલા ભાગ જ્યાં હોય ત્યાં ખાત કરવું નહિ. ૧૫૯ ૧૬૦

"Aho Shrutgyanam"

## ( ખાતમુહુર્ત કોષ્ટક. )




શનિવાર અને મંગળવારના દિવસોએ ખાત કરવું નહિ કારણ કે નાગના શરીરમાં વાર ગરેલા હોય છે.

### શિલા સ્થાપન કરવાના નક્ષત્રો.

शिलान्या सस्तु रोहिण्यां श्रवणे हस्त पूष्ययोः ।
मृगशिर्षे च रेवत्यां उत्तरा त्रितये शुभः ॥ १६२ ॥

"Aho Shrutgyanam"

અર્થ—શીલા સ્થાપન કરવાના નક્ષત્રો રોહણી, શ્રવણ હસ્ત પૂષ્ય મૃગશિર્ષ રેવતી ઉ. ફાલ્ગુની ઉ.ષાઢા, અને ઉ. ભાદ્રપદ એ શુભ જાણવા. ૧૬૧

## કુર્મશિલાનું માપ.

अर्धाङ्ग गुलो भवेत्कुर्म एक हस्ते सुरालये ।
अर्धाङ्ग गुला त्ततो वृद्धिः कार्या तिथि करावधि ॥१६२॥

एकत्रिशं त्करान्तंच तदर्धा वृद्धि रिण्यते ।
ततोर्धापी शतार्धान्तं कुर्यादंगुलमानतः ॥ १६३ ॥

અર્થ—એક હાથના દેવાલયમાં અડધા આંગળની કુર્મશિલા કરવી. અને એક હાથથી (ગજથી) પંદર હાથ સુધીમાં અનુક્રમે દરેક હાથ દીઠ અર્ધો અર્ધો આંગળ કુર્મ-શિલા મોટી કરવી, પંદર હાથથી એકત્રીસ હાથ સુધીમાં દરેક હાથ દીઠ પા, પા, આંગળ કુર્મશિલા મોટી કરવી. તેમજ એકત્રીસ હાથથી પચાસ હાથ સુધીમાં દરેક હાથ દીઠ અધપા, આંગળ કુર્મશિલા વધાવી. એ પ્રમાણે આંગ-ળના માનથી કામ કરવું. ૧૬૨ ૧૬૩

## જેષ્ઠ, મધ્ય અને કનિષ્ટ શિલાનું માન.

चतुर्थी साधिका ज्येष्टा कनिष्टा हिनयागतः ।
सौवर्ण रौप्य जोवापी स्थाप्यः पंचामृते नसा ॥ १६४ ॥

અર્થ—જે માન આવ્યું હોય તેનો ચોથો ભાગ વધારીએ તો જેષ્ટ માન શિલા જાણવી. અને જે માન

"Aho Shrutgyanam"

આવ્યું હોય તેને ચોથે ભાગે ઓછી કરીએ તો કનિષ્ટમાન શિલા જાણુવી. તે શિલા સોનાની અથવા રૂપાની હોય તો શ્રેષ્ટ જાણુવી, તે શિલાને પંચામૃતથી સ્નાન કરાવી નીચે પાંચ રત્ન મુકી સ્થાપન કરવી. ૧૬૪

## શિલા કેવી રીતે સ્થાપન કરવી.

इशानादग्नि कोणद्या शिला स्थाप्या प्रदिक्षणा ।
मध्ये कुर्मशिल पश्चाद्रितत वाजीत्रं मंगलै ॥ १६५ ॥

અર્થ—મધ્યમાં પહેલી શિલા સ્થાપીત કરીને, પછી ઈશાન કોણુને અગ્નિ કોણુના અનુક્રમે સવ્ય પ્રદક્ષિણાએ શિલા સ્થાપન કરવી. તે બધી શિલાઓ સ્થાપન કરતી વખતે ગીત વાજીંત્ર વગેરે મંગળ ચિન્હ કરવા.

## ઘર માટે શિલાનું પૂજન ક્યાંથી કરવું.

दक्षिण पूर्वं विभागे पूजन पूर्वं शिलासमा स्थाप्या ।
शेष शिला दक्षिणतः स्तंभोप्ये वं विधानेन ॥ १६६ ॥

અર્થ—દક્ષિણ અને પૂર્વના ગર્ભે (મધ્યભાગે) એટલે અગ્નિ કોણમાં "સમચોરસ" શિલાનું પૂજન કરી, પછી તે શિલાનું સ્થાપન કરવું, અને એજ પ્રમાણે દિશાઓના અનુક્રમે સ્તંભો સ્થાપન કરવા. ૧૬૬

## મધ્યની કુર્મશિલામાં કેવા રૂપ બનાવવા.

लेरंच मछ मींढंच मगरीग्रास मेवचः ।
जल सर्प समाजुत्कं सिलामधे मलंकृतं ॥ १६७ ॥

"Aho Shrutgyanam"

અર્થ—શીલાના નવ ભાગ કરવા તેમાંના એકભાગમાં જળતરંગ (પાણીની લહેર બીજા ભાગમાં માછલુ ત્રીજા ભાગમાં દેડકો, ચોથા ભાગમાં મઘરી, પાંચમા ભાગમાં ગ્રાસ, છઠ્ઠાભાગમાં શંખ, સાતમા ભાગમાં સર્પ આઠમા ભાગમાં કળસ, નવમા ભાગમાં (એટલે) વચ્ચે કાચબો બનાવવો. ૧૬૭

## કુર્મ શિલામાં રૂપ કઇ દિશાથી બનાવવા.

कुर्ममां भूमिदंच गर्भ रचना ग्रोशिला वैजलं ।
याम्ये मीन मुखंच नैरुत दिशि स्थाप्यं तथा दुर्दरं ॥
वारुण्या मकरंच वायु दिशि वैग्रासश्च सौम्यध्वनी ।
नागं शंकर दिक्षु पूर्वं विषये कुंभः शिला वह्नितः ॥१६८॥
स्थाप्यं कुर्मं संपुदभिदि दध स्वाप तस्यो र्द्र ॥
निलपं रचति ववुधा कर्य समकर्णयोः ॥ १६९ ॥

અર્થ—કુર્મશિલાની અગ્નિ કોણે જળતરંગ દક્ષિણ દિશાએ માછલુ નૈઋત્ય કોણે દેડકો પશ્ચિમે, મઘર વાયવ્ય કોણે ગ્રાસ, ઉત્તર દિશાએ શંખ, ઈશાન કોણે સર્પ, અને મધ્ય કોઠામાં કુંભ બનાવવો. આ શિલાનું નામ ધરણી છે. ૧૬૯


## આઠ દિશાની શિલાના આઠ નામ.

नंदा भद्रा, जया, रिक्ता अजीता, वापराजीता, शुक्रा, सोभागीः
॥ १७० ॥

અર્થ—એ આઠ નામની શીલામાં જુદા જુદા સ્વરૂપ દરેક શીલામાં કરવાં, ઈશાન કોણની શીલામાં ત્રીશુળ કરવું.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



નેપાળની જૂની રાજધાની ભટગામના દરબારચોકનું વિશાળ દશ્ય

"Aho Shrutgyanam"

પૂર્વ દિશાની શીલામાં વજ્ર કરવું. અગ્નિ કોણની શિલામાં તરવાર કરવી. દક્ષિણ દિશાની શીલામાં દંડ કરવો, નૈરૂત્ય કોણની શીલામાં ખડક કરવું. પશ્ચિમ દિશાની શીલામાં નાગપાસ કરવો, વાયવ્ય કોણની શીલામાં અંકુશ કરવો. ઉત્તર દિશાની શીલામાં ગદા કરવી, અને અગ્નિ કોણથી સૃષ્ટિ માર્ગે સ્થાપવી. થાંભલા પણ એ રીતે સ્થાપવા.

## બાજુની શીલાઓનું માપ.

પ્રાસાદ ગજ એક, શિલા આંગળ સાત, પ્રાસાદગજ એકથી પાંચ સુધીમાં દરેક ગજ દીઠ આંગળ બે વધારવા. પછી પાંચ ગજથી દસ ગજ સુધીમાં દરેક ગજ દીઠ આંગળ એક વધારવો. પ્રાસાદ ગજ દસથી પચાસ સુધી દરેક ગજ દીઠ આંગળ અડધો વધારવો. આમ કરતા જે માપ આવે તે શીલાની લંભાઈ ગણવી અને તેનાથી અડધી પહોળી કરવી પહોળી કરી હોય તેનાથી અડધી જાડી કરવી.

## બાજુની આઠ શિલાને વસ્ત્ર કેવા રંગના ઓઢાડવા.

પૂર્વ દિશાની શીલા ઉપર પીળા રંગનું વસ્ત્ર ઓઢાડવું. અગ્નિકોણની શીલા ઉપર રાતા રંગનું, દક્ષિણ દિશાની શીલા ઉપર કાળા રંગનું, નૈઋત્ય કોણની શીલા ઉપર આસમાની રંગનું, પશ્ચિમ દિશાની શીલા ઉપર કંકુ વર્ણુ, વાયવ્ય કોણની શીલા ઉપર સફેદ, ઉત્તર દિશાની શીલા ઉપર લીલુ ઇશાન કોણની શીલા ઉપર ધોળુ.

## મધ્યની શિલાનું માપ.

મધ્યની શીલા સમચોરસ રાખવી, તેના ગાળા પહોળા




"Aho Shrutgyanam"

છે તેથી રૂપ ગાળાથી અડધું ખોદવું. એક ગજના પ્રાસાદમાં શીલા ચાર આંગળ, એક ગજથી દસ ગજ સુધીમાં દરેક ગજ દીઠ આગળ બે વધારવા. દશગજથી વીસગજ સુધી દરેક ગજ દીઠ આંગળ એક વધારવો, વીસ ગજથી પચાસ ગજ સુધી દરેક ગજ દીઠ આંગળ અડધો વધારવો. આ માન પથ્થરની શિલાનું છે.

## મધ્યની શીલાના વસ્ત્ર.

મધ્યની શીલાને રેશમી પીળા વસ્ત્ર ઓઢાડી પુજા કરવી. કુર્મ સ્થાપતિ વખતે કળશ રૂપાનો અથવા ત્રાંબાનો



દહીં, દુધ, ફુલ, ધરો, પંચરત્ન મુકેલો લઈ, તેની પુજા કરીને સ્થાપવો. તેના ઉપર કુર્મ શીલા બરાબર રેવલમાં જોઈને સ્થાપવી, આ મધ્યની શીલા હોય ત્યાંથી પોલી નળી મુકી ને હેઠ દેવના ગભારાના પબાસણુ (સિંહાસન) સુધી ચણતરની સાથે લેવી; તે નળ ને પ્રાસાદની નાભી કહે છે. એટલે ચણુતર શ્રેણી ભંગ ન થાય તેમજ નોંધ કામમાં ઉપર અડચણ આવે નહિં તે ધ્યાનમાં રાખવું. ૧૭૦

## દેવાલયનું પ્રમાણ ક્યાંથી જાણવું.

ऐक हस्तादि प्रासादा याव त्हस्त शतार्द्धकम् ।
प्रमाणं कुमके मूले नासिका भित्ति वाह्यतः ॥ १७१ ॥

અર્થ—એક હાથથી શરૂ કરીને પચાસ ગજ સુધી દેવાલયનું પ્રમાણ ભિંતથી બહાર કુંભાની ફરકે જાણવું. ૧૭૧

## ( કુંભાથી સમસુત્ર તથા કુંભાથી બહાર શું કરવું )

कुभादि स्थावराणांच निर्गमं समसूत्रतः ।
पीठस्य निर्गमो वाह्ये तथै वाच्छादक स्यच ॥ १७२ ॥

અર્થ—કુંભાના આરંભથી તે છજાના તળાંચા સુધી જે થરો આવે તે બરોબર ઓળંબે (સમસુત્ર) કરવા, કુંભાથી બહાર નીકળતું પીઠ કરવું. અને પીઠથી કંઇક નીકળતું છજુ કરવું. ૧૭૨

## ફાલણા તથા પાણી તારની સમજ.

त्रिपंत्र सप्त नवभिः फालना भिर्वि भाजिते ।
प्रासाद अंग संख्याश्च वारि मार्गान्तर स्थिति ॥ १७३ ॥

"Aho Shrutgyanam"

અર્થ—ત્રણ, પાંચ, સાત અને નવ એવી નાશીકાઓ (ફલણા) કરવી, પણ તે પ્રાસાદના પ્રમાણમાં કરવી. પાણીતાર માર્ગ આગળ કરવાથી ખુણાનો અંતર ચોકખો જણાય છે. ૧૭૩

फालनाकर्णं तुल्यास्यात् भद्रंतु द्विगुणंमतं ।
सामान्योपि विधि स्तुल्यो हस्तां गुल विनिर्गमं ॥१७४॥

અર્થ—ફલણા ખુણાના પ્રમાણથી કરવા. ભદ્ર (ભડું) રેખાથી બમણું કરવું. આધ પ્રાસાદને જેટલા ગજ દેવાલય પહોળું હોય તેટલાં આંગળ ફલણા બહાર કરવાં એટલે ગજે એક આંગળ કાઢવા બીજા પ્રાસાદને તળમાં ખાંચાનું જે માન કહ્યું હોય તેમ કરવું. ૧૭૪

## પ્રકરણ ૭ મું.

### નિર્દોષ વાસ્તુ.

### શ્રીવિશ્વ ઉવાચ.

निर्दोष वास्तु कथं देवं निर्दोष प्रासाद निर्णयं ।
निर्दोष मंदिर सर्वं निर्दोष कथं पराजिते ॥ १७५ ॥

અર્થ—હે ! અપરાજીત મહારાજ બધી જાતના પ્રાસાદ મંદિર વાસ્તુ વગેરે દોષ વગરના શી રીતે કરવા તે કહો. ૧૩૫

"Aho Shrutgyanam"

## અપરાજીત ઉવાચ.

अपराजितो सत्य सत्यं महा भागं त्वया परि ।
कथंयामीन संदेहो निर्दोष शृणुं सांप्रतं ॥ १७६ ॥

અર્થ—હે મહા ભાગ્યવાન વિક્ષ નિર્દોષ પ્રાસાદ વગેરેની રચના સત્યા સત્ય રીતે કહું છું તે સંદેહ રાખ્યા વગર સાંભળો. ૧૭૬

निर्दोषं शास्त्र द्रष्टिनां निर्दोषं जीर्ण मेवच ।
निर्दोषं ब्राह्मणो वर्जंत् निर्दोषं सिध्यते ध्रुव ॥१७७॥

અર્થ—જે વિદ્વાન બ્રાહ્મણ શિલ્પી હોય છે તે શાસ્ત્રના જ્ઞાનને લીધે. ઘર મંદિર પ્રાસાદ જીર્ણ પ્રાસાદ, અને જે દોષ વાળા ઘર, મંદિર પ્રાસાદ વગેરે હોય તેને તે દોષ વગરના કરી શકે છે. ૧૭૭

## નાભી વેધ.

अग्रतः पृष्टतः श्चैव वामा दक्षिणयोर्दिसो ।
प्रासाद काराये दन्यं नाभि वेध विर्जितं ॥१७८॥

અર્થ—દેવાલયની, આગળ, પછી તે, ડાબી બાજુ, જમણી બાજુ, બીજું દેવાલય કરવું હોય તો પહેલાના દેવાલયના ગર્ભે કરવું. ગર્ભે ન કરીએ તો નાડી વેધ થાય. ૧૭૮

## દષ્ટિ વેધ.

शिव स्याग्रेन कर्तव्या अर्चा रुपेण देवता ।
प्रभा नष्टान भोयंति यथा तारादिवाकरे ॥१७९॥

"Aho Shrutgyanam"

અર્થ—શીવના દેરાસર સામું બીજા કોઈ પણ દેવનું દેરાસર કરવું નહિ કારણ કે તેથી બીજા દેવોનું તેજ (જેમ સુરજ ઉગવાથી તારાનું તેજ નષ્ટ થઈ જાય છે) તેમ નષ્ટ થાય છે. ૧૭૯

शीव स्याग्र शिवं कुर्यात् ब्राह्मण ब्रह्मणोग्रत ।
त्रिश्नुरग्र भवेत् द्विश्नु जिने जैने स्वेरवी ॥१८०॥

અર્થ શિવની સામે શિવનું બ્રહ્માની સામે બ્રહ્માનું, વિષ્ણુની સામે વિષ્ણુનું જિનના સામે જિનનું અને સુરજની સામે સુરજનું દેવાલય કરવું. ૧૮૦

ब्रह्मा रविरेक नाभि द्धाभ्यां दोषो न विद्यते ।
शिव स्याग्रे न देवस्य दृष्टि वेधे महद्भयं ॥१८१॥

અર્થ—બ્રહ્મા અને સૂર્યનું દેવાલય એક ગર્ભે કરવાથી દોષ નથી, શિવની સામે બીજા દેવતા બેસાડવાથી દૃષ્ટિ વેધ થાય એટલે ભય ઉપજાવે. ૧૮૧

प्रसिद्ध राज मार्गस्य प्राकारस्या तरे पिवा ।
स्छा पये दन्य देवस्य तत्र दोषोन विद्यते ॥१८२॥

અર્થ—પ્રસિદ્ધ મોટો રાજમાર્ગ વચમાં હોય અથવા આડી દીવાલ હોય તો બીજા દેવતાનું દેરાસર સામું કરવામાં કોઇ પ્રકારનો દોષ નથી. ૧૮૨

### શિવની પરનાળ ઓળંગવા બાબત.

शिवस्नो नोदकं गुढ मार्गे चंड मुखंक्षिपेत् ।
दृष्ट नलंघये त्तत्र हंति पुण्य पुराकृतं ॥१८३॥

"Aho Shrutgyanam"

અર્થ—શિવનું પાણી, ભોંયમાં ગુપ્ત જાય એવી રીતે પરનાળ કરવી, પરનાળના મોઢા આગળ ચંદ્રના મોઢા જેવો ઘાટ કરવો. પરનાળની દૃષ્ટિ અને પરનાળનું પાણી ઓળંગાય તો પરભવના પૂણ્ય હરે. ૧૮૩

## પ્રદક્ષિણા.

एका चंडया रवि सप्त निस्त्रोदद्या विनाकये ।
चतुर्थो वासु देवस्य शिव स्यार्धं प्रदक्षणा ॥१८४॥

અર્થ—ચંડીને એક, સૂર્યને સાત ગણપતિને ત્રણ, વિષ્ણુને ચાર, અને શંકરને અડધી પ્રદક્ષિણા કરવી. ૧૮૪

अग्रतो जिन देवस्य स्तोत्र मंत्रार्चं नादिकं ।
कुर्यान् न्पृष्टि सन्मुखो द्वार लंघनं ॥१८५॥

અર્થ—જીનના દેવતાને આગળથી પદક્ષિણા કર્યા પછી ચત્ય વંદન કરવું, નોકાર ગણવા પૂજા કરવી. દર્શન કરવાં. અને પ્રભુ સન્મુખ ઉંબરો ઓળંગ્યા પછી પૂંઠ ફેરવવી. ૧૮૫

## દેવાલયને પરનાળ કયાં મુકવી.

पूर्वापर मुखे द्वारे प्रणालं शुभ मुत्तरे ।
इति शास्त्र विचारोय मुत्त रास्यानु देवता ॥१८६॥

અર્થ—પૂર્વ તથા પશ્ચિમ મુખના દેવાલયને ઉત્તર દિશા તરફ પરનાળ મુકવી ઉત્તર તથા પશ્ચિમ મુખના દેવાલયને પૂર્વ દિશા તરફ પરનાળ મુકવી. ૧૮૬

"Aho Shrutgyanam"

मंडपाये स्थिताद्देवा स्तेयां वामेच दक्षणे ।
प्रणालं कारयेधीमान् जगत्यां चतुरो दिशा ॥१८७॥

અર્થ—મંડપમાં દેવતા બેઠા હોય તેને પૂર્વ તરફ ડાબે તથા જમણે અંગે પરનાળ કરવી, જગતિને ચારે દિશાએ પરનાળ થાય. ૧૮૭

चतुर्द्वारं ब्राह्मणाश्च चतुरस्त्र शिवालये ।
चतुरस्त्रंच कर्तव्यं अन्ये त्रषु विवर्जयेत् ॥१८८॥

અર્થ—શિવાલયને અને બ્રાહ્મણને ચાર દ્વાર વાળું ઘર કરવું બીજા કોઇએ કરવું નહિ. ૧૮૮

## વૃક્ષ દોષ.

द्वार मध्ये स्थितो वृक्ष अस्व थाय यदाभवेत् ।
अंतरे भित्ति कर्तव्यं अन्य वास्तु न दोषकृत् ॥१८९॥

અર્થ—બારણાની વચ્ચોવચ દેખાય એવી રીતે પીપળાનું ઝાડ હોય તો ઘણું નિષેધ છે. માટે તે પીપળા અને બારણા વચ્ચે ભીંત ચણી લેવી ભીંત ચણી લેવાથી વાસ્તુ ઘરને દોષ કર્તા નથી. ૧૮૯

द्वार मध्ये गृहाणांतु कल्प वृक्ष यदाभवेत् ।
असुरे शुभयोत्वेषु अन्यत्र परि वर्जयेत् ॥१९०॥

અર્થ—બારણા સામે આંબાનું વૃક્ષ હોય તો તે અસુરના ઘરને શુભ ગણાય, બીજા બધા લોકોને અશુભ ગણાય. એટલે બારણા સામે આંબો વાવવો નહિ. ૧૯૦

"Aho Shrutgyanam"

द्वार मध्ये स्थितो वृक्ष निंब वृक्षं यदाभवेत् ।
सप्त कल्प समा तुल्यं पुत्र पौत्रादि वर्द्धनं ॥१९१॥

અર્થ—બારણા સામે લીંબડાનું ઝાડ હોય તો તે ઘરમાં રહેનાર ધણીની સાત પેઢી સુધી ધન, પુત્ર, પૌત્રાદિકની વૃદ્ધિ થાય. અને સર્વ પ્રકારનું સુખ આપે. ૧૯૧

द्वार मध्ये स्थितो वृक्ष क्षीर वृक्ष यदाभवेत ।
निर्त्यं क्षीरंच नैवेद्यं अन्य वास्तु न दोषकृत ॥१९२॥

અર્થ—બારણા આગળ કદાચ, ક્ષીરવૃક્ષ (થોર વગેરે) દૂધ વાળાં વૃક્ષ હોય તો, વાસ્તુ શાંન્તિ વખતે દૂધનું નૈવેદ્ય કરવું, તો વાસ્તુ નડતો નથી. ૧૯૨

द्वार मध्ये स्थितो वृक्ष वटवृक्ष यदाभवेत् ।
अंतरेभिति कर्तव्यं अन्य वास्तु न दोषतं ॥१९३॥

અર્થ—ઘરના બારણાની વચ્ચે દેખાય તેમ વડનું ઝાડ હોય તો, આડી ભીંત ચણી લેવી. તેમ કરવાથી વાસ્તુ દોષ નડતો નથી તેમ ન કરવામાં આવે તો હાનિ કર્તા ગણાય. ૧૯૩

## બે ડોળ ઘરના દોષ.

सुर्प्पाकारं पृष्ठोधिकं विकर्णंच कारयेत ।
करता कारापिका श्चैव अचिरेण विनस्यति ॥१९४॥

અર્થ—જે ઘર સુપડાના કે છીપના આકારવાળું, પછી તે, પહોળું અને ઘરનો ખુણો લાંબો હોય તો તે વીકર્ણઘર કહેવાય. આવું ઘર કોઇ માણસનું શિલ્પીએ કરવું નહિ તેમ કોઈ માણસે કરાવવું નહિ જો તેમ કરે

"Aho Shrutgyanam"

તો શિલ્પી નર્કમાં જાય, અને ધણી કરાવે તો તેનો નાશ થાય. ૧૯૪

## જાળી ટાંકા વગેરે કેમ મુકવા.

कुडागारे गवाक्षादि मुरवेच आलिय स्तथा ।
द्वार स्थंभं तुला हीनं श्रेणिभंगं न कारयेत् ॥१९५॥

અર્થ—ઘરમાં ગોખલા જાળીયો ટાંકા બીજા બારણાં ભીંત, થાંભલા વગેરે એવી રીતે મુકવા કે બાર શાખની કુંભીનો તળાંચો કોશ્રેણી ભંગ થાય નહિ. વળી ગોખલો જાળી ટાંકા વગેરેના મથાળાં શ્રેણીમાં રાખવા તેને તળાંચાનો ભાગ લાગુ કરવો નહિ. ૧૯૫

## સમવેધ.

उपर्यु परिद्वेस्म समं संकल्पयेत् क्वचित् ।
समवेधं भवेतत्र समस्तंच कुलक्षयं ॥१९६॥

અર્થ—ઘરના ઉપરની તથા હેઠળની ભુમી સરખે ભાગે કરવી નહિ. તેમ કરવાથી સમવેધ ઉપજે અને ઘરમાં રહેનારના કુળ આખાનો નાશ કરે માટે એવો સમવેધ કોઇએ લાવવો નહિ. ૧૯૬

## માળનું પ્રમાણ.

उपर्यु परि भूमिस्तु द्वादशांश वि वर्जिता ।
प्रासादे सर्वत कार्या स्तंभ तंत्रानु रत्तका ॥१९७॥

અર્થ—ઘરના તળના માળની ઉંચાઇના બાર ભાગ કરવા, તેમાંથી એક ભાગ ઓછો કરી ઉપરનો માળ કરવો. તેથી ઉપરના માળ કરવા હોય તો, હરેક માળના બાર

"Aho Shrutgyanam"

ભાગ કરી એક એક ભાગ ઓછો કરી કરવા. આસ્રાદમાં ઓટવણ (કોઠલા) ને આકારે સ્થંભની ઉંચાઇ કરવી. મકાનના પ્રમાણમાં થાંભલો કરવો. ૧૯૭

## વેધ વિધી.

तल वेध ताल वेधो द्वौ वेधो यत्र दृश्यते ।
क्षीयंते तद्भवे द्वैस्म क्षयं कारीच तदगृह ॥१९८॥

અર્થ—થાંભલો એવો કરવો કે ઉબરાનો કે ઓતરંગનાં વેધ આવે નહિ. એટલે ઉબરા મથાળો અને ઓતરંગનો તળાંચો એ બંન્ને સમસૂત્ર જોઈએ, એથી નીચો હોય તો વેધ જાણવો. જો આ પ્રમાણે વેધ થાય તો ઘરધણીની સર્વ વસ્તુનો નાશ થાય. ૧૯૮

## દ્વાર મુકવાની વિધી.

कुक्षे द्वारं न कर्तव्यं पृष्टे द्वारं वि वर्जयेत् ।
पृष्टे चैव भवेतरागी कुलक्षयो विनिर्दिशेत् ॥१९९॥

અર્થ—ઘરના ખુણે અથવા પછીતે બારણું મુકે તો રોગની ઉત્પત્તિ થાય, અનેક પ્રકારની વ્યાધિ ઉત્પન્ન કરે, ઘણા પ્રકારની પીડા થાય, મનમાં ઉદ્વેગ રહે અને તે ઘરમાં રહેનાર ઘણીના કુળનો ક્ષય થાય. ૧૯૯

सं वर्धनच वास्तुनां तथा संवर्णातिच ।
मावर्तनंच यदद्वाराणां सद्य प्राण हरंतिच ॥२००॥

અર્થ—જો ઘરનું બારણું તળે પહોળુ કે સાંકડુ અથવા ઉપર પહોળું કે સાંકડુ હોય. વાસ્તુનો ભંગ કરી ઘરનું

"Aho Shrutgyanam"

રૂપ ફેરવવામાં આવે (બારણું આગળ અથવા પાછળ કરવામાં આવે કે હોય તેથી નાનુ કે મોટું કરે, પછીતનો કે આગળનો ભાગ, આઘો પાછો કરે તો તે ઘરનું રૂપ ફેરવ્યું કહેવાય) તો ધણીના પ્રાણનો નાશ થાય, એમાં શંસય જાણવો નહિ. ૨૦૦

मान ममाण संयुक्त शाला तत्रव कारयेत् ।
आयुमाराग्य सौभाग्यं लभ्यते नात्र संशय ॥२०१॥

અર્થ—જો ઘર માન અને પ્રમાણ સહિત થાય. સર્વ પ્રકારના વેધ રહિત થાય, તો તે ઘરમાં વાસ કરનાર કુંટુંબોનું, આયુષ્ય, ઐશ્વર્ય; અને લક્ષ્મી પરિવારની વૃદ્ધિ થાય. તેમાં શંસય જાણવો નહિ. ૨૦૧

---

## પ્રકરણ ૮ મું.

---

### શ્રેણી ભંગ, વેધ વિધી.

समान सुत्रे शुभ चाग्र भित्ति ।
श्रेणो विभाजीते सुतवित नाशं ॥
गर्भस्य वेधेन सुखो कदाचित ।
स्वामी विभन्ने नच दोषकारी ॥२०२॥

અર્થ—ઘરની બધી ભીંતોનો આગળનો ભાગ સમ સૂત્ર રાખવો. શ્રેણી ભંગ કરવો નહિ થર તોડવો નહિ. જો

"Aho Shrutgyanam"

એમ હોય તો વેધ કહેવાય, અને તે વેધ ઘર ધણીના પુત્રનો નાશ કરે તેમજ સુખ પામે નહિ. ૨૦૨

## ઘર નિષેધ વિધી.

द्रष्टि रुद्र करालंच भिषणा रौद्र जानिच ।
वर्जयेत गृहं श्चैव श्रेयो तत्र न विद्यते ॥२०३॥

અર્થ—જે ઘર બિહામણું, વિકાળ, ઉપજાવે એવું તે ઘરનો તુરત ત્યાગ કરવો કારણ કે તેમાં રહેવાથી લક્ષ્મીનો નાશ થાય. ૨૦૩

## ઘરમાં કેવા ચિત્રો ચિતરવા.

गृध काक कपोताश्च पति संग्राम भीषण ।
पिशाचा राक्षसा क्रुरा गृहेशु परिवर्जयेत् ॥२०४॥

અર્થ—ગીધ, કાગડા, હોલા, વગેરે ક્રુર પક્ષીઓ, પીચાસના રૂપ, રાક્ષસના રૂપ. અને બીજા ક્રુર પશુઓના ચિત્રો ઘરમાં ચીતરવા નહિ. અને જો કરે તો નુકશાન ર્ક્તા છે. ૨૦૪.

## વાસ્તુ ભંગ ન કરવા બાબત.

अचला चलय द्वास्तु पुरप्रासाद मंदिरं
पतितं नर्के घोरे यावत चंद्र दिवाकरं ॥२०५॥

અર્થ—જે, ઘર, પ્રાસાદ, નગર, કે જે પડે તેવું કે નાશ પામે તેવું ન હોય, તેનો નાશ કરે કે પાડે તો, નાશ કરનાર અને નાશ કરાવનાર બંન્ને જણ જ્યાં સુધી ચંદ્ર તપે ત્યાં સુધી ઘોર નર્કમાં રહે. ૨૦૫

"Aho Shrutgyanam"

## દિશા લોપ.

दिशा लोपं पदलोपं गर्भलोपं तथै वच ।
उभो नर्कंच यांति छान् पश्चाप कौप संचनम् ॥२०६॥

અર્થ—ઘરની દિશાનો, પદનો, કે ગર્ભનો લોપ કરે તો શિલ્પી અને ઘરધણી ઘોર નર્કમાં પડે અને જીવે ત્યાં સુધી સુધી ઘણું દુઃખ ભોગવે. ૨૦૬

## ઘર ઉંચુ કરવા વિષે.

पश्यं भितो कृतां पूर्वो तस्मै नैव तथो परे ।
द्वारं द्वास्य कथितं उपयुं परीभूमिषु ॥२०७॥

અર્થ—જે ઘરની ભીંત પહેલા કરેલી હોય, તે ભીંત ઉપર વધારે ભીંત ખેંચવી હોય તો ખેંચી શકાય. અને બારશાખ પણ ગમે તેટલી લઈ જવામાં બાદ નથી. તેમજ માળ પણ ખેંચવા હોય તેટલા ખેંચી શકાય. ૨૦૭

## માન હીન કરે તો.

मानहिनं न कर्तव्यं मानाधिकं नकारयेत् ।
शिल्पिनाक्षयां याता मानहिनं कृतं गृहे ॥२०८॥

અર્થ—ઉપર પ્રમાણે ઉંચુ વધારવું પણ માન હિન કરવું નહિ. પણ જો તેમ કરવામાં શિલ્પી ઘરધણીનું ન માને તો અથવા ઘરધણી શિલ્પીનું ન માને તો, તેમનો નાશ થાય. ૨૦૮

## ઘરના ખુણાનો વેધ.

त्रीकोणं पंच कोणंच रथाकारं तथेवच ।
रेरवा तारा नाडी वेधो वंश छेदन करे विशु ॥२०९॥

"Aho Shrutgyanam"

અર્થ—ઘર ત્રણ ખુણાવાળું, સુપડાના આકારવાળું, રથના આકારવાળું અથવા રેખાવેધ, નાડીવેધ, વગેરે જાતના વેધ વગેરે જાતના વેધ વાળું કરે તો કરનાર ધણીના વંશનું છેદન થાય. ૨૦૯

## સલાકાઓ.

सन्मुखो राहु पृष्टवो स्थापयत् द्वार बुद्धिमान् ।
सूर्यांगुल सलाकाद्य विस्तीर्ण गुलमेवच ॥२१०॥

અર્થ—સન્મુખ કે પછવાડે રાહુનું ઘર હોય, અને તે સમયે ઘરનું બારણું મુકવાનો જોગ હોય તો, બુદ્ધિમાન પુરૂષોએ બારણાના તળમાં (ઉંબરાની નીચે) બાર આંગળની લાંબી અને એક આંગળ પહોળી ત્રાંબાની સલાકાઓ (સળીઓ) મુકવી, ૨૧૦

सलाका द्वाय कोणस्या ताम्र शुद्धाय तत्रवै ।
स्थापितं वदनंधमान् अंतरीक्ष प्रजायते ॥२११॥

અર્થ—ઉપર પ્રમાણેની બે સલાકાઓ કરાવેલી હોય તે બારણાના તળે બે ખુણે મુકવી અને પછી બારણું તેના ઉપર મુકવું. તે વખતે બારણાનો વિધી કરવો નહિ પણ એમજ કામ ચલાવવું. આ બારણું અંતરીક્ષ કહેવાય ૨૧૧

पुनः शुद्ध दिशा जाते तिर्यक् ऋक्षे सुशोभने ।
द्वार चक्रं शुभ स्थाने बली पुजा विधायके ॥२१२॥

અર્થ—તે બારણું કયાં સુધી રાખવું કે જ્યારે રાહુ શુભ દિશાએ આવે, એ વખતે સારૂં મુરત જોવરાવી નક્ષત્ર

"Aho Shrutgyanam"

તીર્યક મુખુ હોય. દીનમાન ચોખો હોય, તે દીવસે પેલી સલાકાઓ કાઢી તે દ્વારનું બળીદાન (પુજા) વિધી કરી સ્થાપન કરવું. ૨૧૨

षादयत् कुल्हीतंद्वारं भितिका स्थापये त्तदा ।
तत्र शिल्पि बुद्धिदाश्चैव इति द्वार स्थापनविधि ॥२१३॥

અર્થ—પણ જે દીવસે સલાકાઓ કાઢવી હોય તે દીવસે હુશીયાર શિલ્પીએ દ્વાર ઉપર ખોદી બાંકુ પાડવું, ત્યારપછી સલાકાઓ કાઢી દ્વાર સ્થાપન કરવું. ૨૧૩

## દ્વાર મુકવાના અંગ.

पृष्ट गवाक्ष न कर्तव्यं वामार्गे परि वर्जयेत् ।
अग्रतोच भवेत श्रेष्ट जयमानं सदाजयं ॥२१४॥

અર્થ—ઘરની પછીતે કે ડાબી બાજુએ બારણું કે બારી મુકવી નહિ. પણ ઘરના મોઢા આગળ વચમાં બારણું મુકવું એજ શ્રેષ્ટ છે, તે સદા જય આપનાર છે. ૨૧૪


નોધ. આ તળના મજલા માટે છે બીજા માળ ઉપર મુકે તો હરકત નહિ.

यदा प्रष्टेन कर्तव्यं वामांगे परि वर्जयेत् ।
तत् गृहं अशुभं ज्ञेयं पुत्रं पति धन क्षयं ॥२१५॥

અર્થ—જો ઘરની પછીતે કે ડાબી બાજુ બારણું હોય તો તે ઘર અશુભ કહેવાય. તેમાં રહેનાર ધણીનું મૃત્યુ થાય અને પુત્ર તથા ધનનો નાશ થાય છે. ૨૧૫

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



તળાજાની ટેકરી પરનાં જૈન મંદિરો (ફોટો : બલવંત ભટ્ટ)

"Aho Shrutgyanam"

**द्वार सर्वे गृहाणांतु तलमानं न लोपयेत् ।**

**अग्रतो पृष्ठी श्चैव समसूत्रंच कारयेत् ॥२१६॥**

અર્થ—ઘરમાં જેટલા બારણા મુકવા તેટલા બધાના માનનો લોપ એક તલ માત્ર પણ કરવો નહિ, તે બધા બારણાનો આગળનો અને પાછળનો ભાગ સમ સૂત્ર રાખવો. ૨૧૬

## બે બારણાનો વેધ.

**द्वार स्तंभं गवाक्षंतु भजं कोणच कोणयेत् ॥**

**मुख मंडप समायुक्तं श्रेणि भंग न कारयेत् ॥२१७॥**

અર્થ—ઘરના બારણાના થાંભલાનો અને ખડકીના બારણાના થાંભલા નો વેધ ન પડવો જોઈએ, અર્થાત્ તે બે બારણામાં દોઢ પડવી જોઈએ નહિ. બંન્ને સમસૂત્રે મુકવા, વળી ઘરનું બારણું આગળનો મંડપ ને ખડકીના બારણાં વગેરેનો શ્રેણી ભંગ કરવો નહિ. ૨૧૭

## ૫૬ ભંગ વિષે.

**भंजिता लोपितायंत ब्रह्मदोषं महाभवेत् ।**

**शिल्पिनांतु कुलयांतु स्वामी सर्व धनक्षयं ॥२१८॥**

અર્થ—જો શિલ્પી કદાચ ઘરના પદનો અથવા દિશાનો લોપ કરે, કે શ્રેણી ભંગ કરે તો તે શિલ્પી મુર્ખ ગણાય. અને ઘરમાં વેધ મુકે તો તે શિલ્પીના કુળનો ક્ષય થાય. તથા ઘરધણીની લક્ષ્મીનો નાશ થાય. માટે એવા મુર્ખ અજાણ્યા શિલ્પી પાસે કામ કરાવવું નહિ.૨૧૮



"Aho Shrutgyanam"

## માન ભંગ વિષે.

स्थंभिका कुंभिका सर्वे तलमानं न लोपयेत् ।
छिंद्रि पृष्टि न कर्त्तव्यं ध्रुवादि गृह षोडष ॥२१९॥

અર્થ—ધ્રુવાદિ સોળ જાતના રાજાના, અને પ્રજાના સર્વ જાતના ઘર સૌ પોતાના સુખ માટે કરે છે. માટે બુદ્ધિમાન શિલ્પીએ પૃષ્ટી કે છીદ્ર વગેરે કોઈ જાતના દોષ મુકવા નહિ, તેમ કરવાથી. ઘરધણીની આશા ભંગ થાય છે. ૨૧૯.

## નળ હીન ઘર વિષે.

नलहिनं तद्वि जानीयात् स्वामी सर्व धनक्षय ।
विधिहीनं न कर्त्तव्यं सर्व दोषो वि वर्जयेत् ॥२२०॥

અર્થ—જો ઘરની પછીત નાની હોય ને કરો લાંબો હોય તો તે નળ હીન ઘર કહેવાય. વળી જો એક પછીતે બે ઘર કરે, તો તે સમલાકી ઘર કહેવાય માટે તેવા ઘરમાં વાસ કરવો નહિ. વાસ કરે તો તે વાસ કરનારનો ને તેના ધનનો નાશ થાય ૨૨૦

शाला स्वामी यदामानं तदिमानं न लोपयेत् ।
अग्रतो पृष्टीत श्चैव हेत मानंच कारयेत् ॥२२१॥

અર્થ—શાળા માન જે હોય તે રાખવું ફેરફાર કરવો નહિ. આગળ પાછળ માન મુકેલું હોય તે પ્રમાણે કાયમ રાખવું, તે ઘર ધણીને શ્રેષ્ટ છે. ૨૨૧

"Aho Shrutgyanam"

## અદ્રીષ્ટાય દોષ.

चतुरश्री कृते क्षेत्रे मानशाला तथैवच ।
अन्यत्र अछयाक्तव्यं निर्दोष अद्रिष्टायक्रं ॥२२२॥

અર્થ—જે ક્ષેત્ર ચારે બાજુએ સરખું છે, ચારે દિશામાં તેના દ્વાર છે તે માનશાળા કહેવાય, તે ઘરને બીજાના ઘરની છાંયા ન પડવી જોઇએ. જો તેમ હોય તો તેને અદ્રિષ્ટાય દોષ નથી પણ નિર્દોષ છે એમ કહેવાય. ૨૨૨

## દ્રષ્ટિ દ્વાર આગળ અલીંદ.

छत्र पृष्टि न कर्तव्यं ध्रुवादि गृह शोडष ।
अलिंद द्रष्टि द्वारंच अन्य वास्तु न दोषकृत् ॥२२३॥

અર્થ—ધ્રુવાદિ સોળ પ્રકારના જે ઘર છે તેની પાછળ છત્ર કરવું નહિ, અને દૃષ્ટિ દ્વાર આગળ અલીંદ (ઓસરી) કરવી. તો તેને વાસ્તુનો દોષ.નથી. ૨૨૩

## એક સ્થંભ તથા પદ.

पद हिनं न कर्तव्यं प्रासाद मठ मंदिरं ।
एक स्थंभं द्रयं कार्यं छत्रपति धनक्षयं ॥२२४॥

અર્થ—પ્રાસાદ, મઠ, વગેરે ને પદ હીન કરવા નહિ તેમજ તેમાં એકી થાંભલો મુકવો નહિ, મુકે તો પદ ભંગ થાય અને તેથી છત્રપતી પણ નિર્ધન થાય. ૨૨૪

द्वार मध्ये स्थितो गेहं मेकस्थंभं न कारयेत् ।
युग्मेषुच भवेत् श्रेष्टं मेकेकं परि वर्जयेत् ॥२२५॥

"Aho Shrutgyanam"

અર્થ—કોઇ પણ દ્વાર મધ્યે એક થાંભલો મુકવો નહિ મુકે તો વેધ વાળું ઘર કહેવાય. બે થાંભલા વચમાં મુકવા તે થાંભલાને જોટા થાંભલા કહે છે. જો બે થાંભલા મુકે તો તે શ્રેષ્ટ છે. ૨૨૫

**गुणाच बहवो यत्र दोष मेकंभवेद्यदि ।**
**गुणाधिकं चाल्य दोषं करत्तव्यं नात्रसंशय ॥२२६॥**

અર્થ—ઘર, પ્રાસાદ, મઠ, ઈત્યાદિ શિલ્પના જે જે કામ કરવાના છે, તેમાં ઘણા ગુણ હોય અને કદાપી એકાદ દોષ આવે તો તેનો બાદ લાગે નહિ. માટે થોડા દોષ અને ઘણા ગુણ વાળા કામ કરવા એમ વિશ્વકર્મા કહે છે.

---

## પ્રકરણ ૯ મું.

### ઘર આગળ ઝાડ વાવવા.

**खर्जुरि दाडिमी रंभा द्राक्षा जांबुनी कर्णिका ।**
**नृपाणं भवने श्रेष्टं अन्यत्र परि वर्जयेत् ॥२२७॥**

અર્થ—ખજુરી, દાડમી, કેળ, દ્રાક્ષ જાંબુ અને કરેણ એટલા વાના. જો રાજાના ભુવન આગળ હોય તો સારા બીજા લોકોના ઘર આગળ હોય તો તેમને અશુભ કર્તા છે. માટે સાધારણ લોકોએ તે રાખવા નહિ. ૨૨૭

**जाति पुष्पाणि सर्वाणि नाग वल्ली दलानिच ।**
**नृपाणं भवने श्रेष्टं अन्यत्र परि वर्जयेत् ॥२२८॥**

"Aho Shrutgyanam"

અર્થ—જાવેલ, વગેરે વેલીઓના ફુલ તથા નાગર-વેલ, એ રાજાના ભુવનમાં હોય તો સારા લાભકારી છે બીજા લોકોના ભુવનમાં ત્યાગવા કહ્યા છે કેમકે હાની કર્તા છે. ૨૨૮

पुंगी फलानि पत्राणि देव वृक्ष तथै वच ।
शभं भवंति भूपालो अन्यत्र परि वर्जयेत् ॥२२९॥

અર્થ—સોપારી, જાવંત્રી દેવદાર ઇત્યાદિ વૃક્ષ રાજાના ભુવનમાં હોય તો ઉત્તમ ફળ આપનારા સમજવા. પણ બીજા લોકોના ભુવનમાં ત્યાગવા કારણ કે તે અશુભ કર્તા છે. ૨૨૯

## મધ્યે દ્વાર.

द्वार मध्वे गृहाणांनु कोणमेकं न कारयेत् ।
युग्मे सुच भवेत् श्रेष्टं मेकेकं परि वर्जयेत् ॥२३०॥

અર્થ—બધા ભુવનના દ્વાર મધ્ય ભાગમાં મુકવા કોઇ પણ દ્વાર એક ખુણા ઉપર મુકવું નહિ, મધ્યમાં શ્રેણી છે અને ખુણા ઉપર નિષેધ છે. ૨૩૦

## ચારે દિશામાં દ્વાર.

वर्जयेत् वैश्य शुद्राणां क्षत्रीयाणां शुभं भवेत् ।
करोसिंह नृपाणंच संग्रामेच सदा जय ॥२३१॥

અર્થ—ચારે દિશાના દ્વાર વાળાં ઘર વૈશ્ય તથા શુદ્રને તજવા કહ્યા છે અને રાજાને ઘણા શ્રેષ્ટ છે, કારણ સિંહ સરખો પરાક્રમી રાજા થાય; તે સંગ્રામમાં જય પામનારો થાય છે. ૨૩૧

"Aho Shrutgyanam"

चतुर्द्वारंचं चतुर्दिशं उर्ध्वंचतुर्गवाक्षकं ।
नृपाणां भवने श्रेष्टं अन्यत्र परिवर्जयेत ॥२३२॥

અર્થ—રાજાના ભુવનને ચારે બાજુ જે બારણાં હોય અથવા દરવાજા હોય તે ઉંચા હોય તો શ્રેષ્ટ છે, બીજાને તેવાં ત્યાજ્ય છે. ૨૩૨

## શ્રેણી ભંગ.

क्षिणे क्षाणांच सर्वेस्यां श्रेणि भंग न कारयेत् ।
अग्रतं पृष्टि श्चैव समसुत्रंच कारयेत् ॥२३३॥

અર્થ—કોઈ પણ ભુવનમાં જે માન હોય તેમાંના કોઈનો નાશ કરે, અથવા શ્રેણી ભંગ આગળ કે પાછળ કરે તો તે નિષેધ છે. સર્વે સમસુત્ર કરવા સમસુત્ર કરવાથી ઉત્તમ ફળ મળે નહિંતર કનિષ્ટ ફળ આપે. ૨૩૩

यद्दाग्वेक्षं न कर्तव्यं श्रेणी भंग न कारयेत् ।
स्वामि सुख न कर्तव्यं षष्ट मासेन भागिकं ॥२३४॥

અર્થ—ભુવનના બારણાની શ્રેણી ભંગ કરવાથી ઘર ધણીને સુખ ઉપજે નહિ, તેમજ છ માસમાં તે ઘર, અગર ઘર ધણીનો નાશ થાય. ૨૩૪

## સ્થંભ.

मध्ये स्तंभ यदिमानं तदिमानं अग्रतं भवेत् ।
क्षीणे क्षीणं वृद्धि कर्त्तव्यं भीत मानं च मंदिरं ॥२३५॥

અર્થ—બધા ભુવનની ભીંતના માન પ્રમાણે વચલા થાંભલાનું માપ કરવું, તેના પ્રમાણમાં આગળના થાંભલા

"Aho Shrutgyanam"

પણ કરવા. જો વચલો થાંભલો માપથી ઓછો હોય તો બધા ઓછા કરવા અને વધારે હોય તો બધા વધારે કરવા. ૨૩૫

## પ્રમાણ રહિત.

अशास्त्रं मंदिरं कृत्वा प्रजा राज गृहं भवेत् ।
तद्गृहं अशुभं सेयं श्रेयं तत्र न विद्यते ॥२३६॥

અર્થ—રાજાના કે પ્રજાના કોઇ પણ ભુવન શાસ્ત્રના પ્રમાણ રહિત હોય તો તે અશુભ કર્તા છે. તે ભુવનમાં રહેનાર ધણીનું કોઈ દિવસ શ્રેય થાય નહિ. ૨૩૬

## શાળા.

ध्विशालं चतु शालंच षष्ट शालंच अष्टयो ।
विस्तारं वृद्धि कर्तव्यं नैव लोपं न दोष कृत ॥२३७॥

અર્થ—કોઇ ભુવન બે શાળા, ચાર શાળા છ શાળા કે આઠ શાળાનું હોય તો તે શાળાની વૃદ્ધિ જેમ પાછળ જાય તેમ કરતા જવું, કે જેથી શાળાના માનનો લોપ થાય નહિ અને દોષ લાગે નહિ. ૨૩૭

एक शाला त्रिशालंतु पंच शालंच सप्तयो ।
दीर्घंतु वृद्धि कर्तव्यं विस्तारं न च दोषकृत् ॥२३८॥

અર્થ—કોઇ ભુવન એક શાળા, ત્રણ શાળા, પાંચ શાળા કે સાત શાળાનું હોય તો, માનમાં પગથીઆ પાડી ચોક કરવાથી કોઈ પ્રકારનો દોષ લાગતો નથી. ૨૩૯

"Aho Shrutgyanam"

## થર ભંગ.

गृह लोपं यदा वैक्ष्य अष्टिका संचि मंदिरं।
ब्रह्मदोषं मकर्तव्यं स्वामी सर्वधनक्षयं ॥२३९॥

અર્થ—જો ભુવનમાં ઈંટોના થર સીધી રીતે પ્રમાણુમાં ન ચોડતાં પ્રમાણુ બહાર ચોડે તો, ચોડનારને બ્રહ્મ દોષ લાગે અને ઘર ધણીના ધનનો ક્ષય થાય. ૨૩૯

अष्टौका कर्म सर्वेषु प्रमाणं नैव लोपयेत्।
पाषाणे हेत कर्तव्यं न दोषा अद्रिष्टायकं ॥२४०॥

અર્થ—કોઈ પણ ભુવન ઈંટોથી ચણેલું હોય તો તેના થરનો ભંગ થવો જોઇએ નહિ, પત્થરથી ચણેલું હોય તો પણ થર ભંગ કરવો નહિ. આ પ્રમાણે કરે તો અદ્રષ્ટાયનો દોષ લાગે નહિ. ૨૪૦

## દ્વાર ઉપર જાળી.

द्वारे सर्वं गृहाणंतु उर्ध्वं जालिं न कारयेत्।
जालिं जाल भयंजीव ग्वाक्षै स्वामि सुखा वहा ॥२४१॥

અર્થ—કોઇ પણ ભુવનના દ્વાર ઉપર જાળી મુકવી નહિ કેમકે તે જાળીમાં જાળા, જીવ કે એવી હરકત કરતા આબતોનો ભય રહે છે, એટલે એવા દ્વાર વાળા ઘર કરવાથી ઘર ધણી સુખી ન થાય. ૨૪૧

## અલીંદ.

द्वि शाला गृह कर्तव्यं दिशि पश्चिम संभवेत्।
एक वर्गं अलिंद्युत्कं अभि नंच न दोषकृत् ॥२४२॥

"Aho Shrutgyanam"

અર્થ—જો કોઈ ઘર બે પરશાળ વાળું કરવું હોય અને તેનું મુખ પશ્ચિમ બાજુ હોય તો એક ભાગ અલીંદ (ઓસરી) વાળો કરવામાં દોષ નથી. ૨૪૨

द्विशालं चतुशालंच षठशालाच अष्टयो ।
दक्षिणे अलिंद कर्तव्यं वामे वैक्ष्यंच वर्जयेत् ॥२४३॥

અર્થ—બે, ચાર, છ, કે આઠ શાળા વાળા ઘર હોય તે બધાને દક્ષિણે (જમણી બાજુએ) અલીંદ કરવી ડાબી બાજુએ કરવી નહિ. ૨૪૩

एक शाला प्रकर्तव्यं पंच शालंच सप्तयो ।
अलिंद वाम कर्तव्यं दक्षिणं परि वर्जयेत् ॥२४४॥

અર્થ—એક, ત્રણ, પાંચ, કે સાત શાળા વાળા ઘર હોય તો તેને ડાબા અંગે અલીંદ કરવી, જમણા ભાગે કરવી નહિ કારણ કે તે ત્યાજ્ય છે. ૨૪૪

### બારણા સામે થાંભલો.

प्रजा गृहेषु सर्वेषु अग्रेषु द्वार संयुतं ।
मध्य कर्ण स्थंभयंच न दोष अद्रिष्टायकं ॥२४५॥

અર્થ—દરેક વ્યકિતના ઘર આગળ બારણા મુકવા. પણ બારણાની વચ્ચે વચ્ચ દેખાય તેમ કોઈ પણ જગ્યાએ થાંભલો મુકવો નહિ. કારણ કે તેથી અદ્રિષ્ટા દોષ લાગતો નથી. ૨૪૫

### બારણું જમણી બાજુ.

गृह द्वारेषु सर्वेषु दक्षिजे वृद्धि करं स्मृता ॥
मंदयो द्वार अग्रेषु हेत मानंच कारयेत् ॥२४६॥

"Aho Shrutgyanam"


અર્થ—કોઇ પણ જાતના ઘરને બારણા મુકતી વખતે મધ્યભાગથી કિંચિત પણ જમણી બાજુએ વધારે રાખી મુકવાં અને દ્વારની ઉપરના ઓતરંગ વચ્ચે **મંદ** કરવું. ૨૪૬

## ગર્ભે બારણુ.

**एक शाला गृह कर्तव्यं द्वारंच सन्मुखं भवेत् ।**
**द्वि शाला चतु शालाच अग्रे द्वारंच सन्मुखं ॥२४७॥**

એક શાળા, બે શાળા, કે ચાર શાળાનું ઘર હોય તો તેના બારણા ગર્ભે મુકવા અને આગળજ કરવા, તેથી તે નિર્દોષ ગણાય. ૨૪૭

દ્વાર તથા સ્થંભના ઉદયનાં પ્રમાણના ભાગ મધ્યમાનનાં.



ગર્ભે દ્વાર. પ્રાસાદને માટે. — ગર્ભ આગળનીને દ્વાર. ઘરને માટે

**मध्ये सन्मुख कर्तव्यं गृहेषु परिवर्जयेत् ।**
**मंडपं सन्मुखं मध्ये अग्रेषु हेत कारयेत् ॥२४८॥**

અર્થ—બધા ઘરના બારણા વચમાંજ રાખવા અને બારણા આગળ વચમાંજ ડેલી કરવી પાછળ કે આગળ કરવી નહિ. તેમજ બારણું મુકવું નહિ. ૨૪૮

"Aho Shrutgyanam"

## શાસ્ત્ર વિરૂદ્ધ થાય તો.

लोपिता लंघिता एव ब्रह्म दोषं महाभवेत् ।
शिल्पिनां नर्के यांति स्वामि सर्व धनक्षयं ॥२४९॥

અર્થ—બધા મકાન બનાવવાની રીતોથી વિરૂદ્ધ મકાન બનાવવામાં આવે તો બાંધનાર શિલ્પી નર્કે જાય. અને ઘર ધણીની લક્ષ્મીનો નાશ થાય. તેમાં શંસય નહિ. ૨૪૯

## દ્વારની સમજણ.

द्वारोर्ध्वे यद्वार मस्य प्रमाणं ।
संकिर्णंवा शोभन नाधिक तत् ॥
ह्स्व द्वारा ण्येव यानि वृथुनि ।
तेषां शिर्षाण्येक सूत्राणि कुर्यात् ॥२५०॥

અર્થ—તળના મજલામાં દ્વાર જેટલું પહોળું મુકયું હોય તેના કરતા અનુક્રમે ઉપરના મજલાઓમાં સાંકડું મુકતાં જવું પણ પહોળું મુકવું નહિ; વળી નાના કે મોટા બધા દ્વારના ઓતરંગ સમસૂત્ર રાખવા. ૨૫૦

स्वय मपिच कपाटोद् घाटनं यापिधानं ।
भयदम धिकहिनं शाख योर्वा विचाले ॥
पुरुष युवति नाशं: स्तंभ शाखा विहीनम् ।
भयद मखिल काष्टाग्रं यदाधः स्थितं स्यात् २५१॥

અર્થ—ઘરના બારણાના કમાડ જાતે ઉઘડી જાય અને જાતે વસાઇ જાય તેવા હોય તો ભય ઉત્પન્ન કર્તા

"Aho Shrutgyanam"

ગણાય, દ્વારની શાખો એક તરફ પહોળી અને બીજી તરફ સાંકડી હોય તો ભય કર્તા ગણાય, થાંભલા અને શાખા વગરનું ઘર હોય તો સ્ત્રી પુત્રાદિકનો નાશ થાય. બારણાના સ્થંભો અને શાખા વગેરે લાકડાના મૂળનો ભાગ નીચે અને ટોચનો ભાગ ઉંચો રાખવો, એથી ઉલટી રીતે રાખવામાં આવે તો તે પણ ભય પેદા કરનાર છે, ૨૫૧

### દેવ, રાજા, બ્રાહ્મણના ઘરના દ્વાર.

**गर्भद्वारं न दातव्यं मध्य नैव परि त्यजेत।**
**मध्ये द्वारंतु देवानां द्विजाना भवनि भृताम ॥२५२॥**

અર્થ—દેવ, રાજા, અને બ્રાહ્મણના ઘરને દ્વાર ગર્ભે મુકવું. બીજા લોકોના ઘરને ગર્ભેથી ડાબી તરફ ચાળવી દ્વાર મુકવામાં હરકત નહિ. ૨૫૨

## પ્રકરણ ૧૦ મું.

### સમ વિસમ.

**स्तंभः कुंभिका कुंभि तिलमात्रं न लौपजेत्।**
**भरं शिरा पट्ट पदं तिलमात्रं न लोपयेत् ॥२५३॥**

અર્થ—કુંભી, ભરણું, તથા પાટડો વગેરેને તલ માત્ર પણ સમ વિસમ કરવા નહિ. જો કરવામાં આવે તો ઘર ધણીને દુઃખ કર્તા થાય. ૨૫૩

"Aho Shrutgyanam"

युग्म गृहं प्रकर्तव्यं एक स्वामि गृहे शिवम् ।
मध्ये भीति द्वयं कार्यं मेकेकं परि वर्जयेत् ॥२५४॥

અર્થ—એક પુરૂષને એક ઘરના બે ભાગ કરવા હોય તો વચમાં બે દિવાલો એકઠી કરવી એક કરે તો નિષેધ છે થાંભલા પણ બે મુકવા. ૨૫૪

## પ્રવેશવું અને નીકળવું.

कपाटं गृह दक्षिणे निगदित वामे भवेदर्गला ।
सृष्टा निष्क्रमणं कृतं मुनिवरे द्वारेषु सर्वेषुयत ॥२५५॥

અર્થ—બારણાની અંદર ડાબી બાજુએ આગલાને રહેવાનું સ્થાન અને જમણી બાજુએ બારણું ઢાંકયા પછી તેનો પ્રવેશ સૃષ્ટિ માર્ગે કરી નીકળવાનો નિયમ દ્વાર માટે છે. ૨૫૫

## નાગદંતો.

नागदंतो तु शालायां द्वौ द्वौ भागच दक्षिणे ।
एक शालार्कं भागेन तस्मात् सार्द्ध परित्यजेत् ॥२५६॥

અર્થ—શાળામાં નાગદંતો બે બાજુએ કરવા બે ડાબી બાજુએ અને બે જમણી બાજુએ તેમાં એક શાખાના બારમા ભાગ વડે કરવો. અને બીજો દોઢ ભાગના અંતરે કરવો. ૨૫૬

## દીવાનું સ્થાન કયાં રાખવું.

द्वारो द्वींगा समासस्ता न गृहा भिमुहवाशुभा ।
दैवे दीपालयं वामे दक्षिणांगे नृपागृहे ॥२५७॥

"Aho Shrutgyanam"

અર્થ—દીવાનું સ્થાન દ્વારના ઓતરંગની બરાબર હોય તે શ્રેષ્ટ છે. ઘરના સામે હોય તો અશુભ છે. દેવ-ગૃહમાં દીવાનું સ્થાન ડાબી બાજુએ મુકવું, અને મનુષ્યોના ઘરમાં દક્ષિણ તરફ એટલે જમણી બાજુએ મુકવું. ૨૫૭

## ઘરની ઉભણીના ભાગ.

नव भक्ते गृहोत्सेधे कुंम्भी भागेन संमिता ।
पंच भागेर्भवेत् शाखा साखार्धं द्वारं विस्तरं: ॥२५८॥

અર્થ—ભુવનની ઉભણીના નવ ભાગ કરવા તેમાં એક ભાગની કુંભી કરવી. પાંચ ભાગની શાખા કરવી અને શાખાની લંબાઇના અડધા ભાગે દ્વારની પહોળાઇ કરવી. આ વિસ્તાર કનિષ્ટ માનનો છે તેથી વધારે હોય તો ઉત્તમ છે એ સઘળા દ્વારો ઓતરંગ વાળા કરવા. ૨૫૮

व्यास: प्रोक्त: कनिष्टोय मुत्त मस्तु ततोधिक ।
समशिर्षाणि सर्वाणि द्वाराणि कथिता निहि ॥२५९॥

અર્થ—સાદા ઘર કરવા હોય તો ઉભણીના ત્રણ ભાગે પણ એજ પ્રમાણે દેવજાદિ આદ્યથી બે ભાગની શાખા અને એક ભાગ ઉપર રાખવો. દ્વાર નાના તથા મોટા હોય તો પણ નીચે ઉંચા રાખી ઓતરંગ સમસૂત્રે મેળવવા આગળના બારણાથી બીજા બારણા ઉંચા કરવા પણ નીચા કરવા નહિ કરે તો વેધ વાળું ઘર થાય. ૨૫૯

## ચાર દિશાના દ્વાર કોને કરવા.

एवं द्वारं प्राङ् मुखं शोभनंस्या ।
चातुर्वर्त्कंधात्र भूतेश जैन ॥

"Aho Shrutgyanam"

**युग्मं प्राच्यां पश्चिमेऽथ त्रिकेषु ॥**
**मुलद्वारं दक्षिणे वर्जनियम् ॥२६०**

અર્થ—જે ઘરને એકજ બારણું કરવું તે ઘરને તેની પૂર્વ દિશાએ બારણું મુકવું. પણ બ્રાહ્મણ, મહાદેવ, અને જૈનના પ્રાસાદને ચારે દિશાએ ચાર દ્વાર કરવા હોય તો કરવા. જે ભુવનને બે દ્વાર મુકવા હોય તેને તેની પૂર્વ અને પશ્ચિમ દિશાએ દ્વાર મુકવા અને જે ભુવનને ત્રણ દ્વાર મુકવા હોય તે ભૂવનનું મુળ દ્વાર દક્ષિણ દિશાએ કરવું નહિ.

**દ્વારના જ્યેષ્ટ, મધ્ય, અને કનિષ્ટ માનનું પ્રમાણ.**

**षष्ट्या वाथ शतार्धं सप्तयुतैं र्व्यासस्यहस्तां गुलै ।**
**द्वारस्यो दयको भवेच भवने मध्यः कनिष्टोत्तमौ ॥**
**दैर्ध्यर्धेनच विस्तरः शशिकला भागंऽधिकशस्यते ।**
**दैर्घ्यात्त्र्यं शविहीन मर्धं रहितं मध्यं कनिष्ठं क्रमात्॥२६१॥**

અર્થ—ઘરની જમીન જેટલા હાથ (ગજ) પહોળી હોય તેટલા આંગળો લઈ તેમાં ૫૦-૬૦-૭૦ માંથી ઠીક લાગે તેટલા આંગળો ઉમેરવા. આ ત્રણ પ્રકારની રીત ઘરના ઉદય માટે જણાવીછે, તે અનુક્રમે કનિષ્ટ, મધ્યમ, અને શ્રેષ્ટ. ઘરના દ્વારની પહોળાઇ માટે એવી રીતે કરવું કે, બારણાની ઉંચાઇનો અરધો ભાગ અને સોળમો ભાગ લઇ તેનો સરવાળો કરવો જેટલા આંગળ આવે તેટલી દ્વાર પહોળાઈ કરવાથી તે શ્રેષ્ટ છે. અને બારણાની ઉંચાઈનો સોળમા ભાગના એક ભાગના પાંચ ભાગ કરવા તેમાંના ત્રણ ભાગ બાદ કરી રહેલા

"Aho Shrutgyanam"

બે ભાગ અર્ધા ભાગમાં ઉમેરવા જે પહોળાઇ આવે તે પ્રમાણે દ્વારની પહોળાઈ કરવામાં આવે તે કનિષ્ટ છે. ૨૬૧.

### માળ તથા દાદરનું પ્રમાણ.

भूम्या रोहण मुर्ध्वं तस्तदु परि माद्क्षिणं शस्यते ।
द्वारं तुर्थं भवंच भूमिर परा हस्वार्कं भागै क्रमात् ॥२६३॥

અર્થ—ભોયતળીયાના માળથી પહેલા માળ ઉપર ચડતાં, પહેલા દ્વારમાં પ્રવેશ કર્યા પછી જમણા હાથ તરફ દાદર હોય તે શ્રેષ્ટ છે. નિચેના દ્વાર કરતા મેડીનું દ્વાર બારમાં અંશે ઓછું કરવું, તેજ પ્રમાણે ભોયતળીયાના મજલાની ઉંચાઈથી અનુક્રમે દરેક માળની ઉંચાઈ બારમા અંશે ઓછી કરવી. ૨૬૨


### પર્વતની ભીંત.

प्रासादेच मठे नरेंद्र भवने शेलः शुभोनो गृहे ।
तस्मिन्भीतिषु ब्राह्मकाषु शुभदः प्राग्भूमि कुम्भ्यातथा ॥२६३॥

અર્થ—દેવ પ્રાસાદ, રાજમહેલ, અને મઠની એક બાજુએ અથવા બંન્ને બાજુએ પર્વતની ભીંત હોય તો તે સારી છે. પણ સાધારણ લોકોના ઘરમાં પર્વતની ભીંત હોય તો તે સારી નહિ પરંતુ તેવા લોકોના ભુવનની ભીંતના બ્હારના ભાગે (તે જગ્યાની કુંભી નીચે) પર્વતનો ગમે તે ભાગ આવે અથવા પર્વતનો ભાગ હોય તો તેની હરકત નહિ અને તેવા લોકોના ઘરની ભોયતળીયાના ભાગની કુંભીની નીચે પર્વતનો ગમે તે ભાગ આવે અથવા તેજ પર્વતના કોઇ પણ ભાગની કુંભી હોય તો તેની

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



પાલીતાણા પાસે શત્રુંજય ઉપરનાં જૈન મંદિરો

"Aho Shrutgyanam"

ચિંતા નહિ ભુવન આગળના ઓટલા સુધી પર્વતનો પત્થર આવે અથવા પર્વતનો ઓટલો હોય તો પણ ફીકર નહિ. ૨૬૩

## પત્થરની છાટ વિષે.

उत्तानपटो नृपमंदिरेऽसौ ।
हस्तेच हस्ते द्वियवोन्नतः स्यात् ॥
पाषाणतः सौख्य करो नृपाणां ।
धनक्षयं सोऽपि करोति गेहे ॥२६४॥

અર્થ—રાજાના પ્રાસાદના પાટડા ઉપરની છાટની દરેક ગજે બે જવ પ્રમાણે જાડાઇ રાખવી, એવા માપની પાષાણ છાટ હોય તો રાજાને સુખાકારી છે. પણ એવા છાટ સાધારણ ઘરના લોકો રાખે તો તેના ધનનો નાશ થાય. ૨૬૪.

## ગૃહ પ્રવેશ.

उत्संग नामामि सुखः प्रवेश ।
स्यात् पुष्ट भागे भवनस्य पश्चात् ॥
विनाश हेतु कथितोऽपसव्यः ।
सव्य प्रशस्तो भवनऽखिलेऽसौ ॥२६५॥

અર્થ—ઘરકે ભુવનની સન્મુખ તરફથી પ્રવેશ કરી શકાય તો તે શ્રેષ્ટ છે. ઘરની પછીત ફરી ઘરમાં પ્રવેશ થાય તે પૃષ્ઠભંગ ગણાય; તે પ્રથમ દ્વારમાં પ્રવેશ કર્યાં પછી જામણી તરફ થઇને ઘરમાં પ્રવેશ



"Aho Shrutgyanam"

થાય તો તે અપ સવ્ય પ્રવેશ કહેવાય. પ્રથમના દ્વારમાં પ્રવેશ કર્યા પછી ડાબી તરફ થઇ ઘરમાં પ્રવેશ થાય તો તે સારો ગણાય. ૨૬૫

## ઘરના પદ કરવાની સમજ.

शालालिंद उदीरितोहिवि बुधैः बाणेषु युग्मांशकः ।
सप्तांशेषु गुणैश्चनंद पदतो वेदांश तुल्य स्तथा ॥
कापाटं गृह दक्षिणे निगदितं वामे भवे दर्गला ।
सृष्टयानिः क्रमणं कृतं मुनिवरै द्वारेषु सर्वेषुयतः ॥२६६॥

અર્થ—ઘર કરવાની જમીનના પાંચ ભાગો કરી તેમાંથી ત્રણ ભાગનો શાળા કરવી, અને બાકીના બે ભાગ જમીનમાં પરશાળ કરવી. તેમજ ઘરની જમીનના સાત ભાગો કરી તેમાંથી ચાર ભાગોની શાળા કરવી. અને બાકીના ત્રણ ભાગોની પરશાળ કરવી. તેમજ ઘરની જમીનના નવ ભાગો કરી તેમાંથી પાંચ ભાગોની શાળા કરવી અને ચાર ભાગની પરશાળ કરવી એવા ઘરના દ્વારને એક કમાડ કરવું હોય તો ઘરની જમણી તરફ કરવું. અને ઘરના ડાબા અંગે અર્ગલા અથવા ભુંગળ રાખવી તથા ઘરના સર્વે દ્વારોમાંથી સુષ્ટિમાર્ગે નીકળવાનું શ્રેષ્ટ છે. ૨૬૬


## ઘર કરવાની જમીન પહોળી અથવા સાંકડી હોય તો.

गृहस्य भूमिर्यदि पृष्ट भागे,
स्वल्पा तदाहीन गुणा प्रदिष्टा ॥
अग्रेंऽलिपका मध्य गुणा ततःसा ।
समा विधेया चतुरस्त्रि काच ॥ २६७ ॥


"Aho Shrutgyanam"


અર્થ—ક્ષેત્ર ફળ કરવું હોય તે જમીન આગળથી પહોળી અને પાછળથી સાંકડી હોય તે વ્યાઘ્રમુખ કહેવાય તે ખરાબ છે. આગળથી સાંકડી અને પાછળથી પહોળી હોય તે મધ્યમ કહેવાય. એટલે ઘર કરવામાં સમચોરસ જમીન લેવી અને બાકીનો વધારાનો ખુણો પડે તે રહેવા દેવો તે જરૂર હોય તો લેવી પણ તે જગ્યામાં સ્થંભ દ્વાર આદિ મુકવા નહિ પણ ક્ષેત્ર ફળ કર્યું હોય તે વિભાગે મુકવા. ૨૬૭

પાંચ ભાગે પદ.





સાત ભાગે પદ.




નવ ભાગે પદ.




અગીઆર ભાગે પદ.

"Aho Shrutgyanam"

## ઘરની જમીન ઉંચી નીચી હોય તો.

**मध्ये निम्नं त्व गणाग्रं तथोच्चेः ।**
**शश्वश्चेत्वं पुत्रनाशाय गेहम् ॥**
**स्थंभ श्रेणि मध्य मानेन कार्या ।**
**न्यू न्याधिके नैव पूजा नवश्री ॥ २६८ ॥**

અર્થ—જે ઘરના મધ્ય ભાગની જમીન નીચી હોય અને આગળના દરવાજા વાળો ભાગ ઉંચો હોય તો તેવું ભુવન નિરંતર પુત્રનો નાશ કરનાર છે. વળી ઘરને થાંભલાની ઓળ (સમસુતર) મધ્ય માનની કરવી, તેમજ પંકતીનો ભેદ કરશો નહિ, કરે તો તેવા ઘરધણીને જગતમાં ધાન્ય અને લક્ષ્મીની પ્રાપ્તિ થાય નહિ. ૨૬૮

## ઘરોના નેવા.


**गृह भूमे र्बहि श्च्छाद्य धारा पात्या सदा बुधै ।**
**पतेयुश्चंद्र शाळायां तदा दोषो न विद्यते ॥ २६९**


અર્થ—ક્ષેત્રફળ કરી ઘર કે ભુવન બાંધ્યું હોય તો તેના નેવા ક્ષેત્રફળની બહાર કાઢવા અગર કોઈ ઘરને અગાશી કરવી હોય તો ઓટલાની જમીન ક્ષેત્રફળથી બહાર રહે છે. તેટલામાં અગાશી કરવી, અગાશીમાં નેવા પડે તેનો દોષ નથી પણ ચોકમાં નેવા પડવા દેવા નહિ; અગાશી પડવા દેવાનું કારણ કે વચમાં ક્ષેત્રફળની પૃથ્વિ આવી.


## છાપરાની કર્ણ.


છાપરાની કાટખુણાની ત્રીકોણમાં કાટખુણા સામેની બાજુને કર્ણ કહે છે. કાટખુણો કરનારી બે બાજુમાંની એકને લંબ અને બીજી પાયો કહે છે.


"Aho Shrutgyanam"











લંબ
કર્ણ.
પાયો.


૧૨
૨૦
૧૬

કાટખુણુ ત્રિકોણમાં કાટખુણો કરનારી બે બાજુના વર્ગના સરવાળાનું વર્ગમુળ કાઢવાથી તેનો કર્ણ નીકળશે.

જેમકે દા. ૧ એક કાટખુણ ત્રિકોણની એક બાજુ ૧૨ ઇંચ અને બીજી બાજુ ૧૬ ઇચ છે તો કર્ણ કેટલો ?

$૧૨^૨+૧૬^૨ \sqrt{૧૪૪+૨૫૬}=૪૦૦=૨૦$ ઇંચ કર્ણ.

દા. ૨. કાટખુણો કરનારી બાજુઓ ૧૨ અને ૫ ફૂટ હોય તો કર્ણ કેટલો ?

$૧૨^૨+૫^૨=\sqrt{૧૪૪+૨૫}=\overline{૧૬૯}=૧૩$ ફૂટ આવે.

કેટલાક સ્થળે ક્ષેત્ર ફળ એવી રીતે કરે છે કે, આગલો પરશાળનો ભાગ અને ચોકનો ભાગ મુકી દઈ ફક્ત ઓરડાનું ક્ષેત્ર ફળ ગણે છે. આવી રીતે કરેલા ઘરોને ચોકમાં નેવા પડે તો બાદ નથી. તે ક્ષેત્રફળની બહાર પડયા ગણાય. ૨૬૯

## આકાશ.

**स्तंभं कुपादि सामिप्ये गृही दुःख मवाप्नु यात् ।**
**तदोष विनि वृत्यर्थं यत्नवान पुरुषोभवेत् ॥ २७० ॥**

અર્થ—જે ઘરની સામે કુવો, દેવસ્થાન, થાંભલો, ભીંત, ધારાવેધ (નેવ) આગળ ઉંચું ને પાછળ નીચું અથવા કનિષ્ટ મુખ સામે આવે તો, તે ઘર ધણી દુઃખી થાય છે; માટે તેના નિવારણ સારૂ યુક્તિ કરવી. ૨૭૦

"Aho Shrutgyanam"

तन मध्ये राजमार्गं श्चेत् तदा निर्दोषता मियात् ।
आकाश दर्शनाद् दोषा स्तूर्णं न स्यति दुःखदा ॥२७१॥

અર્થ—ઘર અને કુવા વગેરેની વચ્ચે રાજમાર્ગ હોય તો ઘર ધણીને દુઃખ થતું નથી, કારણ વચમાં આકાશ દર્શન થવાની દુઃખનો નાશ થાય છે. ૨૦૧.

## ઘોડા ગર્ભ.

વચલા દ્વારની બાજુમાં જાળીયો ગોખલા વગેરે મુકવાની રીત.

शाला जिनां शैर्मं नुरेवमध्ये त्रयो हयांते द्वय मस्यपार्श्वे ॥
द्वारोत्तमां गेन समा न कर्णा शस्ता न शस्ता भवना भिवक्त्रा ॥ २७२ ॥

અર્થ—શાળાના ચોવીસ ભાગો કરી તેમાંથી ચૌદ ભાગ વચમાં રાખી બંન્ને તરફ ત્રણ ત્રણ ભાગે ઘોડા ગર્ભ આવે, અને વળી તે પછી બે બે ભાગે ઘોડા ગર્ભથી બંને તરફ આવે, દ્વાર ઉપરના ઓત રંગના તળાંચા બરોબર ઘોડાના કાન રાખવા (ઓતરંગ તળાચામાંથી ઘોડાના કાન ઉંચા થવા જોઇએ) એ સારા ગણાય. પણ દ્વારના સામે કે દ્વારના ગર્ભે ઘોડો આવે તે સારો નહિ. ૨૭૨


## માણસની યોગ્યતા પ્રમાણે ઘર કરવા.

एक भूमंद्विभूमं वाऽन्त्यद्वाणां भवनं नृणम् ।
शुद्राणां त्रितलं कुर्याद् वैश्यानां तुच तुस्तम ॥२७३॥


અર્થ—સાધારણ યોગ્યતા વાળા હલકા લોકોના ઘર એક અથવા બે મજલાવાળા કરવા, શુદ્ર લોકના ઘર ત્રણ

"Aho Shrutgyanam"


ઘોડા ગર્ભ ભાગ ૨૪



ઘોડા ગર્ભ ભાગ ૨૮



ઘોડા ગર્ભ ભાગ ૩૨.



"Aho Shrutgyanam"

મજલાના કરવા અને વૈશ્ય લોકના ઘર ચાર મજલાના કરવા. ૨૭૩

**क्षत्रियादेः पंचभूमि द्विजानां राग भुमितं ।**
**सत्याढयं मंडलिकानां भूभुजा नव भूमिका ॥२७४॥**

અર્થ—ક્ષત્રીઓને અધિકારીઓનાં ભુવન પાંચ મજલાના કરવા, અને બ્રાહ્મણનાં ૭ મજલાના કરવા, અને મંડળીક રાજાઓના સાત માળના કરવા સ્વતંત્ર રાજાઓના નવ માળના કરવા. ૨૭૪

**एकादश तलंगेहं, विदध्या चक्रवर्तिनाम् ।**
**उदयार्कार्कि भागेन हीना उर्ध्वोर्ध्व भूमिका ॥२७५॥**

અર્થ—ચક્રવર્તિ રાજાઓને અગીઆર માળ સુધીના કરવા પણ એટલું ધ્યાનમાં રાખવું કે દરેક માળ દીઠ નીચેના માળ કરતા બારમા ભાગે ઉંચાઈમાં ઓછા કરવા. ૨૭૫

## પ્રાસાદને કળશ

**प्राडमर्धोदय कुर्यात् कलस द्वज भूषितं ।**
**प्रासादे देवराज्ञोः स्यात् त्यजेद न्यगृहादिषु ॥२७६॥**

અર્થ—ભૂમિના છેલ્લા માળે અર્ધો દ્ય (બે પાસા) કરવા અને કળશ ધ્વજા ચડાવવી. આ પ્રમાણે કરીએ ત્યારે તે પ્રાસાદ કહેવાય અને સાધારણ લોકોના ઘરોને કળશ ચડાવવા નહિ. પણ ચારે તરફ નેવા પાડવા હોય તો ગર્ભ છોડીને બે કલશ નાખવા. અને વચમાં નાનો મોભનો કડકો નાખવો એટલે દોષ નથી લાગતો એવું સુત્રધાર કહે છે. ૨૭૬

"Aho Shrutgyanam"

# ઘરની આગળથી ઉંચાઇ તથા નિચાઇ વિષે.

अग्रेनिम्नं पृष्ठ भागे समुच्च ।
मग्रे पृष्ठे साम्यतां संप्रपन्नम् ॥
शस्ते द्रुते सद्मनी संप्रतिष्ठे ।
नेष्टं गेहं पृष्ठ भागेऽत्ति नीचम् ।।२७७।।

અર્થ—જે ઘર આગળથી નિચું અને પાછળથી

નક્ષત્ર તથા આય ગણવાનું કોષ્ટક

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૦/૦ | ૪/૧૬ | ૫/૦ | ૫/૮ | ૫/૧૬ | ૬/૦ | ૬/૮ | ૬/૧૬ | ૭/૦ | ૭/૮ | ૭/૧૬ | ૮/૦ | ૮/૮ | ૮/૧૬ | ૯/૦ | ૯/૮ | ૯/૧૬ | ૧/૦ | ૧/૮ | ૧/૧૬ | ૨/૦ | ૨/૮ | ૨/૧૬ | ૩/૦ | ૩/૮ | ૩/૧૬ | ૪/૦ | ૪/૮ |
| ૮ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૦/૦ | ૧/૭ | ૧/૧૫ | ૧/૨૩ | ૨/૭ | ૨/૧૫ | ૨/૨૩ | ૩/૭ | ૩/૧૫ | ૩/૨૩ | ૪/૭ | ૪/૧૫ | ૪/૨૩ | ૫/૭ | ૫/૧૫ | ૫/૨૩ | ૬/૭ | ૬/૧૫ | ૬/૨૩ | ૭/૭ | ૭/૧૫ | ૭/૨૩ | ૮/૭ | ૮/૧૫ | ૮/૨૩ | ૯/૭ | ૯/૧૫ | ૯/૨૩ |
| ૮ | ૨ | ૪ | ૬ | ૮ | ૨ | ૪ | ૬ | ૦/૦ | ૬/૨૨ | ૭/૬ | ૭/૧૪ | ૭/૨૨ | ૮/૬ | ૮/૧૪ | ૮/૨૨ | ૯/૬ | ૯/૧૪ | ૯/૨૨ | ૧/૬ | ૧/૧૪ | ૧/૨૨ | ૨/૬ | ૨/૧૪ | ૨/૨૨ | ૩/૬ | ૩/૧૪ | ૩/૨૨ | ૪/૬ | ૪/૧૪ | ૪/૨૨ | ૫/૬ | ૫/૧૪ | ૫/૨૨ | ૬/૬ | ૬/૧૪ |
| ૮ | ૩ | ૬ | ૧ | ૪ | ૭ | ૨ | ૫ | ૦/૦ | ૩/૧૩ | ૩/૨૧ | ૪/૫ | ૪/૧૩ | ૪/૨૧ | ૫/૫ | ૫/૧૩ | ૫/૨૧ | ૬/૫ | ૬/૧૩ | ૬/૨૧ | ૭/૫ | ૭/૧૩ | ૭/૨૧ | ૮/૫ | ૮/૧૩ | ૮/૨૧ | ૯/૫ | ૯/૧૩ | ૯/૨૧ | ૧/૫ | ૧/૧૩ | ૧/૨૧ | ૨/૫ | ૨/૧૩ | ૨/૨૧ | ૩/૫ |
| ૮ | ૪ | ૮ | ૪ | ૮ | ૪ | ૮ | ૪ | ૦/૦ | ૯/૪ | ૯/૧૨ | ૯/૨૦ | ૧/૪ | ૧/૧૨ | ૧/૨૦ | ૨/૪ | ૨/૧૨ | ૨/૨૦ | ૩/૪ | ૩/૧૨ | ૩/૨૦ | ૪/૪ | ૪/૧૨ | ૪/૨૦ | ૫/૪ | ૫/૧૨ | ૫/૨૦ | ૬/૪ | ૬/૧૨ | ૬/૨૦ | ૭/૪ | ૭/૧૨ | ૭/૨૦ | ૮/૪ | ૮/૧૨ | ૮/૨૦ |
| ૮ | ૫ | ૨ | ૭ | ૪ | ૧ | ૬ | ૩ | ૦/૦ | ૫/૧૯ | ૬/૩ | ૬/૧૧ | ૬/૧૯ | ૭/૩ | ૭/૧૧ | ૭/૧૯ | ૮/૩ | ૮/૧૧ | ૮/૧૯ | ૯/૩ | ૯/૧૧ | ૯/૧૯ | ૧/૩ | ૧/૧૧ | ૧/૧૯ | ૨/૩ | ૨/૧૧ | ૨/૧૯ | ૩/૩ | ૩/૧૧ | ૩/૧૯ | ૪/૩ | ૪/૧૧ | ૪/૧૯ | ૫/૩ | ૫/૧૧ |
| ૮ | ૬ | ૪ | ૨ | ૮ | ૬ | ૪ | ૨ | ૦/૦ | ૨/૧૦ | ૨/૧૮ | ૩/૨ | ૩/૧૦ | ૩/૧૮ | ૪/૨ | ૪/૧૦ | ૪/૧૮ | ૫/૨ | ૫/૧૦ | ૫/૧૮ | ૬/૨ | ૬/૧૦ | ૬/૧૮ | ૭/૨ | ૭/૧૦ | ૭/૧૮ | ૮/૨ | ૮/૧૦ | ૮/૧૮ | ૯/૨ | ૯/૧૦ | ૯/૧૮ | ૧/૨ | ૧/૧૦ | ૧/૧૮ | ૨/૨ |
| ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૦/૦ | ૮/૧ | ૮/૯ | ૮/૧૭ | ૯/૧ | ૯/૯ | ૯/૧૭ | ૧/૧ | ૧/૯ | ૧/૧૭ | ૨/૧ | ૨/૯ | ૨/૧૭ | ૩/૧ | ૩/૯ | ૩/૧૭ | ૪/૧ | ૪/૯ | ૪/૧૭ | ૫/૧ | ૫/૯ | ૫/૧૭ | ૬/૧ | ૬/૯ | ૬/૧૭ | ૭/૧ | ૭/૯ | ૭/૧૭ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૪/૧૬ | ૧/૭ | ૬/૨૨ | ૩/૧૩ | ૯/૪ | ૫/૧૯ | ૨/૧૦ | ૮/૧ | | ૨૦ | ૬ | ૧૯ | ૫ | ૧૮ | ૪ | ૧૭ | ૩ | ૧૬ | ૨ | ૧૫ | ૧ | ૧૪ | ૨૭ | ૧૩ | ૨૬ | ૧૨ | ૨૫ | ૧૧ | ૨૪ | ૧૦ | ૨૩ | ૯ | ૨૨ | ૮ | ૨૧ | ૭ |
| ૫/૦ | ૧/૧૫ | ૭/૬ | ૩/૨૧ | ૯/૧૨ | ૬/૩ | ૨/૧૮ | ૮/૯ | | ૬ | ૧૮ | ૩ | ૧૫ | ૨૭ | ૧૨ | ૨૪ | ૯ | ૨૧ | ૬ | ૧૮ | ૩ | ૧૫ | ૨૭ | ૧૨ | ૨૪ | ૯ | ૨૧ | ૬ | ૧૮ | ૩ | ૧૫ | ૨૭ | ૧૨ | ૨૪ | ૯ | ૨૧ |
| ૫/૮ | ૧/૨૩ | ૭/૧૪ | ૪/૫ | ૯/૨૦ | ૬/૧૧ | ૩/૨ | ૮/૧૭ | | ૧૯ | ૩ | ૧૪ | ૨૫ | ૯ | ૨૦ | ૪ | ૧૫ | ૨૬ | ૧૦ | ૨૧ | ૫ | ૧૬ | ૨૭ | ૧૧ | ૨૨ | ૬ | ૧૭ | ૧ | ૧૨ | ૨૩ | ૭ | ૧૮ | ૨ | ૧૩ | ૨૪ | ૮ |
| ૫/૧૬ | ૨/૭ | ૭/૨૨ | ૪/૧૩ | ૧/૪ | ૬/૧૯ | ૩/૧૦ | ૯/૧ | | ૫ | ૧૫ | ૨૫ | ૮ | ૧૮ | ૧ | ૧૧ | ૨૧ | ૪ | ૧૪ | ૨૪ | ૭ | ૧૭ | ૨૭ | ૧૦ | ૨૦ | ૩ | ૧૩ | ૨૩ | ૬ | ૧૬ | ૨૬ | ૯ | ૧૯ | ૨ | ૧૨ | ૨૨ |
| ૬/૦ | ૨/૧૫ | ૮/૬ | ૪/૨૧ | ૧/૧૨ | ૭/૩ | ૩/૧૮ | ૯/૯ | | ૧૮ | ૨૭ | ૯ | ૧૮ | ૨૭ | ૯ | ૧૮ | ૨૭ | ૯ | ૧૮ | ૨૭ | ૯ | ૧૮ | ૨૭ | ૯ | ૧૮ | ૨૭ | ૯ | ૧૮ | ૨૭ | ૯ | ૧૮ | ૨૭ | ૯ | ૧૮ | ૨૭ | ૯ |
| ૬/૮ | ૨/૨૩ | ૮/૧૪ | ૫/૫ | ૧/૨૦ | ૭/૧૧ | ૪/૨ | ૯/૧૭ | | ૪ | ૧૨ | ૨૦ | ૧ | ૯ | ૧૭ | ૨૫ | ૬ | ૧૪ | ૨૨ | ૩ | ૧૧ | ૧૯ | ૨૭ | ૮ | ૧૬ | ૨૪ | ૫ | ૧૩ | ૨૧ | ૨ | ૧૦ | ૧૮ | ૨૬ | ૭ | ૧૫ | ૨૩ |
| ૬/૧૬ | ૩/૭ | ૮/૨૨ | ૫/૧૩ | ૨/૪ | ૭/૧૯ | ૪/૧૦ | ૧/૧ | | ૧૭ | ૨૪ | ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | ૭ | ૧૪ | ૨૧ | ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩ | ૧૦ |
| ૭/૦ | ૩/૧૫ | ૯/૬ | ૫/૨૧ | ૨/૧૨ | ૮/૩ | ૪/૧૮ | ૧/૯ | | ૩ | ૯ | ૧૫ | ૨૧ | ૨૭ | ૬ | ૧૨ | ૧૮ | ૨૪ | ૩ | ૯ | ૧૫ | ૨૧ | ૨૭ | ૬ | ૧૨ | ૧૮ | ૨૪ | ૩ | ૯ | ૧૫ | ૨૧ | ૨૭ | ૬ | ૧૨ | ૧૮ | ૨૪ |
| ૭/૮ | ૩/૨૩ | ૯/૧૪ | ૬/૫ | ૨/૨૦ | ૮/૧૧ | ૫/૨ | ૧/૧૭ | | ૧૬ | ૨૧ | ૨૬ | ૪ | ૯ | ૧૪ | ૧૯ | ૨૪ | ૨ | ૭ | ૧૨ | ૧૭ | ૨૨ | ૨૭ | ૫ | ૧૦ | ૧૫ | ૨૦ | ૨૫ | ૩ | ૮ | ૧૩ | ૧૮ | ૨૩ | ૧ | ૬ | ૧૧ |
| ૭/૧૬ | ૪/૭ | ૯/૨૨ | ૬/૧૩ | ૩/૪ | ૮/૧૯ | ૫/૧૦ | ૨/૧ | | ૨ | ૬ | ૧૦ | ૧૪ | ૧૮ | ૨૨ | ૨૬ | ૩ | ૭ | ૧૧ | ૧૫ | ૧૯ | ૨૩ | ૨૭ | ૪ | ૮ | ૧૨ | ૧૬ | ૨૦ | ૨૪ | ૧ | ૫ | ૯ | ૧૩ | ૧૭ | ૨૧ | ૨૫ |
| ૮/૦ | ૪/૧૫ | ૧/૬ | ૬/૨૧ | ૩/૧૨ | ૯/૩ | ૫/૧૮ | ૨/૯ | | ૧૫ | ૧૮ | ૨૧ | ૨૪ | ૨૭ | ૩ | ૬ | ૯ | ૧૨ | ૧૫ | ૧૮ | ૨૧ | ૨૪ | ૨૭ | ૩ | ૬ | ૯ | ૧૨ | ૧૫ | ૧૮ | ૨૧ | ૨૪ | ૨૭ | ૩ | ૬ | ૯ | ૧૨ |
| ૮/૮ | ૪/૨૩ | ૧/૧૪ | ૭/૫ | ૩/૨૦ | ૯/૧૧ | ૬/૨ | ૨/૧૭ | | ૧ | ૩ | ૫ | ૭ | ૯ | ૧૧ | ૧૩ | ૧૫ | ૧૭ | ૧૯ | ૨૧ | ૨૩ | ૨૫ | ૨૭ | ૨ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૨ | ૧૪ | ૧૬ | ૧૮ | ૨૦ | ૨૨ | ૨૪ | ૨૬ |
| ૮/૧૬ | ૫/૭ | ૧/૨૨ | ૭/૧૩ | ૪/૪ | ૯/૧૯ | ૬/૧૦ | ૩/૧ | | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૯/૦ | ૫/૧૫ | ૨/૬ | ૭/૨૧ | ૪/૧૨ | ૧/૩ | ૬/૧૮ | ૩/૯ | | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ |
| ૯/૮ | ૫/૨૩ | ૨/૧૪ | ૮/૫ | ૪/૨૦ | ૧/૧૧ | ૭/૨ | ૩/૧૭ | | ૧૩ | ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૨૭ | ૨૬ | ૨૫ | ૨૪ | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ | ૧૯ | ૧૮ | ૧૭ | ૧૬ | ૧૫ | ૧૪ |
| ૯/૧૬ | ૬/૭ | ૨/૨૨ | ૮/૧૩ | ૫/૪ | ૧/૧૯ | ૭/૧૦ | ૪/૧ | | ૨૬ | ૨૪ | ૨૨ | ૨૦ | ૧૮ | ૧૬ | ૧૪ | ૧૨ | ૧૦ | ૮ | ૬ | ૪ | ૨ | ૨૭ | ૨૫ | ૨૩ | ૨૧ | ૧૯ | ૧૭ | ૧૫ | ૧૩ | ૧૧ | ૯ | ૭ | ૫ | ૩ | ૧ |
| ૧/૦ | ૬/૧૫ | ૩/૬ | ૮/૨૧ | ૫/૧૨ | ૨/૩ | ૭/૧૮ | ૪/૯ | | ૧૨ | ૯ | ૬ | ૩ | ૨૭ | ૨૪ | ૨૧ | ૧૮ | ૧૫ | ૧૨ | ૯ | ૬ | ૩ | ૨૭ | ૨૪ | ૨૧ | ૧૮ | ૧૫ | ૧૨ | ૯ | ૬ | ૩ | ૨૭ | ૨૪ | ૨૧ | ૧૮ | ૧૫ |
| ૧/૮ | ૬/૨૩ | ૩/૧૪ | ૯/૫ | ૫/૨૦ | ૨/૧૧ | ૮/૨ | ૪/૧૭ | | ૨૫ | ૨૧ | ૧૭ | ૧૩ | ૯ | ૫ | ૧ | ૨૪ | ૨૦ | ૧૬ | ૧૨ | ૮ | ૪ | ૨૭ | ૨૩ | ૧૯ | ૧૫ | ૧૧ | ૭ | ૩ | ૨૬ | ૨૨ | ૧૮ | ૧૪ | ૧૦ | ૬ | ૨ |
| ૧/૧૬ | ૭/૭ | ૩/૨૨ | ૯/૧૩ | ૬/૪ | ૨/૧૯ | ૮/૧૦ | ૫/૧ | | ૧૧ | ૬ | ૧ | ૨૩ | ૧૮ | ૧૩ | ૮ | ૩ | ૨૫ | ૨૦ | ૧૫ | ૧૦ | ૫ | ૨૭ | ૨૨ | ૧૭ | ૧૨ | ૭ | ૨ | ૨૪ | ૧૯ | ૧૪ | ૯ | ૪ | ૨૬ | ૨૧ | ૧૬ |
| ૨/૦ | ૭/૧૫ | ૪/૬ | ૯/૨૧ | ૬/૧૨ | ૩/૩ | ૮/૧૮ | ૫/૯ | | ૨૪ | ૧૮ | ૧૨ | ૬ | ૨૭ | ૨૧ | ૧૫ | ૯ | ૩ | ૨૪ | ૧૮ | ૧૨ | ૬ | ૨૭ | ૨૧ | ૧૫ | ૯ | ૩ | ૨૪ | ૧૮ | ૧૨ | ૬ | ૨૭ | ૨૧ | ૧૫ | ૯ | ૩ |
| ૨/૮ | ૭/૨૩ | ૪/૧૪ | ૧/૫ | ૬/૨૦ | ૩/૧૧ | ૯/૨ | ૫/૧૭ | | ૧૦ | ૩ | ૨૩ | ૧૬ | ૯ | ૨ | ૨૨ | ૧૫ | ૮ | ૧ | ૨૧ | ૧૪ | ૭ | ૨૭ | ૨૦ | ૧૩ | ૬ | ૨૬ | ૧૯ | ૧૨ | ૫ | ૨૫ | ૧૮ | ૧૧ | ૪ | ૨૪ | ૧૭ |
| ૨/૧૬ | ૮/૭ | ૪/૨૨ | ૧/૧૩ | ૭/૪ | ૩/૧૯ | ૯/૧૦ | ૬/૧ | | ૨૩ | ૧૫ | ૭ | ૨૬ | ૧૮ | ૧૦ | ૨ | ૨૧ | ૧૩ | ૫ | ૨૪ | ૧૬ | ૮ | ૨૭ | ૧૯ | ૧૧ | ૩ | ૨૨ | ૧૪ | ૬ | ૨૫ | ૧૭ | ૯ | ૧ | ૨૦ | ૧૨ | ૪ |
| ૩/૦ | ૮/૧૫ | ૫/૬ | ૧/૨૧ | ૭/૧૨ | ૪/૩ | ૯/૧૮ | ૬/૯ | | ૯ | ૨૭ | ૧૮ | ૯ | ૨૭ | ૧૮ | ૯ | ૨૭ | ૧૮ | ૯ | ૨૭ | ૧૮ | ૯ | ૨૭ | ૧૮ | ૯ | ૨૭ | ૧૮ | ૯ | ૨૭ | ૧૮ | ૯ | ૨૭ | ૧૮ | ૯ | ૨૭ | ૧૮ |
| ૩/૮ | ૮/૨૩ | ૫/૧૪ | ૨/૫ | ૭/૨૦ | ૪/૧૧ | ૧/૨ | ૬/૧૭ | | ૨૨ | ૧૨ | ૨ | ૧૯ | ૯ | ૨૬ | ૧૬ | ૬ | ૨૩ | ૧૩ | ૩ | ૨૦ | ૧૦ | ૨૭ | ૧૭ | ૭ | ૨૪ | ૧૪ | ૪ | ૨૧ | ૧૧ | ૧ | ૧૮ | ૮ | ૨૫ | ૧૫ | ૫ |
| ૩/૧૬ | ૯/૭ | ૫/૨૨ | ૨/૧૩ | ૮/૪ | ૪/૧૯ | ૧/૧૦ | ૭/૧ | | ૮ | ૨૪ | ૧૩ | ૨ | ૧૮ | ૭ | ૨૩ | ૧૨ | ૧ | ૧૭ | ૬ | ૨૨ | ૧૧ | ૨૭ | ૧૬ | ૫ | ૨૧ | ૧૦ | ૨૬ | ૧૫ | ૪ | ૨૦ | ૯ | ૨૫ | ૧૪ | ૩ | ૧૯ |
| ૪/૦ | ૯/૧૫ | ૬/૬ | ૨/૨૧ | ૮/૧૨ | ૫/૩ | ૧/૧૮ | ૭/૯ | | ૨૧ | ૯ | ૨૪ | ૧૨ | ૨૭ | ૧૫ | ૩ | ૧૮ | ૬ | ૨૧ | ૯ | ૨૪ | ૧૨ | ૨૭ | ૧૫ | ૩ | ૧૮ | ૬ | ૨૧ | ૯ | ૨૪ | ૧૨ | ૨૭ | ૧૫ | ૩ | ૧૮ | ૬ |
| ૪/૮ | ૯/૨૩ | ૬/૧૪ | ૩/૫ | ૮/૨૦ | ૫/૧૧ | ૨/૨ | ૭/૧૭ | | ૭ | ૨૧ | ૮ | ૨૨ | ૯ | ૨૩ | ૧૦ | ૨૪ | ૧૧ | ૨૫ | ૧૨ | ૨૬ | ૧૩ | ૨૭ | ૧૪ | ૧ | ૧૫ | ૨ | ૧૬ | ૩ | ૧૭ | ૪ | ૧૮ | ૫ | ૧૯ | ૬ | ૨૦ |

"Aho Shrutgyanam"

| નક્ષત્ર આદિ લઈને (૧૪) ચૌદ અંગ જોવાનું કોષ્ટક. | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નક્ષત્રના અંક. | નક્ષત્રના નામ. | નક્ષત્ર વેધ. | નક્ષત્રયોની. | નક્ષત્રયોનીવૈર. | નક્ષત્રના ગણ. | નં. દિશા (મુખ) | નક્ષત્ર ઉત્પત્તિ. | નં. મુળરાશિ | વ્યય. | રાશિ. | રાશિના સ્વામી. | નાડી. | ઘરધણીના નામાક્ષર. |
| ૧ | અશ્વિ | ઉ.ફા | અશ્વ | મહીષ | દેવ | ઉત્તર | ૫ | ૧૭ | શાંત | મેષ | મંગળ | આદ્ય | ચુ.ચે.ચો.લા. |
| ૨ | ભરણી | સ્વાતિ | હસ્તી | સિંહ | મનુષ્ય | ઉત્તર | ૪ | ૩ | પૌંઢ | મેષ | મંગળ | મધ્ય | લી.લૂ.લે.લો. |
| ૩ | કૃત્તિકા. | ૦ | અજ | મૃગ | રાક્ષ | પૂર્વ | ૩ | ૨૪ | પ્રદ્યો | મેષ | મંગળ | અંત્ય | અ.ઈ.ઉ.એ. |
| ૪ | રોહિણી | ઉ.ષા | સર્પ | નકુલ | મનુષ્ય | પૂર્વ | ૨ | ૧૪ | શ્રેય | વૃષભ | શુક્ર | અંત્ય | ઓ.વા.વી.વૂ. |
| ૫ | મૃગશિર | ૦ | સર્પ | નકુલ | દેવ | પૂર્વ | ૧ | ૪ | મનો | વૃષભ | શુક્ર | મધ્ય | વે.વો.કા.કી. |
| ૬ | આર્દ્રા | ૦ | શ્વાન | વનચર | મનુષ્ય | પૂર્વ | ૫ | ૨૧ | શ્રીવ | મિથુન | બુધ | આદ્ય | કુ.ઘ.ઙ.છ. |
| ૭ | પુનર્વ | અનુરા | માંજાર | મૂષક | દેવ | પૂર્વ | ૪ | ૧૧ | વિભ | મિથુન | બુધ | આદ્ય | કે.કો.હા.હી. |
| ૮ | પુષ્ય. | અશ્લે | અજ | મૃગ | દેવ | પૂર્વ | ૩ | ૧ | ચિંતા | કર્ક | ચંદ્ર | મધ્ય | હુ.હે.હો.ડા. |
| ૯ | અશ્લે | પૂ.ષા. | માંજાર | મૂષક | રાક્ષ | પૂર્વ | ૨ | ૧૮ | શાંત | કર્ક | ચંદ્ર | અંત્ય | ડી.ડુ.ડે.ડો. |
| ૧૦ | મઘા | ૦ | મૂષક | માંજાર | રાક્ષ | દક્ષિણ | ૧ | ૮ | પૌંઢ | સિંહ | રવિ | અંત્ય | મા.મી.મૂ.મે. |
| ૧૧ | પૂર્વા.ફા. | ૦ | મૂષક | માંજાર | મનુષ્ય | દક્ષિણ | ૫ | ૨૫ | પ્રદ્યો | સિંહ | રવિ | મધ્ય | મો.ટા.ટી.ટુ. |
| ૧૨ | ઉત્તરા.ફા. | અશ્વની | ગૌ | વ્યાઘ્ર | મનુષ્ય | દક્ષિણ | ૪ | ૧૫ | શ્રેય | સિંહ | રવિ | આદ્ય | ટે.ટો.પા.પી. |
| ૧૩ | હસ્ત | ચિત્રા | મહીષ | અશ્વ | દેવ | દક્ષિણ | ૩ | ૫ | મનો | કન્યા | બુધ | આદ્ય | પુ.ષ.ણ.ઠ. |
| ૧૪ | ચિત્રા. | હસ્ત | વ્યાઘ્ર | ગૌ | રાક્ષ | દક્ષિણ | ૨ | ૨૨ | શ્રીવ | કન્યા | બુધ | મધ્ય | પે.પો.રા.રી. |
| ૧૫ | સ્વાતિ | ભરણી | મહીષ | અશ્વ | દેવ | દક્ષિણ | ૧ | ૧૨ | વિભ | તુલા | શુક્ર | અંત્ય | રૂ.રે.રો.તા. |
| ૧૬ | વિશાખા | કૃત્તિકા | વ્યાઘ્ર | ગૌ | રાક્ષ | દક્ષિણ | ૫ | ૨ | ચિંતા | તુલા | શુક્ર | અંત્ય | તી.તૂ.તે.તો. |
| ૧૭ | અનુ. | ૦ | મૃગ | અશ્વ | દેવ | પશ્ચિમ | ૪ | ૧૯ | શાંત | વૃશ્ચિક | મંગળ | મધ્ય | ના.ની.નૂ.ને. |
| ૧૮ | જ્યેષ્ઠા | વિશા. | મૃગ | અશ્વ | રાક્ષ | પશ્ચિમ | ૩ | ૯ | પૌંઢ | વૃશ્ચિક | મંગળ | આદ્ય | નો.યા.યી.યૂ. |
| ૧૯ | મૂળ | ૦ | શ્વાન | વનચર | રાક્ષ | પશ્ચિમ | ૨ | ૨૬ | પ્રદ્યો | ધન | ગુરૂ | આદ્ય | યે.યો.ભા.ભી. |
| ૨૦ | પૂ.ષા. | ૦ | વનચર | શ્વાન | મનુષ્ય | પશ્ચિમ | ૧ | ૧૬ | શ્રેય | ધન | ગુરૂ | મધ્ય | ભૂ.ધા.ફા.ઢા. |
| ૨૧ | ઉ.ષા. | રોહિણી | નકુલ | સર્પ | મનુષ્ય | પશ્ચિમ | ૫ | ૬ | મનો | ધન | ગુરૂ | અંત્ય | ભે.ભો.જા.જી. |
| ૨૨ | શ્રવણ | પુનર્વસુ | વનચર | શ્વાન | દેવ | પશ્ચિમ | ૪ | ૨૩ | શ્રીવ | મકર | શનિ | અંત્ય | ખી.ખૂ.ખે.ખો. |
| ૨૩ | ધનીષ્ઠા | ૦ | સિંહ | હસ્તી | રાક્ષ | ઉત્તર | ૩ | ૧૩ | વિભ | મકર | શનિ | મધ્ય | ગા.ગી.ગૂ.ગે. |
| ૨૪ | શતભિ. | ૦ | અશ્વ | મહીષ | રાક્ષ | ઉત્તર | ૨ | ૩ | ચિંતા | કુંભ | શનિ | આદ્ય | ગો.સા.સી.સૂ. |
| ૨૫ | પૂર્વા.ભા. | ૦ | સિંહ | હસ્તી | મનુષ્ય | ઉત્તર | ૧ | ૨૦ | શાંત | કુંભ | શનિ | આદ્ય | સે.સો.દા.દી. |
| ૨૬ | ઉત્તરા.ભા. | ૦ | ગૌ | વ્યાઘ્ર | મનુષ્ય | ઉત્તર | ૫ | ૧૦ | પૌંઢ | મીન | ગુરૂ | મધ્ય | દૂ.થ.ઝ.ઞ. |
| ૨૭ | રેવતી | ૦ | હસ્તી | સિંહ | દેવ | ઉત્તર | ૪ | ૨૭ | પ્રદ્યો | મીન | ગુરૂ | અંત્ય | દે.દો.ચા.ચી. |

ઉંચુ બાંધેલું હોય તે ઘર ગૌમુખ કહેવાય તે શ્રેષ્ટ છે. અને પાછળ બન્નેથી સમાન બાંધેલું હોય, તે મધ્યમ સારૂં છે. પણ આગળ ઉંચુ અને પાછળ નીચું બાંધેલો વ્યાઘ્ર કહેવાય, તો તે નેષ્ટ છે. પણ વચે આકાશ દેખાતું હોય અને બન્ને ઘરના જુદા ક્ષેત્રફળ કર્યા હોય તો તેનો દોશ નથી. ૨૭૭

"Aho Shrutgyanam"

## ઘરનું આયુષ્ય.

गुणये दृष्टभिः क्षेत्रफलं षष्टि विभाजितम् ।
लब्धं दशगणं जीवेच्छेषं भूतसमाहृतम्॥२७८॥
प्रथिव्या पस्तथा तेजो वायु आकाशमेवच ।
पंचतत्वानि जानीया दंत काले प्रभेदने ॥२७९॥

અર્થ—ક્ષેત્રફળને આઠે ગુણી સાઠે ભાગતા જે અંક આવે તેને દશે ગુણતા જે અંક આવે તેટલું ઘરનું આયુષ્ય કહેવાય. સાઠનો ભાગ દેતા જે શેષ રહે તેને પાંચનો ભાગ દેવો એટલે તે તત્વ આવે એ વિનાશ.

તત્વોના નામ. પૃથ્વી, જલ, તેજ, વાયુ, અને આકાશ એવી રીતે પાંચ તત્વોથી અંતકાળનો ભેદ છે.

फलं नाग गुणं षष्ट्या हृताल्लब्धं फलं भवेत् ।
मृन्मये शर्करा युक्ते गृहे जीवः सुनिश्चलः ॥२८०॥
तद्द्व थघ्नं भवेदायु रिष्टिका मृत्स धामये ।
चूर्णं पाषाणजे त्रिशत्घ्ने फले स्थिति रुत्तमा ॥२८१॥
नव निघ्ने फले नागै र्युक्ते पाषाणजे गृहे ।
धातुजे भवने भ्राद्रि लोचनघ्ने फले भवेत् ॥२८२॥
परामुः पंचधा प्राक्त शेषं भूत समाहृतम् ।
इत्ये तानि विजानीं यात्त त्वानि सद्म नाशने ॥२८३॥

અર્થ—ક્ષેત્રફળને આઠગણું કરવું અને સાઠે ભાગતા જે આવે તેજ ફળ થયું; તે ફળ કાંકરી અને માટીથી બનેલા ઘરનું સ્થિર આયુષ હોય છે; એ ફળને દસગણું

"Aho Shrutgyanam"

કરીએ તો ઈંટ માટી અને ચુનાથી બનેલા ઘરનો આયુષ્ય આવે છે; એ ફળને ત્રીસગણું કરવાથી પત્થર અને ચુનાથી બનેલા ઘરનો આયુષ્ય આવે છે; એ ફળને નેવું ગણું કરીએ તો પત્થર અને સીસાથી બનાવેલા ઘરનું આયુષ્ય થાય છે; તેમજ તે ફળને એકસો સિતેર ગણું કરીએ તો ધાતુ (લોહ, ત્રાંબુ, સોનુ વગેરે) થી કરેલા ઘરનુ આયુષ્ય આવે; એ પરમ આયુષ્ય પાંચ પ્રકારનું કહ્યું છે; અને લબ્ધાંક* (ફળ) નિકળ્યા પછી જે શેષ રહે તેને પાંચે ભાગતાં જે શેષ રહે તે અનુક્રમે પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ એમ એ પાંચ તત્વ છે અને તે ગૃહાદિકના અંતકાળ વખતનાં ચિન્હ છે એટલે એનાથી નાશ થાય છે.

લબ્ધિ આવ્યા પછી જે શેષ રહે તેને પાંચમો ભાગ આપતાં ૧ વધે તો પૃથ્વી તત્વ જાણવું; એ તત્વ વાળા ઘરમાં ધન ધાન્યની વૃદ્ધિ થાય અને પૂર્ણ આયુષ્ય ભોગવી જીર્ણ થઈ પડે. ૨ વધે તો જલ તત્વ જાણવું; એ તત્વ વાળુ ઘર પાણીના પ્રકોપથી એટલે પાણીથી રચી પચીને પડે, અથવા અંદર પાણી ભરાઈ જવાથી બેશી જઈ નાશ પામે. ૩ વધે તો અગ્નિ તત્વ જાણવું; એ તત્વ વાળું ઘર અગ્નિના પ્રકોપથી એટલે આગ લાગી બળી જઈ નાશ પામે. ૪ વધે તો વાયુ તત્વ જાણવું; વાયુના સપાટાના આઘાતથી ઉથલી પડીને નાશ પામે. ૫ વધે તો આકાશ તત્વ

* લબ્ધાંક એટલે એક રકમને બીજી રકમથી ભાગતા જે આવે તે—જેમકે ૬ આમાં ૩ નો અંક છે તે લબ્ધાંક.

"Aho Shrutgyanam"

જાણવું; એ તત્વ વાળા ઘરને અકસ્માતથી પડી જવાનો ભય છે. એ ઘર હમેશ નિર્જન (સુનું) રહે, તેમજ તેમાં સંતતિનો નાશ થાય.

આગળ કહ્યા પ્રમાણે કોઇ પણ ઘર અગર પ્રાસાદનું ગણીત કામ કર્યા પછી પાયો ખોદવાનું મુહૂર્ત કરીને કામ શરૂ કરવામાં આવે ત્યારથી તેનું આયુષ્ય જાણવું; કારણકે ગણીત ઉપરથી આયુષ્ય કલ્પેલું છે; તો ગણિતનો ઉપયોગ થાય ત્યારથી તેનું આયુષ્ય પણ ગણવું જોઇએ.

## ઘરના આયુષ્યનું પ્રમાણ.

**આ કોષ્ઠક પાંચ ગજ અને પાંચ આંગળ સમચોરસ ઘરનું છે.**

| વર્ષ | માસ | દિવસ | ઘડી | તત્વ | લબ્ધાંક | પદાર્થોથી બનેલું ઘર |
|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૧૩ | ૨૦ | ૫ | ૧ | માટી ને કાંકરીનું ઘર |
| ૫૭ | ૧૦ | ૧૦ | ૨૦ | ૫ | ૧૦ | ઈંટ માટીને ચુનાનું કરેલું ઘર |
| ૧૭૩ | ૭ | ૦ | ૨૦ | ૫ | ૩૦ | ચુના ને પત્થરનું કરેલું ઘર |
| ૪૨૦ | ૯ | ૦ | ૨૦ | ૫ | ૯૦ | પત્થર ને સીસાનું કરેલું ઘર |
| ૧૨૬૨ | ૩ | ૦ | ૨૦ | ૫ | ૧૭૦ | ધાતુ વગેરેનું કરેલું ઘર |

નોંધ—ધારો કે કોઇ પણ ઘર અગર પ્રાસાદ પાંચ ગજ અને પાંચ આંગળ સમચોરસ છે, તો તેનું ક્ષેત્રફળ કાઢવા માટે ૫, ગજ ને ૫, આંગળ તો તેના ૧૨૫, આંગળ થયા તેને પહોળાઈના તેટલાજ ૧૨૫, આંગળે ગુણતા, ૧૫૬૨૫ આંગળ થયા માટે તેટલું ક્ષેત્ર ફળ થયું એ ક્ષેત્ર

"Aho Shrutgyanam"

ફળને ૮, ગુણતા ૧,૨૫૦૦૦ આંગળ થયા માટે તેટલી ઘડી-
ઓનું માટી અને કાંકરીથી કરેલા ઘરનું આયુષ્ય જાણવું
અને તે ઘડીઓને પાંચે ભાગતાં શેષ વધતી નથી માટે
આકાશ તત્વ આવ્યું, તેથી એટલી ઘડીએ તે ઘર અકસ્માત
પડશે. તેવીજ રીતે આવેલી ઘડીઓને ૬૦ થી ભાગતા જે
ભાગાકાર (લબ્ધાંક) ૨૦૮૩ આવ્યા માટે તેટલા દિવસ
અને ૨૦, શેષ રહ્યા તેટલી ઘડીઓ જાણવી. તે દિવસને
૩૦ થી ભાગતા ભાગાકાર ૬૯, આવ્યો તે માસ અને ૧૩
શેષ રહ્યા તે દિવસ જાણવા. તેમજ તે માસને ૧૨ ભાગતા
જે ભાગાકાર ૫ આવ્યો તે વર્ષ અને બાકી ૯ શેષ રહ્યા
તે માસ, ૧૩ દિવસ અને ૨૦ ઘડી થયું તેજ પ્રમાણે લબ્ધાંક
(ફળ) ને ૧૦ ગણા કરવાથી ૫૭ વર્ષ ૧૦ માસ. ૧૦ દિવસ
અને ૨૦ ઘડીઓ આવી આ વખતે ઈટ ચુનાથી બનાવેલું
ઘરનો અકસ્માત થી નાશ થશે. તેમજ લબ્ધાકને ત્રીસ ગણા
કરવાથી ૧૭૩ વર્ષ ૭ માસ, અને ૨૦ ઘડીએ ચુના અને
અને પત્થરથી કરેલું ઘર અકસ્માત પડશે. તેવીજ રીતે
લબ્ધાક ને નેવું ગણા કરવાથી ૪૨૦ વર્ષ ૯ માસ અને
૨૦ ઘડી એ પત્થર અને સીસાથી કરેલું ઘર અકસ્માત
પડશે. તેમજ લબ્ધાંકને ૧૭૦ ગણા કરવાથી આવતા ૧૨૬૦
વર્ષ ૩ માસ અને ૨૦ ઘડીએ કોઇપણ ધાતુનું કરેલું ઘર
અકસ્માતથી પડશે એમ શીલ્પ શાસ્ત્રોમાં જણાવ્યું છે.

## ઘરના વિભાગ વિષે.

अलिंदा श्चैव लीदाच्च नामस्तत्रानु सारत ॥
वाद्यद्वारंतु कर्त्तव्यं किंचित् न्युन्याधिकंभवेत ॥२८४॥

"Aho Shrutgyanam"

અર્થ—ઘરની પછીતનો જે ઓરડો હોય તેનાથી આગળ પરશાળ ન્યુન કરવી, અને તે પરશાળથી છૂટ પરશાળ ન્યુન કરવી. એ રીતે નુન્ય કરતાં કરતાં આગળ બારણા સુધી જવું, ગમે તેટલા અલીંદ (વિભાગ) કરવા હોય તેટલા કરવા.

## સમૂળ ઘર વિષે.

कर्णाड धिकंच हीनस्य यदगृहं तद्रशं भवेत् ॥
समुलंच तद्री जानियात् हन्यते सुत बांधवा ॥२८५॥

અર્થ—જે ઘરના ઓરડાનો કરો લાંબો હોય ને પછીત ટુંકી હોય તો તે ઘર સમુળ કહેવાય, તેવા ઘરમાં રહેનારના પરીવારનો નાશ થાય માટે ઓરડો પહોળો રાખવો, ને લંબાઇમાં થોડો કરવો.

## પ્રતિકાર ઘર વિષે.

प्रष्टे बाहु समं मृत्यु द्वार वास्तु यदा भवेत् ॥
प्रति कार्यां तन्न विद्या निवेशंतं न कारितं ॥२८६॥


અર્થ—ઘરની પછીતે બારણું હોય કે, ઓરડાને કરે બારણું હોય તે ઘરને પ્રતીકાર ઘર કહીએ. તે ઘર વિશે પ્રવેશ ન કરવો, અને જો તેમાં પ્રવેશ કરે તો મૃત્યુકાળના જેવું ઉપજે.

## એક ઘરના બે ઘર કરવા વિષે.

युग्म गृहं भवत् तत्र वेद मध्ये भित स्थितं ॥
द्रव्यहानी भवेतव्यं मृत्यु रेवन संशय ॥२८७॥

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



દક્ષિણ હિંદમાં બેલુર પાસે નાગેશ્વરનું મંદિર

"Aho Shrutgyanam"

અર્થ—વાસ્તુ ઘરની મધ્યમાં ભીંત નાખી બે ઘર કરે તો, ને ભીંત આગળના દ્વારના મધ્યમાં પડે તો, તે બન્ને ઘર દ્રવ્યની હાની કરનાર; અને ઘરધણીનું મૃત્યુ કરે એમાં સંશય નહિ. માટે તેમ કરવાની જરૂર હોય તો, સરંગ ભીંત નાખી ઘરની મોવાળે બે બારણા કરવા અને તે ઘરનું રૂપ બદલવું તો દોષ થોડો કહેવાય. ૨૮૭

## પછીત વિધી.

**शुचीमुख भवेत्छीद्रं पृष्टेयदा करोति च ॥**
**प्रासादे न भवेत् पूजा गृहे क्रीडंति राक्षसा ॥२८८॥**

અર્થ—ઘરની પછીત પેલીભુમીને અગ્ર જેટલું પણ છીદ્ર મુકવું નહિ. ને જો છીદ્ર મુકે તો તે ઘરમાં રાક્ષસનો વાસ થાય. અને પ્રાસાદની પૃષ્ટે છીદ્ર હોય તો તે પ્રાસાદના અધીષ્ટાતા દેવ અપુજ્ય રહે એ વચન સિદ્ધ છે. ૨૮૮

**शषाणां मपि सर्वेंषां अध्यासनं निधीयते ॥**
**द्वारं गृहाणां सर्वेषां पदस्थाने मयाजनं ॥२८९॥**

અર્થ—સર્વે ગૃહોના દ્વારની પદસ્થાનની યોજના કરવી, અને બાકી ના લોકોના ગૃહોને મધ્યાસન (મધ્યની પાસે ને પાસે દ્વાર મુકવું.) એ પ્રમાણે કરે તો શ્રેષ્ટ છે. ૨૮૯

**तुलाऽधस्तान्नदातव्यं केप्याहुर्नृपयतेशुभम ॥**
**क्षेत्रांक भक्ततुर्यांशे द्वारं वायदिविन्यसेत् ॥२९०॥**

અર્થ રાજાના ગૃહોને તુળા (પીઢીઆ) નીચે દ્વાર અશુભ છે; ઘરની પહોળાઈના નવભાગ કરવા, તેમાં ચોથા ભાગે ડાબી દિશા તરફ એટલે ઘરમાંથી નિકળતાં ડાબી બાજુએ ગર્ભ ચાળવી દ્વાર મુકવું. ૨૯૦



"Aho Shrutgyanam"

# પ્રકરણ ૧૧ મું.

## શ્રીવિશ્વકર્મણે નમઃ

अव्यक्तं वास्तुसंभूतं येन विश्वचराचरं ॥
तस्मै संभावदेवाय नमोश्री विश्वकर्मणे ॥२९१॥

અર્થ—માયાથી ઉત્પન્ન થયેલું એવું ચરાચર વિશ્વ જે વ્યાપ્ત દેખાય છે, તે શંભુસ્વરૂપે દેવ જેને વિશ્વ નિર્માણ કરવું એજેનું કર્મ છે. એવા વિશ્વ કર્માને હું નમસ્કાર કરૂં છું. ૨૯૧

## જગતિ.

प्रासादनांमधिष्टानं जगतिसानीगद्यते ॥
यथासिंहासनराज्ञः प्रासादस्य त्तथैव च ॥२९२॥

અર્થ—પ્રાસાદને જગતિ કરવી (પરથાર) જેમકે રાજાને સિંહાસન હોય છે. તેમ દેવાલયને પણ સિંહાસન રૂપ પરથાર કરવો કહેલો છે. ૨૯૨

## જગતિના પ્રકાર.

चतुरस्ता यतेष्टोस्ता वृतंवृतायतं तथा ॥
जगति पंचधाप्रोक्ता प्रासादानं तु रुपतः ॥२९३॥

અર્થ—જગતિના પાંચ પ્રકારના રૂપ કહેલા છે, ૧ ચોરસ જગતિ, ૨ બીજી અષ્ટહાંસની, ૩ ત્રીજી ગોળ, ૪ ચોથી લંબગોળ અને ૫ પાંચમી જે દેવાલયના ખાંચા છૂટયા હોય; એ પ્રમાણે પાંચપ્રકારની જગતિના રૂપ કહ્યા છે. ૨૯૩

"Aho Shrutgyanam"

## પ્રાસાદ કરતાં જગતિ કેટલી મોટી કરવી.

प्रासाद प्रथुमानां च त्रिगुणां च चतुर्गुणा ॥
क्रमात्यं च गुणप्रोक्ता ज्येष्टामध्य कनिष्टसे ॥२९४॥
कन्यसे कन्यस्या ज्येष्टा ज्येष्टामध्य च मध्यमा ॥
प्रासादे जगतिकुर्यात् स्वरुपा लक्षणान्विता ॥२९५॥
रससप्त गुणाक्षाता जिनेपर्याय संच्छिता ॥
द्वारिकायां च करतव्या तथैव पुरुषत्रये ॥२९६॥

અર્થ—પ્રાસાદ રેખાએ જેટલો પહોળો હોય તેનાથી જગતિ ત્રણગણી પહોળી કરવી; તથા ચારગણી પહોળી કરવી, તથા પાંચગણી પહોળી કરવી; તે માન જયેષ્ટ, મધ્ય અને કનિષ્ટ માન જાણવું. ૨૯૪

કનિષ્ટ માનના પ્રાસાદને કનિષ્ટ માનની જગતિ કરવી. અને જયેષ્ટ માનના પ્રાસાદને જયેષ્ટ માનની જગતિ કરવી. અને મધ્ય માનના પ્રાસાદને મધ્ય માનની જગતિ કરવી. ૨૯૫

જૈનના દેવાલયને તથા બ્રહ્માના, તથા શિવના અને સૂર્યના તથા વિશ્નુના દેવાલયને, જગતિ છગુણી તથા સાતગણી પ્રાસાદથી જગતિ મોટી કરવી. ૨૯૬

## મંડપને સારૂ જગતિ.

मंडपानु क्रमेणैव सपादांसेन सार्धयत् ॥
द्वी गुणावामताकार्या सहस्तायतनविधि ॥२९७॥

અર્થ—પ્રાસાદની જગતિથી સવાગણી તથા બમણી

મંડપને સારૂ જગતિ કરવી. (પહોળાઈથી સવાગણી. ડોઢગણી તથા બમણી) ૨૯૭

## જગતિમાં ભ્રમણી.

त्रीदंक भ्रमसंयुक्ता ज्येष्ट मध्य कनिष्टका ॥
उछायस्य त्रिभोनेगेन भ्रमणीतो समुछ्ये ॥२९८॥

અર્થ—જગતિ ઉંચી હોય તેમાં ભાગ ત્રણ કરવા, તે ભ્રમણી ઉંચપણુમાં જયેષ્ટ, મધ્યમ, અને કનિષ્ટ રાખવી. જગતિમાં ભ્રમ ત્રણ ઉપરા ઉપર કરવા, તે જયેષ્ટ, મધ્ય, કનિષ્ટ રાખવા; તેવા ભ્રમ ત્રણ તથા બે તથા એક અનુક્રમે કરવા. ૨૯૮

## જગતિના ખુણાનું માન.

चतुरकोणेस्तथा सूर्यं कोणे विंशति कोणकै ॥
अष्टा विंशति षट् त्रीशंत् कोणै सस्य प्रमांण च ॥२९९॥

અથ—જગતિ ચોરસ (ચાર ખુણાની) તથા બાર ખુણાની, તથા વીસ ખુણાની, તથા અઠાવીસ ખુણાની, તથા છત્રીસ ખુણાની જગતિ થાય; એવી રીતે જગાતિના ખુણાનું માન કહ્યું છે. ૨૯૯

## જગતિની ઉંચાઇનું માન.

प्रासाद धार्कं हस्ता च त्रिसेद्वा विशंतिकरा ॥
द्वात्रिं शति चतुर्थांसो श्रुतासो चा सतार्धकै ॥३००॥
एकहस्ते करेणैव सार्धध्यं चतुर करे ॥
सूर्यं जैन्य शतार्धतं क्रमाद्विनियुगांशकै ॥३०१॥

"Aho Shrutgyanam"

અર્થ—પ્રાસાદ રેખાએ પહોળો ગજ એકથી તે ગજ બાર સુધી હોયતો, જગતિ ઉંચી ૧ એક ગજે ૧૨ બાર ઇંચ રાખવી. (બાર ગજના પ્રાસાદને જગતિ ઉંચી ૭ ગજ રાખવી.) ગજ ૧૨ બારથી માંડી ને ગજ બાવીસ સુધી જગતિ ઉંચી ઇંચ આઠ એક એક ગજે વધારવી. બાવીશથી બત્રીસ ગજના પ્રાસાદને ગજના ચોથે ભાગે (૭ આંગળ) ગજે વધારવી. ગજ બત્રીસથી તે ગજ પચાસ સુધી જગતિ ઉંચી ગજને પાંચમે ભાગે વધારવી. ૩૦૦

જગતિ ગજ એક, ગજ અઢી, ગજ ચાર, ગજ બાર, ગજ ચોવીસ, ગજ પચાસ અનુક્રમે વધારવી; ગજ અડધો આંગળ પા, ગજ પા, આંગળ પાનું અર્ધ, એ પ્રમાણે વધારતા જવું. ૩૦૧


## જગતિની ઉંચાઇમાં ઘાટ કેવા કરવા.

तदुछाया भजत्माञ्च त्वष्टा विंशति भाजते ॥
त्रीपदो जाडच कुंभस्य द्विभागं कर्णकंतथा ॥३०२॥
पद्म पत्र समायुक्तं त्रीपदा सर्व पत्रीका ॥
द्विपदं खुरकंकुर्या सप्त भागं च कुंभकं ॥३०३॥
कलसस्त्री पदोः प्रोक्तो भागेनातर पत्रकं ॥
कपोताली त्री भागं च पुष्पकंठो युगोसक ॥३०४॥
पुष्पकं जाडच कुंभस्य निर्गमस्यष्टभीः पदे ॥
कर्णेषु च दीसापाला प्राच्यादिषु प्रदक्षिणे ॥३०५॥


અર્થ—જગતિની ઉંચાઇમાં ભાગ અઠાવીશ કરવા, તે માહ્યા ૩ ત્રણ ભાગનો જાડયકુંભો કરવો તેમાં ગલત, અનેબે ભાગની કણીકરવી તેમાંથી અંધારી કાઢવી. ૩૦૨

"Aho Shrutgyanam"

જગતીની ઉભણીમાં ઘાટનો નકશો.



જગતીમાં ભ્રમણી તથા પંચથરા નો નકશો



છાજલી કરવી તે આસપટીના ભાગ ત્રણમાંથી કરવી, બે ભાગ નો ખરો કરવો, અને સાત ભાગનો કુંભો કરવો. ૩૦૩

કલશો ભાગ ત્રણનો કરવો, કેવાળ ભાગ ત્રણનો કરવો, પુષ્પકંઠ ભાગ ચારનો કરવો. ૩૦૪

પુષ્પ કંઠ ઉપર જાડકુંભ જે કરવો તે પુષ્પ કંઠમાંથી નીકળતો જેટલો સારો દેખાય તે તેટલો કરવો. તથા જગતિના ખુણામાં દિકપાળ પૂર્વ આદેદઈ પ્રદક્ષિણાએ કરવા. ૩૦૫

## જગતિની ઉભણીમાં મંડપ.

प्राकारे मंडिताकार्या चतुर्भिद्वरै मंडपैः ॥
मकरैर्जल निकासौ सोपाना तोरणादिभिः ॥३०६॥

मंडपाग्रे प्राचर्णेलार्गे सोपान शुद्रिकाग्रत ॥
तोरणा कारतस्य पटपदानु सारत ॥३०७॥

तोरणंस्य भयंस्तंभं विस्तारं गर्भमानत ॥
भीतिगर्भ प्रमाणेन तयोर्मध्येथवाभवेत् ॥३०८॥


वेदिकापीठ रुपैश्च शोभाभिबहु भायुंते ॥
विचित्रं तोरणं कुर्यात् दोलादेवस्य तत्र च ॥३०९॥

અર્થ—જગતિની ઉભણીમાં ભીત્તી સહીત મંડપ કરવો, મંડપને ચારે દિશાએ દ્વાર કરવા, દ્વારથી નિકળતાં આસડા કરવા, તથા મંડપમાં પગથીયા કરવા અને મંડપના દ્વારની આગળ તોરણ કરવા. (કમાનો) કરવી. ૩૦૬

"Aho Shrutgyanam"

મંડપના દ્વારની આગળ પગથિઆ એક સૂત્રે ઢળતા કરવા, અને તોરણ (કમાનો વિવીધ પ્રકારની કરવી) તથા ભારવટ (પાટ) સ્થાંભાભગે હોય તેટલો કરવો. ૩૦૭

તોરણ તથા સ્થંભ ગભારાની ભીતીના ફરકેથી નિક-




"Aho Shrutgyanam"

ળતાં કરવા, થાંભા ને ભીતના ગર્ભે ચોકીના સ્થાંભા-હોય, તે મધ્યે તોરણના સ્થાંભા પણ થાય. ૩૦૮

ચોકીની જે પરથાર કરવી તેને પાંચથરૂ કરવું, તેનું રૂપ દેવાલ્યની જગતિ જેવું, શોભામાં સારી દેખાય તેવી જગતિ કરવી; સુંદર દેખાય તેવા તલક તોરણ તથા હીંડોળા તોરણ ચોકીએ કરવા. ૩૦૯

## વાહનનું સ્થાન.

प्रासादा द्वाहनच्छाने करणीयाचतुःकिका ॥
एकद्वित्रिचतुर्पंच रससप्त पदांतरे ॥३१०॥

त्पर्चा त्पामेन वाशेतु पंचषट सप्त भागीका ॥
गुहानाभितनंतंवा त्रिविधावाहनोदयं ॥३११॥

पादजानुकटीयावत चांयावाहनस्प च ॥
वृषस्य विघ्नु भागांते सूर्यव्योमतनांतक ॥३१२॥

અર્થ—પ્રાસાદમાં દેવતા બેઠા હોય તેના વાહનને કાજે ચોકી કરવી, તેમાં વાહનનું સ્થાન કરવું. એક પદ છેટે, તથા બે પદ છેટે, ત્રણ પદ છેટે, ચાર પદ છેટે, તથા પાંચ પદ છેટે, તથા છ પદ છેટે અને સાત પદ છેટે; એટલા એટલા પદના છેટે જગ્યા રાખીને વાહનની બેઠક કરવી. ૩૧૦

દેવાલયમાં જે દેવ પુજાતા હોય, તેના નવ ભાગ કરવા; તેમાલ્યા ભાગ પાંચ, તથા છો, તથા સાત, વાહન ઉંચું કરવું. ઘુંટી તળે તથા નાભિ તથા હૃદય બરોબર, એ ત્રણ પ્રકારની વિધીથી વાહન ઉંચું કરવું. ૩૧૧

"Aho Shrutgyanam"

પગની ઘુંટી બરોબર ઉંચુ તથા કેડ બરોબર તથા ચર્ણું બરોબર–દેરાશરમાં જે દેવતા પૂજાતા હોય એટલું વાહન ઉંચુ કરવું. શિવનો પોઠીઓ ઉંચો કરવો તે જળાધારી બરોબર કરવો, અને સૂર્ય દેવનું વાહન હૃદય (છાતી) બરોબર ઉંચું કરવું. ૩૧૨

## જૈનના દેરાશર સામુ શું કરવું.

जीनाग्रे संवस्पाराणां शुकाग्रेगुढ मंडपे ॥
गुढ स्पाग्रे चतुःकाद्य स्तदाग्रे नृत्य मंडपे ॥३१३॥

द्विसप्तेर्वा द्विवाणैर्वा चतुर्विंशति तोपिवा ॥
जिनालये श्चतुद्दिक्षु सहितं जिनमंदिरं ॥३१४॥


मंडपागर्भं सूत्रेण वामादक्षिणयोर्द्दिशो ॥
अष्टापदं प्रकर्त्तव्यां त्रिशालावा बलाणकं ॥३१५॥

अपरे रथ शाला च मठेयामे प्रतिष्ठितं ॥
उत्तरे रथरंध्र च प्रोक्तं श्री विश्वकर्मणा ॥३१६॥

અર્થ—જૈનના દેરાશર સામુ સમોસણુ કરવું, તથા પડરકું શ્રૃકનાશના મોઢા આગળ બાંધ્યો મંડપ કરવો. બાંધ્યા મંડપ આગળ ચોકી કરવી, અને ચોકીના આગળ નૃત્ય (છૂટો) મંડપ કરવો. ૩૧૩

જૈનમંદિરની ચારે તરફ બોંતેર જીનાલ્ય (બોંતેર દેરીઓ) કરવી, તથા બાવન જીનાલ્ય તથા ચોવીસ જીનાલ્ય સહિત જીનમંદિર કરવું. ૩૧૪

"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"

મંડપના ગર્ભના સૂત્રથી ડાબીકોર તથા જમણી બાજુ, અષ્ટાપદ તથા સેસકો અને ગણધરના પગલા સારૂ દેરાશર કરવા, દેરાશરના મંડપની ત્રણે તરફ શ્રૃંગાર ચોકીયું કરવી, સામુ બલાણ (પુંડરીક) કરવો. ૩૧૫

દેરાશરની પછિતે રથ મેલવાનું મકાન કરવું, અપાસરો દેવાલયની જમણી તરફ કરવો; ડાબે અંગે નૈવેદ્ય રાંધવાનું મકાન કરવું, એ પ્રમાણે શ્રી વિશ્વકર્મા કહી ગયાછે. ૩૧૬

## સૂર્યના દેરાસરમાં કયા દેવ બેસે.

सूर्याद्गणेशो विश्नुश्च चंडिशंभु प्रदक्षिणे ॥
भानो गृहे ग्रहास्तस्य गणेशद्वादशामुर्त्तयः ॥३१७॥

અર્થ—સૂર્યના દેરાશર મધ્યે ૧, ગણેશ, ૨ વિશ્નું, ૩, ભવાની, ૪, શીવ, ૯, નવગ્રહ, તથા ગણેશની ૧૨, બાર મુર્ત્તિયો જે છે તે પણ સૂર્યના દેરાશર મધ્યે પ્રદક્ષિણા એ બેસારવી. ૩૧૭

## ગણપતિના દેરાશરમાં કયા દેવ બેસે.

गणेशस्य ग्रहेनेध चंडीशंभु हरि रवी ॥
मूर्त्तयो द्वादशान्योपि गणास्छाप्याहीताश्वत ॥३१८॥

અર્થ—ગણપતિના દેરાશરમાં, સ્વામી કાર્ત્તિક, ભવાની, શીવ, તથા વિશ્નુ, તથા સૂર્યની બાર મુતિયો પણ બેશે, એટલા દેવો ગણપતિના દેરાશરમાં બેશે તો હિતકારી છે. ૩૧૮.

"Aho Shrutgyanam"

## વિશ્નુના દેરાશરમાં કયા દેવ બેસે.

**विध्मौ प्रदक्षिणे चैव गणेशार्कैडिंबिकाशिवा ॥**
**गोप्योस्तस्यवित्तरोश्च मूर्त्तयोद्वारीकार्कंतथा ॥३१९॥**

અર્થ—વિશ્નુના (કૃશ્નના) દેરાશરમાં પ્રદિક્ષણા એ ગણેશ, તથા સૂરજ તથા ભવાની, તથા શીવ, અને ગોપીયું, દ્વારકામાં જે મુતિયો છે તે વિશ્નુના દેરાશરમાં કરવી. ૩૧૯.

## ચંડીના દેરાશરમાં કયા દેવની મુર્તિયો બેસે.

**चंडीशंभुगणेशार्कं विश्नु स्थाप्य प्रदक्षणा ॥**
**मात्तरे मुत्तरोदेव्या योगिन्यो भैरवादयः ॥३२०॥**

અર્થ—ભવાનીના દેરાશરમાં, શીવ, તથા ગણેશ, તથા સૂર્ય, તથા વિશ્નુ (કૃશ્ન) ને પ્રદક્ષિણાયે બેસારવા, ભવાની એની મુર્તિ વિઘ્નદેવી જે જોગણી તથા ક્ષેત્રપાળ એટલા દેવો ચંડીના દેરાશરમાં બેસારવા. ૩૨૦

## શિવના દેરાશરમાં કયા દેવ બેસારવા.

**शंभु सूर्यो गणेशस्य चंडीविश्नु प्रदक्षिणे ॥**
**स्थाप्या सर्व शिवच्छाने द्रष्टिवेंधू विर्जित ॥३२१॥**
**रुद्राक्षि पुरुषोमध्ये रुद्रावाम गताहरी ॥**
**दक्षिणांगे भवेत् ब्रह्मा विपर्यासे भयाहरी ॥३२२॥**
**रुद्र वक्रत्रिभागेनि हनीरर्धे पितामहः ॥**
**तत्तुल्या पार्वतीदेव्यं सुखदा सर्व कामदा ॥३२३॥**

"Aho Shrutgyanam"

અર્થ—શિવના દેરાશરમાં, સૂર્ય, ગણેશ, તથા ભવાની, તથા વિશ્નુ, એટલા દેવો પ્રદક્ષિણાયે બેસારવા; પણ શિવના સામે (ગર્ભે બેસારવા નહિ, સાથી, દ્રષ્ટિ વેધ વર્જવો કહેલો છે. ૩૨૧.

ત્રણ દેવતા વકંડે બેસારવા તે મધ્યે શીવ, અને શીવને ડાબે અંગે વિશ્નુને બેસારવાં શીવને, જમણે અંગે બ્રહ્માને બેસારવા, અવળા સવળા બેસાડવા નહિ, અવળા બેસાડશો તો ભય ઉપજાવશે. ૩૨૨

શીવના મોઢામાં ભાગ ત્રણ કરવા, ભાગ એક ઓછો વિશ્નુ તથા બ્રહ્મા કરવા, બ્રહ્મા જેવડી પાર્વતી દેવીની મૂર્તિ કરવી, તો સર્વ કામના પૂર્ણ અને સુખ પ્રાપ્ત થશે. ૩૨૩.

"Aho Shrutgyanam"

# પ્રકરણ ૧૨ મું.

## શિલા.

इतिच्छालाय विस्तार्ण प्रासाद धारणी शिला ॥
अति वसुढाकार्या इष्टी चुर्णवारीभी ॥३२४॥

અર્થ—પ્રાસાદને વિષે શિલા (ખડસલ) લાંબુ તથા પહોળું પત્થર અથવા ઈંટ, ચુનો પાણી વિગેરેથી મજબુત ચોઢવું. ૩૨૪

**પાયાની કોન્ક્રીટ**—બનાવવા માટે મોટા પત્થરોને ભંગાવીને બનાવેલી ખડી સર્વથી ઉત્તમ હોય છે. તે કડકાઓનું કદ ૧½ થી ૨½ ઇંચ ડાયામેટરની પત્થર રીંગમાંથી નીકળી શકે તેટલું હોવું જોઈએ.

**પત્થર ચુનાની કોન્ક્રીટ**—બનાવવા દર ૧૦૦ ઘનફૂટ દીઠ નીચે પ્રમાણે માલ જોઇએ.

ખડી........૧૦૦ ઘનફુટ

ચુનો (સુકો)....૨૩ ,,

રેતી........૪૬ ,,

**ઈંટ ચુનાની કોન્ક્રીટ**—આ કડકા ૧½ થી ૨ ઈંચ સુધીના નાના મોટા ભેળસેળ જોઈએ તેનું પ્રમાણુ—

---

**નોંધ**—આ શિલા કોન્ક્રીરેટ કર્યા પછી નોંધ કામ કરતી વખતે ખડસલ ચોડેછે તે સમજવી.

"Aho Shrutgyanam"

ચુનો.......૧ ભાગ

રેતી.......૧ ,,

ઈંટનાકડકા....૪ ,,

**ચુનાની કોન્ક્રીટના થર**—૬ ઈંચથી વધારે રાખવામાં આવતા નથી. તેઓને લાકડાના તથા લોઢાના કુબાથી કુટવામાં આવે છે.

**સીમેન્ટ કોન્ક્રીટ**—બનાવવાનું પ્રમાણ.

સીમેન્ટ.......૧ ભાગ.

રેતી...........૨½ ,,

ખડી...........૫ ,,


**સીમેન્ટ કોન્ક્રીટની મજબુતી**—જુદાં જુદાં પ્રમાણમાં સીમેન્ટ અને રેતી તથા ખડી ભેળવીને બનાવેલી કોન્ક્રીટ નીચે પ્રમાણે દર ચોરસ ફૂટે સલામત વજન ખમવાને લાયક હોયછે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ ભાગ સીમેન્ટ, | | ૧ ભાગ ખડી, | | ૩ ભાગ રેતી | | ૩૫ ટન વજન | ખમે. |
| ૧ | ,, | ૨ | ,, | ૪ | ,, | ૩૨ | ,, |
| ૧ | ,, | ૨½ | ,, | ૫ | ,, | ૨૯ | ,, |
| ૧ | ,, | ૩ | ,, | ૬ | ,, | ૨૫ | ,, |
| ૧ | ,, | ૪ | ,, | ૮ | ,, | ૧૯ | ,, |

**ઈંટ**—સારી ઈંટો ૬ કલાકમાં પોતાના વજનના ૧૦ મા ભાગ કરતાં વધુ પાણી પીતી નથી. હલકી જાતની ઈંટોને ૨૪ કલાક સુધી પાણીમાં બોળી રાખતાં વજનના

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"

લગભગ $\frac{1}{3}$ ભાગ જેટલું પાણી પીય જાય છે. સારી લાલ ઈંટ ઉપુર દર ચોરસ ફૂટ દીઠ ૮૦૦ થી ૧૦૦૦ રતલનો બોજો મુકવાથી કચડાઇને ભૂકો થઈ જાય છે.

ટેબલ ઈંટનું માપ ૯×૪$\frac{1}{4}$×૨$\frac{1}{2}$ હોય છે. એવી ઈંટનું વજન દર ઘન ફૂટે ૧૨૦ પૌંડ થાય છે.

**સીમેન્ટ પારખવાની સહેલી રીત**—એ છે કે ૩$\frac{1}{4}$ માપ સીમેન્ટમાં એક માપ પાણી નાંખી આંગળાઓ વડે મસળીને મેળવવું, એક ટીનના પોટમાં આવી રીતે કરી જોતાં જો એ પાણી ચુશી લઈને તરત સખત થઇ જાય તો જાણવું કે સારી જાતનો નથી, પણ જલદી ઠરી જાય તેવો યાને કવીક સેટીંગ જાતનો છે. વળી જો એ વખતે સીમેન્ટ ગરમ થઇ જાય તો જાણવું કે સીમેન્ટ ખરાબ જાતનો છે. આવી રીતે સીમેન્ટ ગુંદીને તેને એક પ્યાલામાં કે ટીનપોટમાં ઢાળીને તેનો ઘાટ બનાવી પાણીમાં ડુબાડીને ખુબતર કરેલાં પાટીયાં અથવા પાણી ચુશે નહિ તેવા પત્થર કે લોઢાની પ્લેટ પર મુકવો. જો પાણી વધુ નાંખેલું દેખાય અને સીમેન્ટ બરાબર ઘટ થઇને ઘાટ નહિ બને તો બીજો નમુનો લઈને તેમાં ઉપલાં કરતાં સ્હેજ થોડું પાણી નાખવું. સીમેન્ટમાં પાણી રેડતી વખતે ઘડીયાળમાં જોઇ વખત નોંધી રાખવો, અને પછી થોડી થોડી મીનીટે એક પેન્સીલનો ઘડયા વગરનો બુઠો છેડો પેલા ઘાટમાં ખોસવાની કોશેસ કરી જોવી કે તેમ કરતાં કેટલું જોર માગે છે. જો વીસ મીનીટ પહેલાં સીમેન્ટ ઠરીને સખત થઇ જાય તો તે હલકી જાતનો જાણવો. બે ચાર નમુના-

ઓની તપાસ કરતાં અનુભવ મળવાથી આવી રીતે સીમેન્ટ સાધારણ પારખી જાણી શકાશે કે તે હલકી કે ઉંચી જાતનો છે. સારા સીમેન્ટને બરાબર ઠરી જઈને સખત થતાં ૧૦ કલાકથી વધુ વખત લાગવો જોઇએ નહિ.

**ખોદ કામ**—એક મજુર ૫૦ ઘનફૂટ આખા દિવસમાં નરમ માટી ખોદી શકે છે. અને સખત માટી ૩૦ ઘનફૂટ ખોદી શકે છે.

**ઘનફૂટ**—લંબાઈ, પહોરાઈ અને જાડાઇમાં ફૂટ હોય તો જવાબ ઘનફૂટ આવે. એકમાં ઇંચ હોય તો ગુણાકારને ૧૨ થી ભાગવાથી ઘનફૂટ આવે. બેમાં ઇંચિ હોય તો ગુણાકારને ૧૨ થી ભાગતાં પાકા ઇંચ અને પાકા ઇંચને ૧૨ થી ભાગતાં ઘનફૂટ આવે. ત્રણેમાં ઇંચિ હોય તો ગુણાકારને પહેલાં ૧૨ થી ભાગવાથી કાચા ઇંચ. કાચા ઇંચિને ૧૨ થી ભાગવાથી પાકા ઇંચ પાકા ઇંચને ૧૨થી ભાગવાથી ઘનફૂટ આવે.

૧. દા. ૧′–૦″ × ૧′–૦″ × ૧૨′–૦″ = ૧૨′–૦–૦–૦ ઘનફૂટ બાર

૨. દા. ૨૦′–૦″ × ૧′–૩″ × ૧′–૦″ = ૨૫–૦–૦–૦ ઘનફૂટ પચીસ

૩. દા. ૧′–૬″ × ૦–૧૦ × ૨′–૪″ = ૨–૧૧–૦–૦ ઘનફૂટ બે પાકા અગીઆર ઇંચિ.

**રનીંગફૂટ**—એટલે ફક્ત લંબાઇનાજ ફૂટ. જેમકે ૧૦ મોભ દરેકની ૨૫ ફૂટની લંબાઇ હોય તો ૧૦′ × ૨૫′ = ૨૫૦ રનીંગફૂટ.

"Aho Shrutgyanam"

**ચોરસફૂટ**—એક પાટીયું ૬ ફૂટ લાંબુ અને બે ફૂટ પહોળું હોય તો–૬'-૦" × ૨'-૦" = ૧૨ બાર ચોરસફૂટ.

## ભીટ.

**शिलोपरीभवेद्भीट मेकहस्ते युगांगुलं ॥**
**त्र्पर्धांगुलाभवेद्वृधि यावत् हस्त सतार्धकं ॥३२५॥**

અર્થ—પ્રાસાદને વિષે ભીટ જરૂર કરવું. તેનું માન એક ગજના પ્રાસાદને ભીટ આંગળ ચારનો કરવો; પછી ગજે અર્ધા આંગળની વૃદ્ધી કરતાં જવું તે ગજ પચાસ સુધી, આમાન પહેલું છે. ૩૨૫

## ભીટનું બીજું માન.

**त्र्पंगुलान्या सहिनेन त्र्पर्धेना त्र्पर्धेक्रमात् ॥**
**पंचदिक् विंशतियावत् सतार्धे च विवर्जयेत् ॥३२६॥**

અર્થ—ગજ એકથી તે ગજ પાંચ સુધી આંગળ એકની વૃદ્ધી કરવી; પછી ગજ પાંચથી તે ગજ ૧૦ દસ સુધી આંગળ અડધાની વૃદ્ધી કરવી; તથા ગજ ૧૦ દસથી તે ગજ વીસ સુધી પા આંગળની વૃદ્ધી કરવી; ગજ વીસ-થી તે ગજ પચાસ સુધી અર્ધપાની, વૃદ્ધી કરવી.

એ પ્રમાણે આંગળનું અર્ધ તથા અર્ધનું અર્ધ પા, અને તેનું અર્ધ, અર્ધ પા, અનુક્રમે વૃદ્ધી કરવી કહેલી છે જેમ વ્યયથી તે આય સુધી. ૩૨૬

## ભીટના થર તથા નિકાળો.

**एकद्वित्री भटानि हिनहीनानि कार्येत् ॥**
**स्त्रस्तोदय प्रमाणंच चतुर्थांसेन निर्गमं ॥३२७॥**

અર્થ—ભીટના થર એક, બે અને ત્રણ કરવા, નિચેના

"Aho Shrutgyanam"

બીટથી ઉપરનું નાનું એમ અનુક્રમે જેષ્ટ, મધ્ય, અને કનિષ્ટ એ પ્રમાણે થર એક બીજાના ઉપર ચડાવવા. અને ઉંચાઇનાં ચોથે ભાગે બહાર નિકળતું કરવું. ૩૨૭

## પીઠનું માન.

पीठमध्ये त्रिपादांसे एकद्वित्रिचतुर्गृहे ॥
चतुर्हस्ते त्रिसार्धांशे पादांशे पंच हस्तके ॥३२८॥
दश विंशति षट् त्रिंशत् शतार्द्धहस्तकाविधी ॥
वृधि वेद त्रियुग्मेक संख्या स्यादंगुलीक्रमात् ॥३२९॥

અર્થ—પ્રાસાદ ગજ એક તેને પીઠ આંગળ ૬ છ ઉંચું કરવું, પ્રાસાદ ગજ ૨ બે તેને પીઠ ઉંચું આંગળ ૧૨ કરવું; પ્રાસાદ ગજ ૩ ત્રણ તેને પીઠ આંગળ ૧૬ સોલ, પ્રાસાદ ગજ ૪, ચાર તેને પીઠ આંગળ ૨૨ બાવીસ પ્રાસાદ ગજ. ૫ પાંચ તેને પીઠ આંગળ ૨૪ ચોવીસ; ગજ પાંચથી તે ગજ દસ સુધી ગર્જ ચાર ચાર ઇંચની વૃદ્ધિ કરવી. ૩૨૮

ગજ ૧૦ દસથી માંડીને ગજ ૨૦ વીસ સુધી આંગળ ત્રણની વૃદ્ધી કરવી.

ગજ ૨૦ વીસથી માંડીને ગજ ૩૬ છત્રીસ સુધી આંગળ બેની વૃદ્ધી કરવી; ગજ ૩૬ છત્રીસથી માંડીને ગજ ૫૦ સુધી આંગળ એકની વૃદ્ધી કરવી.

આ માન પીઠની ઉંચાઇનું છે, ચાર આંગળ, ત્રણ આંગળ, બે આંગળ અને એક આંગળ એ પ્રમાણે અનુક્રમે વધારજો. ૩૨૯

"Aho Shrutgyanam"

## પીઠનો નિકાળો તથા ઘાટ.

पंचाशं हानमाधिकां एकेकंतु विधा पुनः ॥
त्रिपंचा शश्पमुस्पेधं द्वाविंशत्प सनीर्गमे ॥३३०॥
नवांशो जाड्यकुंभस्य सत्पाशंकर्णकंभवेत् ॥
शांतरंशकपोताली सत्पासाग्रासपट्टिका ॥३३१॥
सूर्यादिकू वसुभागश्च गजवाजिनराक्रमात् ॥
वाजिच्छाने तथा कार्यं स्वं स्वं देवस्यवाहनं ॥३३२॥
पंचासाः कर्णकांग्रेतु निर्गमो जाड्य कुंभकं ॥
त्रिसार्धं कर्णकंसार्धं चतुर्भिग्रास पट्टिका ॥३३३॥

અર્થ—પીઠની ઉંચાઈમાં ભાગ ત્રેપન કરવા, તે માહ્યા ભાગ ૨૨ બાવીસ નિકળતા ગજથર, અશ્વથર તથા નરથર ભાગ પાંચ અધિકનું ન કરીએ ત્યારે, જ્યેષ્ટ માન તથા કનિષ્ટ માન થાયે; એક પર ત્રણ, બે, અને પાંચ કહ્યા છે. ૩૩૦


નવભાગનો જાડંબો તે (ગલત) કરવી, ભાગ ૭ સાતની કણી કરવી, તેમાંથી (કણીમાંથી) અંધારી કાઢવી; ભાગ ૭ સાતની ગ્રાસપટી કરવી, તેમાંથી છાજલી કરવી કહેલી છે. ૩૩૧

ગજથર ભાગ ૧૨ બારનો કરવો, અશ્વથર ભાગ ૧૦ દસનો અને નરથર ભાગ ૮ આઠનો કરવો. અને અશ્વથરની જગ્યાયે, જે દેવનું દેરાસર હોય તે દેવના વાહનના રૂપ કરવા, તે અશ્વરથરની બદલીમાંજ કરવા કહેલા છે. ૩૩૨


કણી નિકાળે ત્રણ ભાગની કરવી. કણીથી ભાગ પાંચ

"Aho Shrutgyanam"

ભીટનો નકશો.



કુંભપીઠ તથા પંચ થરાનો નકશો.



અશ્વથરનો નકશો.



નરથરનો નકશો



ગજથરનો નકશો.



દેવીથરનો નકશો



નિકળતો જાડંબો કરવો, જમલે ભાગ અડધો છાજાથી રાખવો. ભાગ ૪ ચારની ગ્રાસપટી કરવી, અને છાજલી ખરાથી તથા ગજથરથી નિકળતી કરવી. ૩૩૩

## ગજથર, અશ્વથર, નરથરના નિકળા.

कुंजराश्व नरावेदा रामयुग्मां शनिर्गमं ॥
त्र्यंतरालमध्यस्तेषां मूर्द्धाधः कर्णयुग्मकं ॥३३४॥

અર્થ—ગજથર ભાગ ૪ ચાર નિકળતો કરવો, અને ૩ ત્રણ ભાગ અશ્વથર નિકાળે કરવો, ખરેથી નરથર ભાગ બે નિકળતો કરવો. એ ત્રણે થરને મથારે તથા તળંચે વધારી કણી તથા છાજલી કરવી, અને કણી બહાર નિકળતી કરવી. ૩૩૪

## કામદમં પીઠ.


गजपीठं विना स्वल्प द्रव्येपुण्यं महत्तरं ॥
जाड्यकुंभः कर्णालीच ग्रासपट्टी तदाभवेत् ॥३३५॥
कामदं कर्णपीठं च जाड्यकुंभः कर्णलीच ॥
लतिने निर्गमेहीने साधारे निर्गमाधिक ॥३३६॥

અર્થ—ગજથર વિના એકલું પાંચ થરૂ કરે તે થોડા ખરચને માટે છે, પણ કરે તો ઘણું પુન્ય થાય છે. જાડંબો, કણી, અંધારી, છાજલી, ગ્રાસપટી, તે પાંચ થરાને માટે કહેલી છે. ૩૩૫

તેને કામદંમ પીઠ કહે છે. અને કણપીઠ, જાડંબો અને કણી તેને કણ પીઠ કહે છે. લતીનાદીકમાં પાંચથરૂ

"Aho Shrutgyanam"

થોડું નિકળતું કહે છે, અને સમંધારાદીકમાં પાંચ થઈ વધારે નિકળતું કહેલું છે. ૩૩૬



## પીઠ વિના કરશો તો.

सर्वेषां पीठमाद्वारं पीठ हीनं निराश्रयं ॥
पीठ हीनं विनश्यंति प्रासादा भुवनादिकम् ॥३३७॥

અર્થ—પ્રાસાદ, ભુવનવિગેરે ને પીઠનો આધાર છે, પીઠ વિના જે કામ કરશો તે નિરાશ કહેવાયે અને જો પીઠ વિના કરશો તો વિનાશ કરશે. માટે પાંચ થરૂ પણ પ્રાસાદ તથા ભુવનને વિષે અવસ્ય કરવું કહેલું છે. ૩૩૭

## મંડો વર.

हस्तादि पंचपर्यंतं विस्तरैणीदयसम ॥
सक्रमात् वसदाषु रामचंद्रां गुलादिकं ॥३३८॥
पंचादि दशपर्यंतं त्रिशेद्वावत् शताधिकं ॥
हस्ते हस्ते क्रमात् वृधि मैनुसूर्यानवांगुला ॥३३९॥
एक हस्तादि पंचातं पृथुत्वनोदयः सम ॥
हस्ते सूर्यागुवृद्दि यावत् त्रिंशकराविधी ॥३४०॥

અર્થ—અનુક્રમે આંગળ ૯ નવ ગજ ૧૯ ઓગણીસ આંગળ ૭ સાત ગજ ૨૭ સતાવીસ આંગળ ૫, પાંચ ગજ ૩૫ પાંત્રીસ, આંગ ૩ ત્રણ ગજ ૪૦ ચાલીસ, આંગળ ૧ એક ગજ ૫૦ પચાસ, એ પ્રમાણે વૃદ્ધિ કરવી. ૩૩૮

ગજ ૫ પાંચથી તે ગજ ૧૦ દસ સુધી આગળ ૧૪ ચૌદની વૃદ્ધિ કરવી; ગજ ૧૦ દસથી માંડીને ગજ ૩૦ સુધી આંગળ ૧૨ બારની વૃદ્ધિ કરવી. ગજ ૩૦ ત્રીસથી માંડીને ગજ ૫૦ સુધી આંગળ ૯ નવની વૃદ્ધિ કરવી. ૩૩૯

"Aho Shrutgyanam"

ગજ એકથી માંડીને ગજ ૫ પાંચ સુધી જેટલો પ્રાસાદ રેખાએ પહોળો હોય એટલો ઉંચો કરવો, તે ગજ પાંચ સુધી, ગજ પાંચથી માંડીને ગજ ૩૦ ત્રીસ સુધી આંગળ ૧૨ બારની વૃદ્ધિ કરતાં જવું. (ગજે બાર ઇંચ વધારતા જવું.) ૩૪૦

## નાગરાદી પીઠ.

गवांगुला करेद्वृद्धि र्यावत् हस्त सतार्धकं ॥
पीठोर्ध्वं उदयश्चैव छाद्यांनो नागरादिषु ॥३४१॥
एक विंशत्पंचभक्ते प्रासादस्य समुच्छ्र्ये ॥
पंचादी नव भागांन् पीठस्य पंचधादय ॥३४२॥

અર્થ—એક ગજે આંગળ ૯ નવની વૃદ્ધી કરવી તે ગજ ૩૦ ત્રીસથી માંડીને ગજ ૫૦ પચાસ સુધી કરવી. અડધા પાંચ થરા મથારેથી તે છાજા મથાળા સુધી ભાગ કરવા, તે નાગરાહિત જાત જાણવી. ૩૪૧

પ્રાસાદના મંડોવરના ઉદયમાં ભાગ ૨૧ એકવીશ કરવા, તે માલ્યા ભાગ ૫, પાંચ, તથા ૬ છ, તથા ૭ સાત, તથા ૮ આઠ, અને ૯ નવ એવા પાંચ મત પીઠની ઉંચાઈના નાગરાદી જાતમાં કહ્યા છે. ૩૪૨

## નાગરાદી મંડોવર.

वेद वेदं उभक्तेतु छाद्यातो पीठ मध्यकात् ॥
षुरकः पंचभागस्यात् विंशति कुंभकस्तथा ॥३४३॥
कलसोष्टौ द्वि सार्धंतु कर्त्तव्यं मतरालकं ॥
कपोतकाष्टोमंची च कर्त्तव्यानवभागिका ॥३४४॥

"Aho Shrutgyanam"

पंचत्रिशत्पदाजंघा तिथ्यंशौरुद्गमो भवेत् ॥
वसुभिर्भरणीकार्या दिक्भागं च शरावटी ॥३४५॥
त्पष्टांशोर्धा कपोताली द्विसार्धं मंत्तराक्रमं ॥
छाद्यं त्रयो दशांशोच्चं दसभागौर्विनिर्गतं ॥३४६॥

અર્થ—પંચથરા મથારેથી તે છાજા મથાળા સુધી ભાગ ૧૪૪ એકસો ચુમાલીસ કરવા, તે માલ્યા ભાગ ૫ પાંચનો ખરો કરવો, અને ખરા ઉપર ભાગ ૨૦ વીસનો કુંભો કરવો. ૩૪૩

કુંભા ઉપર ભાગ ૮ આઠનો કલશો કરવો અને ભાગ ૨॥ અઢીનો પુષ્પ કંઠ કરવો, પુષ્પકંઠ ઉપર ભાગ ૮ આ-ઠનો કેવાળ અને કેવાળ ઉપર ભાગ ૯ નવની માંચી કરવી. ૩૪૪


માંચી ઉપર ભાગ ૩૫ પાંત્રીસની જંઘા કરવી, જંઘા ઉપર ભાગ ૧૫ પંદરનો ડોઢીઓ કરવો અને ડોઢીઆ ઉપર ભાગ ૮ આઠનું ભરણુ કરવું; ભરણા ઉપર ભાગ ૧૦ દસની સરાવટી કરવી.

સરાવટી ઉપર ભાગ ૮ આઠનો કેવાળ કરવો; કેવાળ ઉપર ભાગ ૨॥ અઢીનો પુષ્પ કંઠ કરવો; પુષ્પ કંઠ ઉપર ભાગ ૧૩ તેરનું છાજું કરવું, છાજુ આગળથી નિકળતું ભાગ ૧૦ દસનું કરવું, એ પ્રમાણે નાગરાદી મંડોવરનું રૂપ જાણવું. ૩૪૬


## મેરૂ મંડોવર.

मेरुमंडोवरेमंची भरणुर्ध्वष्ट भागिक ॥
पंच विंशतिकाजंघा उद्गमश्च त्रयोदश ॥३४७॥

"Aho Shrutgyanam"



ઉભી- નાગરાદી મંડોરો. ભાગ ૧૪૪



ઉભી મેરૂ મંડોરો ભાગ ૧૨૯

અર્થ—મેરૂ મંડોવરના ભાગ ૧૨૯ એકસો ઓગણુત્રીસ કરવા, તે માલ્યા ભાગ ૮ આઠની માંચી કરવી. ભરણુા ઉપર શરાવટી ભાગ ૮ આઠની કરવી અને જાંગી ભાગ ૨૫ પચીસની કરવી. અને ડોઢીઓ ભાગ ૧૩ તેરનો કરવો. બાકીના ભાગ ઉપર મુજબ જાણુવા.

## સામાન્ય મંડોવર.

त्पष्टांशाभरणीशेषं पूर्ववत्कल्पये सुधी ॥
सपूभागा भवेन्मंचि कुट छाद्यस्यमस्तके ॥३४८॥
षोडशा शापुनजंघा भरणी सप्त भागिका ॥
शरावटी चतुर्भागा त्पदस्यात्पं च भागिका ॥३४९॥
सूर्यांशौषट् छाद्यं च सर्वकाम फलप्रदं ॥
कुंभकेस्य युगांशेन च्छावराणां प्रवेशक ॥३५०॥

અર્થ—સામાન્ય મંડોવરમાં ભાગ ૧૧૭ એકસો સતર કરવા, તે માલ્યા ભાગ ૮ આઠની ભરણી કરવી; ભાગ ૭ સાતની માંચિ કરવી, છાજામાં ભેગી લાંબસીયું કરવી. ૩૪૮

ભાગ ૧૬ સોળની જાંઘી કરવી, ભાગ ૭ સાતની ભરણી કરવી અને ભાગ ૮ આઠની સરાવટી કરવી. ૩૪૯

છાજુું ભાગ ૧૨ બારનું કરવું, કુંભી તથા બીજા થરનો પેસારો ભાગ ૪ ચારનો કરવો, બીજા થરના ભાગ આગળ કહેલાછે તે મુજબ કરવા; આ મંડોરો સર્વ કામના અને શ્રેષ્ટ ફળ આપવાવાળો છે.

"Aho Shrutgyanam"

## પ્રાકરાંત મંડોવર.


पीठतः छाद्य पर्यंतं सप्तविंशति भागिते ॥
द्वादशानां षुरादिना भागसंख्या क्रमेण च ॥३५१॥
स्पादेकवद् सार्द्धं च स्वार्धं सार्धेष्टि भिस्त्रिभ्रि ॥
सार्धं सार्धर्द्धं भागैश्च दिसार्धंद्यंशनिगमं ॥३५२॥
शिरावटीद्गमोमंची जंघारुपाणि वर्जयेत् ॥
त्पल्पद्रव्यं महत्पुण्यं कथितं विश्वकर्मणा ॥३५३॥

અર્થ—પાંચ થરા મથારાથી તે છાજા મથારા સુધી ૨૭ સત્યાવીસ ભાગ કરવાં. તે ખરેથી મંડોરાના મથારા સુધી જાણવા. ૩૫૧

કુંભો ભાગ ૪ ચારનો કરવો તેમાં ૧ એક ભાગનો ખરો કરવો, કલશો ભાગ ૧ા દોઢનો, પુષ્પ કંઠ ભાગ ૦ા અડધાનો, કેવાળ ભાગ ૧ા દોઢનો, માંચી ભાગ ૧ા દોઢની, જાંઘી ભાગ ૮ આઠની; ડોઢીઓ ભાગ ૩ ત્રણનો, ભરણું ભાગ ૧ા દોઢનું, કેવાળ ભાગ ૧ા દોઢનો, પુષ્પ કંઠ ભાગ ૦ા અડધાનો, છાજુ ભાગ ૨ા અઢીનું કરવું અને ૧ એક ભાગ નિકાળે રાખવું. ૩૫૨

જેને થોડા ખર્ચમાં કરવું હોય તેને સરાવટી તથા ડોઢીઓ તથા માંચી તથા જાંઘી એટલામાં રૂપ ન કરવા, તો થોડા ખર્ચમાં મોટું પુન્ય મેળવે એવું શ્રી વિશ્વકર્માનું વચન છે. ૩૫૩

"Aho Shrutgyanam"


સામાન્યમંડોરો
ભાગ ૧૧૭
પ્રાકૃત મંડોરો
ભાગ ૨૭

## લાંબો ગભારો તથા ભિતી.


मध्ये युगास्त्रं भद्रयं भृभद्रं प्रतिभद्रकं ॥
फालं गर्भनीयंग्रेहं दोषदं गर्भसायत ॥३५४॥
पादांशेनैष्टकिपंच षट्शेशैलदारुजे ॥
सावधारेष्टा सर्वाभि दंशांशाधातुरत्नजे ॥३५५॥

અર્થ—ગભારો (દેરાશરનો અંદરનોભાગ) ચોરસ કરવો, લાંબો ગભારો કરવો નહિ અને કરે તો ખરાબ ફળ આપે. તેને બહાર નિકળતા ફલણા કરવા તે ગર્ભે ભદ્ર, બાજુમાં પઢરો તથા રેખા વગેરે કરવાં. ૩૫૪

પ્રાકારાંતર એવું નામ છે પ્રાસાદ પોળો ૪ ચાર, ભાગ ઇંટના દેરાને ૦II અડધો, ભાગ ૬ ૭ પત્થરના દેરાને, ભાગ ૭ સાત લાકડાના દેરાને અને સાવંધારાદી જાતમાં ભાગ ૮ આઠ તથા ધાતુના અને રત્નના પ્રાસાદને ૧૦ દસમે ભાગે ભીત્તી કહી છે. ૩૫૫

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



મંદિરોનાં શિખરોના વિધવિધ ઘાટ

કુમાર પ્રિન્ટરી : અમદાવાદ

"Aho Shrutgyanam"

# પ્રકરણ ૧૩ મું.

## થરનો મેળ.

कुंभकेन समाकुंभी स्तंभ मातेनतुद्गमं ॥
भरणाभरणंसिर्षं कपोताल्या समुद्भवेत् ॥३५६॥
पाटकेकुट छाद्यास्या कुर्यात्पटस्पपेटकं ॥
सषडं शसपादस्प सार्द्धांगभस्य विस्तरात् ॥३५७॥
गृहे देवालये पट्ट पेटांतंहि त्रिधोदयं ॥
भजेदष्टा भिरेकाशां कुंभी स्त्पभोर्थं पंचभिः ॥३५८॥
त्र्यर्द्धेन भरणंशीर्षं मेकपट्टस्तु सार्धक ॥
व्यासान करोस्पाट द्वंद्वयों विषमाशुभा ॥३५९॥


અર્થ—કુંભાના મથાળે કુંભીનો મથારો કરવો, થાંભલા મથારે ડોઢીઓ કરવો, ભરણાને મથારે ભરણાના થરનો સરખો મથારો કરવો અને કેવાળ મથારે શરાનો મથારો કરવો. ૩૫૬


ભારવટ (પાટ) મથારે છાજાનો મથારો કરવો, અને ભારવટ જાડો હોય તેથી ૧। સવાયો તથા ડોઢો પહોળો કરવો કહેલો છે. ૩૫૭

ઘરને તથા દેવાલયને ભારવટ કરવો, તેમાં ઢાળ કરવો હોય તો (છાજાને માટે) તે ઉપર ભાગ બે રાખવા. ભારવટ ઉંચો હોય તેમાં ભાગ ૩ ત્રણ કરવા તેમાં ભાગ એકનું તાંતરૂ કરવું, ને એક ભાગની પટ્ટી અને ૧ એક



"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"

ભાગનો ઉપર ઢાળ કરવો. સ્થંભના છોડની ઉભણીમાં ભાગ ૮ આઠ કરવા, તે માહ્યા એક ભાગની કુંભી કરવી, થાંભલો ભાગ ૫ પાંચનો કરવો, અને ભરણું (શરૂ) ભાગ ૦॥ અડધાનું કરવું. ૩૫૮

અડધા ઉપર ભાગ ૦॥ અડધાનું ભરણુ અને પાટ ભાગ ૧ એકનો કરવો, પાટ જેટલો ઉંચો હોય તેનાથી ૧॥ ડોઢો પહોળો કરવો, ઘુમટને અર્ધ પોળી કલાડીયું તથા દાદરી કરવી અને તેના થર એકી કરવા તે શુભ છે. ૩૫૯

## ઉંબરાનું માન.

मूलकर्णस्य सुत्रेण कुंभेनोदुंबरः सम ॥
तदर्धः पंचरत्नानि च्छापये शिल्पिपूजया ॥३६०॥

द्वारन्यासत्रिभागेन मध्येमंदारकोभवेत् ॥
वृत्तं मंदाकंकुर्या त्मणीलपद्म संयुतं ॥३६१॥

जाडयं कुंभकर्णली च कित्तींवक्रद्वयं तथा ॥
उदुंबरस्प पार्श्वे च शाखा यास्तलरुपकं ॥३६२॥

कुंभस्पार्धेत्रिभागेवा पादेहीनोप्युदुबरं ॥
तद्वंदकर्णकंमध्ये पीठांते बाह्यभूमिका ॥३६३॥

અર્થ—ઉંબરો રેખાની બહારની ફરકે કરવો, તેનું માણું તથા ગ્રાસડા નિકળતા કરવા, ને કુંભાને મથારે તલકડા (કુંભીનો) મથારો કરવો. ઉંબરો સ્થાપીયે ત્યારે, ઉંબરા નીચે પંચરત્ન તથા પંચ ગવ્ય મેલવા અને શિલ્પીનું પુજન કરી દક્ષણા તથા સરપાવ આપી રાજી કરવા. ૩૬૦

"Aho Shrutgyanam"

બારણું પહોળું હોય તેમાં ભાગ ૪ ચાર કરવા, તે માલ્યા ૨ બે ભાગનું માણું કરવું. ભાગ એક એકમાં ગ્રાસડા કરવા. ગ્રાસડામાં ફૂલપતા અને વેલા કરવા, અને માણું ગોળ કરવું, ૩૬૧

ઉંબરાની જાડમાં કણુપીઠ કરવી, માણાની બે બાજુ બે ગ્રાસડા કરવા અને ઉંબરાની બન્ને બાજુમાં બે તલકડા કરવા, તલકડા ઉપર બે શાખોનું તળ આવે. ૩૬૨

તલકડેથી (કુંભીથી) ઉંબરો બરોબર, તથા કુંભીથી અર્ધે, તથા ત્રીજે ભાગે તથા ચોથે ભાગે પણ થાય, કણુ-પીઠ ઉંબરાની નીચે અને રેખાની બાહ્લી ફરકથી નિક-ળતું કરવું અને તેની ઉંચાઈ ઉંબરાના ત્રીજે ભાગે તથા ચોથે ભાગે રાખવી. ૩૬૩

## સંખાવટ.

**खुरकेन समाकुर्या त्तदर्ध चंद्रस्पचोश्पृति ॥**
**द्वारवास समेंदैर्ध निर्गमं च तदर्धंत ॥३६४॥**
**द्विभागमर्धचंद्रं च भागेनद्धौगगाकौ ॥**
**शंखपत्र समायुक्ता पद्मकारेरलंकृतं ॥३६५॥**

અર્થ—ખરાના મથારા બરોબર શંખાવટનો મથારો રાખવો, બારણું જેટલું પહોળું હોય તેટલો લાંબો રાખવો અને લંબાઇનો અર્ધ પહોળો કરવો. ૩૬૪

સંખાવટ લાંબો હોય તેમાં ભાગ ૩ ત્રણ કરવા, તે માલ્યા ભાગ ૨ બેનો અર્ધ ચંદ્ર કરવો, ભાગ ૦॥ અડધા અડધાના બે ગગારા કરવા. સંખાવટ (સંખાવલી)માં ઘાટ

"Aho Shrutgyanam"

સારો કરવો, ગગારાના અર્ધ ચંદ્રના ગાળામાં સંખ કરવા, તે સંખથી ફળ ફૂલવાળો ચંપા સહીત વેલો કરવો.

## નાગરાદી દ્વારમાન.

एक हस्तेतु प्रासादे द्वारं स्यात्षोडशांगुलं ॥
षोडसांगुलिकार्वाद्धि यावद्धस्त चतुष्टयं॥ ३६६॥

त्र्यष्ट हस्तांतं यावत द्विघ्मे वृद्धिर्गुणांगुलां ॥
द्व्यंगुलाप्रतिहस्तं च यावद्धस्त शतार्धकं ॥३६७॥

यानवाहनपर्यंक द्वार प्रासाद सद्मनां ॥
दीर्घोर्घ्येन पृथुत्वेस्यात्शोभते तत्फलाधिकं ॥३६८॥

અર્થ—આ નાગરાદી દ્વારમાન જાણવું, ગજ ૧ એકથી માંડીને ગજ ૪ ચાર સુધી તે ગજ એકે આંગુલ ૧૬ સોલની વૃદ્ધિ કરવી. ૩૬૬

ગજ ૪ ચારથી માંડીને ગજ ૮ આઠ સુધી ગજ ૧ એક પરતે આંગળ ૩ ત્રણની વૃદ્ધિ કરવી, ગજ ૮ આઠથી માંડીને ગજ ૫૦ પચાસ સુધી ગજ ૧ એકે આંગળ ૨ બેની વૃદ્ધિ કરવી, એવી રીતે એક એક ગજે વધારતાં જવું. ૩૬૭

લાકડાનો ઢોલીઓ (પલંગ) તથા વાહન જે દેરાનું દ્વાર તથા ઘરનું બારણું ઉંચાઈનું અર્ધ પહોળું રાખવું. ઉંચાઇનો સોલમો ભાગ પહોળાઈમાં વધારીએ તો સારૂ અને સાંકડુ લાગે તો આય મેળવવો. ૩૬૮

"Aho Shrutgyanam"

## ક્ષુમીજાદી દ્વારમાન.

एक हस्ते तु प्रासादे द्वार सूर्यां गुलोद्भयं ॥
सूर्यांगुला प्रतिकारं वृद्धि पंचकराविधी ॥३६९॥
पंचांगुलाचसत्पांतं नवंतस्यां युगांगुला ॥
द्वयां गुलातुशतार्धंतु वृद्धिकार्या करंप्रति ॥३७०॥

અર્થ—પ્રાસાદ રેખાએ ગજ ૧ એક હાય તેને દ્વાર આંગળ ૧૨ બાર ઉંચું કરવું. તે એક એક ગજે આંગળ ૧૨ બારની વૃદ્ધિ કરતાં જવું, તે ગજ ૫ પાંચ સુધી વધારવું. ૩૬૯

ગજ ૫ પાંચથી તે ગજ ૭ સાત સુધી એક એક ગજે આંગળ ૫ પાંચ વધારતા જવું, ગજ ૭ સાતથી તે ગજ ૯ નવ સુધી આંગળ ૪ ચારની એક એક ગજે વદ્ધિ કરવી, ગજ નવથી તે ગજ ૫૦ પચાસ સુધી આંગળ ૨ બે એક એક ગજે વધારતાં જવું.

## દ્રાવિડાદી દ્વાર માન.

प्रासादे एकहस्तेतु द्वारं कुर्याद्दिशागुलं ॥
रसहस्तांतकं यावत् तावती वृद्धिरिष्यंति ॥३७१॥

અર્થ—પ્રાસાદ ગજ ૧ એક તેનું દ્વાર આંગળ ૧૦ દસનું કરવું, ગજ એકથી તે ગજ ૬ છ સુધી એક એક ગજે આંગળ દસની વૃદ્ધિ કર્તાં જવું. દ્વાર ઉંચાનું અર્ધ પહોળું કરવું, તે સાંકડું લાગે તો પહોળાઇનો સોલમો ભાગ વધારી ન્યુન અધિક કરીને આય મેળવવો. ૩૭૧

पंचांगुलादसांतं च द्वांगुला च शतार्धकं ॥३७२॥

"Aho Shrutgyanam"

અર્થ—ગજ ૫ પાંચથી તે ગજ ૧૦ દસ સુધી એક એક ગજે આંગળ પાંચની વૃદ્ધિ કરવી, ગજ દસથી તે ગજ ૫૦ પચાસ સુધી એક એક ગજે આંગળ ૨ બેની વૃદ્ધિ કર્તા જવું. ૩૭૨

## કયા પ્રાસાદને કયું દ્વાર કરવું.

विमाने भोम्यजंमानं वैराटेषु तथैव च ॥
मिश्रकेलतिने चैव प्रशस्तं नागराद्भवं ॥३७३॥

विमाननागरे छंदे कुर्याद्विमान पुष्पके ॥
सिंहावलाकनेद्वारं नागरं शोभनं मतं ॥३७४॥

वल्लभां भौमजंमानं फासीकारेषुद्राविडं ॥
धातुजेरत्नजेचैव प्रशस्तं नागरोद्भवं ॥३७५॥

અર્થ—વિમાનાદી જાતના પ્રાસાદને, અને વૈરાટાદી પ્રાસાદને ભોમીજાદી દ્વાર કરવું, મીશ્રકાદી અને લતીનાદી પ્રાસાદને નાગરાદી દ્વારમાન કરવું. ૩૭૩

વિમાનાદી તથા પુષ્પકાદી અને સિંહાવલોકનાદી જાતના પ્રાસાદને, નાગરાદી દ્વાર કરવાથી શોભા સારી આપે છે. ૩૭૪

વલ્લભાદિ જાતના પ્રાસાદને ભોમીજાદી દ્વારમાન કરવું અને ફાસુકાદી જાતના પ્રાસાદને દ્રાવિડાદી દ્વાર માન કરવાં; પણ ધાતુ તથા રત્નના પ્રાસાદને નાગરાદી દ્વાર માન કરશો તો શોભા સારી આપશે. ૩૭૫

"Aho Shrutgyanam"

## પ્રકરણ ૧૪ મું.

### શાખા.

एकशाखं भवेद्वारं शूद्रवैश्ये द्विजेसदा ॥
समशाखा च धूमाये श्वानवाय खरासम ॥३७६॥

અર્થ—બ્રાહ્મણ, વૈશ્ય, શુદ્ર એત્રણે વર્ણને એક શાખા કરવી; શાખાના જાડમાં શ્વાન આય તથા ધ્વાંક્ષ આય તથા ખર આય તથા ધૂમાય હેવો.

नवसाखा महेशस्य देवानां सप्तशाखिकं ॥
पंचशाखा सर्वभौमे त्रिशाखं मंडलेश्वर ॥३७७॥

અર્થ—નવ શાખા શીવના દેવાલયને કરવી, અને સપ્ત શાખા બીજા સર્વ દેવના દેવાલયને વિષે કરવી; પાંચ શાખા સર્વ ભોમીનો રાજા (ચક્રવર્તિ રાજાને કરવી ) અને ત્રીશાખા મંડલીક રાજાને કરવી. ૩૭૭

### ત્રિશાખા.

त्रिपंचसप्तनंदगे शाखास्युरंगतुल्पका ॥
हीनशाखंनकर्त्तव्यं मध्ये काढयं सुखावहं ॥३७८॥
अंगूलंसार्धमर्धवा कुर्याद्विनं तथाधिकं ॥
आयदोषविशुध्पंर्थं हस्तवृधिनडुखितं ॥३७९॥
चतुर्भागां तिकंकुर्यात् साखा विस्तरमानकं ॥
मध्येद्विभागिकंकुर्यात् स्तंभपुरुषसंज्ञिकं ॥३८०॥

"Aho Shrutgyanam"

**त्रीसंज्ञ भवेशाखा पार्श्वतो भाग भागिका ॥**
**निर्गमे चैकभागेन रुपस्तंभप्रशस्यते ॥३८१॥**

અર્થ—ત્રીશાખા દ્વારની ઉંચાઇના ૬ છઠે ભાગે જાડી કરવી અને પાંચમે ભાગે પહોળી રાખવી. ત્રીશાખા તથા પંચશાખા તથા સપ્ત શાખા અને નવ શાખા વગેરેના જાડમાં ભાગ એકી કરવા. તેમાંથી હિન કરવા નહિ, તેમાં અધિક કરવા તે સારા છે. ૩૭૮

શાખાના જાડમાં આંગળ એક તથા ડોઢ તથા પુણો એટલું અધિક ન્યુન કરીને પણ આય મેળવવો, એ પ્રમાણે આય મેળવામાં અધિક તથા ન્યુન કરવામાં દોષ નથી. ૩૭૯

શાખાના વિસ્તારમાં ભાગ ૪ ચાર કરવા, તે માહ્યા ભાગ ૨ બેનો વચ્ચે રૂપસ્થંભ કરવો. ૩૮૦

બાજુની પત્ર શાખા ભાગ ૧ એકની કરવી અને ખલવટ શાખા પણ એકની કરવી, રૂપ સ્થંભનો નિકાળો ભાગ ૧ એકનો કરવો જેમ શોભામાં સારો દેખાવ તેવો કરવો.

દ્વારની ઉંચાઇમાં ચોથે ભાગે દ્વારપાળ ઉંચા કરવા, તે મહેંદ્રને ચાર ભુજા કરવી દરેક હાથમાં જુદા જુદા આયુદ્ધ વજ્રવિજય (દંડ) ગદા, સર્પ પાસ આપવા.

દક્ષિણ દિશાંના દ્વારને પણ ઇંદ્ર કરવા તેના ચાર હાથમાં પણ જુદા જુદા આયુદ્ધ વજ્ર, દંડ વગેરે આપવા.

જૈનના દેવાલયને **द्वारनाद्रपद्म कनथ** આયુદ્ધમાં સર્પની ફેણ, માળા, અંકુશ અને ગદા તે પશ્ચિમ મુખના

"Aho Shrutgyanam"

દ્વારને વિષે કરવા. સુનાભીને, હભી, તેના રૂપ જક્ષના જેવા અને હાથ બબે કરવા, એક હાથ છાતીએ અને એક હાથ હેઠો તે હાથમાં દંડ (છડી જેવી લાકડી) તે ઉત્તરના દ્વારપાળ એવા કરવા. ૩૮૧

## પંચશાખા.

पिढकोविस्तरंकार्यं गवेशस्ययुगंशकं ॥
कोणिकास्तंभमध्येतु भूषणार्थेद्दिपार्श्वव ॥३८२॥
एकाशंसार्धभागंच पादुनद्वयमेवच ॥
द्विभागं निर्गमे कुर्यात् स्तंभंद्रव्याबुसारद ॥३८३॥
द्वारदीर्घ्यंचतुर्थांशो द्वारपाको विधीयते ॥
स्तंभशाखादिकंसेषं त्रिशाखेचविभायेत ॥३८४॥
पत्रशाखा च गंधर्वा रुपस्तंभस्तृतीयकं ॥
चतुर्थि खल्वशाखा च सिंहसाखा च पंचमी ॥३८५

અર્થ—દ્વાની ઉંચાઇના ૫ પાંચમે ભાગે શાખ જાડી કરવી, તે શાખ જાડીમાં ભાગ ૭ સાત કરવા, તેમાં ચંપાછડી શોભાને અર્થે કરવી, તે માણેક સ્થંભમાંથી કાઢવી. અને માણેક સ્થંભની બે બાજુ કરવી. ૩૮૨

ભાગ ૧ એક તથા ૧॥ ડોઢ, તથા ૧॥। પુણા બે, તથા ૨ બે ભાગ માણેક સ્થંભ બહાર નિકળતો કરવો. ૩૮૩

બારણું ઉંચુ હોય તેમાં ભાગ ૪ ચાર કરવા, તે માલ્યા ૧ એક ભાગનો દ્વારપાળ ઉંચો કરવો. દ્વારપાળની વીગત ત્રીશાખામાં કહ્યા છે. ૩૮૪

"Aho Shrutgyanam"

રૂપ સ્તંભ ભાગ ૨ બેનો કરવો એક એક ભાગના બે ઘાટડા તેમા દેરીઓ કરવી. અને એક એક ભાગની પત્ર શાખા તથા ખલવટ શાખામાં વેલપટી કરવી, પત્ર શાખાને ઘાટડાની વચ્ચે અને ખલવટ શાખા અને ઘાટ-ડાની વચે તથા રૂપ સ્થંભ અને ઘાટડાની વચે ાા પા, પા, ભાગની ૪ ચાર ચંપા છડી કરવી તેમાં ચંપા કરવાં. પત્ર શાખા, ગંધર્વ શાખા ૨, રૂપ શાખા ૩, ખલવટ શાખા ૪, સિંહ શાખા ૫ આ પંચ શાખાનું રૂપ કહ્યું છે. ૩૮૫

## સપ્તશાખા.

**षष्टीतु खल्वशाखा च सिंहशाखा च सप्तमी ॥**
**स्तंमशाखा भवेन्मध्ये रुपशाखा प्रसूत्रत ॥३८६॥**


અર્થ—રૂપશાખા ૧ એક, સ્તંભશાખા ૪ ચાર, પત્રશાખા ૧ એક, ખલવટશાખા ૧ એક, આ સપ્તશાખાનું રૂપ કહ્યું છે.

દ્વારની ઉંચાઈના ભાગ ૪ ચાર કરવા તે માહ્યલા ભાગ ૧ એકની શાખ જાડી કરવી, શાખની જાડમાં ભાગ ૯ાા સાડા નવ કરવા, તે માહ્યલા ૨ બે ભાગનો વચ્ચે રૂપ સ્તંભ કરવો; એક, એક ભાગના ૪ ચાર ઘાટડા કરવા, પત્રશાખા ભાગ ૧ એકની અને ખલવટ શાખા પણ ભાગ ૧ એકની કરવી; અને ચંપા છડીઓ નંગ ૬ છ, પા, પા, ભાગની કરવી. ૩૮૬

## નવશાખા.

**पत्रगंधर्व संज्ञाच रुपुस्तंभ तृतीयकं ॥**
**चतुर्थीखल्वशाखा च गंधर्वात्व पंचमी ॥३८७॥**

"Aho Shrutgyanam"


નવશાખા.
ઈતી નવશાખા ના ભાગ ૧૧.
શાખ ઉદે હોય તેમાં ભાગ ૩ કરવા તેમાંના ભાગ ૧
વીસ્તારે કરવી તેમાં ભાગ ૧૧ કરવા.
સપ્ત શાખા.
ઈતી સપ્ત શાખા ભાગ ૯॥
દુવાર ઉદેને ચોથે ભાગે વીસ્તારે કરવી
તેમાં ભાગ ૯॥ કરવા.
પાંચશાખા
ભાગ ૭
ઈતી પંચ શાખા ભાગ ૭. દુવાર ઉદયને
પાંચમે ભાગે વીસ્તારે કરવી તેમાં
ભાગ ૭ કરવી.
ત્રીશાખા.
ઈતી ત્રીશાખા ભાગ ૪॥. દ્વાર
ઉદે હોય તેને છઠે ભાગે વીસ્તા
રે કરવી તેમાં ભાગ ૪॥
કરવા.
ઉંબરાના ભાગ
શાખાવલી

रुपस्तंभस्तथाषष्ठो रुपशाखाततःपरा ॥
खल्वसाखा च सिंहाख्या मूलकर्णेनसंमिता ॥३८८

અર્થ—પત્ર જે વેલપટી શાખા ૧ એક, હેરી તથા રૂપશાખા ૨ બે, માણેક સ્તંભ ૩ ત્રણ, હેરા તથા રૂપ શાખા ૪ ચોથી, હેરી તથા ગાંધર્વ શાખા ૫, પાંચમી. ૩૮૭

માણેક સ્તંભ શાખા ૬ છઠી, હેરી તથા રૂપશાખા, સાતમી, હેરા તથા રૂપશાખા ૮ આઠમી, બેકોરે કણી તે શાખા ૯ નવમી. રેખાથી નિકળતાં વેતપટીની ફરકે, તે રેખાની ફરક રાખવી એ નવ શાખાનું રૂપ કહ્યું છે.

દ્વાર ઉંચાઈમાં ભાગ ૩ ત્રણ કરવા, તે માલ્યા ભાગ ૧ એકની શાખ જાડી કરવી, જાડના વિસ્તારમાં ભાગ ૧૧ અગીઆર કરવા. ૩૮૮

## ઓતરંગ.

यस्यदेवस्यामूर्त्ति सेवकस्योत्तरंगके ॥
शाखायांच परिवारे गणेशस्योत्तरंगके ॥३८९॥

અર્થ—જે દેવાલયમાં દેવ બેઠા હોય તેની મુર્તિ ઓતરંગમાં કરવી, ત્રીશાખા, પંચશાખા, સપ્તશાખા અને નવ શાખા, એ શાખાનો પરિવાર કહ્યો છે માટે ઓત્તરંગમાં ગણેશની મુર્તિ પણ કરવી.

## પબાસણ તથા પ્રતમા

द्वारोछ्ष्टथनवधा भागमेकंपरित्यजेत् ॥
शेषेअंशे द्विभागांच अंशेन द्वारतोथवा ॥३९०॥

"Aho Shrutgyanam"

द्वारदीर्घैतुद्वात्रिंशे तिथिशक्रकलांशकै ॥
उद्वार्चेआसस्छातुं मनुविश्वार्कभागत ॥३९१

અર્થ—બારણાના ૬ ૭ ભાગ અથવા ૯ નવ ભાગ, તેમાંથી ૧ એક ભાગ ઉપરનો ત્યાગ કરવો, તેમાંથી ૫ પાંચ અથવા ૮ આઠ તેના બે બે ભાગ કરવા, અથવા તો બારણાના અંશથી બે ભાગ કરવા. ૩૯૦

બારણું ઉંચુ હોય તેમાં ભાગ ૩૨ બત્રીસ કરવા, તે માહ્યા ભાગ ૧૫ પદંર, તથા ૧૬ સોલ, તથા ૧૪ ચૌદ, એટલા ભાગનું ઉંચુ પબાસણ (સિંહાસન) કરવું ભાગ ૧૩ તેર તથા ભાગ ૧૨ બાર તે પબાસણ ઉપર પ્રતમાના ભાગ છે.

ભાગ ૧૬ સોળનું પબાસણ તેને પ્રતમા ભાગ ૧૨ બારની કરવી, ભાગ ૧૫ પંદરનું પબાસણ તેને પ્રતમાં ભાગ ૧૬ સોલની કરવી, ભાગ ૧૪ ચૌદનું પબાસણ તેને પ્રતમાં ભાગ ૧૪ ચૌદની કરવી, ભાગ ૧૫ પંદરનું પબાસણ તેને પ્રતમાં ભાગ ૧૩ તેદની કરવી, ભાગ ૧૩ તેરનું પબાસણ તેને પ્રતમાં ભાગ ૧૫ પંદરની કરવી, એ પ્રતમાંના ઉદયનું પ્રમાણ જાણવું, બારણું ઉંચુ હોય તેમાં ભાગ કરી પબાસણ તથા પ્રતમાનો મેળ કરવો.


## ગભારો તથા પ્રતમા.

चतुरश्राक्रतेक्षेत्रे दश भाग विभाजिते ॥
भागद्वित्रिभागेन षट्भागंगर्भमंदिरं ॥३९२॥

"Aho Shrutgyanam"

त्रितियासेन गर्भस्य प्रासादेष्पतिमोत्तमा ॥
मध्यमास्व दशांशेन पंचांशेनकनीयसी ॥३९३॥

પબાસણ તથા પ્રતમાનું માન



અર્થ—સમચોરસમાં ભાગ ૧૦ દસ કરવા, તેમાલ્યા ભાગ ૬ છનો ગભારો કરવો અને બબ્બે ભાગની બે બાજુની દિવાલો કરવી. ૩૯૨

ગભારામાં ભાગ ૩ ત્રણ કરવા, તે માલ્યા ભાગ ૧

"Aho Shrutgyanam"


એકની પ્રતમાં ઉંચી કરવી, તે જેષ્ટમાન જાણવું. તે જેષ્ટમાનમાંથી ૧૦ દસમો ભાગ ઓછો કરીએ તો મધ્યમાન જાણવું; તથા જ્યેષ્ટમાનમાંથી ૫ પાંચમો ભાગ હિન કરીએ તો કનિષ્ટમાન જાણવું.

## જૈન પ્રતિમાની દ્રષ્ટિનું માન.

आयभागै भजैद्वारं अष्टममूर्द्धंतत्यजेत् ॥
सप्तमा सप्तमेद्रष्टी द्रष्टीसिंहेध्वजेशुभा ॥३९४॥

અર્થ—બારણું ઉંચુ હોય તેમાં ભાગ ૮ આઠ કરવા, તે માહ્યો ઉપરનો એક ભાગ તજવો, બાકી ભાગ ૭ સાત રહ્યા, તે ઉપરના ૭ સાતમાં ભાગમાં ભાગ ૮ આઠ કરવા, તે માહ્યો ઉપરનો એક ભાગ તજીને સાતમાં ભાગે જૈન પ્રતમાની દ્રષ્ટિ, સિંહઆય તથા ધ્વજ આયમાં રાખવી.

## દેવોની દ્રષ્ટિના માન તથા પબાસણ.



"Aho Shrutgyanam"



તારંગાની ટેકરી પરનાં મંદિરો


"Aho Shrutgyanam"

## લક્ષ્મી નારાયણ, શેષશાઈ તથા મહાદેવની, દ્રષ્ટીનું માન.

अष्ट भागस्य पंचांशे लक्ष्मीनारायणादिकं ॥
शयनार्थे सलिंगानि द्वारार्धेनवितिक्रमात् ॥६९८॥

અર્થ—દ્વારની ઉંચાઈમાં ભાગ ૮ આઠ કરવા, તે માહ્યા ભાગ ૩ ત્રણ ઉપરથી તજવા, એટલે ૫ પાંચમાં ભાગે લક્ષ્મી નારાયણની દષ્ટિ રાખવી. દ્વારની ઉંચાઈનાં અર્ધે શેષશાઈ તથા મહાદેવના લીંગની દષ્ટી રાખવી.

## દેવોની દ્રષ્ટી તથા પબાસણના માન.




## પબાસણના નિકાળાના ભાગ.


पदाध्योयक्ष भूताया पादाग्रेसर्वदेवता ॥
तदर्धे वैष्णवंब्रह्मा मध्येलिंग शिवस्यच ॥३९५॥



"Aho Shrutgyanam"

અર્થ—દેવાલયના ગભારાની અંદર (પછીત તથા ભડાની અંદર) ભાગ ૮ આઠ કરવા, તે માલ્યા પછીતેથી ૧ એક ભાગ નિકળતું જક્ષનું પબાસણ કરવું, અને પછીતેથી ૨ બે ભાગમાં બીજા દેવોનું પબાસણ કરરવું અને પછીતેથી ૩ ત્રણ ભાગ નિકળતું બ્રહ્મા તથા વિશ્નુનું પબાસણ કરવું અને મદયે (ગર્ભે) ૪ ચોથે ભાગે શિવનું પબાસણ કરવું.

મહાદેવનું બાણ તથા પાર્વતી માતાની દ્રષ્ટિ.




"Aho Shrutgyanam"

## લીંગ તથા જળાધારી બનાવવાના પાંચ પ્રકારના સૂત્ર.

लींगं परीधी प्रथमुल सूत्रं ॥
ततोद्वीतीयां प्रथु पीठ काया ॥
ब्रह्माचविश्नुं तथा शंकरानाम ॥
उदीयांत्री भागे त्रतियेती सूत्रं ॥
चतुर्थकं लिंग परनाल मग्रं ॥
यापंचमं लिंग शीरश्च सूत्रे ॥ ३९ ॥

અર્થ બાણ (લીંગ) જાડું હોય તેના ફરતું સૂત્ર ફેરવતાં જે માપ આવ્યું હોય તે ૧ પેલું સૂત્ર એજ સૂત્રની જેટલી લંબાઇ આવી હોય તેટલી જળાધારી પહોળી રાખવી તે ૨ બીજું સૂત્ર. એજ સૂત્રની લંબાઈ પ્રમાણે જળાધારીની ઉંચાઈ રાખવી તે ૩ ત્રીજુ સૂત્ર. એજ સૂત્રની લંબાઇ પ્રમાણે જળાધારીથી બહાર પરનાળ કરવી તે ચોથું સૂત્ર. અને એજ સૂત્ર પ્રમાણે જળાધારી ઉપર બાણ બહાર નિકળતું રાખવું તે ૫ પાંચમું સૂત્ર જાણવું.



"Aho Shrutgyanam"

# પ્રકરણ ૧૫ મું.

## મકાનોનાં બાંધકામ=આધુનિક પદ્ધતિ.

હાલના પ્રવૃત્તિમય જમાનામાં પ્રાચીન આચાર વિચાર અને રૂઢીઓમાં ફેરફાર થતોજ જાય છે. આવા ક્રાંતિયુગમાં આપણું પ્રાચીન સ્થાપત્ય અને શિલ્પકામ જર્જરિત થતું જાય છે. વિજ્ઞાનની નવી નવી શોધો, સુખાકારી વિષે ફેરવાયલા વિચારો વિગેરેએ હાલની મકાનો બાંધકામની પ્રથાને નવીનરૂપ આપ્યું છે. પ્રસ્તુત પ્રકરણમાં આધુનિક પદ્ધતિનો ખ્યાલ આપવાનો પ્રયાસ કર્યો છે.

**સ્થાન નિર્ણય;**—મકાન બાંધવા માટે ઉંચાણુવાળી જગા પસંદ કરવી જોઈએ. કારણ કે નીચાણુવાળી જગામાં ઘણે ભાગે ભેજ રહે છે અને તેથી મચ્છરનો ઉપદ્રવ થાય છે. સ્થાન નિર્ણય કરતાં પહેલાં દસ ફુટ ઉંડો ખાડો જમીનમાં ખોદાવવો જોઇએ અને કેવી જાતની જમીન નીચે છે તે જોવું સારૂં છે. પત્થરીયા જમીન શ્રેષ્ટ છે, પછીથી રેતાળ જમીન અને લાલ માટી વાળી જમીનને પસંદગી આપવી. કાળી માટીવાળી જમીન બનતાં સુધી પસંદ ન કરવી કારણ કે એવી જમીનમાં મકાન બાંધવાથી પાયો ઉંડો નાખવો પડે છે અને ચોમાસામાં કાળી માટી ફુલવાથી અને ઉનાળામાં તાપ લાગવાથી ઉંડી ફાટો પડવાને કારણે મકાનમાં પણ ફાટો પડવાનો સંભવ રહે છે.

**બાંધકામ માટે કેટલી જગા રોકવી.**—હાલના તન્દુરસ્તીના નિયમોને અનુસરી પ્રત્યેક મનુષ્યને કેટલી હવા (પ્રાણવાયુ) જોઈએ, એ લક્ષ્યમાં લઈ નિચેનું કોષ્ટક ઘડાયું છે.

"Aho Shrutgyanam"

| મકાનની જાત | પ્રત્યેક માથા દીઠ જોઈતું ભોંય ક્ષેત્રફળ | પ્રત્યેક માથાદીઠ જોઈતું ઘનફળ |
|---|---|---|
| રહેવાનું ઘર. | ૨૫થી ૩૦ ચો.ફૂ. | ૩૦૦ ઘ. ફુટ |
| ચાલીઓ | ,, ,, ,, | ,, ,, |
| આશ્રમો | ૩૦થી ૪૦ ,, | ૪૦૦થી ૪૫૦,, |
| ઉદ્યોગ ગૃહો. | ૨૦થી ૨૫ ,, | ૨૫૦ ,, |
| શાળાઓ. | ૧૦થી ૨૦ ,, | ૧૫૦ ,, |
| ઈસ્પિતાલો | ૮૦થી ૧૦૦ ,, | ૧૦૦૦ ,, |
| તબેલા | ૮૦થી ૧૦૦ ,, | ૮૦૦ ,, |

**દીશા પ્રશ્નઃ**—મકાનની આગલી બાજુ કઈ દિશાએ રાખવી એનો નિર્ણય નીચે પ્રમાણે કરાય છે.

જો દક્ષિણ દિશાએ બેઠકના ઓરડાઓ હોય તો ચોમાસામાં પાણીની વાછંટને લીધે અડચણકર્તા નિવડે છે. જો પશ્ચિમમાં હોય તો મધ્યાન પછીનો સુર્યનો તાપ-જે સવાર કરતાં અતિ ઉષ્ણ હોય છે-તે આગળના ઓરડાને અતિ ઉષ્ણ બનાવી બેસવા માટે અયોગ્ય બનાવે છે. ઉત્તર દિશા શ્રેષ્ટ ગણાય છે પછી પૂર્વ દીશાને પસંદ કરાય છે.

**હવા ઉજાસઃ**—મકાનમાં જોઈતા પ્રમાણમાં બારી બારણા આપવા જોઈએ. જો બહુજ બારીબારણાં હોય તો બહુ પવન અને બહુ ઉજાસ અડચણ આપે છે. જો પ્રમાણથી ઓછાં હોય તો મકાન અસુખાકારી નિવડે છે. સાધારણ નિયમ પ્રમાણે બારીઓ માટે ઓછામાં ઓછી ભોંયતળી આથી $\frac{1}{6}$ જગા આપવી જોઈએ, મુંબાઈની મ્યુનીસીપાલીટીનો કાયદો એવો છે કે બારી માટે ખુલ્લી હવામાં પડતી

"Aho Shrutgyanam"

દીવાલનો ૧/૪ ભાગ આપવો જોઈએ. કઈ દીશામાં કેટલી બારીઓ મુકવી એનો આધાર પવનની દીશા ઉપર હોય છે. ચોમાસામાં પવનની દીશા નૈરૂત્ય કોણમાં અને ઉનાળા અને શિયાળામાં ઈશાનમાં હોય છે.

**મકાનોના પાયા:**—મકાનની મજબુતીનો મુખ્ય આધાર પાયા ઉપર રહેલો હોય છે. પાયા જોઈએ તે કરતાં ઓછા ઉંડા અને પહોળા હોય તો મકાનના વજનને લીધે નીચે સરકવાનો સંભવ રહે છે અને તેથી ફાટો પડે છે. અને કદી આખું મકાન પણ તુટી પડે છે. પોચી અને કાળી માટીમાં જોઈએ તે કરતાં વધારે ઉંડા પાયા નાંખવા સારા છે. સાધારણ બે માળના મકાન માટે પત્થરીયા જમીનમાં "૨ થી ૩" ફુટ ઉંડા, લાલ માટીની જમીનમાં "૪ થી ૫" ફુટ ઉંડા, અને કાળી જમીનમાં ઓછામાં ઓછા "૭" ફુટ ઉંડા પાયા નાખવા જોઈએ.

હાલની નવીન પદ્ધતિ પ્રમાણે પોચી અને ભેજવાળી જમીનમાં લાકડાની અથવા લોખંડની લાંબી મેખો (Piles) નાખી તેની ઉપર પાયા બંધાય છે. કોઈ વખત એવી જમીનોમાં કમાનોનું ચણતર કરી તેની ઉપર પાયાનું ચણતર કરાય છે. પોચી જગામાં વધારે ઉંડા પાયા ખોદવામાં જમીન ધસી પડવાનો સંભવ રહે છે તેથી લાકડાનાં આડાં પાટીયાં નાખી શોરીંગ (Shorting) અથવા સ્લોપ કરવો જોઈએ. સાધારણ માટીવાળી જમીનમાં કેટલો ઉંડો નાખવો તેને માટે નીચેની ગણતરી લગભગ અંદાજ આપી શકે છે.

પાયાનું ઉંડાણ= ૨૦/૯ × અ/બ (ફુટમાં)


અ=એક ફુટ લંબાઈમાં પાયાની ઉપર આવતું વજન ટનમાં
બ=પાયાની પહોળાઈ ફુટમાં

"Aho Shrutgyanam"

દ્રષ્ટાંતઃ—જો પાયો "૪" ફુટ પહોળો રાખ્યો હોય, અને પાયાની એકફુટ લંબાઈ ઉપર "૮" ટનનું વજન હોય તો પાયાનું ઉંડાણ–

$\frac{૨૦}{૯}\times\frac{૪}{૯}=\frac{૪૦}{૯}=૪\frac{૪}{૯}$ ફુટ રાખવું જોઇએ.

પાયાની રચના કેવી રીતે કરવી તે નીચેની આકૃતિ ઉપરથી સમજાશે.




પહેલાં પાયાની સપાટી છોલીને દરેક બાજુએ લેવલ કરી, સારી રીતે પાણીથી તર કરી, કુબા મરાવી તૈયાર કરવી જોઈએ. પછી બે ફુટ ચુનાનું કોન્ક્રીટ નાખવું. કોન્ક્રીટ માટે પત્થરની કપચી અથવા પાકી ઇંટોનાં રોડાં–"૨ થી ૨½ ઇંચના હોવાં જોઇએ.

પીસેલો ચુનો અને રોડાનું પ્રમાણ ૧ : ૨ નું રાખવું પીસેલા ચુનામાં ચુનો અને રેતીનું પ્રમાણ ૧ : ½ થી ૧ : ૨ રાખવું, કોન્ક્રીટ "૬ થી ૯" ઇંચના થરોમાં નાખવો અને ભારે વજનવાળા કુબાથી કુટાવવો જોઇએ અને પાણી સારી રીતે છંટાવવું. કુબાથી કુટતી વખતે જ્યાં સુધી ચુનાનો રસ ઉપર ન આવે ત્યાંસુધી ખુબ જોરથી કુટાવવું જોઈએ, અને બીજો થર નાખતાં પહેલાં, પહેલા થરને બરાબર પાણીથી ભીનો કરી જરા જરા ટોચી નાખી તે સપાટી ખડબચડી બનાવવી; કોન્ક્રીટ પાયામાં બહુ ઉંચાઇ એથી ન નાખતાં પાયામાં નીચેથીજ નાખવો જોઇએ. પ્લીન્થ

"Aho Shrutgyanam"

(બેસણી) જમીનની સપાટીથી ચાર ફુટ ઓછામાં ઓછી રાખવી; જમીન ઉપરથી પ્લીન્થનું પુરાણ "૯ ઇંચના થરોમાં પાણી છાંટી કુટા મારી કરવું જોઈએ.

**ચણતર કામઃ**—ચણતર કામ ઈંટોનું, પત્થરનું અને હાલની નવીન પદ્ધતિ પ્રમાણે રીનફોર્સ્ડ કોન્ક્રીટનું પણ થઈ શકે છે. કઇ જાતનું ચણતર પસંદ કરવું તેનો આધાર મળતી ચીજોની કીંમત અને મકાનને આપવા ધારેલી શોભા અને મજબુતાઇ ઉપર હોય છે. પ્રસ્તુત પ્રકરણમાં ઈંટો અને ચુનાના ચણતર કામની વિગત આપવામાં આવી છે.

સાધારણ રહેવાના ઘર માટે નીચે પ્રમાણે દીવાલની જાડાઈ—ઓસાર અપાય છે.

એક માળનાં મકાન—૯" ઇંચથી ૧૪" ઇંચ.

બે માળનાં મકાન—નીચેના માળનો ઓસાર ૧૪" ઇંચથી ઓછો નહોવો જોઇએ, અને બીજા માળનો ઓસાર ૯" ઇંચિનો રાખી શકાય.

ત્રણ માળનાં મકાન—પહેલા માળની દીવાલ ૧૮" ઇંચિની, બીજાની ૧૪" ઇંચની અને ત્રીજાની ૯" ઇંચની.

મકાનની દરેક દીવાલો એક સરખી ઉપાડવી જોઇએ, પરંતુ જ્યાં તેમ ન થઇ શકે ત્યાં પગથીયાં પાડી દેવાં જોઇએ કે જેથી નવા અને જુના કામનું જોડાણ બરાબર થાય. ઉભી દીવાલ અને આડી દીવાલના ખુણાઓ પહેલાં સાથો સાથ કરી બીજી દીવાલ સાથે સાંધો મેળવવો જોઇએ.


ઈંટો બરાબર પાકી, એક સરખા રંગની, ખુણાઓ બરાબર કાટખુણે હોય તેવી, સારા રણકાના અવાજવાળી

"Aho Shrutgyanam"

પસંદ કરવી, કાચી અથવા વધારે પાકી કે ખંજર ઈંટો વીણી નાખવી.

ચાર થરોની ઉંચાઈ ત્રણ સાંધા સહિત ૧૩" ઇંચથી વધારે ન થવી જોઈએ, એટલે કે ચુના વગર ચાર ઇંટો એક ઉપર એક મુકોને જેટલી ઉંચાઈ થાય તે કરતાં દોઢ ઇંચ વધારે થવી જોઈએ, અથવા સાંધા ૩/૮ થી ૧/૨ ઇંચથી મોટા ન જોઈએ. ઇંટો કામ ઉપર વાપરતાં પહેલાં ઓછામાં ઓછા ત્રણ કલાક પાણીમાં સારી રીતે ભીંજવી રાખેલી જોઈએ. નીચેની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ઇંટો ગોઠવવી કે જેથી ચણતર કામ મજબુત થાય–

આ આકૃતિમાં ત્રણ થરો બતાવેલા છે. અંદર તેમજ બહાર સાંધાઓ એક લાઈનમાં ન રાખતાં બતાવ્યા પ્રમાણે





કપાતા રાખવા, દરરોજ થયેલા ચણતર કામ ઉપર તાંતણો અથવા પટીફેરવવી અને પોઈન્ટીંગ કરવું. દીવાલો બરાબર ઓળંભામાં અને દરેક ઈંટોનાં થર એક સપાટીમાં રાખવાં. કોઇપણ ઉભો સાંધો નીચેના સાંધાની ઉપર આવવો ન જોઈએ પરંતુ ૧" ઇંચથી વધારે અંતર હોવું જોઈએ, ચણતર કામ ઉપર લગભગ પંદર દીવસ સુધી પાણી છાંટવામાં આવે તે ઉપર ખાસ ધ્યાન આપવું. ચણતર કામ એકી સાથે ત્રણ ફુટથી વધારે ઉંચુ એક દીવસમાં ન કરવું, કારણકે તાજા કામ ઉપર એકદમ વજન આવવાથી દીવાલ ધસી જવાનો અથવા વાંકી થઇ જવાનો સંભવ રહે છે.

"Aho Shrutgyanam"

કમાનોનાં કામમાં સાંધાઓ કીર્ણવત જોઇએ અને તે માટે ઇંટોને છોલીને અથવા ઘસીને બરાબર ઘાટમાં બેસાડવી. કમાનના આકારના લાકડાનાં ચોકઠા અથવા ઈંટોના ટેકા ઉપર કમાન કરવી જોઈએ.

**પોઇન્ટીંગ**—ચુનાનું પોઈન્ટીંગ ચુનો અને રેતી સરખા પ્રમાણમાં નાખીને થાય છે. સીમેન્ટના પોઈન્ટીંગમાં ૧ ભાગ સીમેન્ટ અને ૨ ભાગ રેતી હોય છે. કામ પુરૂં થયા પછી ચુનો જામી જાય તે પહેલાં ૧/૨ થી ૩/૪ ઇંચ સુધી તાંતો ખોતરી નાખી, પાણીથી સાંધાઓ સાફ કરી, સારી રીતે પાણી છાંટીને પોઇન્ટીંગ કરવું. નીચેની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે જુદી જુદી રીતે પોઈન્ટીંગ થઈ શકે છે.

**પ્લાસ્ટરઃ**—દિવાલનાં સાંધાઓ બરાબર ખોતરી પાણીથી બરાબર સાફ કરી તેમજ પાણી છાંટી ખુબ ભીની



કરી પ્લાસ્ટર શરૂ કરવું જોઇએ. પ્લાસ્ટર માટે ૧'' ચુનોઃ ૧ રેતી અથવા ૧'' સીમેન્ટ :૨ રેતીનું પ્રમાણ રાખવું જોઈએ. મિશ્રણમાં પાણી સાથે ઉકાળેલ ગુગળ દર સો ફુટે દશ શેર નાંખવો, અને પ્લાસ્ટરની જાડાઈ ૧/૨ ઇંચથી વધવી ન જોઈએ. પ્લાસ્ટર ત્રણ હાથમાં કરવું, પહેલો તથા બીજો હાથ ખરબચડો અને જોરથી થાપી મારીને બરાબર બેસાડીને તથા પાણી છાંટીને કરવો, અને ત્રીજે હાથે બારીક રેતી તથા સાગોળનો સરખી સપાટીમાં અને ઓળંભામાં તથા ખુણાઓ બરાબર મેળવીને કરવો જોઈએ. પટાઓ અથવા બીજા કોઇ શણગારનાં નમુનાઓ કરવાના હોય તે ફરમા બનાવી બરાબર કરવા.

"Aho Shrutgyanam"

## ભોંયતળીયું.

**પત્થરની લાદીનું ફ્લોરીંગઃ**—પુરણીની માટી પાણીથી ખુબતર કરી કુબા મરાવી પુરણીનું લેવલ તૈયાર ફ્લોર લેવલથી ૬" ઇંચ નીચું તયાર કરવું. ઘણીવાર નીચેનો ભેજ અટકાવવા માટે પુરણીમાં રેતી પણ નંખાય છે. તો એ રેતી ભીની નાંખી તેને ખૂબ કૂટીને પછી તેના ઉપર કોન્ક્રીટ નાંખવો. તેની ઉપર ૪½ ઇંચનું ચુનાનું કોન્ક્રીટ કરાવી ખુબ કૂટાવી તાજા કોન્ક્રીટ ઉપરજ લાદી બરાબર ધારો અને ખુણાઓ કાટખૂણામાં ઘડીને બેસાડવી; પાણી જવા માટે ૧૦' ફુટે ૧" ઇંચનો ઢાળ આપવો જોઈએ. લાદીના સાંધા ¼ ઇંચથી વધારે ન જોઈએ અને જો લાદીઓ ચોરસ ન નાંખવાની હોય તો તેના સાંધાઓ એક હારમાં ન મુકતાં આઘા પાછા આવે એમ બેસાડવી જોઈએ. સાંધાનું પોઇન્ટીંગ સીમેન્ટથી તુરતજ પુરીને બરાબર લેવલમાંજ કરવું.

જો માળ ઉપર લાદીનું ભોંયતળીયું કરવું હોય તો લાકડાના અથવા સ્ટીલના પીઢીયા* મુકી, તેના ઉપર પાટીયાં અથવા લાદી બેસાડી તેના ઉપર ૩" થી ૪" ઇંચ ચુનાનું કોન્ક્રીટ નંખાવી સારી રીતે કુટાવીને તુરતજ લાદી બેસાડવી.

**સીમેન્ટ છોનું ફ્લોરીંગ**—પુરણી પાણીથી તથા કુબાથી બરાબર બેસાડી ૪" ઇંચનું ચુનાનું કોન્ક્રીટ તથા ૧½ ઇંચનું સીમેન્ટ કોન્ક્રીટ કરી તુરત તેના ઉપર સીમેન્ટ

---


* આ વિષેની ગણતરી અને માપ બીજા ભાગમાં આપવામાં આવશે.

"Aho Shrutgyanam"

છાંટી સીધી ધારવાળી પટીથી ફ્લોરને બરાબર લેવલમાં અને જોઈતા ઢાળમાં કરવું.

**સીમેન્ટ પ્લાસ્ટરનું ફ્લોરીંગઃ**—ઉપર પ્રમાણે ચુનાનું કોન્ક્રીટ કરી તેના ઉપર ½ ઇંચનું સીમેન્ટનું પ્લાસ્ટર બરાબર ઘુંટીને લેવલમાં કરવું જોઈએ, અને પાણી બરાબર છાંટવું.

**જેક આર્ચનું ફ્લોરીંગઃ**—આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ગર્ડર ૨½ થી ૪ ફુટના ગાળામાં માપ પ્રમાણે મુકવા, અને ટાયબાર નાખી ૪½ ઇંચની ઉભી ઈંટની કમાનો કરવી. કમાનો ઉપર ત્રણ ઈંચ ચુનાનું કોન્ક્રીટ કરી તેના ઉપર લાદી અથવા સીમેન્ટ કોન્ક્રીટ અથવા સીમેન્ટ પ્લાસ્ટર કરી ફ્લોર તયાર કરાવવી.




**રીનફોર્સ્ડ કોન્ક્રીટ ફ્લોરીંગઃ**—આવી જાતનું ફ્લોરીંગ કરવા માટે કયા માપના લોખંડના સળીયા, કેવી રીતે વાળવા અને કેટલા અંતરે મુકીને બાંધવા તે અગાઉથી ગણતરી પ્રમાણે નક્કી કરવું જોઇએ. જો બીમ (પાટડા) પણ રીનફોર્સ્ડ કોન્ક્રીટના કરવાના હોય તો લોખંડના સળીઆ બીંમની સાથે બાંધવા જોઈએ. આ કામ નવીન પદ્ધતિનું હોવાને લીધે હોંશીયાર કારીગરોથી કરાવવું સારૂં છે; નહિતો ફાટો પડીને કામ રદ્દ બાતલ થાય છે. પ્રસ્તુત પ્રકરણમાં સાધારણ માહીતી આપવામાં

"Aho Shrutgyanam"

આવી છે. વિશેષ હકીકત, ગણુતરી વિગેરે બીજા ભાગમાં આપવામાં આવશે.

સ્ટીલના સળીયા ગણુતરી પ્રમાણે આવેલા માપના, અને જરૂરીઆત પ્રમાણે વાળી લાકડાના પાટીઆના ઓક-ક્ષીંગ ઉપર ગોઠવવા જોઈએ. કોન્ક્રીટમાં મુકતી વખતે તેના ઉપર સીમેન્ટનું પાણી લગાડવું જોઈએ.

સીમેન્ટ સારો પોર્ટલેન્ટ બીલકુલ ભેજ લાગેલ ન હોય તેવો તાજો હોવો જોઈએ. રેતી તદ્દન ચોખી અને અણીદાર હોવી જોઇએ. કપચી સારા પત્થરની $\frac{1}{4}$ ઈંચથી $\frac{3}{4}$ ઈંચ કે એક ઇંચ સુધીની નાની મોટીના મિશ્રણવાળી અને ચોકખી વાપરવી, કપચી પાતળી અને ઝીણી અણીવાળી ન હોવી જોઈએ, કારણકે આવી કપચીથી વચમાં ખાલી જગા રહી જાય છે, અને કોન્ક્રીટ બરાબર ઠાંસી શકાતો નથી અને પાણી પણ ખારૂં વાપરવું નહિ.

સીમેન્ટ, રેતી અને કપચીનું પ્રમાણ ૧ : ૨ : ૪ અથવા ૧ : ૧$\frac{1}{2}$ : ૩ રખાય છે. ૧ : ૨ : ૩ નું પ્રમાણ ઉત્તમ છે અને આવું મિશ્રણ વાપરવાથી બીલકુલ પોલાણ રહેતું નથી, પાણીનું પ્રમાણ ૪ થી ૫ ગેલન એક સીમેન્ટની કોથરી (૧ હંડ્રવેટ) માટે હોવું જોઇએ, વધારે પાણી વાપરવાથી કોન્ક્રીટની મજબુતાઈ ઓછી થાય છે અને સીમેન્ટ વધારે વપરાય છે.

કોન્ક્રીટની મેળવણી માટે માપના ફરમા બનાવી મિશ્રણ કરવું. સંચામાં મિશ્રણ કરવાથી કોન્ક્રીટ એક ધાર્યું નીકળે છે. સંચો ન હોય તો મેળવવા માટે બરાબર કાળજી રખાવવી. તૈયાર કરેલો કોન્ક્રીટ વીસ મીનીટ પછી જામવા

"Aho Shrutgyanam"

માંડે છે સવા ઘનફુટ સીમેન્ટનું વજન એક હંડ્રવેટ (૧૧૨ રતલ) થાય છે.

સળીયાની આજુબાજુ અને ચારે બાજુ પડખામાં અને ખુણાઓમાં લોઢાના સળીઆથી કે થાપીથી ખૂબ ઠાંસીને કોન્ક્રીટ નાખવું જોઇએ. પાટીઆના સેન્ટરીંગના ઉપરના ભાગમાં તેલ ચોપડીને અથવા પાણીથી સારી રીતે ભીંજવીનેજ કોન્ક્રીટ નાખવો, પાટીઆની સાંધો બહારની બાજુથી લીંપી લેવી જોઈએ કે જેથી કોન્ક્રીટનો રસ બહાર નીકળી જાય નહિ.

પાટીઆનું સેન્ટરીંગ એક અઠવાડીઆ પહેલાં ખસેડવું નહિ. ખસેડતાં પહેલાં નીચેના ટેકાઓની નીચેની ફાચરો જરા ઢીલી કરી રાખવી, કે જેથી જ્યારે આખું સેન્ટરીંગ કાઢી લઇએ ત્યારે એકદમ કોન્ક્રીટને આંચકો આવે નહિ.

## છાપરૂં.

કોન્ક્રીટ નાખ્યા પછી ઓછામાં ઓછા વીસ દીવસ સુધી બરાબર પાણી છંટાવવું. ઘાસ અથવા શણના કોથરા પાથરી ભીનું રાખવું.

**પતરાનું છાપરૂંઃ**—આવા છાપરા માટે ૩૦ ડીગ્રીનો ઢાળ અપાય છે. બે દીવાલો વચ્ચે ૨૫ ફુટથી વધારે અંતર હોય તો મોટા જાડા મોભ મુકવાને બદલે વચમાં કેંચી મુકવાથી કામ મજબુત અને સસ્તુ થઇ શકે. પતરાં એક બીજા ઉપર ઓછામાં ઓછાં ચાર ઇંચ દબાવવાં જોઈએ. બોલ્ટ માટે કાણાં ઉપરથી નહિ કરતાં નીચેથી અને બરાબર માપનાંજ પાડવાં. ઉપરથી કાણાં પાડવાથી પાણી ગળે છે. કાણાં વાઇસરથી બરાબર ઢંકાઈ જવાં જોઈએ.

"Aho Shrutgyanam"

**નળીઆનાં છાપરાં:**—પરલીન્સ, રાફ્ટર અને બેટન જરૂરી માપનાં રાખવાં છાપરાનો ઢાળ ૩૦ થી ૪૫ ડીગ્રી સુધી અપાય છે. છાપરાની રચના એવા પ્રકારની રાખવી કે જેમ બને તેમ ગટરો (Velleys) ઓછી આપવી જોઈએ. મોટા ગાળાઓ માટે કેંચીઓ મુકાવવી.

પાણી ગળતું અટકાવવા માટે બેટન મુકતાં પહેલાં પાટીયાં ઉપર ડાંમર લગાડેલાં કંતાન ચોડવામાં આવે છે. હાલ બજારમાં સ્પેશ્યલ બનાવટો મળે છે, જેમકે 'મેલ્થોઇડ' જીનેસ્કો વિગેરે.

નળીયાં પાકાં, એક સરખા રંગનાં, અને એક માપનાં પસંદ કરવાં. મોભના નળીયાં સીમેન્ટથી વાટા કરી બેસાડવા જોઇએ.

કરાંનાં મોતીઆં નળીયાંને ટેકવવા માટે નળીયા ઉપર બે ઇંચ ઉંચા કરવા જોઈએ. મોતીયાની પટી ઉપર બેટન એક ઇંચ ઝુકતી ચોડવી જાઇએ.

**લાકડ કામ:**—બારી, બારણા. સીડી વિગેરે કામ માટે સાગનું લાકડું ગાંઠો, ગળફા અને ચીરા વગરનું વાપરવું. લાકડું બરાબર સૂકાએલું હોવું જોઈએ. લીલું લાકડું વાપરવાથી તાપમાં સંકોચાઈ જઇ કાંતો વળી જાય છે અથવા તો ફાટોવાળું થઈ જાય તે. હાલમાં 'ક્રીઓસોટીંગ' અથવા તો વરાળના પ્રયોગોથી લાકડાને મજબુત બનાવવામાં આવે છે. લાકડાને ભીની અને સૂકી હવામાં અવાર નવાર મુકવાથી લાકડું મજબુતાઇ પકડે છે.

હરેક લાકડ કામમાં જેટલો ભાગ દિવાલમાં દબાતો હોય તેના ઉપર ડામરના બે હાથ લગાડવા જોઇએ. બારી

"Aho Shrutgyanam"

બારણુંનાં ચોકઠાંઓ ભીંતમાં ૭ ઇંચ પકડાવાં જોઇએ. અને પીઢીયાં વિગેરે ભીંતમાં ૯ ઇંચ દબાવા જોઇએ. જુદી જુદી જાતનાં બારીબારણાં, ચોકઠાંનાં માપ વિગેરે બીજા ભાગમાં આપવામાં આવશે.

**રંગ કામઃ**—રંગ ઉંચા ડબલ બોઇલ્ડ લીન્સીડ ઓઈલ તથા ટરપીન્ટાઈન સ્પીરીટ સાથે મેળવવો જોઇએ. રંગ ઉંચી બનાવટનો અથવા હુબકનો પસંદ કરવો.

**ડીસ્ટેમ્પરઃ**—ડીસ્ટેમ્પર સારી બનાવટનો 'હોલ'નો વાપરવો, અને બે હાથમાં લગાડવો. ડીસ્ટેમ્પર મારતાં પહેલાં અસ્તર સરેસનું મારવું. અને મેળવણમાં ગરમ પાણી વાપરવું.

**ધોળવું:**—સરેસ અથવા સારો ગુંદર નાખી કળી ચુનાને બરાબર ફોડીને કરવો જોઈએ ત્રણ હાથમાં બીલકુલ ડાઘા કે વાદળાં દેખાવાં ન જોઈએ, એમ કરવો જોઇએ.

**છતઃ**—પાટીયાંની—પાટીયાં મોલમીન સાગના $\frac{1}{2}$ ઇંચના વાપરવાં સાંધા એવી રીતે બેસાડવા કે જેથી ભેજને લીધે પાટીયાં કુલીને બહાર ન નીકળે.

લટકતી પ્લાસ્ટરની સીલીંગ—લોખંડની જાળી પીઢીઆ સાથે કલીપથી ચોડવી અને તેના ઉપર સીમેન્ટ રેતીનું પ્લાસ્ટર કરવું. છતો માટે હાલ બજારમાં લોખંડના ડીઝાઈનવાળાં પતરાં મળે છે, અને સારી બનાવટનાં હોય તો દેખાવમાં સારાં લાગે છે.

**બાકીની હકીકત બીજા ભાગમાં આવશે.**

ભાગ ૧ સમાપ્ત

"Aho Shrutgyanam"